

રાસ



કનૈયાની બંસરી

કાનો કાલિન્દીને તીર, બજાવે બંસરી રે લોલ,
જમુના વ્હેતો નીર ગભીર, સુણી એ બંસરી રે લોલ.
સીંચે નવજીવન જગમાંય, મુરલી બંસરી રે લોલ.
દુનિયા ઝીલે સત-આનંદ, મધુરી બંસરી રે લોલ.
ખોલે બ્રહ્માંડોના ભેદ, ગભીરી બંસરી રે લોલ,
ચીરી આભ દેખાડે દેવ, ભક્તિ શી બંસરી રે લોલ.
વ્હેતો થંભી જાય સમીર, સુણી એ બંસરી રે લોલ,
વાદળ લાંબી રહે ધરી ધીર, અહા! શી બંસરી રે લોલ.
ઉછળે આકાશે રસ પૂર, રસીલી બંસરી રે લોલ,
હૈયે હૈયે જાગે સુર, અજબ શી બંસરી રે લોલ.

"વૈષ્ણવધર્મપતાકા"માંથી રમણલાલ પી. સોની

એ માગું

એ માગું, એ માગું,
પ્રભુજી! એ માગું, એ માગું
ધન ના માગું, ધામ ન માગું,
કે માગું નહિ ધરણ
એક જ તારી પ્રેમ નજર
આમપર રહે પરમેશ્વરા! એ માગું. ૧

દુઃખતણા ડુંગર ઠેકતા
રહું મસ્તકે મુજ સદા,
સુખસિન્ધુમાં [illegible] તરતા
ડૂબકાં ખાઉં ન કદા. એ માગું ૨

વાઘ-સિંહની સાથ વસું
ને ફૂલડાં સાથે હસું,
બુલબુલ સંગે ગાન કરતાં
હરણાં સાથે રમું એ માગું ૩

વેરરૂપી હું ઝેર પચાવું,
ક્રોધાગ્નિથી ન બળું,
અભિલાષાની પવનપાવડી-
થી ઊડતા ના પડું એ માગું. ૪

અન્ય સ્વર્ગની ઇચ્છા ન ધરું,
અવનિ સ્વર્ગ જ કરું,
જગના જડ બન્ધન સૌ તોડી,
મોક્ષે ફરતો રહું. એ માગું ૫

જોઈ બધે તુજને હસતો હું,
પણ અન્તરથી રડું;
તારું રાજ્ય બધું માનું પર
એ કદીએ ના ભૂલું: એ માગું. ૬

મૂળશંકર [illegible] પંડ્યા



— કુંડળીયા —

રાતલડી રળીયામણી ટળી થઇ રમ્ય સહવાર,
ખેડુત નિકળ્યા બારણે બંધ કરી ઘર બાર.
બંધ કરી ઘર બ્હાર ઢોર ડાંખર લઇ સાથે,
ચાલ્યા આ ગોવાળ મૂકી ભાથુ નિજ માથે.

જઇ ખેતરમા ખુબ પછી કરશે વાતલડી,
ઉઠે ખેડુતો રોજ જતા મિટી રાતલડી.

ખેડુ વૃધ્ધ ઉભો રહી હળ લઇને નિજ હાથ,
ખેતર ખેડી નાંખશે જપતો શ્રી જગનાથ.
જપતો શ્રી જગનાથ કામ કરશે બહુ ખંતે,
વળી પડતાં વરસાદ વાવણી કરશે અંતે,

ખેડુતની વહુ પછી નિર ભરશે લઇ બેડું,
થાતાં ખુબ બપોર ખાય ભાથું ત્યા ખેડુ,

ઢોરો જે ઝાઝા હશે, ભેંસ બળદ ને ગાય,
ખેડુતનાં બાળક બધાં તે લઇ નદીએ જાય.

તે લઇ નદીએ જાય મળી ગોવાળો ઝાઝા,
ખાય મઝાનું ઘાસ બને ઢોરો સહુ તાજા.
ચરતાં ઢોર ચતુર હાંકી લઇ નીરે ચારો,
તેથી એ ગોવાળ બપોરે રેખે ઢોરો.

વગડે ચરતા ઢોરની એમ લઇ સંભાળ,
સૌ કો ભાથુ છોડતા ચપીલા ગોવાળ

કાંચીડાએ આ વખત ફરીથી ઉંચુ નીચુ ડોકુ હલાવ્યું. મિયા સમજ્યા કે કાચીડાને બળદ ખરીદવો છે ! તેમણે કહ્યું, "જા દે આ. રૂપિયા કબ દેગા ? આજ દેતા હે ?"

કાંચીડાએ ડોકુ આડુ હલાવ્યુ મિયા સમજ્યા કે હાલ રૂપિયા નથી એમ કહે છે મિયા બોલ્યા, "અચ્છા કુછ હરકત નહી. કલ દેગે ?"

કાચીડાએ વળી આડુ ડોકુ હલાવ્યુ મિયાએ ફરી પુછ્યુ, "અચ્છા. જા સાઇ પરસુ તો દેંગે ના?"

કાચીડાએ આ વખત ઉંચુ ડોકુ હલાવ્યુ એટલે મિયા બોલ્યા "અચ્છા તબ પેસા તયાર રખના. લે સલામ વાલેકુમ મે જાતા હુ."

મિયા તો ઝાડે બળદ બાંધીને ત્યાથી પસાર થઇ ગયા. કાચીડો ફરવા જતો રહ્યો. કોઇક મવાલી આવ્યો તે બળદ લઇને રફુચક્કર થઇ ગયો. મીયાએ બીબીને કહ્યુ કે રૂપિયા પરમ દિવસે મળવાના છે તે દિવસે મીયા નીકળ્યા ને પેલા ઝાડતળે આવ્યા. પેલો કાચીડો વળી બહાર નીકળ્યો. મીયા કહે, "ચાલ, વીસ રૂપિયા લાવ."

કાચીડો રૂપીયા ક્યાથી લાવે ? તે તો ડોકુ હલાવતો બેસી રહ્યો. મિયા સમજ્યા કે આ કમબખ્ત હવે રૂપિયા આપવાની ના પાડે છે મીયા લઇ લાકડી ને કાંચીડાપર ધુઘા. કાચીડો તો પોતાના દરમા ભરાઈ ગયો. મિયા બોલ્યા, "તેરેકુ અબ છોડ દુ તો મે મુસલમાન નહિ ! અભી દેખ લે બ દાકા ઝપાટા !"

મીયા નજીકમાં આમ તેમ તપાસ કરી એક અણીયાળી લાકડાની ડાળી સુકેલી હતી તે શોધી લાવ્યા. લાવીને ઝનુનમાં આવી તેમણે કાંચીડાનું દર ખોદવા માંડ્યુ દર ખુબ ઉંડુ હતુ મિયાએ જ દમપર આવી બધી મટોડી બહાર કાઢી નાખી ને ઉંડુ ને ઉંડુ દેવા માંડ્યુ છેવટે અ દરથી સડપ લઇને કાચીડો નીકળી તેમના

ને પગ વચ્ચેથી પસાર થઈ ગયો. તેની પણ મિયાભાઈને ખબર ન પડી. તેમણે તો ખોદવા જ માંડ્યું. છેવટે કાંઈક કઠણ ચીજને તેમની લાકડી અથડાઈ. મીયાંએ બરાબર તપાસ કરી તો એક ઢાંકણવાળો ચરૂ જણાયો. ઢાંકણ દૂર કરી અંદર મિયાએ નજર કરી તો આખો ચરૂ સોનામ્હોરોથી ભરેલો હતો! મિયા સમજ્યા કે કાચીંડા ગમે તેમ પણ ઇમાનદાર ખરો! મિયાંએ ગણીને ત્રીસ સોનૈયા લીધા ને પાછું ઢાંકણ ઢાંકી માટી પાછી પુરી દીધી ને ત્યાંથી ઘેર ગયા. બીબીને બધી વાત કરી. બીબી મીયાંની સાથે પેલા ઝાડ આગળ ગઈ, ને સોના મ્હોરનો ચરૂ કાઢ્યો. મિયાંની મદદથી બીબીએ છુપછુપ ચરૂ ઘેર આણ્યો. મિયાં લક્ષાધિપતિ થઈ ગયા!



પ્રભુને બાળકો પ્યારાં

કવ્વાલી

પ્રભુને બાળકો પ્યારાં, સદા આનંદના ક્યારા,
રમત નિર્દોષ રમનારા, પ્રભુને બાળકો પ્યારાં.

ભીના સમભાવથી ભોળાં, મધુર વચનો વદે કાલાં;
હસાવી અવર હસનારાં, પ્રભુને બાળકો પ્યારાં.

ભલાં એ ભૂરીઆં ભોળાં નયનથી નેહ ઝરનારાં;
રૂવે જન દેખી દુખિયારાં, પ્રભુને બાળકો પ્યારાં.

ન ગર્વે ગાજતા ક્યહિંકે, હમેશાં વિનયથી ઝુકે,
ગૃહે ઉલ્લાસ ઉજીઆરાં, પ્રભુને બાળકો પ્યારાં.

સદા મગરૂ ઝુલી હૈયાં, અમલ જેનાં અધિક હૈયાં,
જીવિતને મિષ્ટ કરનારાં, પ્રભુને બાળકો પ્યારાં.

નાખ્યા તે જન્મારા.

પ્રશાન્ત મગનજી ઓઝા

સલૌના મુખ્ય ગુફામંદિરનું પ્રવેશદ્વાર



આ મુખ્ય ગુફામંદિરની વાયવ્ય દિશામા બીજી કેટલીક નાનકડી ગુફાઓ તથા પાણીની ટાંકીઓ છે એ જ. મુજબ તેથી બરાબર બીજી સામેની બાજુએ પણ ગુફાઓ તથા પાણીની સગવડ છે તેની આગળના ભાગ આગળ સરકારે કઠેરા કરી લીધે છે અને આગળ જવામા જોખમ છે એવુ પાટીયુ માર્યું છે અમે થોડાક આગળ વધ્યા પણ ચઢાણ આકરૂં, રસ્તો ખરાબ, અને ગબડી પડીએ તો ફુટબોલ જેવી દશા થાય એમ હતુ એટલે આગળ વધવાનો વિચાર માંડી વાળ્યો.

આ ગુફાવાળી જગ્યાની બીજી બાજુ ટેકરીઓ ઉપર પણ બીજી ગુફાઓ છે દેવગઢ, સેલીતા, અને બીજી જગ્યાઓએ પણ ગુફાઓ છે. વળી લોહગઢની નજીક ભાજા ગામમાં પણ ગુફાઓ છે.

અમે ગુફાઓ જોયા પછી કકડીને ભુખ લાગેલી એટલે સાથે ખાવાનું આણ્યુ હતુ તે પર સારી રીતે મારો ચલાવ્યો. ત્યાંનુ મીઠું ઝરણસરખુ પાણી એ ભોજનને સારી રીતે પચાવી દે એવી શક્તિવાળુ જણાયુ નમતે પહોરે ટેકરી ઉતરી અમારા ભોમિયાને ચાર આના આપી વિદાય કર્યો. થોડાક ભીખારીઓની પલટણ જામી હતી તેમને પણ જેમ તેમ કરી કાંઈક આપી વિદાય કર્યા અને મોટરમા બેસી સાંજની ઠંડી ખુશનુમા હવામા સહેલ કરતા કરતા અમે અમારા મુકામપર ભાંગરવાડીમાં લોનાવલા ગામે આવી પહોચ્યા.

આગળ જણાવ્યુ છે કે અહીં ઠંડી સખત પડે છે તેની ખરી ખુબી અમને તે રાતના સમજાઇ એક સાધારણ ઓરડીમા અમે સાત જણ નજીક નજીક મજબુત ઓઢીને સુતા અને માત્ર હવા પુરતુ અધું જ બારણું ખુલ્લુ રાખ્યુ. છતા ઠંડી હાડકા હચમચાવી મુકતી હતી. અહીં ઠંડી અતિશય સખત પડે છે એમ ખાસ કરીને મુંબઈમા રહેનારને તો લાગ્યા વગર રહે એમ નહોતુ પણ સાથે સાથે ચંદ્રની શીતળ ચાંદનીનો આનંદ પણ કાંઇ ઓછો નહોતો. લોનાવલા ગામથી આશરે માઇલેક દૂર અમારો મુકામ હતો. ચારે બાજુ પહાડોની ખડકો અને ઝાડપાન રાતના શાંત વખતે ચંદ્રના શીતળ પ્રકાશનુ જાણે સ્નાન કરી રહ્યા હતા. દૂરથી પસાર થતી આગગાડીના કઠોર અવાજ અને તેથીય દૂર જંગલમાંના શિયાળવાના રૂદનના અસ્પષ્ટ અવાજ સિવાય ચારે બાજુ પરમ શાંતિ છવાયલી હતી. ઈશ્વર આવા રમણીય સ્થળે વળી પાછા ક્યારે આણશે એવો વિચાર કરતા કરતા આખા દિવસના થાક અને મહેનતને લીધે પથારીમા પડતાની સાથે જ અમે તમામ ઘસઘસાટ ઉંઘી ગયા.

લોહગઢનો ઐતિહાસિક કિલ્લો, અને ભાજાની ગુફાઓ, શિવાપુરનો કિલ્લો અને માલીવલી નજીકનુ લીથાનુ મુક્તાક્ષય એ 'સંપૂર્ણ' વર્ણન વાંચવા આતુર [illegible] સુધી લેખો જોવો.



કહેનારઃ ભાનુ



એક ગામમાં એક નાની સરખી ઝુંપડીમાં એક ડોશી તેના એક પુત્ર જેક સાથે રહેતી હતી. આ છોકરો ખુબ તોફાની અને ભણવાગણવામા 'ઢ' હતો. તે પોતાનો આખો દિવસ કુદાકુદ કરવામાં ગાળતો હતો.

શિયાળાના દિવસ હતા અને ટાઢ ઘણી સખત હોવાથી ડોશીથી ઘરની બહાર નીકળાતું નહોતું ઘરમા ખાવાપીવાનુ કાઇ નહોતુ તેની પાસે માત્ર એક ગાય હતી તેથી તેણે તેના પુત્ર જેકને તે ગાય વેચી આવવાનુ કહ્યું જેક તેને લઇ બજારમા વેચવા ગયો. રસ્તામા તેને એક માણસ મળ્યો. તેના હાથમા તુમડાં હતા. તેણે જેકને કહ્યુ, "તુ આ તુમડા લઇ મને તારી ગાય આપીશ ?" જેકે તે તુમડા લઇ ગાય વેચી દીધી અને તુમડાં લઇ ઘેર આવ્યો.

તેની માએ જ્યારે આ વાત જાણી ત્યારે તે ઘણી દિલગીર થઇ. તેણે જેકને પુરો ઠપકો આપ્યો. તે તુમડાં ખાવાના કામમાં આવે તેવા હતાં જ નહિ એટલે ડોશીએ તુમડાં આંગણામાં ફેંકી 'ધાં.

આ તુંમડાં ઘણાં ચમત્કારી હતા. તે તે જ રાત્રે ઉગી નીકળ્યાં. તેનો વેલો એટલો તો ઉંચે ચઢ્યો કે તેની ટોચ દેખાય જ નહિ

જેકને ઝાડપર ચઢવાનું બહુ ગમતું હતું. એટલે તેને આ વેલા ઉપર પણ ચઢવાનું મન થયું તેણે ઉપર ચઢવા માંડ્યું પણ ! તેની ટોચ કેમે કરી આવે નહિ. આખરે તે ટોચે પહોચ્યો.



આ વેલાની ટોચ એક મજબુત કીલ્લા આગળ આવેલી હતી. તે એવો આમતેમ જોતો હતો એવામાં તેની પાસે એક દિવ્ય સુંદરી આવી. જેકે ધાર્યું કે આ સુંદરી કીલ્લાની માલીક હશે. તેણે તેને નીચા વળીને નમન કર્યું. પછી તેણે તેને પુછ્યું, "બાઈસાહેબ! આ કિલ્લો તમારો છે?" તે સુંદરીએ જવાબ આપ્યો, "ના, તે એક બહાદુર યોદ્ધાનો છે. એક દુષ્ટ રાક્ષસે તેનું ઓચીંતુ ખુન કર્યું. તેની સ્ત્રી પોતાના પુત્રને લઇ પર્વતની તળેટીમાં જઇને

રહ્યા જેક! તે આ તે તારી મા. આ કીલ્લો તારા બાપનો છે રાક્ષસ સાથે લડીને તું આ કીલ્લો પાછો મેળવ. તેની અંદર ઘણી નવાઈજેવી વસ્તુઓ છે કાંઈ ન બને તો છેવટે તેમાથી એક સોનાનાં ઈંડાં સૂકતી મરઘી અને બોલતી સારંગી, એ બે વસ્તુઓ તો તારે મેળવવી જ જોઈએ " આટલુ બોલતા જ તે સ્ત્રી અદ્દશ્ય થઇ ગઇ આ સ્ત્રી એક ભલી પરી હતી.

હવે જેકે રાક્ષસ પાસેથી તે કિલ્લો મેળવવાનો નિશ્ચય કર્યો. તેણે એક રણશીંગુ આણ્યુ અને રાક્ષસની ગુફા આગળ જઈને વગાડયુ. બેએક મિનિટમા તો બારણું ઉઘડયુ અને રાક્ષસની સ્ત્રી બહાર આવી. આ સ્ત્રી ઘણી જ માળાલુ હતી તેથી તેણે જેકને પોતાની ગુફામા આણ્યો અને તેને કહ્યું, " તારે રોજ મને રાંધવામાં મદદ કરવી. જો નહીં કરે તો તને ખાઇ જઇશ " જેકે આ વાત કબુલ કરી, એવામાં કોઈએ બહારથી બારણું ઠોકયું. રાક્ષસીએ તરત જ જેકને એક ઓરડીમાં સંતાડી દીધો અને બારણું ઉઘાડયું. રાક્ષસ ઘરમા આવ્યો. પછી તેણે ખાઈ કરીને તેની સ્ત્રીને કહ્યુ, " પેલી સોનાનાં ઈંડાં સુકતી મરઘી લાવ જોઇએ ? " રાક્ષસીએ તે આણી આપી. રાક્ષસે તેને જેટલી વાર ઇંડાં મૂકવાનું કહ્યું તેટલી વાર તેણે સોનાનાં ઈંડાં મૂક્યાં. તેની જોડે રમત કરતાં કરતાં તે ઉંઘી ગયો એટલે જેક ઓરડીમાથી બહાર આવ્યો અને મરઘી લઇ ચાલતો થયો તે સેલો ઉતરી તેની મા પાસે આવ્યો અને તેને મરઘી આપી. તેની માએ તેને બીજી વાર ત્યા ન જવાને કહ્યું પણ જેક બીજે દિવસે વેશ બદલીને ત્યા ગયો અને પહેલાની માફક જ રણશીંગુ વગાડયું રાક્ષસીએ બારણું ઉઘાડયુ અને બહાર આવી. આ વખતે તે રાક્ષસીએ જેકને ઓળખ્યો નહિ કારણ કે તેણે નવી તરેહનો પોશાક પહેર્યો હતો. આ વખતે પણ રાંધવાની શરતે તે તેને ઘરમા લઇ ગઇ અને જ્યારે રાક્ષસ આવ્યો ત્યારે તેને સંતાડી દીધો. રાક્ષસ ઘરમાં આવીને બોલ્યો, " અને માણસનો પરસેવો

ગંધાય છે " રાક્ષસીએ કહ્યુ, " એ તો આપણા કેદીઓની વાસ આવે છે " રાક્ષસે આ વાત ખરી માની. ત્યાર પછી ખાઇ કરાને રાક્ષસ બોલવી સાર ગી સાથે રમત કરવા બેઠો. તેણે સાર ગીવડે ગાવા માંડયુ. પછી રાક્ષસે ત્યા બેસીને પુષ્કળ દારૂ પીધો અને ઉંઘી ગયો. તેનાં નસકોરાંનો અવાજ એટલો તો મોટો થતો હતો કે સાર ગીનો સુર પણ સ ભળાય નહિ ! આ તકનો લાભ લઇ જેક બહાર આવ્યો અને તેને લેવા ગયો. આ વખતે પહેલાના જેવુ કાંઇ સહેલુ કામ નહોતું જેવો તે ઉપાડીને દોડવા જાય છે તેવી જ સારગીએ ' શેઠ ! શેઠ ! ' કરીને ચીસો પાડી. રાક્ષસ એકદમ જાગી ઉઠયો અને તેની પાછળ દોડયો. સારા નશીબે આ વખતે રાક્ષસે બહુ દારૂ પીધો હતો એટલે તે દોડતા દોડતા અરબડીઆં ખાવા લાગ્યો અને એક મોટા પથ્થરસાથે તેનો પગ અથડાવાથી તે ઠોકર ખાઇ નીચે પડયો. જેક ઝટ લઇને વેલો ઉતરી ગયો, અને ઘરમાથી એક કુહાડી લાવ્યો. રાક્ષસ ઉંચેથી થઇને વેલાની નીચે ઉતરતો હતો. જેકે જોરથી વેલાના થડમાં કુહાડીના ઘા કર્યા. થોડી જ વારમાં વેલો કપાઇ ગયો. રાક્ષસ વેલા સાથે નીચે આવીને પડયો, અને મરણ પામ્યો.

રાક્ષસનું મૃત્યુ થયુ કે તરત જ પેલી પરી ત્યાં આવી અને જેકને તેની હોશીઆરી માટે ધન્યવાદ આપ્યો. હવે તેને તે કીલ્લામા જવાનો રસ્તો રહ્યો નહી, કારણ કે વેલો તો હવે કપાઇ ગયો. તેણે પરીને રસ્તા વિશે પુછ્યુ પરી તેને અને તેની માને એક સોનેરી રસ્તે રાક્ષસના કીલ્લામા લઇ ગઇ અને ત્યાં પહેલું મોટું નગારૂં વગાડવાને કહ્યું. જેવું નગારૂ વગાડયું કે તરત તે જ રાક્ષસીએ જાણી લીધુ કે તેનો ધણી મરી ગયો. તેણે એક તલવાર વડે પોતાનું માથુ કાપી નાખી આત્મઘાત કર્યો. જેકને હવે કોઇનો ભય રહ્યો નહી. તેણે કિલ્લાનો કબજો લીધો અને પોતાના બાપના નોકરો, જેમને રાક્ષસે કેદ કર્યા હતા તેમને છોડાવ્યા. ત્યાર પછી તેણે પોતાના દિવસો આનંદમા ગુજાર્યા, ખાધુ પીધુ ને મઝા કરી.

મોતીની માળા

આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ, અને રુચીને વધારનારા, તથા ચીકાશવાળા સ્વાદિષ્ટ, પોષક અને હૃદયને પ્રિય લાગે એવા આહાર સાત્વિક જનોને વ્હાલા હોય છે

કડવા, ખાટા, ખારા, અતિ ઉન્હા, લુખા, તથા દુઃખ, શોક અને રોગને ઉપજાવનારા આહારો રાજસ જનોને ગમતા હોય છે

એક પહોર વીતેલું, સ્વાદ ઉડી ગયેલું, દુર્ગંધવાળું, ટાઢું, એઠું અને અપવિત્ર ભોજન તામસી મનુષ્યોને પ્રિય હોય છે

દેવ, બ્રાહ્મણ ગુરુ અને જ્ઞાનીનું પૂજન, તથા સરળતા, બ્રહ્મચર્ય, અને અહિંસા, એ શરીરનું તપ કહેવાય છે

પોતાનું કર્તવ્ય માનીને દેશ કાળ તથા પાત્રનો વિચાર કરીને અને પોતાના ઉપર ઉપકાર ન કરનાર તથા બદલો ન વાળી શકે એવાને જે દાન અપાય તેને સાત્વિક દાન કહ્યું છે

ઉપકાર વળતાને, ફળની ઇચ્છાથી કે દુઃખથી જે દાન અપાય, તેને રાજસ દાન કહ્યું છે

અયોગ્ય સ્થળે અકાળે, કિંવા અપાત્ર મનુષ્યને અને સત્કારરહિત તથા તિરસ્કારપૂર્વક જે દાન અપાય તેને તામસ દાન કહ્યું છે

હે પરંતપ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર, એમના કર્મો પણ તેઓના સ્વભાવ મુજબ જુદાં જુદાં હોય છે

મનોનિગ્રહ, ઇન્દ્રિયનિગ્રહ તપ, પવિત્રતા, ક્ષમા, સરળતા, શાસ્ત્ર જ્ઞાન, અનુભવ જ્ઞાન, અને આસ્તિકતા, એ બ્રાહ્મણના સ્વભાવજન્ય કર્મ છે

" ગીતા " માંથી

? ? કમુનાં ઘેટાં— —— — ગયાં ક્યાં ? ?



કમુ બાગમાં જઇને રમવા બેઠી ત્યારે તેની પાસે સાત ઘેટા રમતા હતા. કમુ તેમને રમાડતા રમાડતાં ઉંઘી ગઇ ઉંઘમાંથી ઉઠી અને આંખ ચોળીને જુએ તો એકકે ઘેટું તેને ન દેખાયું ! તેમા જ તો કમુનો મિજાજ ગયેલો જણાય છે ! નહિ તો તો કમુ બહુજ ખુશ મિજાજી છે પણ સબુર ! એ ઘેટા તો કમુની છેક નજીક છે તમો જોઇ શકો છો ! બતાવો તો ?

ધરબાય નમ



...નુ પડી ગયો. પીનુ ખડખડ હસવા લાગ્યો. ...નુને એવી ચીડ ચડી કે જો પીનુ નજર પડે તો બેચાર વગાડી દે. પણ ...નુને પીનુ જડેજ નહિ !-તમે તો જોયા હશે ને ?

બરફવાળા મુલકમાં




રહેતી મેરી ખૂબ ખુશ મિજાજથી લાકડીના ટેકા પર ઉભી થઈ જોઈ રહી છે પણ ભય નજીક છે એક મોટું વિકરાળ રીંછ નજીકમાં સતાયેલું છે. મેરી તો દેખતી નથી, પણ તમે તે જોઈ શકો છો કે નહિ ?

ટોઈઈગ-ટીલોડીડીરાગ



મસલી માય હાથમાં પકડી લઈ વૃધ્ધ બચાડી તેના નાનાં બચ્ચાંને બોલાવે છે ...બિચારી તેના સમજવાને માટે માથાં શોધ કરે છે ને ગુસ્સુ તો મોજથી હસે છે. ...તમે જોઈ શકો છો કે નહિ !



પત્તાંની એક ફાંકડી રમત

લખનાર: ભાઇ સત્યેન્દ્ર ચીમનલાલ મધારા

આ એક પાનાની રમત છે જો પાનામાં સારામા સારી રમત હોય તો આ જ છે. આ રમતમા મોટા માણસ તેમ જ નાના માણસને ખુબ આનંદ પડે છે સરખે સરખામાં તો અતિશય આનંદ પડે છે. આ રમતમા ચાર માણસ અથવા ચારથી વધારે માણસ પણ ભાગ લઇ શકે છે આ રમતમાં જેમ માણસો વધારે તેમ વધારે આનંદ પડે છે. જો કે આ રમત નાના બાળકોને જરા અઘરી પડશે, પણ આવડી ગયા પછી તેમને એ રમત શિવાય બીજી રમત રમવી પણ ગમશે નહિ આ રમત કેમ રમાય છે તે જો તમારે જાણવું હોય તો નીચેનુ લખાણ વાંચો.

આમા છુટા છુટા પાના અપાતા નથી, પણ સાત હાથની માફક એકદમ સામટા જ પાના અપાય છે પાના સરખે ભાગે વહેચવામાં આવે છે. જો તેમ કરતા પાના વધે તો વહેચનારની મુનસફી પર છોડવામા આવે છે દાખલા તરીકે પાચ માણસ રમવા બેઠા હોય તો દરેકને ભાગે ૧૦ પાના આવે ને બીજા ૨ વધે તે વહેચનારની મુનસફીપર છોડવામા આવે છે આ રમતમા જોકર (વધારાનુ પાનું જેને પકડનુ પાનું ગણવામા આવે છે) બીલકુલ વપરાતો નથી. જો કે આ રમત જરા અઘરી છે પણ આનંદદાયક છે. આ રમત નેપોલીયન બોનાપાર્ટના જીવનચરિત્રપરથી શોધી કઢાઇ

છે જેમ નેપોલીઅન પોતાના કામો ઘણી જ બુદ્ધિ વાપરીને કરતો હતો, ને આખા ફ્રાન્સમા તો શું પણ આખી દુનીયામા બુદ્ધિમાન ગણાતો હતો તેમ આ મતમા બુદ્ધિની તેમજ યાદદાસ્ત શક્તિની ખાસ જરૂર છે ને તેથી જ આ રમત બધી મતમા સારામાં સારી ગણાય છે જે માણસની યાદદાસ્ત શક્તિ તીવ્ર હોય તેને જીતવાનો દાઝ રહે છે આમા રમનારાઓ એકદમ પાસે ન બેસતા જરા આઘે આઘે બેસે છે કેટલાક તો પાના સતાડવાની ખાતર ખુણામા જઈને બેસે છે ને એટલી બધી યુક્તિઓ વાપરે છે કે નહિ પૂછો વાત. જેમ નેપોલીયનને પારકા પ્રદેશ પર ચઢાઇ કરીને તે પોતાને તાબે કરવાનુ મન હતુ ને આખી દુનિઆના રાજા થવું હતું, તેવી જ રીતે આ રમતમાં સામા આદમી પાસે માગી માગીને પરુ પાના આપણે ભેગાં કરવાના જે પરુ પાના ભેગા કરે તે નેપોલીઅન થયો કહેવાય અર્થાત્ જીત્યો કહેવાય.

આમા માગવામા પણ નિયમો હોય છે, જે નીચે પ્રમાણે છે ૧ તમારે ચાર રંગની દરેક ચીઝ સામા માણસ પાસે માગી માગીને ભેગી કરવાની, જેને જોડી કહે છે ૨) જો તમારામા જ જોડી હોય તો કોઇને ખબર પડે નહિ એવી રીતે તે સતાડી દેવાની. ૩) જો તમારી પાસે ગમે તે રંગની એક ચીજ (પાનુ) હોય તો તમે બીજા પાસે બીજા પણ રંગની તે ચીજ (પાનુ) માગી શકો ૪) પણ જો તમારી પાસે કોઇ પણ રંગની એ ચીજ (પાનુ) નહિ હોય તો તમે એ ચીજ (પાનુ) માગી શકો નહિ ૫) તમારી મરજી પડે તે માણસની પાસે તમે માગી શકો. ૬) પણ જો તમારી માગેલી ચીજ (પાનુ) સામા માણસ પાસે નહિ હોય તો તમારો માગવાનો હક એની પાસે જતો રહે. ૭) જે વખતે તે આદમી તમારી પાસેથી તમારો માગવાનો હક છીનવી લે તે વખતે તે તમને "સાહેબજી સલામ" અથવા "રામરામ" અથવા "આવજો" વગેરે મશ્કરીના શબ્દો કહી શકે તે ઉપરથી તમારે સમજવાનુ કે તમારી માગેલી ચીજ (પાનુ) એની પાસે નથી. ૮) સામા આદમી પાસે કઇ કઇ જોડી થાય છે, તે જો તમારાથી બને તો તમારે ધ્યાનમા રાખવાનુ કે જેથી

તમને જોડી માગવી વખતે કામ આવે. ૯) તમારે આવી રીતે ચાર રંગની બધી જોડીઓ કરવાની. ૧૦) તમારી પાસે કઇ કઇ જોડી થાય છે અથવા તો કે, ને સામા માણસને ખબર ન પડવી જોઇએ. ૧૧) આવી રીતે જ્યા લગી તમારા હાથમા જુદા જુદા પાના હોય ત્યા લગી તમારે જોડી કરવાની. ૧૨) જ્યારે તમે બધી જોડી કરી રહો કે પછી તમારે જ્યા લગી બીજા બધા માગતા રહે ત્યા સુધી ચુપચુપ બેસવાનું ૧૩) જ્યારે તમે એકલા જોડીઓ કરી રહો ત્યારે તમે તમારો માગવાનો હક તમારી મરજી પડે તેને આપી શકો.૧૪) જ્યારે બધા જોડી કરી રહે ત્યાર પાછી બધાએ જોડીઓ મા ગવાની શરૂઆત કરવાની. ૧૫) આમા તમે ગમે તેની પાસે ગમે તે જોડો માંગી શકો. ૧૬) આવી રીતે તમારે ૧૩) જોડી ભેગી કરવાની અથવા તો પર) પાના ભેગા કરવાના જો તમે આટલુ ભેગુ કરો. તો તમે 'નેપોલીઅન' થયા કહેવાઓ; અથવા તો તમે છુત્યા.

તમે બાલજીવનમા નેપોલીઅન બોનાપાર્ટનું જીવનચરિત્ર વાચ્યુ હશે તો તમને એની મહત્વાકાક્ષાઓ તથા પરાક્રમોની પુરેપુરી ખબર હશે જો તમે ઉપરની રમત એના વિચારો જોડે સરખાવશો તો તે લગભગ મળતી આવશે. જો તમે ઉપરની રીત પ્રમાણે આ રમત રમશો તો તમને જરૂર આનંદ પડયાવગર રહેશે નહિ

ઉંદરડા

જુઓ જુઓને છોકરાં ઉંદરડા, એના લાબા લાંબા પુછરડાં,
એ ચોરી કરવા જાયે છે, ગોતી ધાન્ય બધું એ ખાયે છે

એ બીલ્લીથી બહુ ત્રાસે છે, દર્શન થાતાં તો નાસે છે,
એ ઘરમાં કાણાં પાડે છે, વળી કપડા પણ બહુ ફાડે છે

મુખે ઉંઘ ન લેવા દે પાડી, કરે રાત બધી દોડાદોડી,
એની બ્હીક અમોને ના પેડી, બધું નાખે છે તોડી ફોડી.

અમે અંતે એનાથી થાક્યા, બહુ કર્યું છતાંપે ના ભાગ્યા,
એ ઉંદરમાતની જીત થઇ, ને પાસી પાસી ભીંત થઇ,

કૃષ્ણલાલ ભાયચંદ શાહ



બાલજીજ્ઞાસા

ક્રીકેટની રમત રમ્યા પછી રમનારાઓ ફળ ખાય છે અને બરફ નાખેલા ઠંડા સોડા લેમન વિગેરે પીએ છે તે શા માટે? —દરેક ચીજમાં આપણને અંગ્રેજોની વાનર નકલ કરવાની ટેવ પડેલી છે તે માટે જ. બાકી પહેલાના વખતમાં તો સવારે કસરત કરી આવી ઘેર આવી છોકરો દૂધનો એક તાજો પ્યાલો ગટગટાવી જાય અથવા સાંજે ગામને પાદરે ખુલ્લી હવામાં ગેડી-દડાની કે બીજી રમત રમી થાક્યોપાક્યો ઘેર આવે ત્યારે છાશ કે દૂધ સાથે વાળુ કરી લે. અત્યારે તો ક્રિકેટ રમી આવ્યા એટલે રમનારા જાણે ઈડરીઓ ગઢ જીત્યા એમ માની લે છે.

અલબત્ત રમતમાં પુષ્કળ થાક લાગે છે એ વાત ખરી છે. તે ઉતારવાને ત્યાં તાત્કાલિક હાલના જમાનામાં મફતના દૂધ ને છાશ તો ક્યાંથી મળે? અને મળે તોય તે વાપરવાની બુદ્ધિ કોના બાપની લાવે? આ કારણથી જેમનું જોઈને આપણે આ રમત શીખ્યા તેમનું જ જોઈને તેમના જેવું ખાવાપીતા શીખ્યા. રમત રમ્યા પછી લીલો કે સુકો મેવો ખાવો સારો છે પણ કોઈપણ જાતનું ઠંડુ પાણી કે સોડા લેમન વિગેરે પીણું પીવું એ શરીરને બહુ જ નુકશાનકારક છે. તરસ લાગેલી હોય તે પર જો થોડીક કાબુ રાખ્યો હોય તો તો જે મેવો ખાવામાં આવે તેમાં પાણી ને સેલાઇન (ક્ષાર)નો જે ભાગ રહેલો છે તે વતી તરસ જરૂર છીપશે. ઠંડા પીણાં પીનારમાંના કેટલાકને તાત્કાલિક નુકશાન નહિ દેખાતું હોય પણ ઘણી વાર પાછળથી તેથી ભારે નુકશાન થાય છે. શરદી, ઉધરસ, સળેખમ, અને પેટના નસ ફુલી જવાના રોગો એવાં માણસોને પાછળથી થાય છે.



શબ્દોની રમત

રિ વા જ	મ મ તા	મ ગ ન	વિ વે ક
વા સ ણ	મ વા લી	ગ ર ક	વે વા ણ
જ ણ સ	તા લી મ	ન ક લ	ક ણ ક
હા ન સ	કો લ સા	ક મા ટ	ર મ ત
ન મ ન	લ સ ણ	મા વ ન	મ ગ જ
સ ન મ	સા ણ સી	ટ ન લ	ત જ ગુ
સા ક ર	ર ગી ત	ધ ન વ	શી ક લ
ક ર્વ ત	ગી ર જા	ન જ ર	ક લ મ
ર ત લ	ત જા ડુ	વ ર ખ	લ મ ણું
અ મિ સ	જ ગ ત	જા સૂ સ	ને ત ર
મિ લ ન	ગ મા ર	સૂ ત ર	ત [illegible] વ
સ ન મ	ત ર સ	સ ર સ	ર વ ન
ચ પ લ	છો ક રી	પો પ ટ	જ ખ મ
પ હો ડ	ક ર વા	પ લ ગ	ખ મી સ
લ ડ ગુ	રી વા જ	ટ ગ [illegible]	મ સ ળ

હિરા...

—મકનદાસ હરજીવનદાસ મહેતા



તુર્કસ્તાનના જેડીઆ પ્રાંતમાં (Dead Sea) મૃત સરોવરમાંના ૧૦૦ મણ પાણીમાંથી ૪૫ મણ મીઠું થાય છે

વિલાયતમાં એક જાતની નાળીયેરીનાં પાંદડાં ૩૦ ફુટ લાંબાં હોય છે

અમેરિકામાં એક મોટું ઘડીઆળ છે, તેનો કલાક કાંટો ૩૦ ફુટ લાંબો છે, અને મિનિટ કાંટો ૬૦ ફુટ લાંબો છે

વિલાયતમાં સકરજન તથા બટેટાનો આસવ કાઢી તેનાથી એક વિમાન કલાકના ૯૦ માઈલની ઝડપે ઉડાવવામાં આવ્યું છે

જોન વેસ્લી નામના એક પાદરીએ ૨૯૦૦૦ વ્યાખ્યાનો કર્યાં છે

દક્ષિણ પાસિફિક મહાસાગરમાં નિરિઓસીડીસ નામનો એક વેલો થાય છે, તે પાણીમાં ૩૦૦ ફીટ જેટલો ઉંચો વધે છે

એક ઘનફુટ પાણીમાંથી ૧૬૬૨ ઘનફુટ વરાળ ઉત્પન્ન થઈ શકે છે.

મોટામાં મોટી વ્હેલ માછલી જ્યારે પુરેપુરૂં મ્હોં ઉઘાડે છે ત્યારે તે મ્હોં ૧૨ ફુટ પહોળું અને ૧૮ ફુટ લાંબુ થાય છે

જીરાફની જીભ દોઢ ફુટ લાંબી હોય છે

ઈ. સ. ૧૧૮૦માં ઇંગ્લાંડમાં કાચની શોધ થઈ

,, ૧૨૦૦માં ઇંગ્લાંડમાં કાચની ચીમની બનાવવામાં આવી.

,, ૧૪૪૫માં લંડનમાં સોયની શોધ થઈ.


,, ૧૫૮૮માં લંડનમાં પહેલ વહેલું અંગ્રેજી છાપું નીકળ્યું

જગતમાં સર્વશ્રેષ્ઠ સ્મરણ મંદિર આપણા હિન્દમાં છે તે આગ્રાનો તાજમહાલ. તે બાંધતાં ૨૦,૦૦૦,૦૦૦ રૂપિયા ખર્ચ થયો હતો.

જગતમાં મોટામાં મોટું મકાન મીસર દેશમાં છે અને તે ત્યાંના ગિઝેહ પ્રદેશમાં આવેલો મહાન પિરામિડ

જગતનું ઉંચામાં ઉંચુ મકાન યુરોપ ખંડના ફ્રાન્સ દેશના પાટનગર પેરિસમાંનું 'એફીલ ટાવર' બુરજ છે તે આશરે એક હજાર ફુટ ઉંચુ છે.

મગનલાલ હરજીવનદાસ મહેતા



ભાવનગર તાબાના વઠોદ ગામના ધણી ગજાભાઇ ગોહિલ હતા. તેમના વખતમા પટેલ જગા ગગાને જુવાર બાજરાના નીપજ સારી થઇ હતી. કાઠીઆવાડમા ઘણે ઠેકાણે એવો રિવાજ ચાલતો હતો, કે ખેડુત જે મોલ પકવે તે સર્વ ગામની ભાગોળે ખળીમાં ભેગો કરવામાં આવે અને ગામ ધણીનો હિસ્સો અપાયા પછી બાકીનુ અનાજ ખેડુતો ઘેર લઇ જાય. બાજરો એવો સારો પાકયો હતો કે તેથી જગા પટેલની નજર બગડી એટલે દરબારને ભાગ ન આપવો પડે એવા ઇરાદાથી તેણે તેમાનો એક ગાડુ બાજરો છાનોમાનો રતોવાઇ ઘેર લઇ જવાની ગોઠવણ કરી. લોભના માર્યા તેણે ગાડામાં હદ ઉપરાંત બાજરો ભર્યો, અને પાછલી રાતે ગાડુ હંકાર્યું રસ્તે જતા ઘણા ભારને લીધે, ગાડાની ધરી ગુડીઆમાંથી નીકળી ગઇ, અને ગાડાનું પૈડુ ચાલતું અટકી પડ્યું તેણે, તેના ભાઇએ તથા ગાડુ હાંકનારે ઘણી મહેનત કરી પણ ગાડુ ઉંચુ ન થયુ

દરબારની ધારી એટલે ગામમાં જઇ કોઇને બોલાવી લાવતાં વાત જાહેર થઇ જાય, તેમ ગાડું પાછું ખળીમાં લઇ જવાય તેમ પણ ન હોતુ માટે વિમાસણ કરવા લાગ્યો, એવામાં જેની ધારી હતી તે જ ગજાભાઈ દરબાર તેમના હમેશના નિયમ પ્રમાણે દિશાએ જવા સારૂ હાથમાં લોટો લઇ એ રસ્તે આવી લાગ્યા.

તેમણે મુછાની બાંધેલી હતી, તેથી પટેલની ઓળખમા ન આવ્યા તેણે કહ્યુ, ઓ જુવાન! આ ગાડુ સમુ કરાવતો જા. દરબારે પટેલને ઓળખ્યો, પણ તેમને વિચાર થયો કે જો હુ ઓળખાઇ જઇશ તો જગા પટેલ જેવો માણસ ભોંઠો પડશે. તેથી તેમણે નીચુ જોઇ પૈડાને ટેકો આપ્યો, એટલે પટેલે ધરી નાખી ગાડુ ચલાવ્યું. ભલા દરબાર મનમા સમજ્યા કે હશે, હોય! બિચારા રાત દિવસ ટાઢ તડકો વેઠી પેદા કરે, અને સારો દાણો ભાળી મન બગાડે તો ભલે. એ પણ આપણી પ્રજા છે

૭ એક માસ વીત્યા પછી દરબારમા મેમાનો આવેલા તેમને સારૂ ખાટલા ગોદડા લેવા હવાલદાર જગા પટેલને ત્યા ગયો. હા ના કરતાં હવાલદારે કડવું વચન કહ્યું, તેથી તે બોલ્યો કે મારે આવા દરબારના ગામમાં રહેવુ નથી. પટેલે રાતની વખતે ઉચાળા ભર્યા, અને સવારમા તે ગાડા ભરી બાળ બચ્ચા સાથે નીકળ્યો. ગામ લોકોએ તેને બહુ સમજાવ્યો, પણ તેણે પોતાની હઠ છોડી નહિ. દરબારને ખબર પડી એટલે તેમણે પણ જગાને બહુ સમજાવ્યો, હવાલદારને ધમકાવ્યો ને તેની ભૂલ કબુલ કરી દિલગીરી બતાવી, પણ હઠે ભરાયલા જગાએ માન્યુ નહિ.

પછી દરબારે જગા પટેલને પડખે બોલાવી કાનમા કહ્યું, કે પટેલ, જાઓ તો ભલે જાઓ, પણ જે ધણી કેડનો ટેકો દઇ બાજરાનું ગાડુ ચલાવે, તેવા ધણીના ગામમાં રહેજો! આટલુ કહી દરબાર ડેલીએ ચાલ્યા ગયા. તેમની વાણી સાભળીને પટેલના તો હાજા જ ગગડી ગયા. તેનાથી કઇ બોલાયું નહિ! પણ મનમા એક જ વાત ઠસી ગઇ કે " આનુ નામ તે ધણી! "



[આ વાર્તા તથા પાન ૨૦૯-૧૦ ઉપરની વાર્તા "રચુકડી પાંચમી મોર વાતો" માંથી તેના કર્તા રા. બ. હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળાની પરવાનગીથી સચિત્ર છાપેલી છે.—તંત્રી, બાલજીવન]

આનું નામ તે ધણી!



જે ધણી કેડનો રેંકો દઈ બાજરાનું ગાડું ચલાવે, તેવા ધણીના ગામમાં રહેજે.




કડવા બડવા સોહિ ખાહિ!

એક નગરમાં પૂનમચંદ કરીને શેઠીઓ રહેતો હતો, તે હરેકને પ્રિય લાગે એવો, કરૂણાળુ, અને મુનિઓની સેવા કરવામાં હમેશાં તત્પર રહેનારો હતો. તે નગરમાં કડવા ને બડવા નામના બે રાક્ષસ ભાઇ આવ્યા. તેમની સાથે સોહિ કરીને તેમની બહેન પણ હતી. તેઓ અદૃશ્ય રીતે ઘેર ઘેર ભમતા, અને નવા નવા રોગ ઉપજાવીને માણસોનો જીવ લેતા; તેથી ઘણા માણસો મરણ પામતા જોઇ રાજા પણ બહુ દુઃખી થયો.

એક દિવસ રાજાએ સભામાં હુકમ કર્યો, કે જે કોઇ મારા નગરજનોના ક્ષયનું કારણ જાણીને તેનો યોગ્ય ઉપાય બતાવશે, તેને મોમાગ્યું દ્રવ્ય આપવામાં આવશે. સર્વે શેઠ શાહુકાર ને અમીર ઉમરાવ રાજાનું વચન સાંભળી રહ્યા. પછી પૂનમચંદ ઘેર આવ્યો. તેણે આગલે દિવસે બાળકોને ખાવા માટે તલ આણ્યા હતા, તે તલ બાળકો ખાતા ને ધમાચકડી કર્યા કરતા હતા. આ સમયે પેલા બે રાક્ષસો પોતાની બહેન સહિત તે શેઠને ઘેર માણસ મારી તેનું ભક્ષણ કરવા માટે આવ્યા પણ શેઠના પુણ્યપ્રભાવથી તે એકાએક ઘરમાં પ્રવેશ કરી શક્યા નહિ. તેઓ પ્રવેશ કરવાનો લાગ શોધતા હતા, તેવામાં એક બાળકે ઓસરીમાં બેઠેલા શેઠને કહ્યું, કે બાપાજી, આ તલ તો કડવા છે ને તેમાં કાંકરીઓ છે તે

થી રીતે ખાઇએ ? તે સાંભળીને શેઠ જરા ક્રોધાયમાન થઇને બોલ્યો, " કઠવા બડવા સોહિ ખાહિ, " મતલબ કે કઠવા બડવા જેવા હોય તેવા ખાઇ જાઓ. આ પ્રમાણે ત્રણ ચાર વખત ઉંચે સ્વરે કહ્યું તે વચનો બહાર રહેલ ત્રણ રાક્ષસોએ સાંભળ્યાં, એટલે તેઓ વિચાર કરવા લાગ્યા, કે આ શું આશ્ચર્ય ! આપણે અદૃશ્ય રીતે અહીં આવ્યા છીએ, છતાં આપણું આગમન ને નામ સુદ્ધાં શેઠ જાણે છે, માટે તે કાં તો ત્રિકાળદર્શી હોય, અથવા તેમની પાસે કોઇ મંત્રાદિકની શક્તિ હોય એમ લાગે છે તેથી તેઓ ગભરાયા ને શેઠની પાસે આવી પ્રગટ થઇને બોલ્યા, અરે શેઠજી, તમે અમારૂં વાગોણું શા માટે કરો છો ? અમે કઠવા બડવા સોહિ નામ વાળા રાક્ષસ તમારા દાસ છીએ.

આ પ્રમાણે સાંભળી અકકલવાન શેઠે કલ્પના કરી હસીને કહ્યું, હવે તમને જીવતા જવા દઇશ નહિ તેઓ વારંવાર તેની ક્ષમા માગવા લાગ્યા, એટલે શેઠે પ્રસન્ન થઇને કહ્યું, કે એક વખત હું તમને રાજા કને લઇ જઇ તેમને દેખાડીશ, અને પછીથી છોડી દઇશ; મારીશ નહિ. એવું હું તમને અભયવચન આપું છું એમ કહીને તેણે હાથ વડે કોલ આપ્યો. પછી તેમને રાજા પાસે લઇ જઇને દેખાડયા, અને આપેલા કોલ પ્રમાણે છેવટે તેમને મુક્ત કર્યા. રાજા તથા સર્વ સભાજનો આ હકીકતથી આશ્ચર્ય પામ્યા. રાજાએ શેઠને પુષ્કળ દ્રવ્ય આપ્યું અને લોકો નિર્ભય થવાથી શેઠની બહુ તારીફ કરવા લાગ્યા. આખા રાજ્યમા તેની ઉજવળ કીર્તિ પ્રસરી રહી. પુણ્યોદયથી ગમે તેવી વાણી વડે પણ અભ્યુદય થાય છે, એવું આ બતાવી આપે છે



નવરાશની વખતે

સ્લેટપર લખવાની પેણુ બનાવવાની રીત

પેણુ બનાવવાને આપણને પાંચ વસ્તુની જરૂર પડશે.

(૧)	કાળી ચીકણી માટી	તોલા ૧૦
(૨)	સફેદ સુંદર બાવળનો	તોલો ૧
(૩)	ખડી (ચૉક)	તોલા ૫
(૪)	શખજીરૂ	તોલા ૫
(૫)	પાણી ..	જરૂર પ્રમાણે


ઉપરની બધી વસ્તુઓ ચોખ્ખી હોવીજોઇએ. માટી તેમ જ ગુંદરને પાણીમાં પલાળી સુતરાઉ વડે ગાળી લેવાં. ખડી તેમ જ શખજીરૂનો ભુક્કો કરી તેને મુગટાથી ગાળી લેવો. પછી તે બધાનું મિશ્રણ કરી પેણો બનાવવી. બનાવેલી પેણોને તડકે સુકવવી-પણ થોડી થોડી વારે તેને ફેરવતા રહેવું નહીતર વાંકી સુકી બનશે.



લોખંડની કોઇ ચીજ પર નામ લખવું હોય તો સહેલામાં સહેલો માર્ગ એ છે કે તે ચીજપર સાબુ (પાણી વગર) ચોપડીને તેનાપરથી એક સ્ટીલ પેણુ કે ખીલાવડે કે પેનસીલવડે નામ લખવું, જેથી તેટલો સાબુ નીકળી જાય અને નીચેનું લોખંડ દેખાવા માંડે. પછી એક કાચના ગ્લાસમાં થોડું પાણી લઇ તેમાં ચપટી મીઠું અને ચપટી મોરથુથુ નાંખવું અને ઓગળી જાય કે એ પાણી પેલા લખાણપર ભરી દેવું. એટલે એ પાણી લોખંડને ખાઇને તેટલો ભાગ કોતરી નાંખશે. પાંચ મીનીટમાં નામ કોતરાઇ રહેતાં સાબુ ધોઇ કાઢવો. સુરી અને ચપ્પુ કે અસ્તરા બનાવનારને માટે આ ઘણું ઉપયોગી છે



સળગી ગયેલી દોરીની રાખપર વીંટી કેમ લટકાવશો ? જાડી શણની સુતળી અથવા સુતરની જાડી દોરી લઇને તેને મીઠાના પાણીમાં બોળી પછી તેને સુકવી નાખવી. પછી એકાદ વીંટી, દાતણ, દીવાસળીની પેટીનું ખોખુ, કે એવી કોઇક હલકી ચીજ એક છેડે બાંધી દોરીના બીજે છેડા એક ખીંટીએ લટકાવવો. પછી દીવાસળીવતી દોરી સળગાવી દેવી. આખી દોરી સળગી જશે તો પણ પેલી લટકાવેલી ચીજ એ રાખને વળગેલી જ રહેશે.



(૧) ચોખડી નગરી, ગાર દરવાજા,
સોળ છે રાણી, સાત છે રાજા.

(૨) છે પુરુષ પણ કેવાય મા, એને નમે રાણાજી
અકબર બાદશાહ કરે સલામ, એને નમે ગવળ જાત.

(૩) અગ મગ દશ પગ ત્રણ માથા, જાય નાઠા
દો નાડી દો ધાવશ છટકે નાડી છ

(૪) અર્ધ નાખુ આગ્રા, છ પગ ને બે વાગ્રા

(૫) આઠ ઠાટ લાકડું વચમા બેઠું હાઉ,
એ અરથ જે ન કહે એની દાઢી કરડી ખાઉં I

(૬) આટલો દડો, મોતીએ જડગો, જઇ રાજાને ખોળે પડયો.

(૭) આટલી છડી, મોતીએ જડી, જઇ રાજાને ખોળે પડી

(૮) પડી પડી પણ ભાગી નહિ, કટકા થયા બે ચાર,
વગર પાંખે ઉડી જાઇ, ચતુર કરો વિચાર

(૯) વાંસા વચ્ચે ખાટલો ચતુર હો તો કહો

(૧૦) ઇતાગા મુનીરામ, ઇતાથા પુછ
દોડ જાય મુનીરામ પકડ લાવે પુછ

મધુ કાલાવાળા



સાહિત્ય સત્કાર

શ્રી સયાજી બાળ જ્ઞાન માળાનાં નવાં પુસ્તકો વડોદરા રાજ્યની વિદ્યાધિકારી કચેરીની ભાષાંતર શાખા તરફથી "શ્રી સયાજી સાહિત્ય માળા"ની માફક શાખા તરફથી આ સયાજી બાળ જ્ઞાન માળા બહાર પડે છે. તેના પુષ્પ પરથી ૫૮ વગેરે નીચે જણાવેલી ચોપડીઓ બહાર પડી છે. દરેકની કિંમત ૬ આના છે.

માકણ અને જુ—લેખક સ્વ. ઇંદુલાલ દેસાઈ, બી. એ. આ જ લેખકની આગળની "મચ્છર" નામની બહાર પડેલી ચોપડીના જેવી જ ઉપયોગી આ ચોપડી છે ને તે બાળકોને ઉપયોગી જ્ઞાન આપશે એમ ખાત્રિ છે. માણસ જાતના આ દુષ્ટ શત્રુઓને નાબુદ કરવાના ઉપાય પણ અંદર છે એ ખાસ વખાણવાજોગ છે.

પાણીનાં પરાક્રમ ભાગ ૧ અને ૨—જાણીતા વિદ્વાન અને સ્વર્ગસ્થ "કેળવણી" માસિકના અધિપતિ શ્રી [illegible] દેસાઈએ આ ૨ ચોપડીઓ લખી છે. આ બન્નેમાં ટૂંકમાં ઘણો વિષય લીધેલ છે. તેમની શૈલી સમજાય તેવી સરળ હોય છે અને સૌને સમજાય એવી હોય છે તેનો અનુભવ ત્યારથી જ થયેલો. આ બે ચોપડીઓમાં તેમણે જે વિષય લીધો છે તેની બહુ સુંદર રીતે બાળકોને આપી છે. તેમનો શ્રમ અલબત્ત સફળ થયો છે.

રસાયન પ્રવેશ—લેખક વનિતાપ્રસાદ દવે. લેખક કહે છે કે કુદરતનાં દરરોજ બનતા બનાવો સમજવામાં સૌથી વધારે સરળ અને રસિક સાધન રસાયન વિદ્યાનો અભ્યાસ છે. નાના સરખા ઘરમાં ઘણાં સાધનો મેળવી, એટલે જાતે રસાયન વિદ્યાનો અભ્યાસ કેવી રીતે થઈ શકે તે આ ચોપડીમાં છે. દરેક તો બહુ જ મઝાનો છે. પણ તેના શબ્દો કોઈ પણ બાળક સહેલાઈથી સમજી શકે એમ છીએ? [illegible], [illegible], કૅલ્શિયમ હિમાલિદ, સોડિયમ [illegible], [illegible], [illegible], [illegible]; [illegible], [illegible], વિઘટન, [illegible] વાયુ, [illegible], વગેરે ગુજરાતી ભાષામાં આ નવા શબ્દો યોજવા માટે ભાષાંતર શાખાને માન ઘટે છે. પણ તે બાળકો સમજી શકશે ખરાં? એના કરતાં આ [illegible] શબ્દોની જોડે જ કૌંસમાં પ્રચલિત અંગ્રેજી શબ્દ મૂક્યા હોય તો? બાકી જે રીતની આ ચોપડી છે તે રીતે તો તે બાળકો બરોબર સમજી શકશે.

આજપૂરવી—લેખક મધુસૂદન પરીખ-પુસ્તકનો [illegible] ઇતિહાસ, તે વખતના [illegible] વિગેરે અને ઉપયોગી [illegible] માહિતિ આ ચોપડીમાં છે

હવા અને પાણી—લેખક મૂળચંદ [illegible] આ બે [illegible] વિષે ઉપયોગી માહિતી આ ચોપડીમાં છે, પણ તેમાં [illegible] વૈજ્ઞાનિક શબ્દો ઠેરઠેર દેખાય છે એ સિવાય આ ચોપડીની માહિતી સારી રીતે [illegible]

[illegible]—લેખક, મી. રતિલાલ [illegible] દેસાઈ, [illegible] આપણા [illegible] છે પણ આ ચોપડીમાં જે [illegible] છે તે [illegible] છે. આ ચોપડી તમામ રીતે ઉપયોગી માહિતી આપનારી, અને બહુ જ [illegible] રૂપમાં લખાઈ છે. મી. [illegible] ચોપડીઓના જેવી જ [illegible] ને [illegible] રીતે તે લખાયેલી છે

ઉત્સર્જનતંત્ર—લેખક [illegible] આપણા શરીરમાં જે [illegible] છે, તેનો ઉપયોગી ભાગ શરીરના જુદા જુદા ભાગમાં જાય [illegible] નિરુપયોગી ભાગ મળ મૂત્ર [illegible] બહાર જાય છે એ ક્રિયાનો ઉત્સર્જનતંત્રમાં સમાવેશ થાય છે આ ચોપડીમાં તે સબંધનું વર્ણન છે

આ બાળ જ્ઞાન માળાના પુસ્તકો સંબંધી સામાન્ય સૂચનાઓ એ [illegible] કે [illegible] ન હોવાં જોઈએ [illegible] અને શબ્દો [illegible] ને [illegible] સમજે એવા હોવા જોઈએ (ઘણી ચોપડીઓમાં આ બન્ને [illegible] છે) જ્યાં બની શકે ત્યાં સંવાદ, વાર્તા, કે પત્રના રૂપમાં અથવા [illegible] બાળકની જીજ્ઞાસા વૃત્તિ [illegible] સુધી [illegible] "કૌમુદી" ત્રૈમાસિકમાં [illegible] આવે છે એ [illegible] બહુ અનુકરણીય (ખાસ કરીને બાળકો માટે) [illegible]

અનુપમ કથા—"ગુજરાતી પંચ" કાર્યાલય (અમદાવાદ)ની ૧૯૨૫ની ભેટ [illegible] પાનાના [illegible] પુસ્તકમાં આપણા સમાજના [illegible] પ્રશ્નોની સુંદર ચર્ચા કરી છે [illegible] આપણા સમાજમાં [illegible] તેથી બહુ જ [illegible] નિપુણ નિવડે છે તેનું [illegible] છે એમ [illegible] માન્યું છે, અને તે તેમણે [illegible] આ પુસ્તકમાં રજુ કરી છે આ પુસ્તક તે [illegible] વાચકોમાં [illegible] એમ અમારી ખાત્રી છે

[illegible]—[illegible] અને [illegible] ૦-૧૨-૦ [illegible] અનુવાદ છે [illegible] સ્વામી [illegible] અને સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો ગુજરાતી ભાષામાં [illegible] ગુજરાતીમાં [illegible] પુસ્તક બહુ ઉપયોગી હોઈ છે



વ્યવસ્થાપક—શ્રી. રમણિકલાલ હ. શાહ બી એ

નવા સવાલો

(૧) શોધી કાઢો જોઈએ ?

ભગો અને જગો બે પાડોશીઓ હતા અને તેમના બગીચામાં બે મોટા આંબા હતા ભગાના આંબાની કેરીઓ મોટી હતી અને જગાના આંબાની નાની હતી.

એક દહાડો સવારમાં બેઉ જણા ત્રીસ ત્રીસ કેરીઓ લઈને બજારમાં વેચવા ગયા. ભગે પૈસાની બે અને જગે પૈસાની ત્રણ વેચી ને બેઉ જણે પચીસ પૈસા ઉપજાવ્યા.

બીજે દહાડે ભગે અને જગે વિચાર કર્યો કે કેરીઓ વેચવા માટે બે જણાએ અથડાવાની જરૂર નથી. એક જણ જાય તો પણ કેરીઓ જલદીથી વેચાઈ જશે. આમ વિચાર કરીને બેઉ જણે ત્રીસ ત્રીસ કેરીઓ ઉતારી ને ભગાએ વેચવા જવાનું કબૂલ કર્યું.

ભગે બજારમાં જઈને બે જુદા જુદા ભાવ પાડવા કરતાં બે પૈસાની પાંચ લેખે કેરીઓ વેચવા માંડી કારણ કે એક પૈસાની બે અને બીજા પૈસાની ત્રણ એટલે બે પૈસાની પાંચનો ભાવ એવું પાડ્યો.


બધી કેરીઓ વેચાઈ રહી ત્યારે તેને ચોવીસ પૈસા મળ્યા. તેણે વિચાર કર્યો કે ગયે વખતે પચીસ પઇસા મળ્યા હતા, અને આ વખતે ચોવીસ કેમ?

વાંચનાર ! ભાઈ ! કહો તો ખરા તેનો પૈસો ક્યાં પડી ગયો હશે ? તમે ખોળી કાઢો જોઈએ ! બિચારો ભગો જગાને શું જવાબ દેશે ?

(૨) ખાસ ઉખાણા આ અંકમાં ભાઈ મનુભાઈ કંટાવાળા રજુ કરે છે. તે તમામના ખરા જવાબો લખી મોકલો.

ઇનામ

પહેલું રૂ. ૨) રૂ. બીજા - કમેટ મુજબ.



લખનાર-શ્રી. રણછોડજી વ શાહ, બી. એ

ગયા અંકોનો સાર વિદિશા નગરીના શૂદ્રક રાજાની સભામાં ચંડાલ કન્યા વૈશમ્પાયન નામના સર્વ વિદ્યા જાણનારા પોપટને લાવે છે આ પોપટ રાજાને પોતાની પૂર્વ જન્મની વાત કહે છે પોપટ તેના વૃદ્ધ બાપ સાથે એક મોટા ઝાડમાં રહેતો હતો. શીકારીઓએ તેના બાપને મારી નાખ્યો. જાબાલી મુનીના શિષ્યોએ વૈશમ્પાયનને આશ્રમમાં આણ્યો જાબાલી મુની પોપટનું પૂર્વ જન્મનું વૃત્તાંત જણાવે છે કે ઉજ્જયિની નગરીમાં તારાપીડ નામના રાજાને વિલાસવતી નામની રાણી હતી. તેમને ત્યાં વૃદ્ધાવસ્થામાં ચંદ્રાપીડનો જન્મ થાય છે. શુકનાસને ત્યાં પણ વૈશમ્પાયન નામના પુત્રનો જન્મ થાય છે આ બન્ને મિત્રો સાથે અભ્યાસ કરે છે અભ્યાસ પૂર્ણ થયા પછી તારાપીડ રાજા ચંદ્રાપીડનો રાજ્યાભિષેક કરે છે ત્યાર બાદ ચંદ્રાપીડ રાજકુમાર વૈશમ્પાયન તથા પત્રલેખા નામની પાનદાની ઝાલનારી સાથે સ્વારી રૂપે દિગ્વિજય કરવા જાય છે અને સુવર્ણપુર પાસે પડાવ નાખે છે. હવે આગળ વાંચો

શિકાર

એક દિવસ કુમાર ચંદ્રાપીડ મૃગયા રમવા નીકળ્યો જંગલમાં એક કિન્નર જાતના સ્ત્રીપુરુષનું જોડું તેણે જોયું અને તેમને પકડવા પાછળ પડ્યો જોડું તો છુપાઈ ગયું પણ ચંદ્રાપીડ પોતાના ઇંદ્રાયુધ ઘોડા સાથે ઘણે દૂર નીકળી આવ્યો હતો. એટલામાં જ એક અચ્છોદ નામનું સુંદર ગીત ગજાવતું સરોવર નજરે પડવાથી તેમાં ચંદ્રાપીડે સ્નાન કર્યું તથા જળપાન કર્યું, અને ઘોડાને પણ પાણી પાયું થોડીક વાર આરામ લેવા તે આસન પાથરી

પઠચો હતો. તેવામા સુદર, કાનને પ્રિય લાગે એવુ ગીત ,તેણે સાભળ્યુ જે બાજુથી અવાજ આવતો હતો તે બાજુ ચદ્રાપીડ ગયો એક મહાદેવના દેવળમા એક દેવકન્યા જેવી સ્વરૂપવાન કન્યા મહાદેવજીનુ એકાગ્ર ચિત્તે ધ્યાન કરતી બેઠેલી જોવામાં આવી. ધ્યાન છોડયા પછી તે કન્યાની નજર ચદ્રાપીડ ઉપર પડી. ચદ્રાપીડ તેને માનની દૃષ્ટીથી જોવા લાગ્યો, તથા તેને નમસ્કાર કર્યા. તે કન્યાએ ચદ્રાપીડને પોતાની મહેમાનગીરી સ્વીકારવા વિનંતી કરી અને ચદ્રાપીડે તે કબુલ કર્યું. તેની પાછળ પાછળ ચદ્રાપીડ તેની ગુફા સુધી ગયો. બહાર ઓટલાપર ચદ્રાપીડને બેસાડી તે કન્યાએ ફળફળાદિથી ચદ્રાપીડની ભૂખ મટાડી તથા સ્વચ્છ જળ પાયું ચદ્રાપીડે પોતાનો વૃત્તાંત ટુકામા કહી સભળાવ્યો અને તે કન્યાની હકીકત જાણવા વિનયથી ઇચ્છા બતાવી. તે કન્યાએ પોતાનો દુ ખદાયક ઇતિહાસ નીચે પ્રમાણે નિવેદન કર્યો.

મહાશ્વેતાનુ વૃત્તાંત

દેવ લોકોમા અપ્સરાનાં ચૌદ કુળ છે તેમાના એક કુળમા હંસ નામનો મોટો ગધર્વ હતો અને બીજા એક કુળમા ઉત્પન્ન થયેલી ગૌરી નામની કન્યાસાથે તેનુ લગ્ન થયુ હતુ. તેમને એક કન્યા ઉત્પન્ન થઇ અને તેનુ નામ મહાશ્વેતા પાડવામા આવ્યુ. તે કમનશીબ મહાશ્વેતા તે હુ જ. એક વખત હુ મારી માતા સાથે અચ્છોદ સરોવરમા સ્નાન કરવા ગઇ હતી. ત્યા ઘણે દૂરથી સરસ સુવાસ આવવા લાગી અને તે તરફ હુ ગઇ. થોડે દૂર એક તપસ્વી કુમાર તથા તેનો મિત્ર ફરતા હતા. તે તપસ્વી કુમારના કાને એક સુદર ફુલ મજરી હતી. તેમાંથી પેલી સુંદર વાસ આવતી હતી. મે પેલા તરૂણ તપસ્વીના મિત્રને તેમનું વૃત્તાંત પૂછયુ અને મારા ભારે આગ્રહ દેખી તેણે તે કહેવા માંડયું.

પુડરીક

શ્વેતકેતુ નામના મહામુનિનો કમળમાથી ઉત્પન્ન થયેલો આ પુત્ર છે પુડરીક એટલે કમળ અને તેમાથી પેદા થયેલો હોવાથી તેનું નામ પુડરીક રાખવામા આવ્યુ છું તેનો મિત્ર છુ અને મારૂ



આવતો અંક

રામાવતારની તૈયારી—આ વખત આપેલા "કનૈયાની બંસરી" ને પણ આંટી દે એવા અતિશય સુંદર રંગીન ચિત્રમાળાની આ સહેલી ને સરળ ભાષામાં રચી કવિતા દરેક વાચક મ્હોંએ કરશે.

મારો દડો! (સચિત્ર) શ્રી. રમણલાલ પી. સોનીની આ સુંદર કવિતા મોઢે કર્યા વગર રહે જ નહિ

મોરબાઈ—શ્રી. સરલા દેસાઈ છોકરીઓ માટે વળી એક જુનું લોક-ગીત રજુ કરે છે

મહર્ષિ દયાનંદ સરસ્વતી—એ મહાપુરુષની જન્મ જયંતિ આ મહિને જ ઉજવાઈ. એમના જીવનની જાણવાજોગી અનેક બાબતો બહુ આકર્ષક સ્વરૂપમાં ભાઈ હર્ષદ રજુ કરે છે (સચિત્ર)

સોનગઢનો પ્રવાસ—મહારાષ્ટ્રના એ કાળજુના કિલ્લાના પ્રવાસની રસમય વિગત ખાસ લીધેલી છબીઓ સહિત આ અંકમાં રજુ થાય છે

વરસની વહુ મળી—એક ડુક્કરને દશ હતાં મીઠી મધ જેવી રમુજી વાર્તા.

આવો બાળ ચીનગીઓ!—પણ શું?—અત્યારે ચાલતાં બહુ સરતાં મળે છે. મગજમાંથી નિરાશા અને હૃદયમાંથી ભય કેમ ... ચીતરાય તેનાં પ્રત્યક્ષ ચિત્રો સાથેનો આ લેખ રમુજી નિવડશે.

અક્ષયપાત્ર—પાંડવોની લાંબા વખતની માગણીને માન આપી તેમને માટે ખાસ રમુજી છતાં રમુજી આ વાર્તા આ અંકમાં ખાસ રજુ કરી છે અને તે ખુબ ઉમંગથી વંચાશે એની ખાત્રી આપીએ છીએ.

હોળી આવી પહોંચી છે આ અંકમાં હોળીના તહેવારો મનાવવા જાણવાજોગી વિગતો વાર્તારૂપે શ્રી દરિયાદર શાસ્ત્રી રજુ કરે છે

કાકભગી—એ નાનુ વાનાંનો અતિ આકર્ષક ભાગ તો હજુ હવે જ શરૂ થાય છે આ અંકમાં જ તમે તેની મઝા જોશો અને એ ઉપરાંત બીજી કવિતાઓ રમુજી ચિત્રો વગેરે આવશે.

આ માસિક રા. મણિલાલ અંબારામ ઠાકરે રાવપુરા, વડોદરામાં શ્રી પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું; અને રમણલાલ નાનાલાલ શાહે, બાલજીવન કાર્યાલય, વડોદરાથી પ્રસિદ્ધ કર્યું તા. ૧-૨-૧૯૩૩.

દાનનો મહિમા

દાન આપવું તેનો અર્થ શું ? તમે ધારો છો તેમ દાન દેવાનો અર્થ આપી દેવું તેવો નથી.

મહાત્માઓ કહે છે કે, દાન આપવું તેનો અર્થ આપી દેવું તેવો નથી, પણ દાન દેવું તેનો અર્થ ઇશ્વરને ત્યાં થાપણ મુકવી તેવો છે દાનરૂપી ઇશ્વરને ત્યાં મુકેલી થાપણ અણીને વખતે આપણને વ્યાજ સાથે કામ આવે છે. જ્યારે જાણે અજાણે થઇ ગયેલાં બુરાં કર્મોથી પેદા થયેલા પાપરૂપ દુશ્મનો આપણી ઉપર હુમલો કરે છે, અને તેથી આપણે આફતમાં આવી પડીએ છીએ ત્યારે આપણા બચાવ માટે ઇશ્વરને ત્યાં અનામત મુકેલી દાનરૂપી મુડી વ્યાજ સાથે કામ લાગે છે

આપણે નજરે જોઇએ છીએ કે, કોઇ પણ સારો માણસ બીજાની થાપણ ખાઇ જતો નથી ત્યારે સૌથી આગળમાં સારો ઇશ્વર આપણી, થાપણ કેમ ડુબાવશે ?

માટે ભાઇઓ ! દાન કરો, દાન કરો ! દાન કરવું તે આપી દેવું એમ નથી, પણ આપણા જ બચાવ માટે અનામત મુકવું એ છે એ અનામત રકમ, એ રીઝર્વ ફંડ, એ સેવીંગ્સ બેંકમાં મુકેલું નાણું, જેમ વધારે હોય તેમ વધારે લાભ છે—વધારે બચાવ છે, માટે આપણા ગરીબ ભાઇ બહેનોને મદદ કરતાં હાથ પાછો ખેંચો નહિ, ખેંચો નહિ" સ્વ૦ પરિવાર કૃત "સ્વર્ગનું વિમાન" માંથી

આજના આવા વિકટ સમયમાં અનેક રખડતાં રઝળતાં નિરાધાર અનાથોને આશ્રય આપનાર સંસ્થા . .

હિંદુ અનાથાશ્રમ, નડિયાદ

છે એને હરકોઇ પ્રકારના દાન દેવા એ ઉપર જણાવ્યા મુજબ ઉત્તમ દાન ગણાય છે શ્રીમંત હો કે ગરીબ,—ગમે તે હો,—જેના હૃદયમાં દયા હોય તેણે આ સંસ્થાને ગમે તે પ્રસંગે ગમે તે પ્રકારનું દાન કરવું હોય ત્યારે યાદ કરવી.

વાર્ષિક રિપોર્ટ અને વિશેષ વિગત
માટે મંત્રિને નડિયાદ લખો.



બાલજીવન કાર્યાલય, ક્રાવેલ, ગાયવાડી, મુંબઈ નં. ૨
છૂટક નકલના આના ૬, વાર્ષિક લવાજમ, રૂ ૩, પરદેશ માટે રૂા ૪ (ટ ખ સાથે)

નિરોગ રે. [illegible]

બાળકોને દુઃખમાંથી બચાવનાર કોણ ?

અધ્યારૂનું બાલાર્ક રજીસ્ટર્ડ



બાળકોના દરદો જેવાં કે, માથું ગાલ, આંખનું આગ, ઉધરસ, શરદી, ખાંસી ઉલટી વગેરે, દરદોના નાશ કરી બચાવવા તથા બાળ કોને મજબૂત, નિરોગી, આનંદી જેવા અને આનંદી બનાવે છે. બાળકને જન્મ્યાને બાર માસ, અને તેની સુધી અંતરોની આધીન મેળવે. કિંમતી નાની બાટલી ... કિંમત માત્ર રૂા ૧) દરેક દવાવાળાને ત્યાં મળશે. ભાગવાડી પાસે,—મુંબઈ

હવે થોડુ જ થોડી નકલો બાકી છે આજે જ મંગાવી લ્યો

બાલજીવન પુસ્તક ૪

બાલજીવનના કુલ ૫૦૦ ઉપરાંત પાના, ૨૫૦ ઉપરાંત ચિત્રો, ડઝન ... ઉપરાંત રંગીન ... મનોહર ખુબસુરત રંગીન ને સાદાં ચિત્રો, મજબુત ... પુઠાનું પાકું પુસ્તક

કિંમત રૂા ૫)

જો જલદી નહિ મંગાવો તો પછી નહિ મળે બાલજીવનના પાકા ... ની ... નકલ ... આજ ... નથી ... જ મળી શકશે. તમારા બાળકના માનસિક વિકાસમાં આ રકમ ખર્ચવા જેવી નથી.

બાલજીવન કાર્યાલય—મનાર અથવા
બાલજીવન કાર્યાલય—ગાયવાડી, મુંબઈ ૪

જગત્ આગળ ધસે છે: તમે શું કરો છો ?



?

આ પ્રશ્નનો જવાબ ઉગતી પ્રજાએ આપવાનો છે

મોટી ઉમરનાં છોકરા છોકરીઓ તથા

કુટુંબનાં બધાં માણસો સાથે મળીને વાંચે
જ્ઞાન અને સંસ્કાર તથા ઉત્સાહ અને પ્રેરણા પામે
એવું આ માસિક તમે એકવાર જરૂર મંગાવી જુઓ.

રૂડી રસભરી વાર્તાઓ, સાહસ અને પરાક્રમની વાતો,
પુરાણની કથાઓ ને લોક વાર્તાઓ, ઈતિહાસના પ્રસંગો,
ભૂગોળ ખગોળની વાતો, જાત જાતના હુન્નરો, કામની સાદી
ચીજો અને નુસખાઓ પ્રેરણા આપનાર લેખો, મહાન
પુરુષોની જીવન કથાઓ, વિજ્ઞાનની અજાયબીઓ અને નવી
શોધો, દુનીઆના દેશ દેશની જાણવા જેવી હકીકતો, અનેક
વિવિધ જ્ઞાન, મધુરાં ગીતો અને કાવ્યો, રમુજ ટુચકાઓ
આ બધું સુંદર આકર્ષક ચિત્રો ને ટાઈપમાં છાપી

'કુમાર' નું પાનેપાનું આ વસ્તુઓથી ભરેલું છે: એની
ખાતરી ને ઉપયોગિતા તો એ નજરે જોવાથી જ સમજાય.

દેશના ૩ રૂપીઆ, ૭ મહીનાના ૨ રૂ. પરદેશના ૪ રૂ. છુટક ૬ આના

કુમાર કાર્યાલય ૪૪૮૦ રાયપુર અમદાવાદ

બાળકોને તેમ મોટાને "કુમાર" મંગાવવાની ભલામણ કરીએ છીએ.

નમ્રતા, પ્રમાણિકપણું, અને બંધુપ્રેમ એ સર્વોત્તમ નીતિ હોય
અમારો મુદ્રાલેખ છે

અત્યાર સુધીમાં બજાવવામાં આવેલ સંગીન કામકાજ અને સભાસદોની ચાલુ ધમાલ એ અમારૂં પ્રમાણપત્ર છે.

લગ્નની પવિત્ર ગાંઠથી જોડવા અને જોડાવા ચ્હાતા વ્યક્તિઓના
લગ્ન અને જીંદગીની જોખમદારી માટે શાહુકારીના ફંદામાંથી
બચાવનાર સર્વોત્તમ સાધન

પાયોનીયર લીમીટેડ કન્સર્ન ઓફ મેરેજ સોસાયટી ઇન એશ્યા

ધી ઇન્ડીયન મેરેજ સોસાયટી કુાં૦ લીમીટેડ

(નામદાર વડોદરા સરકારના કાયદા મુજબ સ્થપાયલી)

હેડ ઓફીસ—નવસારી–બ્રાંચ–બારડોલી

જો તમો તમારૂં અને તમારી જ્ઞાતિ પ્રજાનું હિત સમજતા હો, શાહુકારોના સકંજામાંથી પોતાની કિંમતી મીલ્કત બચાવી લેવા ચ્હાતા હો, કાયદાની નાણાંભીડ અને દુઃખદ સ્થિતિમાં આર્થિક મદદ મેળવવા ચ્હાતા હો, તો જરૂર જ આ મંડળમાં જોડાવા ચુકતા નહિ. અત્યાર સુધીમાં જુદીજુદી કોમ અને જુદાજુદા ધર્મના ઘણા સભાસદો ઘણી સંગીન મદદ આ મંડળ મારફત મેળવી ચુક્યા છે. દાખલ ફી તથા મંડળના સભાસદોના લગ્ન વખતે માત્ર રૂ૦ ભરનાર સભાસદ પોતાના લગ્ન વખતે તે પછી આખી જીંદગી સુધી ઘણી સંગીન મદદ મેળવી શકે છે. માટે તમારી પહેલી ફરજ છે કે કોઇપણ કામ કરતાં પહેલાં આજે જ સભાસદ બનો અને બીજાને બનાવો.

ધી ઇન્ડીયન મેરેજ સોસાયટી કુાં૦ લીમીટેડ—નવસારી

જાહેર ખબરવાળાઓ અમને મદદ કરે છે તમે તેમને મદદ કરો.

આપ બાળ સાહિત્યને તો કોઇએ મદદ કરશો ઘરે.



પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર.

આપણા દેશમાં થઇ ગયેલા એ મહાન ગંભીર વિદ્વાન અને સાધુ પુરૂષનું જીવનચરિત્ર હવે પછી બાલજીવનમાં આપશું. તેમની એક વાર્તા આ અંકમાં છે તે જુઓ.



વર્ષ ૫. અંક ૬] ચૈત્ર-૧૯૮૧ [એપ્રિલ-૧૯૨૫

ભૂંડ અને બકરું

સવૈયા

(૧)

સોરઠ દેશ મધ્યે આવેલી, ભાદર નામ નદી નિરધાર,
વિશાળ પટથી વ્હેતી ચાલે, પાણી મીઠું અમૃત સાર;
દિવસ એક હતો ગરમીનો, લૂ ઝરતી'તી જગમાંય,
જમીનતળે તપતી ભારી, પછી ઝાડમહીં લપટાય;

(૨)

જંગલના જીવો સૌ આવી, પીવા માટે મૂકે દોટ,
શું દેખીને તે ભ્રમ રાખે, નિષ્ફળ જાયે તેના કોડ;
નજીકનું પાણી છોડીને, મૃગજળનું કરવાને પાન,
ખોટા જળનો લોભ કરીને નિશ્ચે થાવે બહુ હેરાન

(૩)

ચોટે ભૂર નદીથી છાંયે, બેઠું હતું બકરાંનું ચાવ,
ત્યાંથી ખચ્ચું એક ગદ્દુ, પાણી પીવા માંડ્યું ઘાટ;

(મિત્ર ૧૬)

ડોક ઝુકાવી નીચી કરીને, પાણી પીતું નીચે શ્વાસ,
એવે એક વરૂએ દીઠું, ઉભું હતું જે ઉપરવાસ.

(૪)

શિશુ મઝાનું આ તાજનું છે, વિચાર એવો એને થાય,
(ચિત્ર ૨જુ)

ગમે તેમ કરી પેટ મહીં હું પધરાવું એ સુંદર બાળ;
ઘુરકી બોલ્યો ડોળા કાઢી "ઉભો રહે તું બકરા નીચ,
તાકે ડોહળું આ પાણી, આવું આવે પીવું શીદ?"

(૫)

બકરે બોલ્યું, "બાપા મારા, જુઓ કંઇ ઉઘાડી આંખ,
ઉપરવાસ તો આપ પીઓ છો, કાં કાઢો છો મારો વાંક?
ખમ ખાઇને વરૂ બોલિયું, "તારૂં ડહાપણ પાસે રાખ,
ગયા વરસમાં ગાળ દીધી'તી બોલ જ કારણ તું નાપાક!"
(ચિત્ર ૩જુ)

(૬)

બકરૂં બીજું ઉત્તર આપે, "કાં પાડો છો નાહક ઠોક;
પાંચ માસનું બાળક હું છું, રખે હશે તે બીજું કો'ક"
જમ કચરીને હાર્યું જાણી, ક્રોધે વરસાવે અંગાર,
"કહે બાપ તારો ત્યારે તો, એમાં શું સંદેહ લગાર!

(૭)

અપલક્ષણું બાળક તું છે, કરૂં તને શિક્ષા તત્કાળ,"
એમ કહીને તરાપ મારી, ઝડપી લઇને ખાધું બાળ
આ ઉપરા બે દુર્જન લોકો, ન્યાય તણો રાખીને ડોળ,
(ચિત્ર ૪થું)
નિર્બળ સામા ઉપર કોપે, વરતાવે છે મોટી ધાળ;

(૮)

ન્યાય જ નામનું ફારસ કરતાં, કરે કાયદા કાળા એશ,
દાનત ખોટી રૂપે ધારી, સ્વારથ સાધનની હમેશ;
નમસ્કાર નવ ગજના કરવા, વાત તજીને એવા પાસ,
દુર્જનથી સૌ દૂર જ નાસો, કામ ન પાડો એવા સાથ.

મગનલાલ ભગવાનજી જોશી

વરૂ અને બકરૂં

૧

૨


વરુ અને બકરું



બ્રાહ્મણ અને વાઘ

[લખનાર—શ્રી નાગરદાસ ઇ પટેલ]

એક હતો બ્રાહ્મણ વટેમાર્ગુ એક ગામની ભાગોળે તેણે વાઘને પાંજરામાં પુરેલો જોયો વાઘ કહે—" મહારાજ ! મ્હને લોકો ભૂખે તરસે મારી નાખે છે મને જરાક કાઢો. હું પાણી પીને પાછો પુરાઇશ." બ્રાહ્મણ કહે, ' ના રે ભાઇ, તું મ્હને ખાઇ જાય ' વાઘ કહે 'નહિ ખાઉં, દયાનીધિ.' બ્રાહ્મણે વાઘને બહાર કાઢયો વાઘ કહે ' હવે તો તને ખાઇ જાઉં ને પછી પાણી પીઉં !' બ્રાહ્મણ કહે, ' શાખ આપણે પાંચ જણને પૂછીએ. પંચ ત્યાં પરમેશ્વર. એ બધા કહે તો મ્હને ખાઇ જજે ' વાઘ કહે. ' ભલે '



પછી તેમણે વડને પૂછ્યું ' વડ રે ! વડ ! ન્યાય કર ' વડ પૂછે, ' શાનો ન્યાય ? ' બ્રાહ્મણે બધી વાત કહી, એટલે વડ કહે, ' માણસ બહુ ખરાબ પ્રાણી છે મ્હારી નીચે બેસી મ્હનેજ કાપવા ફરે છે માટે વાઘ ભલે માણસને ખાઇ જાય !' વાઘ કહે ' ખાઉં ' બ્રાહ્મણ કહે ' શાખ, હજી બીજા ચારને પૂછીએ. '

પછી મળ્યો પોઠિયો. પોઠને વાત કહી એટલે તે કહે ' માણસ ઘણું પાતકી પ્રાણી છે મ્હને ચાબુક મારીને ખુબ દોડાવે છે. માટે વાઘ ભલે માણસને ખાઇ જાય !' વાઘ જાપીરો થયો પણ બ્રાહ્મણે વાર્યો.



[લખનાર—શ્રી. કસનજી મણીભાઈ દેસાઈ]

શિવપુરના પંડિત સોમદત્ત ત્રિપાઠી સંસ્કૃતના મહા વિદ્વાન હતા. રાતદિન પૂજાપાઠમાં તે લાગી રહેતા લોકો એમને બહુ માન આપતા. પંડિતજી ભાગવતની કથા બહુ સારી કરતા કથા વાચવી એ એમની જીવિકા હતી એમને કોઈ પણ વાતનું દુઃખ નહોતું કેવળ એટલું જ કે, એમનો પુત્ર બિલકુલ ઠોઠ નિકળ્યો હતો.

પંડિતજીના પુત્રનું નામ વિદ્યાધર હતું. સોળ વરસ થયા છતા પણ હજી સુધી લઘુકૌમોદીનાં સંજ્ઞા પ્રકરણ પણ તેણે પુરાં કીધા નહોતા. પંડિતજી સર્વ ઉપાયો કરી હારી ગયા છતા, વિદ્યાધરને એકે અક્ષર ન જ આવડયો અંતે લાચાર થઈ એમણે ભણાવવાનું છોડી દીધું

એક દિવસ પંડિતજી પોતાના ઓટલાપર બેસી વિદ્યાધરને શીખવી રહ્યા હતા ઘણો ઉપદેશ કર્યો પછી તેમણે કહ્યું —બેટા ! આજ હું જે વાત કહું છું, તે મુજબ તું વર્તીશ તો, તારી જીંદગી સુખચેનથી જશે બુઢ્ઢા બાપનો ઉપદેશ આજે બહુ દિકરાના ધ્યાનમા ઝટ આવી ગયો વિદ્યાધરે એ. વાત પોતાની નોંધપોથીમા લખી લીધી. ઉપદેશ નીચે મુજબ હતો —

(૧) મનુષ્યે પુરૂષાર્થ કરવો જોઇએ.
(૨) સુંદર સ્ત્રી શત્રુ સમાન છે

(૩) શત્રુનો નાશ અવશ્ય કરવો જોઇએ.
(૪) સ્ત્રીહત્યા કરતાં મોટું પાપ હોઇ નથી
(૫) મનુષ્યના મુખની શોભા નાક છે
(૬) સજ્જન પુરૂષોની સાથે થોડે દૂર ચાલવાથી પણ મિત્રતા થઇ જાય છે
(૭) ભોજન વહેંચીને ખાવું જોઇએ
(૮) રાજા, દેવતા ને ગુરૂનું દર્શન ખાલી હાથે ન કરવું જોઇએ.

વિદ્યાધરે બીજા જ દિવસથી આ નિયમોનું પાલન શરૂ કીધું. સવાર થતાં જ પાવડો લઇને ઘરની અંદર તે ચાલ્યો ગયો ને એક દિવાલ ખોદવા માંડી આ તમાસો જોઇ ઘરમાં હલ્લો મચ્યો; પણ એ કોઇનું સાંભળતો નહોતો ઘર ખોદવામાં એ એટલી ચાકર મચ્યો હતો પાડોશમાંથી બે ચાર માણસો જ્યારે આવ્યાં ને એને બહુ સમજાવ્યો, ત્યારે જ ઘર ખોદવાનું તેણે બંધ કીધુ પહેલા નિયમનું પાલન (પુરૂષાર્થ કરવાનું !) વિદ્યાધરે ઘર ખોદીને કર્યું

થોડા વખત પછી વિદ્યાધરનો વિવાહ થયો ભાગ્ય યા અભાગ્યથી સ્ત્રી અત્યંત રૂપવતી ગણી પોતાની સ્ત્રીની સુંદરતા જોઇ વિદ્યાધરને બીજો નિયમ યાદ આવ્યો એણે વિચાર્યું કે સુંદર સ્ત્રી શત્રુ સમાન છે માટે ત્રીજા નિયમ અનુસાર એને મારી નાંખવી જોઇએ.

પરન્તુ ચોથા નિયમાનુસાર સ્ત્રીહત્યા સૌથી મોટું પાપ છે ત્યારે શું કરવું જોઇએ ? તરત વાત ધ્યાનમાં આવી ગઇ પાંચમો નિયમ યાદ આવવાથી સઘળી કઠણાઇ દૂર થઇ ગઇ એણે વિચાર્યું કે, એનું નાક કાપી લેવાથી અવશ્ય એની સુંદરતા નાશ પામશે; ને સાથે સાથે બીજા નિયમનું પાલન પણ થશે હવે શું વાર હતી ? એક તેજદાર ચપ્પુ લઇ એણે એની નવ-વિવાહિતાનું નાક કાપી લીધું ! બિચારી બાળા એકદમ જોસથી

ચીસ મારી બેહોશ થઇ ખઈ પોતાના છોકરાનાં આ કૃત્યેથી પંડિતજી બહુ ખીજવાયા. વિદ્યાધરને પોતાના ઘરમાથી કાઢી મૂકયો.

રોજ રોજની ધમકીથી વિદ્યાધર કંટાળી ગયો હતો, તેથી આ વખતે એ પણ ખીજવાઈને ઘર છોડી ગયો. રસ્તામાં એના ગામના કેટલાક લોકો સાથે એને મેળાપ થયો. તેઓ એક લાશ લઇ સ્મશાને જવા હતા એ લોકોને જોઇ વિદ્યાધરને છઠ્ઠો નિયમ ધ્યાનમાં આવી ગયો. તેપણ એમની સાથે સાથે જવા લાગ્યો. સ્મશાનમા બહુ વખત રહેવાથી એને ભૂખ લાગી, ત્યારે પોતાની પોટલી ખોલીને શેકેલા ચણા કાઢયા. સાતમા નિયમ અનુસાર તે એક એક મુઠી ચણા પેલા લોકોને વહેચવા લાગ્યો. આ સર્વ લોકો તેનાપર ખીજવાઇ ઉઠયા. એકે કહ્યું "તું કેવો મૂર્ખ છે ! તને એ પણ નથી સુઝતું કે, આ ખાવા પીવાનું સ્થાન નથી ?" આથી વિદ્યાધરે પોતાનો સાતમો નિયમ કહ્યો. એટલામા એકે જોરથી બે ચાર તમાચા તેને લગાવી દીધા.

વિદ્યાધર એ લોકો ઉપર કામ ચલાવવા માટે રાજદરબાર તરફ રવાના થયો રસ્તામા આઠમો નિયમ યાદ આવ્યો. પાસે તો કંઈ હતું નહિ; તેથી દરબારમાં પહોંચ્યા પછી પોતાનુ ધોતીયું કાઢી પોતાના હાથમાં તેણે લઇ લીધું ! દરબારના સિપાઈઓ એને પાગલ સમજ્યા, ને દમ બતાવી ધોતીયું પાછુ પહેરાવ્યું રાજાએ એની ફરિયાદ સાભળી. રાજાએ વિદ્યાધરના શરૂથી આખરસુધીના સારા હાલ સાભળ્યા પછી તે બોલ્યા, તમારા પિતાએ તમને બહુ સારી શિખામણું આપી હતી. જો તમે તમારી કુબુદ્ધિથી એનો દુરૂપયોગ ન કરત તો આ કષ્ટ તમારે સહેવું પડત નહિ તમારી જીંદગી અવશ્ય સુખમા જાત. રાજા સાહેબની વાત વિદ્યાધરને રૂચતી આવી નહિ. તે એમના પર નારાજ થઇ બબડતો બડબડતો દરબારમાથી ચાલ્યો ગયો.

જ્યારે ગામને કાંઇ પુણ્ય થયું હોય તો તે ફોકટ જાય છે? દેશાવરમાં બે ચાર ઓળખીતાની મદદથી બધડમથા શેઠ શાપરા પુરેપુરી મેળવી ઘર તરફ વળ્યા ગામમાં પેસતાં જ બે ચાર સભાઓએ પ્રસન્નબોધન માટે શેઠને ધન્યવાદ આપ્યો. મનમાં ગુંચવાતા શેઠ ઘેર પહોચ્યા. શેઠાણીને પુછ્યું કે, "તમે ઓખાધજને શું અપાવ્યુ હતું?" શેઠાણીએ જવાબ આપ્યો કે—"તમારા કહેવાથી તેની માંગણી મુજબ બરાબર સો માણસોનું સીધું અપાવ્યું હતું; તથા પૈસો પૈસો દક્ષણા દીધી હતી એકંદર ખર્ચનો આંકડો રૂા ૧૦૦) નો થયો છે

શેઠ સમજ્યા કે, માતાજીએ માનવાના રૂપીઆ સો આમ યુક્તિથી લઇ લીધા હતા



નિશાળ

ગુજરાતી ૦૬

મળે પાઠ નિત નવા જ્યાં અપહ્ય,
દુઃખ ભાવના ને કરે જ્ઞાની ભેદ;
ગુરુ અદિતણી અપનારી
અમારી મહી એજ નિશાળ સારી. ૧

નિશાળે રૂડા શીખડો બાધ આપે,
નવા છોડને પોપીને ક્ષેમ સ્થાપે,
શહુ બાળની આજ છે વાડી સારી,
અમારી મહી એ જ નિશાળ સારી. ૨

ગણુ બાળ તો છોડ છે વાડી કેરાં
ગુરૂ માળી છે તેમને પોષનારાં;
રુડું બાળને જ્ઞાનનો અર્પનારી,
અમારી મહી એ જ નિશાળ સારી. ૩

અરે બાળ નિશાળ શુભે દીપાવો
લઇ જ્ઞાન ને દેશ ખ્યાતિ વધારો;
મુગતિ મંગ ધ્યાન વિનતિ મારી.
અમારી વધી એ જ નિશાળ સારી. ૪

—પાઠક


ઉંદરોની ઉજાણી

લખનાર—શ્રી કમળાકાન્ત

મનુના ઘરમાં અનાજ વગેરે રાખવામાટે એક જુદો ઓરડો રાખવામા આવ્યો હતો તેના ખુણામા એક દર હતું. તેમાં ટીપ, ટોપ અને ટેપ નામના ત્રણ ઉંદરો રહેતા હતા તેઓ રોજ રાત્રે બધાં ઉંઘી જતા ત્યારે તે ઓરડામા ફરવા નીકળતા, અને જે કાંઇ ઉઘાડું રહી ગયું હોય અથવા નીચે વેરાએલુ હોય તે સઘળું ખાઇ જતાં. એક દિવસે તેમણે ઉજાણી કરવાનો વિચાર કર્યો, અને લાગ મળે ત્યારે કોઇ સારો પદાર્થ ઉઘાડો રહી જાય તો તે સઘળાએ મળીને ખાઇ જવો એમ નક્કી કર્યું આજથી તેઓ હંમેશાં કોઇ મજાના પદાર્થની શોધમા રહેતા હતા.

એટલામાં મનુનો જન્મદિવસ આવી પહોંચ્યો તે દિવસે તેને ત્યાં સારૂં સારૂં જમવાનું કર્યું હતું, અને બીજા સગાં વહાલાં તથા ભાઇબંધ દોસ્તદારોને પણ જમવા માટે બોલાવવામાં આવ્યા હતા મોડી રાત સુધી જમવાનું કામકાજ ચાલવાથી ઘરનાં બધાં માણસો થાક્યાં પાક્યા ઝટપટ સુઇ ગયા કામની ધમાલમા ઓરડામા રાખેલી એક મુરબ્બાની બરણીનું મોં ઉઘાડું રહી ગયું હતું. હંમેશની માફક આજે પણ ઉંદરો ઓરડામા ખાવાનું શોધવા માટે રખડતા હતા. એટલામાં પેલી બરણી તેમના જોવામાં આવી અને તેમાં શું છે તેની તપાસ કરવા માટે ત્યા આગળ ત્રણે જણા આવીને ભેગા થયા. બરણીમાંનો મુરબ્બો લગભગ ખલાસ થવા આવ્યો હતો, પણ ઉપરની જાડી મધ જેવી ચાસણીથી તેનો લગભગ અરધો ભાગ ભરેલો હતો. બરણીમા શું

છે તે જોવા માટે ટીપ એકદમ બરણીઉપર ચઢ્યો, અને બાકીના બે જણા નીચે બેસી રહ્યા



ટીપે ઉપર ચઢી બરણીની અંદર જોયું તો ખાવાનું ઘણું ઊંડું જણાયું તેનો સ્વાદ ચાખવાને તેનું મન ઘણુંજ તલપાપડ થઇ રહ્યું હતું પણ શું કરે ? આખરે તેણે અંદર ઉતરવાનો વિચાર કર્યો, અને પકડેલી કોર છોડી દઇ જેવો તે અંદર ઉતરવા જાય છે કે, તરત જ ધબ દઇ અંદર પડ્યો; અને આખું શરીર ચાસણીથી લદબદ થઇ ગયું તેણે ઘણાએ ફાંફા માર્યા, પણ કાચ લીસો હોવાથી તેનાથી ઉપર ચઢી શકાયું નહિ.

બહાર રહેલો ટોપ અને ટેપ તો તેની રાહ જોઇને બેસી રહ્યા હતા. ઘણી વાર થઇ, પણ ટીપ વખાય કરી પાછો આવ્યો નહિ. તેમણે ઊંચુ જોયું તો, ટીપને બરણીની અંદર પડેલો દીઠો. આથી તેઓ ગભરાયા, અને ઘણા જ દીલગીર થયા હવે ટીપને કેવી રીતે બહાર કાઢવો તેનો તેઓ વિચાર કરવા લાગ્યા. થોડીકવારમાં ટોપને એક યુક્તિ સુઝી આવી તેણે ટેપને કહ્યું કે, હું પહેલો બરણી ઉપર ચઢી તેની કોર પકડીને મારી પૂંછડી બરણીની અંદર લટકતી રાખું; એટલે પછી તું પણ

ઉપર આવીને મારી પૂંછડી તારા મોંવડે મજબૂત પકડી રાખજે, કે જેથી, ટીપના ભારવડે હું અંદર પડી ન જાઉં

પછી ટીપ મારી પૂંછડી પકડી ઉપર ચઢી આવશે. તેમણે ઉપર મુજબ ગોઠવણ કરી ટીપને પૂંછડી પકડો ઉપર આવવા પ્રશાસ્ત કરી. થોડીવારમા ટીપ પૂછડી પકડી બારણીના મો સુધી ઉપર ચઢી આવ્યો હવે ટોપ અને ટેપે નીચે જમીનપર આવવા માટે જોરથી કૂદકો માર્યો. એટલે ટીપ, ટોપ, અને ટેપ ત્રણે જણા એકદમ નીચે જમીન ઉપર આવી પડયા ટીપનું આખું શરીર ચાસણીથી ખરડાએલુ હતુ. તે ટોપ અને ટેપે ચાટી ખાઇને ચોકખુ ચટ કરી દીધુ પછી ત્રણે જણ ઉજાણી પૂરી થવાથી આનદથી દોડતા દોડતા પોતાના દરમા પેસી ગયા.

નમું બાળકને

તોટક

કુસુમ સરખુ રૂડુ બાળક એ, ખીલતુ હસતુ જ સુગંધ દીએ,
સહુ પાઠ ભણે શીખવે જગ ને, બસ એકજ નિર્મળ બાળ કથા. ૧
રડતા જનને ઉત્તરી હસતું, વધુ નિકટ દશા કને વિસતુ;
જનની સહુ બાજ પડો દુર તુ, વળી એકલડું જગમા મુગતુ. ૨
પળવાર નિગમી જતાં દુઃખડા, હસતા નિરખી શિશુનાં મુખડાં;
રડુ કુમ શાંમી જઇ શાંત થતી શુદ્ધ આહ્વાન બ જાકતી દિસતા. ૩
જગની બધી ધાંધલમાંય રહી, ન અશાંતિ દીઠી તુજ ઠીકી મહિ;
કુસુમ! જગરેલ વસી વિકસી, મણિ તુ હરખે ચિર તુ ખીલજે ૪
મધુનો પયગામ એ સુચવતુ, 'મમભાવ ભરી સમ દ્રષ્ટી બધે.'
દિલથી ઉપકાર સ્મરી શિશુના, શુધ્ધ અતરથી નમું બાળકને. ૫

દુર્લભજી ભવાનીશંકર જોષી.



લખનાર—ડૉ. મોહનલાલ જગન્નાથ પાઠક

એક રાજાને એક છોકરો હતો તે નાનપણથીજ ઘણો હોશીયાર અને ચાલાક હતો, તેણે વિદ્યાભ્યાસ પુરો કર્યો પછી જુદા જુદા દેશો જોવા માટે વિચાર કર્યો. ને પોતાના બાપની રજા માગી બાપજીએ તેના ગુરૂને સાથે લઇને તેને જવાની રજા આપી

રસ્તામાં ચાલતા તેઓ એક દિવસ એક ડુંગરના મથાળે આવી પહોંચ્યા. તે પર ઉભા રહી આસપાસ નજર ફેરવતાં સામેના શહેરના નિશાળ ગૃહમાં પ્રકાશ ઝળહળતો જોયો. તે પ્રકાશ વિષે રાજપુત્ર તેના ગુરૂ સાથે અનેક તર્ક કરતો હતો. એવામાં

તમણે એક ધારો ઊંચો જોયો તેને બોલાવી રાજપુત્રે પુછ્યું



"આ શાનો પ્રકાશ છે, ભાઇ?" તેણે જવાબ આપ્યો, "પાસેના શહેરમા જે ગજા રહે છે તેને એક કુંવરી છે તે રૂપનો ભંડાર છે મોગરાની કળી જેવી તેની સુકુમાર કાયા છે. આ પ્રકાશ તેના ગાલના ગુલાબી રંગનો પડછાયો છે હજી તેના લગ્ન થયાં નથી. તે કોઇની પણ સાથે બોલતી નથી. તેને જે બોલાવી શકશે તેની સાથે જ તેનાં લગ્ન કરવા એવો રાજાનો નિશ્ચય છે

આ સાભળી રાજપુત્રે બને તો તે શહેરમા જઈ રાજકન્યા જોવાનો વિચાર કર્યો તેણે પોતાના ગુરૂ સાથે શહેરમા આવી એક ધર્મશાળામાં મુકામ કર્યો ત્યા તેના સાભળવામા આવ્યુ કે રાજાનો એવો હુકમ છે કે જે માણસ કન્યાને બોલાવવા આવશે તે ની સાથે જો રાજકન્યા બોલશે નહિ તો તેના શિરચ્છેદ કરવામા આવશે. છતાં પણ રાજપુત્રે પોતાનો વિચાર ફેરવ્યો નહિ. તેના ગુરૂએ પણ કહ્યુ છતા પણ તેણે માન્યુ નહિ બીજે દિવસે રાજકુંવરે બજારમાં એક બીમારી પારેખી એક સુંદર મેના ખરીદ કરી મેનાથી તે બધો જ સમજ લેવા લાગ્યો એક દિવસ તેણે મેનાને સહજ જ પુછ્યુ કે, "હે મેના, તે મારી સાથે બોલશે?" મેનાએ તરત જ એક યુક્તિ કહી સંભળાવી; અને કહ્યું કે જો તું આ પ્રમાણે વર્તીશ તો જરૂર રાજકન્યા તારી સાથે બોલશે તેને તે યુક્તિ પસંદ પડી તરત જ તેણે રાજા પાસે રાજકન્યાને મહેલ જવાની પરવાનગી મંગાવી. બીજે દિવસે મેનાને લઇને તે રાજકન્યાના મહેલમાં ગયો.

તેણે રાજકન્યાને જુદી જુદી જાતના અનેક પ્રશ્નો પુછ્યા; પણ તે બોલી નહિ. છેવટે તેણે મેનાને પુછ્યું કે, "તું તો

મારી સાથે બોલ મેના! કહે, તારી પ્રકૃતિ કેમ છે?" તરત જ મેનાએ જવાબ આપ્યો, 'હે રાજપુત્ર! તું મારા જેવા પક્ષિ સાથે બોલ્યો, તેથી મને ઘણો જ આનંદ થાય છે મારી સાથે આજ સુધી કોઇપણ નહોતું બોલ્યું મારી પ્રકૃતિ ઘણી જ સારી છે હવે હું તને એક વાર્તા કહું છુ, તે સાંભળ"

"એક વખત ત્રણ મિત્રો સાથે પ્રવાસ કરતા હતા તેમા એક સુથાર, બીજો દરજી અને ત્રીજો જાદુગર હતો. રસ્તામાં એક સાંજે તેમણે એક ઝાડ નીચે મુકામ કર્યો રાત્રે સુથાર જાગ્યો, અને ઉંઘ ન આવવાથી એક લાકડાનો કટકો લાવી તેણે તેની પુતળી બનાવી તેના સુતા પછી દરજી જાગ્યો તેણે પોતાની પાસે સુંદર પુતળી જોઈ તેને માટે ઉત્તમ કપડાં તૈયાર કરી પહેરાવ્યા. પછીથી તે પણ ઉંઘી ગયો હવે જાદુગર જાગ્યો. તેણે આ સુંદર પોષાક પહેરેલી પુતળી ને જોઇ તેમા જીવ મૂકવાનો વિચાર કર્યો તેણે પુતળીની છોકરી બનાવી. સવારે તેમનામા ભાંજગડ પડી કે એ છોકરીનો ખરો માલિક કોણ? તો હવે રાજપુત્ર! તું જ કહે કે, તે છોકરી કોણે લેવી?"


હવે રાજપુત્ર અને મેના વચ્ચે વાદવિવાદ શરૂ થયો. મેનાએ દરજીની પક્ષ લીધી; અને રાજકુંવરે સુથારનો પક્ષ લીધો ઘણો વખત તકરાર ચાલી, પણ જાદુગરનું તો બેમાંથી એકે નામ જ ન લે હવે રાજકન્યાથી રહેવાયું નહિ તે બોલી "એ શું તમે ગાટની ગફર તકરાર કરો છો? તમે જાદુગરને કેમ ભૂલી ગયા? મને તો લાગે છે કે, તે છોકરી જાદુગરને જ મળવી જોઇએ કારણ કે જો તેણે તેમા જીવ ન મૂક્યો હોત, તો તે પુતળી, પુતળી જ રહેત! સુથારે પુતળી ઘડી, માટે તે તેનો જન્મદાતા ગણાય. દરજીએ વસ્ત્ર પહેરાવ્યાં, તેથી કાંઇ તેનો હક્ક ન પહોંચે. જાદુગરે તેને જીવન આપ્યું માટે તે તેનો ખરો પતિ ગણાય આટલુએ ખબર નથી?"

આ પ્રમાણે રાજકન્યા બોલી! આ સાંભળી રાજા ઘણો જ ખુશી થયો તેણે તે રાજપુત્ર સાથે રાજકન્યાના લગ્ન ઘણી ધામધુમથી કર્યા, અને પોતાનું રાજ્ય પણ તેને પહેરામણીમાં આપ્યું.

મહાત્મા ગાંધીજી અને શ્રી. કસ્તુર



મહાત્માજીના પરદેશી મિ



લખનાર:—શ્રી. રમુભાઈ ક. શાહ, બી. એ.

મીસર દેશમાં મન્સુર નામે એક સોદાગર રહેતો હતો. તેને ઉમર નામે એક છોકરો હતો. એક દિવસ મન્સુર તેના પુત્ર ઉમરને લઈ ન્યાયમંદિરમાં ગયો હતો.

ન્યાયમંદિરની કચેરીમાં કાજી સાહેબ તેમના આસનપર બેઠા હતા તેમના ચહેરાપરથી તેઓ બહુ ભલા અને ન્યાયી તથા પૂર્ણ અનુભવી લાગતા હતા. કાજીના આસનની આગળ કેટલાક મોટા સોદાગર શેઠીયાઓ ઉભા હતા. કેટલાક ફરીયાદીઓ અને તે ઉપરાંત જોવા આવેલા પણ કેટલાક માણસો ત્યાં હતા મંસુર પણ ઉમરની સામે ત્યાં જઈને ઉભો રહ્યો.

પહેલો મુકદમો એક જુવાન વેપારીનો નીકળ્યો. તે વેપારી ભરતખંડનો રહેવાસી હતો. તેણે ઉભા થઈને કહેવા માંડ્યું:—

" કાજી સાહેબ ! મારા પિતાના મરણ પછી મને વારસામાં એક હીરાથી ભરેલી પેટી મળી તે પેટીમાંના હીરા કોઈ ઠેકાણે વેચી પૈસા પેદા કરવાના વિચારથી હું આ (મીસર) દેશ તરફ રવાના થયો પણ મોસમ ખરાબ હોવાથી મારે વચ્ચે જ રોકાઈ જવું પડ્યું. ત્યાં મને પૈસાની જરૂર પડવાથી હીરાને ત્યાં જ વેચી નાખવાનો મેં નિશ્ચય કર્યો. તે શહેરમાં અલી નામે એક મોટો ઝવેરી રહેતો હતો તેની પાસે હું ગયો અને તેને મારા હીરા બતાવ્યા તેણે થોડીવાર વિચાર કરી મને કહ્યું કે આ તમારા હીરા બહુ જ હલકા છે આવા હીરા તો અમારા નોકર લોકો પહેરી રાખે છે આ વાતની ખાત્રી કરી આપવા તેણે પોતાની પાસેથી મારા હીરાઓ કરતા એક મોટો હીરો કાઢી મારી સાથે આવેલા મારા નોકરને આપી દીધો આ જોઈ હું બહુ જ નિરાશ થયો. અલીએ મને કહ્યું, તમે ગભરાશો નહિ; આ પેટી મારી પાસે રાખી જાવ અને બે કલાકની અંદર તેને

બદલે આ શહેરમાં મળી શકતી કોઈપણ ચીજ માગી જાણે. હું ત્યારપછી મારા મુકામે ગયો ત્યાં ગયા પછી મને માલમ પડ્યું કે મારા નોકરને આપેલા હીરા બનાવટી હતા તરત જ હું અલીની પાસે ગયો અને મારી પેટી પાછી માગી તેણે પેટી આપવા ના પાડી આ મારી હકીકત છે તો આપ સાહેબ હવે યોગ્ય ન્યાય કરશે"

હવે અલીને ઉભો કરવામાં આવ્યો. તેણે જણાવ્યું કે, અમારી વચ્ચે સોદો થયો હતો એ વાત સાચી છે પણ, તેની પેટી મારી પાસે રાખવાનું કાંઇ મે તેને કહ્યું ન હતુ એણે એની ખુશીથી તે મારી પાસે રાખી છે ત્યારપછી ત્યાં કુરાનનું પવિત્ર પુસ્તક મંગાવવામાં આવ્યું; તેનાપર હાથ મૂકી અલીએ જાહેર કર્યું કે આ વ્યાપારીને મેં દગો દીધો નથી શરત પ્રમાણે પેટીના બદલામાં કોઈપણ ચીજ આપવા હું તૈયાર છુ

આ સાંભળી ન્યાયાધિશે પેલા હીરાવાળા વ્યાપારીને કહ્યુ 'હે ભાઇ ! આ મુકદ્દમે તારી વિરુદ્ધ જાય છે તારે તારા બચાવમાં કાંઇ કહેવુ છે ?' વ્યાપારી કાંઇપણ બોલ્યો નહિ

અત્યાર સુધી બાળક ઉમર તેના બાપની સાથે ઉભો ઉભો આ બધું સાંભળ્યા કરતો હતો. ધીમેથી તે પેલા વ્યાપારીની પાસે ગયો, અને તેને કહ્યુ "મારાપર વિશ્વાસ રાખી, તારા બદલે મને દશ મીનીટ બોલવા દે. તારા હીરાને બદલે હું એક ચીજ માગવા ઇચ્છુ છુ" વ્યાપારીએ તેને બોલવા



રજા આપી. તે આગળ આવી કાજીને સલામ કરી ઉભો.

પછી તેણે અલીને પુછ્યું, "ભાઈ સાહેબ ! આ વ્યાપારીએ તમને જે પેટી આપી છે તેનું વજન કેટલુ છે ?" અલીએ જવાબ આપ્યો કે દશ શેર છે

ઉમરે જોશથી કહ્યું, "ઠીક, તો કૃપા કરી આપની શરત પ્રમાણે આ પેટીના બદલામાં દશ શેર મરઘીના પીંછા બે કલાકમાં મને લાવી આપો" અલી આ વાત સાંભળી ખુબ ચીડાયો. તે બોલ્યો, આ વાત તદ્દન અશક્ય છે. બે કલાકમાં દશ શેર પીંછા મળે ખરાં કે ?" કાજીએ વચ્ચે જ સવાલ કર્યો—આ પ્રદેશમા મરઘીનાં પીંછા મળી શકે છે ખરાં ?"ત્યાં હાજર રહેલા સઘળા બોલી ઉઠ્યા—"હાજી અહીં મરઘી દરેક જણુ પોતાને ઘેર રાખે છે" આ સાંભળી કાજીએ ચુકાદો આપ્યો કે:—

"ઠાં તો, અલીએ શરત પ્રમાણે મરઘીનાં દશ શેર પીંછાં બે કલાકમા લાવી આપવાં; અગર, તેણે વ્યાપારીને તેની પેટી બે કલાકમા પાછી સોંપવી.

બધા બોલી ઉઠ્યા:—"બરાબર ન્યાય થયો, બરાબર ન્યાય થયો."

અલીએ ઉતરેલા ચહેરે પેટી વ્યાપારીને પાછી સોંપી દીધી. વ્યાપારીએ પેટીમાંથી ત્રણ મોટામાં મોટા હીરા કાઢી તેનો બચાવ કરનાર છોકરાને બક્ષિસ આપ્યા. આમ તેની ચાલાકીનો યોગ્ય બદલો તેને મળ્યો.


અમૂંજવાળી પૂણ રૂાત

ભાધી સુપ સરીખડો, આખર લોકની જાત,
બંજ ગાઈપણુ સાયરો, અજવાળી પણ રાત.
ઘસ્યો પણ હણ્ડીઓ અંતે જાત કુજાત,
બકુલ તોયે ભામિની, અજવાળી પણ રાત.
બણી ગણી રહ્યાપણ ભરી, આખર સ્ત્રીની જાત,
શરદ પુનમની શોભીતિ, અજવાળી પણ રાત



ચતુર રાજકન્યા

લેખક—શ્રી લખમસીંહ કે રૂપારેલ



પ્રાચીન કાળમાં કોઇ બળવંત અને દ્રવ્યથી પુર એવા એક રાજાને એક રૂપાળી અને બહુ ચતુર પુત્રી હતી. રાજા તે પુત્રી ઉપર ઘણુ વહાલ રાખતો અને તેને દીઠે અતિ પ્રસન્ન થતો. એક વાર રાજા પરીવાર સંગ બેઠા બેઠા ગમત કરે છે. તે દરમ્યાન પોતાની આ વ્હાલી દીકરી સાથ પ્રશ્નોત્તર કરતાં બહુ હરખમા આવી તે દીકરીને કહેવા લાગ્યો. "અહો લાડકી, આજ હું તારાથી બહુ પ્રસન્ન છુ. માગ, હમણાં જે માગે તે આપું"

કુંવરી બોલી,—

" બાપા બેટી લાડકી,
શેરડી માગું ચાર,
હાથે હાથે ચોગણી
સોળ હાથે અઢાર. "



(આ કવિતાની સમજ એ કે, લાડકી પુત્રીએ બાપા પાસેથી ચાર સોપારી એવી રીતે માગી કે, સોળ હાથ સુધી તે બાપને

દરેક વખતે ચોરી કરી ગુનવી એટલે કે પહેલાં ચાર, પછી ચાર, એક સોલ અને સોલ ચોક ચોસઠ એ રીતે જે રકમ જે રીતે આવે તેને સોલ વખત સુધી ચારે ગુણાકાર કરતાં જે સરવાળો થાય તેટલી સોપારી આવે.)

આ સાભળી રાજા મોઢું મલકાવી બોલ્યો, "વહાલી બેટી, આ તારૂ માગવુ બહુ અચંબો પમાડે છે. મેં તો ધાર્યું હતુ કે તુ દ્રવ્યની કિવા જાગીર કે ગામની માગણી કરશે; પણ તેં એ તો તારી બાલક બુદ્ધિને લાંછન લાગવા સરીખી તુચ્છ માગણી કરી" પુત્રી બોલી, "બાપા, મારી એ માગણી ઉપર જ હું રાજી છુ. તમે વચન ખઈ કસ્તા હોય તો બસ, એટલુ જ અપાવો."

રાજાએ કહ્યું, "ત્યારે તો જા બેટા, તારી માગણી ખાસ વચન સાથે તને પુરી કરી દેવી." પછી કોઠીદારને બોલાવી હુકમ કીધો કે આ પુત્રી જેટલી સોપારી માંગે છે, એટલી એને દેવી. કોઠીદાર નમીને ગયો, અને હિસાબ ગણી જોય છે તો તે ભારે ગભરાયો! ગણતા કાંઇ થાગ લાગતો નથી, એટલી સોપારી થાય છે તે તે ક્યાથી લાવે? અને કેમ કરી પુરી કરી આપે? તે પાછો ફરી રાજા પાસે આવ્યો; અને અરજ કરી કે, "મહારાજ! આમા કાંઇ ભરમ છે, જે મારાથી ઉકેલાતો નથી."

રાજાએ પ્રધાન તરફ જોયું, અને બોલ્યો, "આ મૂર્ખાને સમજ પાડ, અને જોઇતી સોપારી અપાવ." પ્રધાને કોઠીદારની ગણત્રિ તપાસી જોઇ, અને હેબકી જઇ તે બોલ્યો—"મહારાજ! એટલી સોપારી આપણી આખી રાજધાનીમાં તો શું! પણ દેશદેશમાંથી પણ મળનાર નથી! રાજાએ ભવાં ચઢાવ્યાં અને ગુસ્સાથી બોલ્યો, "અરે પ્રધાન! તારામાં એટલી પણ આવડ નથી? માગેલી સોપારી ન મળે તો; જે દામ થાય તે ચુકાવી દે!"

પ્રધાન ત્યાંથી ગયો; અને સોપારીની ગણત્રિ કરી તેની કિંમત કરાવી તો તે ગભરાટમાં પડયો બીજે દિને તે રાજાની હજુરમાં શોકાતુર થઇ, હાથ જોડી ઉભો


રાજા પૂછે છે, "હે પ્રધાન! આજ તું ચિંતામાં કેમ છે?"


"મહારાજ! આ તો કંઈ અદ્ભુત માગણી છે રાજપુત્રીએ માગેલી સોપારનું દામ આપો બાર બાગ્રી કરીએ પણ પુરી થનારી નથી!" એમ પ્રધાને કહ્યું

રાજા આ સાંભળી ચમકયો; અને દિગ્મૂઢ થઇ પ્રધાનનું મોઢું જોઇ રહ્યો.

ઉપરથી આગળીનો ખુલાસો

રાજપુત્રીના માગવા પ્રમાણે ૧૬ હાથ સુતી થાળમાં ગણતાં કુલે ૧૭૧૭૯૮,૬૯૧૮૪ તાંદળા થાય છે અને ૧ મણ સોપારી તોળી હાથ તો ૨૦૦૦ નંગ થાય એ પ્રમાણે ગણત્રિ કરતાં કુલે સોપારી ૮૫,૮૯૯૩ના ૫ચાપી લાખ નેવી-આસી હજાર નવસો ને માડીચાર નગ થનાની હવે દર મણ એકના રૂ. ૫) નો ભાવ ગણતા કુલ રૂા ૪૨૯,૪૯૬૭૨ એટલે (ચાર કરોડ ઓગણત્રીસ લાખ, આગણચાસ હજાર છસો ને બોહોતેર) રૂપિયા રાજપુત્રીને આપવા જોઇએ આટલા બધા રૂપિયા કયાંથી લાવવા?





કડવી હોય લીંબડી, ગીઠી હોય છાય,
બખેર હોય અબોલણા પણ પોતાની બાય.
ધનથી નાસી સાંપડે પુત્ર નસીબે હોય,
માડી જાયા નવ મળે લાખો ખરચે કોય.

માણશંકર પંડિતનું ભૂલું પરાક્રમ

લખનાર—શ્રી. મધુકાન્ત હરિવલ્લભ શાહ, બી એ.

માણશંકર પંડિત પૈસે ટકે સુખી હતા. તેમના કુટુંબમાં તેમની સ્ત્રી તેમનો દીકરો કૃષ્ણારામ, અને દીકરી લલિતા એટલાં હતાં.

મૂળ બ્રાહ્મણ ભાઈ એટલે શંકરના ઉપાસક અને શંકરના ઉપાસક હોવા સાથે વિજયા—ભાંગ—ના પણ ઘણા જ શોખીન હતા જ્યારે પંડિતજી ભાંગ પીને બેસે, ત્યારે એવા ગપાટા હાંકે, કે સાંભળનારો ઠીંગ જ થઈ જાય. તેમને ગામથી ચાર ગાઉ દૂર આવેલા ભીડભંજન મહાદેવ દર્શન કરવા જવાનો રોજનો નિયમ હતો ત્યાં જઈ દર્શન કરવાં, અને ભાંગ છાણી બે છોટા મહાદેવજીને ચઢાવી બે લોટા પોતે ઠોકી જવા અને પછી પાછા ઘેર ફરવા ચાર ગાઉનો રસ્તો તેમના હિસાબે ફક્ત તેમના ઘરથી તે ગામની ભાગોળ જેટલો નજીક લેખાતો.

આ મુજબ એક દિવસ માણશંકર પંડિત તેમના કુટુંબ સાથે ભીડભંજન મહાદેવ દર્શન કરવા માટે ગયા હતા તેમની સ્ત્રી અને દીકરીને કોઈનો સથવારો શોધી આગળથી ઘેર રવાના કરી દીધા રહ્યા ફક્ત પોતે, અને કૃષ્ણો. આજ પંડિતજીએ ભાંગને પુરેપુરો ઇન્સાફ આપી દીધો. થોડી વારે તેઓ ઘેર જવા નીકળ્યા. રસ્તામાં કૃષ્ણાને પુછયું, 'કેમ થાક્યા' તને ઝોળીમાં ઘાલીને ઉપાડું કે ખાંધે બેસાડું ?' કૃષ્ણો કહે, બાપા, મને તમારા ખભે બેસાડો. તરત જ પંડિતજીએ કૃષ્ણાને ખાંધે બેસાડી ગામ તરફ જવા માંડયું ભાંગનો અમલ પુરેપુરો જામ્યો હતો એટલે વિચાર પર વિચાર ઉભરાઈ જતા હતા. એમ કરતાં કરતાં ગામના નજીક આવી પહોંચ્યા અને પોતાની પોળમાં પેસવાની તૈયારી તેમણે કરી. તરત જ તેમને એક વિચાર આવ્યો કે અલ્યા મારો કૃષ્ણો ક્યાં ગયો ? આગળ પાછળ જોવા માંડયું પણ ક્યાંય પણ કૃષ્ણાનો પત્તો લાગ્યો નહિ ! કૃષ્ણો તો નિરાંતે ખાંધ પર સ્વાર થઈને બેઠો હતો. તે બિચારો શું જાણે કે તેના બાપાના મનમાં તેના વિષે જ વિચારો ચાલે છે !

પંડીતજી હવે તો ગભરાયા તેમણે ધાર્યું કે નક્કી કૃષ્ણાને મહાદેવમાંજ ભૂલીને હું ચાલ્યો આવ્યો તરત જ પંડીત પાછા ફર્યા અને મહાદેવ આવ્યા. ત્યાં આવી બધે તપાસ કર્યો પણ

કૃષ્ણાનો પત્તો ન મળે! પછી મોટેથી બે ચાર બૂમો પાડી કૃષ્ણાને બોલાવ્યો. કૃષ્ણો ઉપર બેઠો બેઠો બો...કહીને જવાબ આપે ત્યારે પંડિત સમજ્યા કે આ તો ઘુંમટમાં પડઘો પડે છે, કૃષ્ણો તો એની મા સાથે જ ઘેર ગયો હશે, માટે ચાલ પાછા ઘેર, એમ વિચારી ફરી પાછા તેમણે ઘર તરફ ચાલવા માંડ્યું. છેવટે ઘરપાસે આવી પહોંચ્યા એટલે તેમના એક પડોશીએ તેમને બોલાવ્યા કે આવો મારાજ ફર પંડિત, પંડિત કહે ના ભાઈ, હમણાં મને ઘેર, જવા દો, મારો જીવ ઊંચો છે. પડોશી કહે, જરાવ છે હવે જરા પાન તંબાકુ તો ખાતા જાવ! બહુ આગ્રહ થયો એટલે પંડિતજી બોલ્યા થકી પડોશીના બારણામાં પેસવા લાગ્યા કે ઉપરથી કૃષ્ણાએ બૂમરાણ કરી મૂક્યું, બો બાપા, મારા માથામાં વાગશે, જરા નીચા તો નમો. નીકર મને નીચે ઉતારો. આ શબ્દોએ પંડિતજીની કેફ ઉતારી લીધી. તરતજ તેમણે કૃષ્ણાને નીચે ઉતાર્યો અને આ ભાંજગડનું મૂળ આજ છે એમ સમજી બે ચાર લગાવી વાળી.



કૃષ્ણો તો બીચારો બૂમો પાડવા લાગ્યો, અને પડોશી પણ નવાઈ પામી ગયા કે આ શું એકાએક બન્યું! તેમણે પંડિતને પુછયું કેમ મારાજ કરભાઇ બીચારા છોકરાને નાહકનો શું કામ મારો છો. પંડિતે જોરથી જવાબ આપ્યો, શું કરૂં ત્યારે? મારૂં નહિ તો શા----ની પૂજા કરૂં? મને વગર ફોગટનું આઠ માઈલનું ચક્કર ખવડાવ્યું અને પોતે મારા ઉપર બેઠો બેઠો જોયા કર્યું! આ સાંભળી ત્યાં એકઠા થયેલા બધા પંડિતજીની અક્કલપર પેટ પકડીને હસવા લાગ્યા. બિચારા પંડિતજી પણ શરમિંદા પડી ગયા અને છોકરાનું મોઢું પકડી ઘરમાં પેસી ગયા. જોયા ભાંગના પ્રતાપ!

:: પ્રમાણિક બાળક ::

લખનાર – બ્હેન સરલા વૈકુંઠરાય દેસાઈ

સાંજ પડવા આવી હતી. અમે બે ભાઈ બ્હેન ઘરના દરવાજા આગળ બેઠાં હતાં; એટલામાં એક ન્હાનો છોકરો અમારી પાસે આવ્યો. તેણે અમને દીવાસળીની પેટી લેવા ખૂબ આગ્રહ કર્યો. અમારે પેટીનો ખપ હતો ને લેવાનો વિચાર ન તે, પણ એનામ કંઈ પૂછું પહેલાં માગ્યું "હું તથા મ્હારો ન્હાનો ભાઈ ભૂખ્યા છીએ; તેથી હું ત્રણ પૈસે પેટી આપવા તૈયાર છું" મેં પેટી લીધી; પણ પાસે પરચુરણ ન હોવાથી એને એક રૂપીઆની નોટ આપી. એ દુકાને તે વટાવવા ગયો. હું બહુ વાર સુધી ત્યાં જ ઉભી રહી પણ કોઈ ન આવ્યું. તેમ છતાં મને એમ લાગતું કે, એ છોકરો પૈસા લઈને નાસી જાય નહિં; પણ તે રાતે તો એ ન જ આવ્યો.

બીજે દિવસે પેલા છોકરાના જેવો જ એક છોકરો મ્હારી પાસે આવ્યો અને બોલ્યો. 'બ્હેન મ્હારો ભાઈ બિચારો પડી ગયો, અને ગાડીનું એક પૈડું એના પગ ઉપરથી ચાલી જવાથી પગ ભાંગી ગયો છે. તેથી એ ન આવી શક્યો. એ તમારા પૈસા લઈને જ આવતો હતો. તમારા પૈસામાંથી ૭ આના મ્હને જડ્યા. એ એને વિષે બહુ જ ચિંતા કરે છે. એ કહે છે કે તમે એને વિષે શું ધારશો!" ગરીબ બાળક કેટલી હદ સુધી પ્રમાણિક હતો! આ વિચારે અમારૂં અંતર આનંદથી ઉભરાયું. મ્હેં એને પૈસા રહેવા દેવા કહ્યું અને અમે એની સાથે ગયાં.

એ લોકોનું ઘર એક ન્હાનું અંધારૂં ઝુંપડું હતું ને બહુ જ નજીક હતું. અંદર પેસતાં જ મેં જોયું કે, અંદર એક છોકરો પથારી ઉપર સુતો હતો. એને બહુ જ વાગ્યું હતું. તથા એનો પગ ભાંગી ગયો હતો, તે મરવાની અણી ઉપર જ હતો. પોતાના ન્હાના ભાઈને જોઈને એ તેને બાઝી પડ્યો, અને બોલ્યો. 'હવે મ્હારા ભાઈની દરકાર કોણ લેશે?' અમે કહ્યું, 'ત્હારે એની ચિંતા ન કરવી. અમે એની પુરતી સંભાળ લઈશું." આ સાંભળી તે બાપડો બહુ જ ખુશ થયો હોય એમ લગાર હસ્યો અને અમારી તરફ જોતાં જોતાં તે મરણ પામ્યો. અમે એ નાના બાળકની સંભાળ લીધી. જો કે સર્વની સંભાળ લેનાર તો સર્વશક્તિમાન પરમાત્મા જ છે; પરંતુ એ બાળકની અમે યોગ્ય સંભાળ જરૂર લીધી.

શરમ !

-લખનાર — શ્રી. પીયુષ.

રાતના આઠ વાગ્યા હતા. બર્દવાન સ્ટેશન ઉપર ગાડી આવી પહોંચી. સર્વ માણસોએ પોતપોતાનો સામાન લઈ નીચે ઉતરવા માંડયું એવામાં અંગ્રેજી પોષાકમાં સજ્જ થએલા એક ગૃહસ્થે "મજૂર મજૂર !" કરી બૂમ પાડી.

થોડીવાર પછી એક માણસ આવ્યો અને કહ્યું "શો હુકમ !" વાર થવાથી તે ગૃહસ્થ ચીડાયો હતો તેથી તેણે કહ્યું કે તમે ક્યાં જતા રહો છો ? ગાડી ઉપર વખતસર હાજર રહેતા નથી ! ચાલ, આ પોટલી લઈ લે બહાર ગાડીમાં મૂકવાની છે"

તે માણસે કંઈપણ બોલ્યાવગર પોટલી લઈ આગળ ચાલવા માંડયુ, અને સ્ટેશન બહાર જઈ પોટલી ગાડીમાં મૂકી.

તે ગૃહસ્થે આનો કાઢી તે માણસને આપવા માંડયો; પણ તેણે તે લેવા ના પાડી. ગૃહસ્થે કહ્યું કે "એક આનો ઓછો પડે છે ?"

તે માણસે કહ્યું કે, "મેં પૈસા લેવા માટે આપની પોટલી ઉપાડી નથી; પણ માત્ર એક દેશબંધુથી પોતાની પોટલી ઉપાડી શકાતી નહોતી તેથી મેં મદદ કરી હતી એ આપને હવેથી પોતાની પોટલી લેવામાં શરમ નહિ લાગે તો હું મારી મજુરી વસુલ થએલી માનીશ !

અત્યાર સુધી તે ગૃહસ્થે તે માણસને બરાબર જોયો ન હતો. તેના તરફ તે ગૃહસ્થે ધ્યાનથી જોયુ તો તે માણસ મજુર જેવો લાગ્યો નહિ. પણ કોઈ ભલો માણસ લાગ્યો તે માણસને ઓળખીને તે ગૃહસ્થ તેમના પગમાં પડયા અને ક્ષમા માગી

જે માણસનાં દર્શન કરવા તે ગૃહસ્થ આવ્યા હતા તે જ માણસ આ પોટલી ઉચકી લાવનાર શ્રીઇશ્વરચન્દ્ર વિદ્યાસાગર હતા ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગરની વાત હવે પછી કહીશું.

ઝુગર ઝોગટની ઝુઢવાડ

લખનાર—ભાઇ વોહરા ખડખડઅલી અબ્દુલહુસેન પટેલ

એક વખતે બે મીયાં ભાઇઓએ એવો વિચાર કર્યો કે આપણે આપણા રૂપીઆમાંથી શેરડીનો વાડ કરીએ બન્ને પાસે મળીને પચાસેક રૂપીઆ હતા

પ્હેલો મીયાં—આપણે શેરડીની એવી સભાળ રાખશું—ખાતર પુરશું ને પણી પાશું—કે શેરડી જેમ જેમ ખાશુ તેમ તેમ વધારે ખાવાનું મન થશે.

બીજો મીયા—અરે, હું તો એક છરો મુકીશ ને તો કશ સાંઠા સાફ કઇને કાપી નાખીશ. પછી તો રસની નદી વહેશે

પ્હેલો મીયાં—તું દશ કાપીશ તો મને છરો ને મારી તાકાત ક્યાં બળી ગયા છે? ભાવડો એક ઘાયે વીશ કાપશે! બોલ,

બીજો મીય—હવે જોઇ તારી શેખી. તારા જેવા બાપલા તે શુ વીસ કાપતા'તા? આ બંદો પચાસ કાપશે બોલ બેટમજી; હવે છે તાકાત?

પ્હેલો મીયાં—બેસ નામર્દ! પચાસ કાપવામાં તે હતું શું? બાપદાના બાપા તે હજી નહિ એવા હોય હજી કાલે જ એક મોટા વાઘને (બીલાડો) તો જહન્નમ ભેગો કર્યો છે અને વળી શું શું બબડે ભારે છે? સો સાંઠા કાપવા તે પણ બાદિ તો પોરાની રમત જેવું છે બોલ છે સત્તા?

બીજો મીયાં—અય હરામી! બસ જબાન બંધ કર, હું બસો કાપીશ.

પ્હેલો મીયાં—હું આરસો કાપીશ. કે છે સત્તા ?

બીજો મીયાં—હું પાંચસો કાપીશ અને બોલ કે "હું હાર્યો છું." નહિ તો (જમૈયો કાઢીને) આલ જમૈયો તૈયાર કર નાપાક !

પ્હેલો મીયાં—તું બોલને કે "હું હાર્યો છું" નહિ તો તુંય આવી જા

બન્ને મીયા ભાઈઓ સામસામા જમૈયો લઈને લડે છે અને ખુબ ઘાયલ થાય છે, ત્યાં એક મહેસુલ ખાતાનો સરકારી અમલદાર ઘોડે બેસીને આવી પહોંચે છે તેની વાંસે એક પટાવાળો પણ ઘોડે બેસીને આવે છે. અમલદારે પુછયું–અરે મીયાં-સાં'બ, શા માટે લડો છો ?

બીજો મીયાં—આ બામણો જુઓ. એ હરામી કહે છે કે હું આરસો સાંઠા કાપીશ અને હું કહું છું કે હું એક ઘાયે પાંચસો કાપીશ એ નીચ તે માનતો નથી

પ્હેલો મીયાં—અરે સાં'બ એ બદમાશ માનતો નથી ને કહે છે કે હું તાણ કરતાં વધારે કાપીશ.

અમલદાર—પણ તમે શેરડીના વાડનો કર કેમ નથી ભર્યો ? અરે પટાવાળા ! લઈ લે આના પાસેથી જેટલા હોય એટલા રૂપીઆ.

પટાવાળો ઘોડેથી ઉતરીને મીયાભાઈના ખીસાં ખાલી કરે છે, અને સાહેબને સોંપે છે.

પટાવાળો અને અમલદાર ઘોડે ચઢીને પોતાને રસ્તે પડે છે.

પેલા મીયાં સાહેબો પણ નીચે મોઢે પશ્ચાતાપ કરતા પાછા ફરે છે.



:: સીધું એટલે ? ::

લખનાર—સૌ. બ્હેન લલિતા રોવતદાસ દેસાઈ

રમુ નામે એક છોકરો હતો નાનપણથી જ તે તોફાની હતો. તેના માત પિતાએ તોફાન કરતો મટે એમ ધારી તેને નિશાળે મૂક્યો હતો આ વાતને આજ એકેક વરસ થયા હતા હમણાં તે ત્રીજી ચોપડીમાં હતો તેની બુદ્ધિ અથાગ હતી તે રમતાઆળ ઘણો હતો વર્ગમાં તેની ગણત્રી 'બીજા વર્ગ' પેઠા પછી આપ પૈસે'મા હતી હમેશા તે છેલ્લી પાટલી ઉપર બેસી રહેતો વર્ગમાં તેનું ધ્યાન ભાગ્યે જ રહેતું તેનું ચિત્ત બીજી બાબતોમાં ગૂંથાયલું જ રહેતું

એક દિવસ વર્ગ ચાલુ હતા શિક્ષક વાચન લેતા હતા રમુ હમેશ પ્રમાણે આવ્યો નિરાંત હેઠે બેઠો કાઢી જવાની બીકે ધીમેથી ચોપડી ઉપડી તેણે ગજવામાંથી પૈસો કાઢી સિસાપેન વતી ઘસી રાજાની છાપ પડી. તેને નિરખવા તે મથ્યો હતો શિક્ષકનું ધ્યાન તેના તરફ ગયું તેમણે પૂછ્યું,
"રમુ શું કરે છે ?"

"સાહેબ, રામુ વાચે છે તે ઉપર ધ્યાન આપું છુ"

"એમ ! બોલ ત્યારે, રામુએ શું વાચ્યું ?"


"ગપેઢ ઘણું સીધું ભાળી છે"

"તું સીધુનો અર્થ જાણે છે ? સીધુ એટલે શું ?"

સવારે જ રમુની માતાએ ગવપન શુકન મટે સીધું કઢ્યું હતું રમુએ તે જાણ્યું હતું શું શું ચીજો હતી તે તણે જોઈ હતી. તે સંકોચવિના બોલ્યો.

"સાહેબ, થોડા ચોખા, મેંદી દાળ, થોડું ઘી, થોડો ટોટ અને એક પૈસો મૂકી શુકનને આપવાનો આર છે, તેને સીધું કહે છે।"

આ લોઈ હસી પડ્યા. રમુ બિચારો ઝંખવાણો પડ્યો.



લેખક—શ્રી કરીમ મહમ્મદ માસ્તર, એમ. એ. એલએલ. બી.

આ! જગમશહુર હકીમ અને ફિલસુફ પહેલાં ગુલામ હતો; એક વખત તેના શેઠે તેને ખેતરમાં ઘઉં વાવવા મોકલ્યો. તેણે જઈ ચણા વાવ્યા. થોડા દિવસ પછી શેઠ ખેતર જોવા આવ્યો ત્યારે ચણા જોઈ પૂછ્યું 'આ શું વાવ્યું છે?' લુકમાને કહ્યું, 'ચણા.' શેઠે ચીડાઈને કહ્યું, 'બેવકૂફ, મેં તો તને ઘઉં વાવવાનું કહ્યું હતું.' લુકમાને આજીજીથી જવાબ આપ્યો, 'પણ આમાંથી ઘઉં જ થશે.' શેઠે કહ્યું 'તારું કાળજું; ચણા વાવી ક્યાંઈ ઘઉં થતા હશે કે!' લુકમાને ધીરેથી કહ્યું 'કેમ સાહેબ, દુનિયામાં આમ થાય છે, અને આ ખેતરમાં નહિ થાય!' શેઠે આંખ કાઢી કહ્યું 'એટલે!' લુકમાને ઘણી જ નમ્રતાથી કહ્યું 'જુઓ, સાહેબ દુનિયાના માણસો કેટલાં પાપ કરે છે; અને પછી પણ મુક્તિની આશા રાખે છે; તેથી હું સમજ્યો કે ચણા વાવી ઘઉં થતા હશે.' શેઠે માફ માગી, અને લુકમાનને તરત જ ગુલામમાંથી છૂટો કર્યો *

---

* જૂનું ઉપરથી



ખાસ અગત્યની સૂચના—પુસ્તકાલયના વાચકો, સભ્યો, લેખકો, [illegible] તથા ઇનામ મેળવનાર સર્વ [illegible] આ [illegible] ઉપર છપાતા નવા નિયમો તરફ ખાસ લક્ષ ખેંચવામાં આવે છે. [illegible] નવા [illegible] પુસ્તકાલયોના પ્રકાશકોને વિનંતી કરવાની કે [illegible] ન [illegible] તમામ [illegible] વડોદરાના નવા [illegible] મોકલવાની. આ [illegible] સૂચના [illegible] વડોદરાથી [illegible] "પુસ્તકાલય" માસિક (છ [illegible] વર્ષોથી [illegible] છે) [illegible] પુસ્તકાલયની વ્યવસ્થામાં તેમજ તેની [illegible] પુસ્તકાલયને [illegible] નહિ [illegible] પણ [illegible] વડોદરાના [illegible] પત્રવ્યવહાર [illegible] પુસ્તકાલયને [illegible] વિનંતિ કરવામાં આવે છે. આ [illegible] નવા [illegible] પોતાના [illegible] ન [illegible] પુસ્તકાલયના [illegible] ન પડે. [illegible]

હવે [illegible] પત્રવ્યવહાર [illegible] વિનંતિ કરવામાં આવે છે.

[illegible] કાર્યાલય શાખા
[illegible] વડોદરા—BARODA



કવિતા


ચંદ્ર અને બાળક	૨૫૯
નિશાળ	૨૬૦
નવું બાળકને	૨૬૩
અજવાળી પણ રાત	૨૬૫
બાઇ	૨૭૬

વાર્તા

આસણુ અને બાપ	શ્રી. નાગરદાસ ઇ. પટેલ	૨૧૧
મહા સાહિબનો ન્યાય	શ્રી માધવરાવ બા કર્ણિક	૨૧૩
સુખી સિંહ	શ્રી. રસનંદ મ. દેસાઇ	૨૧૫
બાપદમરાનું શેઠની નવી માનતા	શ્રી. હરિલાલ જે. ભટ્ટ	૨૧૮
ઉંદરોની ઉજાણી	શ્રી. રમણાનંદ	૨૬૧
અમીર રાજબાળા	ડૉ. મોહનલાલ જ. પાઠક	૨૬૪
કમર	શ્રી. રતુભાઇ ઇ. શાહ	૨૬૭
ચતુર રાજકન્યા	શ્રી લખમસિંહ કે રૂપારેલ	૨૮૦
એ તો કુંભેરી સુતીમ પ્રતાપ	ભાઇ મગનલાલ મ. મહેતા	૨૮૩
પ્રાણુદાર પંડિતનું નકુ પરાક્રમ	શ્રી રતુભાઇ ઇ. શાહ	૨૮૪
પ્રમાણિક બાળક	બ્હેન સરલા કેશવલાલ દેસાઇ	૨૮૬
રારમ	શ્રી પીયૂષ	૨૮૭
વગર કેરમની વહવાર	વોરા અકબરઅલી અ. પટેલ	૨૮૮
કીધુ એણે ?	કુ. બ્હેન લલિતા દેવ. દેસાઈ	૨૯૦
હું માન હીમ	શ્રી. કરીમ મહમદ માસ્તર	૨૯૧
અકબરનો બાદશાન	શ્રી. રસનંદ મણીભાઈ દેસાઈ	૨૯૦

પરચૂરણ

ઇનામ માળા	૨૯૩
નિવેદન	૨૯૬



કોયલડી—(સચિત્ર) શ્રી [illegible] ઠ. મોદીનું એક ઉર્મિ

એકી ઉઘાડી કરવું—(સચિત્ર) (શ્રી જ્યોત્સ્ના શુક્લ) આ અં[illegible] ઉભય બ્હેન ભાઈઓ ખૂબ માનથી વાંચે એવું એક ઉત્તમ [illegible] આ [illegible] રજુ કરે છે

બ્હેની પધારો!—શ્રી. [illegible] ઠ. રાવળની બાળિકાઓને ગાવાની એક ખાસ કવિતા

કેકાનાં ઉખાણાં—બાળકોને માટે નવાં નવાં ઉખાણાં

મહાવીર સ્વામી—(ર. [illegible]) જૈન ધર્મપ્રિયના આ મહાન સ્થાપકની ટૂંકમાં જીવનકથા

ફરી પ્રયત્ન કરો! (બા. મગનલાલ શાહ) એક બાળબોધક સચિત્ર વાર્તા

આપણાં [illegible] ચિત્રોસહિતનો આ ઉપયોગી લેખ બાળકોને બહુ જ વાંચવાલાયક છે

ગુરુકુળ વિદ્યાપીઠ—ગુજરાતના સુપ્રસિદ્ધ [illegible] નિવાસનું સચિત્ર રસિક વર્ણન

પાલીપુરીનાં [illegible]—ગુજરાતના આ સુપ્રસિદ્ધ [illegible]ઓનો સચિત્ર રસમય [illegible]

બ્હેનો [illegible]—[illegible] "[illegible]"ની ખૂબ રમુજી વાર્તા

ને ઉપરાંત બીજા લેખો કવિતાઓ ને ચિત્રો હંમેશ મુજબ





શ્રીકૃષ્ણ અને અર્જુન

બાલજીવન

વર્ષ પાંચમું અંક ૯ — જુલાઈ ૧૯૨૫ — અષાડ ૧૯૮૦

વડોદરા, જામનગર, ભાવનગર, સચીન, વિ. દેશી રાજ્યોની પ્રાથમિક શાળાઓમાં મંજુર થઈ અમદાવાદ, મુંબઈ, કરાંચી વિ. ની શહેર સુધરાઈની પ્રાથમિક શાળાઓ માટે મંગાવાતું, વડોદરા રાજ્યના પુસ્તકાલય ખાતાએ પોતાના તાબાનાં પુસ્તકાલયો માટે મંજુર કરેલું, અને મહાત્મા ગાંધીજી સંસ્થાપિત ગુજરાત વિદ્યાપીઠના તાબાનાં તમામ કુમાર મંદિરો તથા વિનય મંદિરો માટે મંજુર થયેલું, ગુજરાતી ભાષાનું સૌથી પહેલું સસ્તામાં સસ્તું માસિક

મોતીની માળા

—:ભગવાન શ્રીકૃષ્ણના વચનામૃતો:—

જગત્‌ના સર્વ ધર્મના ઉત્તમ ગ્રંથો પૈકીનો એક ગ્રંથ તે શ્રીમદ્ ભગવદ્ ગીતા. હિંદુ ધર્મમાં પુરાણ, શાસ્ત્રો, શ્રુતિ સ્મૃતિ, ઉપનિષદો, વેદો એ સર્વનું દોહન કરી જે ઉંચામાં ઉંચો નામાંકિત ગ્રંથ બનેલો તે ભગવદ્‌ગીતા. હજારો વર્ષો વીતી ગયા ને વીતશે પણ ગીતાજીના ઉપદેશની કિંમત ઘટવાની નથી. આર્ય પ્રજાને માટે ગીતાજીના ગ્રંથ જેવો ઉત્તમ વારસો આપણા પૂર્વજોએ બીજો એક પણ આપેલો નથી. ભગવાન બાલકૃષ્ણ યમુનાને કિનારે ગોકુળ ગામની ગાયોને વૃંદાવનની કુંજમાં જ્યારે તેમની બંસરી બજાવતા ત્યારે ગોકુળની ગોપકન્યાઓ ઘેલી બની ત્યાં દોડી આવતી પશુ પક્ષિઓનાં ટોળાં આનંદથી ડોલી ઉઠતાં, યમુનાના પાણી ઘડીભર થંભી જતાં, અને મોટા મોટા યોગીઓની સમાધિ છુટી જઈ તેઓ આનંદથી તરબોળ બની જતા એ શ્રી કૃષ્ણની બંસરીનો નાદ તો આજ આપણે નથી સાંભળી શકતા પરન્તુ જગતના સર્વશ્રેષ્ટ એ મહાપુરૂષ જે મુખે વાંસળી વગાડતા તે જ મુખે તેમણે અર્જુનને જે ઉપદેશ કર્યો એ ઉપદેશ રૂપી અમૃત તો આજે પણ આપણી આગળ હાજર છે એ ઉપદેશનો સંગ્રહ તે શ્રીમદ્ ભગવદ્ ગીતા. તે પરમ પવિત્ર પુસ્તકના કેટલાક અગત્યના ભાગનો સંગ્રહ આ ચોપૈના પાનામાં આપ્યો છે તે વાંચીને મનન કરવા બાળકોને અમારી વિનતિ છે એ જ મુજબ ગીતાજીનો પાઠ થોડો થોડો દરરોજ દરેક બાળક ખાસ કરે એવો અમે તમને આગ્રહ કરીએ છીએ

આ આત્માને જે મારનારો જાણે છે અને જે એને મરી જતો માને છે તે બન્ને ખોટા છે તે કદી મરતો નથી અને મારતો પણ નથી.

વળી આત્મા કદી જન્મતો પણ નથી કે મરતો પણ નથી, તેમ જ તે પૂર્વે નહોતો અને ભવિષ્યમાં નહિ હોય, એમ પણ નથી. તે તો જન્મે નહિ એવો, સદાય હયાત, મરે નહિ એવો અને પુરાતન છે શરીર મરી જતાં આત્મા કંઈ મરી જતો નથી.

એ આત્માને હથીયારના ઘા નથી થતા, દેવતાથી તે બાળી શકાતો નથી, પાણીથી તે ભીંજાતો નથી અને પવન તેને શોષી શકતો નથી.

× × ×

હે અર્જુન ! સુખ અને દુ:ખ, લાભ અને નુકસાન, તથા જીત અને હાર, એ સર્વને સમાન ગણીને યુદ્ધમાં જોડા. એથી તને પાપ લાગશે નહિ.

× × ×

કર્મ કરવાં એ જ તને યોગ્ય છે ફળની ઇચ્છા રાખવી એ તને યોગ્ય નથી. માટે કર્મનાં ફળ ભોગવવાની ઇચ્છા તું ન રાખ. વળી કર્મો ન કરવાની ઇચ્છા પણ તું રાખતો નહિ.

× × ×

મોટા માણસો જે જે વર્તન કરે છે તેનું સામાન્ય માણસો અનુકરણ કરે છે, અને જે વાતને તે પ્રમાણ ગણે છે તે જ પ્રમાણે લોકો વર્તે છે

× × ×

પોતાનો ધર્મ ઓછા ગુણવાળો હોય તો પણ તે પારકા ધર્મ આચરવા કરતાં સુખકારક છે સ્વધર્મ મરવામાં કલ્યાણ છે, પરંતુ પારકો ધર્મ તો ભયકારક જ છે

× × ×

જ્યારે જ્યારે ધર્મ નબળો પડે છે, ને અધર્મનું જોર જામે છે, ત્યારે ત્યારે ધર્મનો ઉદ્ધાર કરવાને હું અવતાર લઉં છું

સંતોનું સંરક્ષણ તથા દુર્જનનો સંહાર કરવા, તથા ધર્મની સંસ્થાપના કરવા માટે યુગે યુગે હું પ્રકટ થાઉં છું

અજ્ઞાની, અશ્રદ્ધાળુ તથા સંશયી મનુષ્યો તો વિનાશ જ પામે છે વ્હેમી અને અશ્રદ્ધાળુ માટે તો આ લોક નથી, પરલોક પણ નથી, અને સુખ શાંતિ પણ નથી.

માણસ પોતે જ પોતાનો મિત્ર અને પોતે જ પોતાનો શત્રુ છે, માટે તેણે પોતાનાથી જ પોતાનો નાશ ન કરતા પોતાનો ઉદ્ધાર કરવો.

મનને જીતનારા મહાત્મા પુરૂષનો આત્મા ટાઢ, તડકો, સુખ, દુઃખ તથા માન અને અપમાનમાં સરખો જ રહે છે. અંગત સગો, મિત્ર, શત્રુ, તટસ્થ, મધ્યસ્થ, દ્વેષપાત્ર, બંધુ, સાધુ તેમ જ પાપીમા પણ જેની સમબુદ્ધિ છે, તેવો પુરૂષ શ્રેષ્ઠ યોગી છે

× × ×

હે મોટા હાથવાળા ! મન ચચળ અને કબજે રહેવુ કઠણુ છ, એમાં સંશય નથી, પરંતુ હે અર્જુન ! અભ્યાસ અને વૈરાગ્યવડે તે પણ જરૂર વશ થાય છે

× × ×

હે તાત ! સારાં કામો કરનારો કોઇપણ માણસ દુર્ગતિને નથી જ પામતો.

× × ×

જે જે મનુષ્ય જે જે દેવના સ્વરૂપને શ્રદ્ધાથી પૂજવા ઇચ્છે છે, તેની તેની શ્રદ્ધા તે તે દેવપર હું અચળ કરું છુ


અંતકાળે જે મારૂં જ સ્મરણ કરતો શરીર છોડી જાય છે, તે મારા જ સ્વરૂપને પામે છે, એમાં સંશય નથી.

માટે સર્વ કાળમા તુ મારૂં સ્મરણ કરતો રહે અને યુદ્ધ કર. મારામા મન બુદ્ધિ અર્પણ કરવાથી નક્કી તું મને જ પામીશ.

× × ×

દેવોને ઉપાસનારા દેવોને, પિતૃઓને પૂજનારા પિતૃઓને, ભૂતોને પુજનારા ભૂતોને અને અને મને પૂજનારા મને પામે છે

જે કોઇ નિર્મળ ચિત્તવાળો મનુષ્ય મને પુષ્પ, પત્ર, ફળ કે જળ પણ ભક્તિ-સહિત અર્પણ કરે છે, તે ભક્તિ તરબોળ ભેટ હું આનંદથી સ્વીકારું છુ



તું પણ જે કાંઇ કરે, જે જમે, જે હોમે, જે આપે અને જે તપ કરે, તે સર્વ હે કુંતીપુત્ર, મને જ અર્પણ કર્યા કર.

× × ×

અતિ દુરાચારી મનુષ્ય પણ જો મને અનન્ય ભક્તિથી ભજે તો તેને સાધુ માનવો, કારણ કે તે હવે ઉત્તમ રસ્તે ચડયો છે

શ્રીમદ્ ભગવદ્ ગીતા



(બાલગીત)



આ જુઓને મોરલો છે ઝાડે,
કેવો બેસી ઉપર બૂમો પાડે.

તે ટહૂક ટહૂક બોલે છે,
તેની ડોક તો કેવી ડોલે છે!

એને માથે તે ફુમતુ ફરકે છે,
કંઠ રૂપ રૂપાળુ ચળકે છે,

પચરંગી છે પીછાં અંગ,
ડીલ દેખો તો વાદળી રંગ,

કેવો કળા કરી તે નાચે છે!
દેખી દેખીને દિલડું રાચે છે.

"શાંતિનાથ"

મેઘરાજાની મ્હેર

ગઝલ

જગતની સર્વ જનતાએ, કીધી વિનતિ વિનીત સાદે,
અહા ! આકાશથી ત્યારે, કીધી દૃષ્ટિ જ વરસાદે !
જગતના સંકટો હરવા, પ્રશાંતિ પૃથ્વિમાં ભરવા,
દુઃખો દુષ્કાળ દૂર કરવા, લીધું વ્રત આજ વરસાદે !
ઉન્હાળે ઉષ્ણ લ્હાળાના, ઉપદ્રવ રોગચાળાના;
સિતમ સાખ્યા શિયાળાના, હણાયા આજ વરસાદે !
ત્રિતાપો નષ્ટ કરવાને, પ્રજામાં પ્રાણ ભરવાને,
વિમળ વિશ્વે વિહરવાને, કીધો અભિલાપ વરસાદે !
ઉષાનો શુભ્રતમ સાળુ, મિરી નભ ત્યાં ધર્યું કાળુ,
પ્રભુ જગ ગાંત ઉજમાળુ, કર્યો જય નાદ વરસાદે !
ખરી પ્રભુની થઇ દૃષ્ટિ, ઝરી તેથી જ આ વૃષ્ટિ;
કરી નિષ્પાપ સહુ સૃષ્ટિ, વધ્યા પરિશ્રમ વરસાદે !
વરસતા વાદળી કાળી, ભુમિ થઇ ભદ્ર હરિયાળી,
લતા રંગી પલ્લવોવાળી, જુઓ પળમાં જ વરસાદે !
જીવન ઉદ્યોગ સહુ જાગ્યા, કૃષિક નિજ કર્મમાં લાગ્યા;
વિજયના વાદ્ય જો વાગ્યાં, જીતાડયું વિશ્વ વરસાદે !
ભર્યાં ધન ધાન્યથી ખેતર, ભુમિ સલિલે થઇ છે તર,
થયો આનંદ બહુ ઘરઘર, કીધો જયકાર વરસાદે !

× ×

ધ્વજા વર્ષાધનુ કેરા થતા જ્યે પાપ આકાશે,
શું લઇને ખડગ વિદ્યુતના, પ્રકાર્યું યુદ્ધ વરસાદે !

× ×

વિજય ગીત વિશ્વ વર્ષાના, ઉચ્ચારે જો ! વિપુલ નાદે;
ખચિત આનંદની વર્ષા, કીધી 'કુલ્લિંક' વરસાદે !

માધવરાવ ભાસ્કરરાવ કર્ણિક

સંતોષી નર સદા સુખી

કાશીના મહારાજા કનકકાન્તના મરણપછી તેના સેનાપતિએ લશ્કરને કાબુમા લઇ પોતાની સત્તા જમાવી અને ત્રણ રાજકુમારોને દેશપાર કર્યા.

ત્રણે રાજકુમારો, સત્તાવિહીન થઇ દૂર દેશાવર ચાલી નીકળ્યા.

એમના નામ, દિલીપ, દિલદાર અને દિલાવર

થાક્યા પાક્યા એક વખત એક જ ગલ પસાર કરી મેદાન વાળા પ્રદેશમા તેઓ આવી પહોચ્યા. અને ત્યા રસ્તાની બાજુપર આવેલી એક ધર્મશાળામા રાત ગાળી તેઓ આગળ ચાલ્યા. આગળ ચાલતા તેઓ થાક લેવા બેઠા અને સૌએ વિચાર કરવા માડયો કે ગુમાવેલું રાજ્ય લેવાને શા ઉપાયો યોજવા.



દિલીપે પુછયું " દુનિયામા ઉત્તમમા ઉત્તમ ચીજ કઇ ? "
" હું નથી જાણતો, " દિલાવરે કહ્યું

શક્તિ " દિલદાર બોલ્યો.

" ના, તું ભુલ કરે છે-પૈસા. " દિલીપ બોલ્યો

દિલીપે અને દિલદારે ક્યા સુધી એ શક્તિ અને પૈસાની ઉપયોગિતા વિષે વાદવિવાદ કર્યો.

છેવટે નક્કી થયુ કે ત્રણે ભાઇઓએ છુટા પડવું અને સૌએ દુનિયાની ઉત્તમમા ઉત્તમ ચીજ લઇ દસ વરસ પછી વિજ્યા દશમીને દહાડે પેલી ધર્મશાળામા મળવું

એક મોટા વણઝારાની પોઠ સાથે દિલીપ સિધાવ્યો અને પોતાનો ઘોડો ખેલાવતો દિલદાર દૂરના ડુ ગરાઓમા અદ્રશ્ય થઇ ગયો. દિલાવર ઉભો ઉભો વિચાર કરવા લાગ્યો કે શુ કરવું ?

તેણે ધર્મશાળામા ધર્મશાળાના રખેવાળની એક સુદર કન્યકા જોઇ હતી. તેનું હૃદય તેના તરફ આકર્ષાયુ ને તે ત્યા ગયો.

દસ વરસને વહી જતા વાર ન લાગી. દસ વરસમા દિલાવર બે છોકરાનો બાપ થયો હતો તેને જે લાગ્યું હતું તે બીજાને લાગ્યું હશે કે કેમ તે શકા હતી.

વિજયા દશમીની મગળ પ્રભાતે એક તરફથી અનર્ગળ દ્રવ્યથી ભરપુર વેપારી કાફલો અને તેને મોખરે દિલીપ, અને બીજી બાજુથી સેકડો ઘોડા દોડાવતા રણધીરો અને તેનો નાયક દિલદાર ધર્મશાળાતરફ ધસ્યા આવતા હતા.

દસ દસ વર્ષની જહેમત એ સંપત્તિ અને સાધનો મેળવવા પાછળ ગાળી હતી.

બેઉ એક બીજાને ભેટયા.

" ત્હારી પાસે બળ છે, પણ પૈસો ક્યા ? ત્હારા બધાએ માણસોને પૈસાની લાલચ દઇ હુ ફોડી શકુ એમ છું " દિલીપે દિલમા હસીને કહ્યુ

"અને ઘડીના છઠ્ઠા ભાગમા તારો તમામ અસબાબ હુ લુટાવી મારો કરી શકુ એમ છુ " દિલદારે એ જ રીતે દિલ દમે એવો જવાબ વાળ્યો.

"પણ દિલાવર ક્યાં ?"

એવામાં લતામંડપ નીચે દિલાવર દેખાયો. બેઉ ત્યાં ગયા. "ત્હેં શું કર્યું ?" તેમણે પૂછ્યું.

"અંદર ચાલો" તેણે જવાબ આપ્યો.

"હું આ કમાયો" એમ કહી દિલાવરે પોતાનું સંતોષી કુટુંબ બતાવ્યું. ત્હેનાં બાળકો પોતાના કાકાઓને વળગી પડ્યાં.

તેમનાં દિલ પીગળ્યાં.

"પણ એથી કાંઇ રાજ્ય પાછું મેળવાય ?"

"ફરીને દિલાવર બોલ્યો, 'એ આપને જ મુબારક હો!' સેનાપતિ આપણે છુટા પડ્યા પછી બીજે જ વર્ષે મરણ પામ્યો છે; અને ત્યાર પછી પ્રજાના અનેક કહેણ મને રાજગાદી સંભાળી લેવાને આવ્યાં પણ હું મારી આ સ્થિતિમાં એટલો સંતોષી છું કે તે ઉપાધિ વ્હોરી હું મારા પડવા દિલ લલચાતું નથી."

"હમ હમ વર્ષોની જહેમત! અને અંત અમે એક બીજાના ગળાં કાપવા તૈયાર થયા હતા ! હું દિલદારનું બળના લોભે."

"અને હું ધનના લોભે ! ધનના અભાવે હું મ્હારા સૈનિકોને શું દઉં એ મુંઝવણ હતી.

'પણ ત્રીજી ચીજ સિવાય એ બેઉ નકામાં છે.'

"ખરેખર! દુનિયામાં ઉત્તમમાં ઉત્તમ ચીજ તો ત્હેં જ શોધી છે" એમ કહી દિલીપ અને દિલદાર દિલાવરને ભેટ્યા.

થોડા વખતમાં દિલીપને કાશીનું રાજ્યાસન પ્રાપ્ત થયું અને દિલદારને દિવાનપદ મળ્યું.


દિલાવર પોતાની સ્થિતિમાં સંતોષ માની રહ્યા હતા એ કહેવાની કાંઇ જરૂર છે ?

"અમારી વાર્તાઓ" માંથી



અંબરનાથનું પુરાતન શિવમંદિર

લખનાર. રમણલાલ નાનાલાલ શાહ



લ્યાણથી દિલ્હી બાજુ જતા ઇગતપુરી દેવલાલી ને ત્યાથી પુણ્યક્ષેત્ર નાશિક તથા ત્ર્યંબક, તેમ જ ત્યાના ગિરિરાજ બ્રહ્મગિરિના પ્રવાસની વાત બાલજીવનના વર્ષ ૧લાના છઠ્ઠા અંકમા આવી ગઇ છે એટલે આપણે તો પૂનાની બાજુ જ પ્રવાસે જવાનું છે પણ કલ્યાણની નજીકના પરમ પવિત્ર પ્રાચીન અંબરનાથ મહાદેવના દેવાલયે આપણે હાલ તો જઇશુ

અંબરનાથ

ગાડા, ખટારા, ટાગા, જે જોઇએ તે કલ્યાણ સ્ટેશનથી વાહન મળી શકે છે અને ૪–૫ માણસ હોય તો જવા આવવાનો ખર્ચ ૧૨ આનાથી ૧ રૂપિયા સુધી માણસ દીઠ લાગ છે આપણા ગુજરાતમા જ્યારે ઘાસચારાની તગી હોય છે અને ઢોરને ચરવાને પણ ઉન્હાળામા સાધન નથી હોતા ત્યારે આ બાજુ ૧થી ૧ાા હાથ ઉંચા ઘાસને કોઇ લણતુએ નથી ! તમે આ બાજુ મુસાફરી કરશો ત્યારે તમને તેની ખાત્રિ થશે. કુદરતની ને પાણીની લીલા લ્હેર હોવાથી અહીં આમ થાય છે ઉન્હાળામા આવી મુસાફરીએ જવાને બદલ શિયાળામા વ્હેલા સવારના જવુ વધારે ઠીક પડે છે ૧ાાથી ૨ કલાકમા અંબરનાથ ગાડીમા પહોચી શકાય છે ચાલવાનો શોખ હોય તે ચાલીને જાય તો પણ હરકત નથી રસ્તો બહુ સારો તો નથી, પણ ખાસ કાઇ ખરાબ પણ ન કહેવાય,

હિંદી સ્થાપત્ય કળાનો સુંદર નમુનો

અંબરનાથનું દહેરૂં એ પ્રાચીન હિંદી સ્થાપત્ય કળાનો એક સંપૂર્ણ નમુનો છે કાળા કઠણ પથરાનું તે શિવાલય બંધાયલું છે નજીક એક પાણીનો વ્હેળો છે અને તેનું પાણી શીતળ, મીઠું અને અનાજને પચાવનારૂં તથા કકડીને ભુખ લગાડનારૂં છે દેવાલયના એક ભાગપરના શિલા લેખપરથી જણાય છે કે તે મંદિર સન ૧૦૬૦ (સંવત ૧૦૦૩) માં બંધાયલું છે મંદિરનું મુખ્ય દ્વાર પશ્ચિમ દિશાએ છે, પણ ઉત્તર અને દક્ષિણ દિશાએ પણ બારણા છે દરેક દ્વાર આગળ કમાનદાર ઘુમટ છે અને પાંચ છ પગથીઆ ઉપર ચડીને ત્યાં જવાય છે દરેક એવી કમાન ચાર સ્થંભપર ટેકવેલી છે પ્રવેશદ્વારથી અંદર જતાં મુખ્ય દિવાનખાનું ૨૨ ફુટ ફીટ ચોરસ છે ઘુમ્મટ વિશાળ છે અને જે દિવાલોપર તે ટેકવેલા છે તે દિવાલોપર ઉત્તમ પ્રકારનું નકશીકામ કરેલું છે આખા દેવળની ચારે બાજુએ દિવાલો, સ્થંભો, કમાનો અને બીજા તમામ ભાગપર સુંદર કોતરકામ કરેલું છે, અને તેમાં મહાદેવજી, પાર્વતી, કાલીકા વગેરેના પ્રસંગો કોતરેલા નજરે પડે છે હિંદના પ્રવાસ કરનારા વિદ્વાનો કહે છે કે આવું સુંદર કોતરકામ હિંદના બીજા દેવળોમાંના થોડાક જ દેવળોમાં હોય છે અંગ્રેજી મુસાફરો પણ આ સુંદર હિંદી સ્થાપત્ય કળાના નમુનાથી ખુબ ખુશ થાય છે

તે કાળની ઉચ્ચ ભાવના

આ ઉપરથી આપણને પણ શીખવાનું મળે એમ છે પ્રાચીન વખતમાં આપણા દેશના લોકોની ધર્મને નામે દેવાલયો અને સાર્વજનિક ઉપયોગના સ્થાનો બંધાવી અનંત કાળને માટે પોતાનું હિત સાધવાની ઉચ્ચ ભાવના કેટલી ખીલેલી હતી તે આપણે જોઇ શકીએ છીએ અફસોસ ! આજ તો તમાંનું કાંઈ જ નથી આ વીસમી સદીના જડ યંત્રવત્ યુગમાં તો પૈસો એ જ

મંદિર અને દ્રવ્યપ્રાપ્તિ એ જ ધર્મભાવના એવો વખત આવ્યો છે અત્યારના મકાનો અને આરામગૃહોની પાછળ એ ઉંડી ધર્મભાવના પણ નથી અને મકાનોની જૂની સ્થાપત્ય કળા પણ નથી. આજના મકાનોમા કલાનું ખુન છે, સ્થાપત્યની મશ્કરી છે અને ટકવામા તે મોટે ભાગે ખડખડ પાચમ જેવા જ છે


અંબરનાથ મહાદેવમા અમારી સાથેના એક બ્રાહ્મણ ગૃહસ્થે પત્ર, પુષ્પ, ફળ ને જળથી શિવલિંગની પૂજા કરી; એ રમ્ય અને એકાંત સ્થળે સંસ્કૃત શ્લોકો હકેજતથી લલકાર્યા અને પછી અમે તમામે સાથે આણેલું ભોજન આરોગી લીધું આવા રમ્ય નિર્જન સ્થાને ભૂખ પણ વધારે લાગે અને મુસાફરીના શ્રમને લઇને ખાવાનું પણ ઝટ પચી જાય છે

અંબરનાથથી નેરળ

અંબરનાથથી હવે આપણે પાછા ફરવાનું છે જુઓ હવે કલ્યાણથી આપણી ગાડી સપાટાબંધ ઉપડી અને એ જ અંબરનાથનું રેલ્વે સ્ટેશન વટાવી સપાટાબંધ બાદલાપુર અને વાનગાની સ્ટેશનો પણ છોડયા અને આપણે નેરળ જંક્શન આગળ આવી પહોચ્યા. નેરળ સ્ટેશન મુંબઇથી ૫૪ માઇલ દૂર છે અહી સુધીનો પ્રદેશ જરાક ડુંગરાળ ને ખાડાખબચાવાળો, પણ મોટે ભાગે સપાટ છે જમીન પથરાળ ને કઠણ છે એટલે અત્રે ચોખાનો પાક જ અહુ સારો થાય છે આપણા ગુજરાતની રસાળ ભૂમિ જેવું જાત જાતનું અનાજ અહી થતું નથી

નેરળથી બે અગત્યને ઠેકાણે જવાય છે; એક માથેરાન અને બીજુ ભીમાશંકર. આપણે પહેલા ભીમાશંકરની મુસાફરી કરી આવીશું ને પછી માથેરાન બાજુએ જઇશું





લખનાર શ્રી અંબાલાલ સકરાભાઈ દેસાઈ



પ્રોફેસર ગજ્જરનું આખું નામ ત્રિભોવનદાસ કલ્યાણદાસ ગજ્જર હતું. એઓ જ્ઞાતિએ વૈશ્ય સુતાર હતા અને સુરતના વતની હતા.

એમનો જન્મ ઇ. સ ૧૮૬૩ના ઑગસ્ટ માસમા થયો હતો. તેઓ ભણવામા ઘણા હોશિયાર હોવાથી અને નાનપણથી જ રસાયણ વિદ્યાનો તેમને શોખ હોવાથી બી. એ. થવાનું બંધ રાખીને રસાયણ શાસ્ત્રના તેઓ પ્રોફેસર થયા.

નાયબ સુબા ન થયા

વડોદરા રાજ્યના તે વખતના દિવાને એમને નાયબસુબાની નોકરી આપવા માંડેલી ત્યારે એમણે એવું કહેલું કે " નાયબ સુબા તો ઘણાયે થશે. પણ કળા અને શાસ્ત્રને ઉત્તેજન મળવું જોઇએ." ત્યાર પછી તેઓએ વડોદરામા જ પોતાના વિષયની નોકરી લીધી ત્યા એમણે એક નાની પ્રયોગશાળા કાઢી અને જર્મનીના રંગનાં કારખાના જોડે સબંધ બાંધ્યો. પોતાની પ્રયોગશાળામા તે રંગરેજ ભાવસાર વિગેરેને તેઓના ધંધાનું ભણાવતા. પછી પોતાને ઘેર એક નાનું સરખુ કારખાનું કાઢયું અને તેમા ખુરશી, ટેબલ, વિગેરે બનાવવા માંડયું ત્યારપછી વડોદરાના ના. મહારાજાએ તેમને કલા ભવન કાઢવાનો હુકમ આપ્યો.

વડોદરામાં કલાભવનની સ્થાપના

કલાભવનને સારૂ પ્રો૦ ગજ્જરે રાતદિવસ બહુ મહેનત કરી. કેટલાયે ગરીબ વિદ્યાર્થીઓને તેઓ પોતાને ઘેર જમાડતા. કેટલાકને પોતાની ગાંઠથી પૈસાની મદદ કરતા. કલાભવનમાં પ્રો. ગજ્જરે વિદ્યાર્થીઓને એવું સરસ શિક્ષણ આપ્યું કે કલાભવનના વિદ્યાર્થીઓની માગણી આખા હિંદુસ્થાનમા થવા લાગી અને વિદ્યાર્થીઓને સારો પગાર મળવા લાગ્યો. ઇ સ. ૧૮૯૬મા પ્રો. ગજ્જરે કલાભવન સાથેનો સબંધ છોડયો. કલાભવન માટે એમણે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું હતું એમનો એવો સ્વભાવ હતો કે જે કામ માથે લે તે પુષ્કળ મહેનતનું હોય તો પણ ધાર્યા પ્રમાણે તેઓ પાર પાડતા ત્યારે જ ઠરીને બેસતા. અને તે કામમાં પોતાનું સર્વસ્વ જતું રહે તેની જરા પણ ચિંતા કરતા નહિ

પ્લેગની નવી દવા

કલાભવનનો સબંધ છોડી તેઓ વડોદરેથી મુંબાઇ આવ્યા. તે વખતે મુંબાઇમા પ્લેગ ચાલતો હોવાથી પ્લેગને માટે તેમણે નવીન દવા બનાવી.

રાણીના પૂતળાને સાફ કર્યું

સન ૧૮૯૮મા મુંબાઇમા એસ્પ્લેનેડરોડપર ગોઠવેલું મહારાણી વિક્ટોરિયાનુ આરસનું પૂતળુ કોઇ કાળુ કરી ગયું તેના ડાઘા કાઢવા માટે મોટા મોટા અંગ્રેજ રસાયણ શાસ્ત્રીઓએ મહેનત કરી પણ તેને તેઓ સાફ બનાવી શક્યા નહીં તે પૂતળાનો ડાઘ પ્રો. ગજ્જરે રસાયણના પ્રયોગથી સાફ કરી આપ્યો જે કામ અંગ્રેજો ન કરી શક્યા તે આપણા હિન્દુસ્થાનના સ્વદેશી પ્રો. ગજ્જરે કર્યું પૂતળાનો ડાઘ કાઢવાથી આખા હિંદુસ્થાનમા એમની કીર્તિ વધી ગઇ

રસાયણ શાસ્ત્રની પ્રયોગશાળા

તેઓ જે પૈસા કમાતા તે રસાયણના કામમા જ વાપરતા. મુંબાઇમા તેમણે એક રસાયણની નાની પ્રયોગશાળા કાઢી. તે વખતે પ્રો૦ ગજ્જર પાસે પુરતા સાધનો નહોતા તો પણ પોતાના કામપર તેમને વિશ્વાસ હોવાથી અને પોતાની શક્તિ ઉપર શ્રધ્ધા હોવાથી તેમણે એ કામ શરૂ કર્યું મુંબાઇમા રસાયણ શીખવાની શાળા ન હોવાથી પ્રો૦ ગજ્જરની પ્રયોગશાળામાં ઘણા વિદ્યાર્થીઓ રસાયણશાસ્ત્ર શીખવા આવતા. ત્યા શીખી તે વિદ્યાર્થીઓ ધંધો કરતા ત્યારે સારા પૈસા કમાતા. એ બધો પ્રો૦ ગજ્જરના શિક્ષણનો પ્રતાપ હતો.

મોતી સુધારવાનો પ્રયોગ

રાણીનુ પૂતળુ સાફ કર્યા પછી પોતે મોતી સુધારવાનો પ્રયોગ કરવા લાગ્યા. તેની પાછળ ઘણી મહેનત કરી અને પાસ

વર્ષની મહેનત પછી એ પ્રયોગમા તેઓ સફળ થયા. દુનિયામા કોઇ પણ રસાયણ શાસ્ત્રીએ મોતી સુધારવાનો પ્રયોગ કર્યો નહોતો તે આપણા પ્રો૦ ગજ્જરે કર્યો અને તેમા ફત્તેહમંદ પણ થયા.

પોતે નવી નવી દવાઓ બનાવતા તે ઘણે ખરે ભાગે ગરીબોને મફત જ આપતા.

ગરિબના બેલી ગજ્જર

મોતી સુધારવામાથી ઘણુ પૈસા તેમણે મેળવ્યા. જે પૈસો તેઓ મેળવતા તે પ્રયોગશાળા વધારવામા, વિદ્યાર્થીઓને મદદ કરવામા, નવા નવા હુન્નરો શોધવામા, અને રસાયણ ઉદ્યોગને મદદ કરવામા જ વપરાતો. સુરતમા એમણે એક સારા ડોકટર મિ૦ વિજયકરને રાખી કેટલોક વખત ધર્માદા દવાખાનુ પણ ચલાવ્યુ હતુ


૧૯૧૭ મા જ્યારે મુબાઇમા ઇન્ફ્લ્યુએન્ઝા રોગ ચાલ્યો ત્યારે તે રોગને માટે પણ નવી દવાની શોધ કરી આખા મુબાઇમા અને બીજા બહારના ગામડાઓમા તે મફત વ્હેચી હતી.

૧૯૧૮ મા જ્યારે સુરતમા મુબાઇનો તે વખતનો ગવર્નર લોર્ડ વિલિંગ્ડન આવ્યો હતો ત્યારે રસાયણનો એક પ્રયોગ ગવર્નરને બતાવવા તેઓ કલેક્ટરને બગલે ગયા હતા. ત્યાથી આવતી વખતે આ લખનારસાથે તેમની છેલ્લી મુલાકાત થઇ હતી. પણ તે વખતે તેમના મગજની તેમ જ શરિરની સ્થિતિ કાઇક બગડી હતી તે બરાબર ન જ સુધરી એમનુ મરણ ૧૯ મી જુલાઇ ૧૯૨૦ને દિવસે એટલે એમની ૫૭ વર્ષની ઉમ્મરે થયુ

પ્રો૦ ગજ્જર મિત્રોને માટે પ્રાણ આપવા પણ પાછા હઠતા નહી દેશનુ ભલુ કરવાનુ તેમને બહુ મન હતુ તેઓ પરોપકારી, દયાળુ, મહેનતુ અને આત્માશક્તિવાળા હતા.

ઉપર સિવાયના બીજા ઘણા કામો એમણે કરેલા છે





આભડછેટ

હિંદુ ધર્મનું મુખ્ય ને અગત્યનું અંગ મૂર્તિપૂજા છે આપણે પરમેશ્વરને માનીએ છીએ અને તેમને પામવા માટે, મોક્ષ મેળવવા માટે, અને આપણું કલ્યાણ થવા માટે આપણે તેમની પ્રતિમા બનાવી તેનું પૂજન અર્ચન કરીએ છીએ આ પ્રતિમાઓ અને તેને જે સ્થાનમાં પધરાવી હોય છે તે મંદિરો આપણને આપણા પ્રાણથી પણ વધારે કિંમતી હોય છે જગતની સૌથી પવિત્ર વસ્તુ તરીકે આપણે તેને ગણીએ છીએ

આવા આપણાં પરમ પવિત્ર મંદિરોમાં માત્ર ઉચ્ચ વર્ણને જ પ્રવેશ કરવાનો અધિકાર છે હલકી વર્ણો, જેમ કે અંત્યજો અને પરધર્મીઓ તેમાં પેસી શકતાં નથી. અંત્યજો એ હિંદુ ધર્મનું જ એક અગત્યનું અંગ છે આપણે તેમને દેવ મંદિરોથી ઘણા દૂર રાખ્યા એટલે તેનું પરિણામ એ આવ્યું કે તેઓ વધારે ને વધારે ધર્મભ્રષ્ટ થતા ગયા. પવિત્રતાની ભાવના તેમનામાં ઓછી થવા લાગી અને તેઓ મલિન કર્મમાં જ મશગુલ રહેવા લાગ્યા.

આપણે તેમને આપણા દેવ મંદિરોમાં જવા ન દઈએ તો તેમને માટે આપણે જુદાં મંદિરો બંધાવી આપવાં જોઈએ પણ આપણાથી તેમને માટે પાણીની, સ્વચ્છ રસ્તાઓની, શિક્ષણની, કે એવી જ સગવડ થઈ નથી શકતી ત્યાં મંદિરોની તો વાત જ શી કરવાની ! તેમના તરફની આપણી સખત બેદરકારીનું ફળ શું આવે છે ? કે અમેરિકા, ઇંગ્લાન્ડ, જર્મની, અને બીજા દેશોના ખ્રીસ્તી ઉપદેશકો અહીં આવી તેમને પોતાના ધર્મમાં ખેંચી લે છે ! મુસલમાનો તેમને પોતાના ધર્મમાં લે છે ખોજાઓ પોતાના ભણી ખેંચે છે આમ લાખો અંત્યજ પરધર્મી બને છે ગયા વર્ષનું ખ્રીસ્તી ધર્મ પ્રચારકોનું નિવેદન વાંચતાં જણાય છે કે માત્ર એક જ વર્ષમાં તેઓ ૪૫ લાખ હિંદુઓને ખ્રીસ્તી બનાવી શક્યા છે આમ હિંદુ સમાજનું અંગ નબળું થતું જાય છે ત્યાં આપણી ધર્મની ભાવના એટલી બધી જડ અને અધભાંગ્યું બની ગઈ છે કે તેની આપણને કશી પણ ખબર પડતી નથી.

બાજુના પાનાપરના ચિત્રમાં એક મર્મભેદી દેખાવ રજુ થાય છે એક મંદિરની નજીક એક અંત્યજ ભૂખ થી જીવ આપે છે અંદર તો પૌ નથી






૧
અસ્પૃશ્ય
૨

જનાવરોનું બાલજીવન



હરણ



ઘોડો



ભેંસ



હાથી



ગાય



ઊંટ

છતાં મંદિરનો કર્મચારી દુર્વાસા ઋષિની માફક ક્રોધથી કુહાડા મારતો દંડુકા વતી તે બિચારા અત્યજની વિના વાંકે ખબર લઈ નાખે છે

પણ એ જ પૂજારી, સાહેબ લોકો આગળ શું કરે છે તે જુઓ. કોઈક ગોરો સાહેબ પોતાની મડમને લઈને મંદિર જોવા આવેલો છે તેને ખટ બોર્ડ સાથે અંદર તે આવવા દે છે ઠેઠ મંદિરની પ્રતિમાને તે હાથ કે પગની આંગળી સીધી શકે છે ' પ્રતિમાને અડકી પણ શકે છે ! છતાં પૂજારી તેની આગળ હાથ જોડીને ઉભો રહે છે ! ગોરો સાહેબ પરધર્મી છે ગાયનું માંસ ને દારૂ તેને ખપે છે તેણે અપવિત્ર જોડા પહેર્યાં છે, છતાં તે મંદિરમાં બેધડક આવી શકે છે ! કારણ તમે જાણો છો ! પૈસાના લોભી એ પૂજારીને સાહેબ પાસેથી બક્ષિસ મળવાની આશા છે પેલો બિચારો અત્યજ તેને શું આપી શકે એમ છે ' કલદાર રૂપિયાના ચળકારે પૂજારીનું ભાન ચરવા ગયું છે તે ધર્મ ભ્રષ્ટ ને કર્મભ્રષ્ટ બન્યો છે

આપણા ગુજરાતમાં આટલી હદે મંદિરોમાં હાલ બનાવો નથી બનતા પરંતુ બને તેમ નથી. ઉપરના ચિત્રમાં જણાય છે તેવા બનાવો નથી બનતા એમ રખે માનતા. હમણાં જ છેલ્લા બે માસ ઉપર છાપાંમાં સમાચાર પ્રગટ થયા હતા કે હિંદુઓના પરમ પવિત્ર તીર્થક્ષેત્ર શ્રી જગન્નાથપુરીના મહંતે તે ગામનો ગોરો કમીશનર તે ગામમાં આવ્યો ત્યારે તેને માટે મંદિરને પૈસે ગાયનું માંસ અને દારૂ તેને,મંગાવી નૈવેદ્ય ધર્યું હતું ! મહંતના આ દુષ્ટ કૃત્ય સામે ગામમાં હડતાલ પણ પડી હતી !

જેમ જેમ આપણે રૂઢીરૂપી રાક્ષસીની સખત ગુલામગીરીમાંથી છુટા થતા જઈશું તેમ તેમ આપણે આવા અત્યાચારો અટકાવી શકીશું જો હજુ પણ આપણે નહિ સમજીએ અને દેશ કાળનો વિચાર ન કરતાં આપણા અત્યજ બાંધવોનો તિરસ્કાર કરવાનું ચાલુ જ રાખીશું તો પરિણામ વિપરીત છે એ નક્કી વાત છે

—: જાનવરોનું બાલજીવન :—

પાછળના પાના ઉપર ' જાનવરોનું બાલજીવન ' ને લગતાં ૬ ચિત્રો આપેલાં છે એ ૭ એ ચિત્રો ઉપરથી નવાં ચિત્રો ટ્રેસ પાડીને ચીતરી તેમાં રંગ પુરીને મોકલવાનાં છે તમને ફાવે તો એના એ કાગળને ફાડી લઈ તેને એક જાડા કાગળ પર ચોંટાડી રંગો પુરીને મોકલશો તો પણ વાંધો નથી. (વિશેષ હકીકત માટે ઇનામ માળા જુઓ.



લખનાર શ્રી હરિલાલ મણિલાલ ભાયા, બી. એ. એલ એલ બી

" વાટ્યું ઓસડ અને મુંડચો જોગી. "

" આકસ બાકસ કણુજી મૂળ, અસ્થેર છાલા ને પાથેર ધુળ !
ટાક કરણુની કરવી ગોળી, હરીને મહીને દેવા રોળી ! "

" વૈદોનો વૈદ ધન્વતર વૈદ ! "

" સાજાને માંદો કરે; માંદાને મસાણે પહોંચાડે ! ! "

" એક આપે ગોળી તે ન દેખે દિવાળી કે હોળી ! ! ! "


" ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ટ ચાકરી, આખર ભીખ; અને એ પણ ન આવડે તો વૈદુ શીખ ! ! ! "

" वैद्यराज नमस्तुभ्यं यमराजसहोदर ।
यमः संहरते प्राणान् वैद्यो प्राण धनानि च ॥

ભાવાર્થ—હે યમરાજના સહોદર—સગા ભાઇ વૈદ્યરાજ, તમને નમસ્કાર હો ! કેમકે યમ તો માત્ર પ્રાણ હરે છે, જ્યારે વૈદ્ય પ્રાણની સાથે ધનનું પણ હરણ કરી જાય છે !



ઇ એક ફકીરનો ઉંટ હંમેશા વગડામા ઝાડ પાન વેલ વગેરેનો ચારો કરતો હતો. તે એક વેળા કોકના પાકડા ખાવતા આખુ કોકુ ગળી ગયો. કમભાગ્યે કોકુ પેટમા ઉતરી જવાને બદલે ગળામા જ ફસાઇ રહેવાથી ખાવા પીવાનું અટકી પડયું ત્રે દહાડામા તો ગળુ સુજીને ટેટા જેવું થઇ ગયું, અને ઉંટ મરવા પડયો.



નાની નાની વાતો

ભેંસ અને ઉંદર

એક વખતે એક ભેંસે ચાલતા ચાલતા રસ્તા ઉપર બેઠેલા એક ઉંદરની પુંછડી ઉપર ભૂલથી પગ દઇ દીધો. આથી ઉંદરને ઘણો જ ગુસ્સો આવ્યો, ને તે ભેંસના પગ આગળ જઇ ભેંસના પગની ખરી ઉપર બચકા ઉપર બચકા ભરવા લાગ્યો. જ્યારે આખરે ઉંદર કરડીને થાક્યો ત્યારે ભેંસના કાન આગળ જઇ તેણે કહ્યું, કેમ ? કેવા બચકા ભર્યા છે ! મારી પુંછડી પર પગ મુકતા શરમ ન આવી ? ભેંસને તો કંઇ ખબર જ ન હતી એટલે ઠંડે કલેજે જવાબ આપ્યો, ઉંદર ભાઇ, મે તમારી પુંછડી પર પગ મુકયો તેની પણ મને ખબર પડી નહિ અને આપ મારા પગે કરડી કરડી થાકી ગયા તેની પણ ખબર પડી નહિ ! આ સાભળી ઉંદર છપાઇ ગયો. બીજુ શું કરે બિચારો !

—ર. હ. શાહ, બી. એ.

બાપાનો ઘોડો

એક દિવસે એક શેઠ પોતાનો ઘોડો, તબેલામાં લઇ ગયા. તે વખતે ગાડીવાન બહાર ગયો હતો પણ તેની નાની છોકરી ત્યા રમતી હતી. શેઠે તેને પૂછયું, તારા બાપા કયા ગયા છે, છોકરી ? છોકરીએ જવાબ આપ્યો, મારા બાપા બજારમા ગયા છે, હમણા આવશે, બેસો. શેઠે કહ્યુ, જો, તારા બાપા ઘેર આવે એટલે એને કહેજે કે મને મળી જાય, સમજી ! મને ઓળખે છે ને ? છોકરીએ બેધડક જવાબ આપ્યો, હા જ તો ! તમે મારા બાપની ગાડીમાં અને ઘોડા ઉપર રોજ બેસો છો તે જ ને !

શું લઇ ગયો ?

હિંદની પશ્ચિમે અફઘાનિસ્તાન નામનો એક નાનો દેશ છે નવસો વર્ષ પહેલા ત્યા મહમૂદ ગઝનવી નામનો એક પઠાણ રાજા રાજ્ય કરતો હતો તે ઘણો બળવાન અને લાલચુ હતો. ધન એકઠું કરવાના ઉપાય તે શોધ્યા કરતો તેને તે મળી પણ રહ્યું

હિંદ ઉપર તેણે આક્રમણો શરૂ કર્યા હિંદ ત્યારે તો સપત્તિવાન લેખાતુ અમેરિકા, ઇંગ્લેન્ડ અને જાપાનની આજ જે સ્થિતિ છે તેવી જ તેની હતી. તેને લુટી લુટીને મહમૂદે પોતાનો ખજાનો રેલછેલ કરી નાખ્યો.

કેટલાક વર્ષે મહમૂદ માંદો પડયો. મૃત્યુ તેને નજીક લાગ્યુ તેણે પોતાના મંત્રિને બોલાવ્યો. તે બકવા લાગ્યો, "ભાઇઓ, મારી લુટેલી સઘળી સપત્તિ મારી સામે લાવો. તેને જોયા પછી હુ મરીશ." મંત્રિએ લુટેલા ધનનો ઢગ કરાવ્યો. મહમૂદ કેટલીક વાર તેની સામે ટીકી ટીકીને જોઇ રહ્યો. એકાએક તે બેઠો થયો. તે બોલ્યો. "ભાઇઓ, આ પૃથ્વી ઉપર મનુષ્ય જન્મ લઇ મે શું કર્યું ? હજારો આત્માઓને મે રેંસી નાંખ્યા. નિરપરાધ પ્રીઓની મે હત્યા કરી. તે સઘળાનુ ધન લુટી એકઠુ કર્યું લાખો આત્માને મે દુભાવ્યા. પરંતુ હાય ! આ ધન—આ લૂટેલી સપત્તિ આજ મારી સાથે આવવા તૈયાર નથી અરે ! આજ હુ એકલો જ જાઉં છુ લોકો ! મારા આ ચરિત્ર ઉપરથી ધડો લેજો મારૂ આચરણ અનુકરણીય નથી "

આ તેના છેલ્લા શબ્દો હતા. તેની આખ તે પછી મીંચાઇ ગઇ

પૃથ્વીના પડ ઉપર ઘણા રાજાઓ થઇ ગયા ને થશે પણ માલમિલ્કત કદી કોઇની સાથે ગઇ પણ નથી અને જવાની પણ નથી

—સૌ. સવિતા

લાલો અમથો લોટે કે?

સાંજના પહોર નિશાળેથી છુટીને છોકરાઓ ઘેર જતા હતાં રસ્તામા છોકરાઓના ટોળામાથી એક છોકરો ચોપડીઓ જમીન-પર ફેંકીને પોતાની હાથે જ એક ઉકરડો હતો ત્યા આળોટવા લાગ્યો. તેના દોસ્તદારોએ ઘણુંએ સમજાવ્યો કે મૂર્ખા ! આ શું કરે છે ? ચાલ ઉઠ ! પણ તેણે માન્યુ નહિ ને પડી જ રહ્યો.

બધા છોકરાઓ વ્હેલા વ્હેલા પેલા છોકરાની માતાને ત્યા દોડયા અને તેને સમાચાર આપ્યા કે તમારો લાલો (છોકરાનું નામ લાલચંદ હતુ) ઉકરડા પર આળોટે છે અને ઉઠાડીએ તો પણ નથી ઉઠતો. જાઓ જલદી ત્યા ! માએ છોકરાઓને ટાઢા પાડયા અને વિદાય કર્યા તે બબડવા લાગી કે મારો લાલો લાભ વગર લોટે નહિ જોઇએ શુ થાય છે

એટલામા જ ધૂળથી ખરડાયલો લાલો ઘેર આવ્યો અને અંદર જઈ માના હાથમા એક કિંમતી હીરાની વીંટી મૂકી ઉકરડામા એ વીંટી પડી હતી જો બધા છોકરાના દેખતા વીંટી ઉપાડે તો દરેકને ભાગ આપવો પડે. આથી લાલો ત્યા લોટી પડયો અને યુક્તિથી બધા છોકરાને દૂર કરી વીંટી લઇ તે ઘેર આવ્યો હતો. લાલાની ચાલાકી જોઇને તેની માએ કહ્યું, સાબાશ દિકરા મે તો તે જ વખતે મનમા વિચાર કરેલો કે લાલો ગતમા જ લોટતો હોવો જોઇએ. લાલો લાભ લગર ન જ લોટે

કહો; લાલો કેવો હોશીયાર !

—છુમંતર !

અદેખાઇની આગ

એક જમીનદારને ત્યા એક ઘોડો અને કુતરો એમ બે પાળેલાં પ્રાણી હતા. જમીનદાર કુતરાને દરરોજ રમાડતો અને નાના પ્રકારના લાડ લડાવતો. ફરવા જતી વખતે પણ કુતરો સાથે, અને ઘરમા પણ કુતરો સાથે ને સાથે જ રહેતો. કુતરો પાછલા પગે ઉભો રહી આગલા પગો શેઠના પગે ટેકાવીને ગેલ કરતો. અને શેઠ પણ તેને

૫ પાળતો તથા રીઝવતો. કુતરાનું સુખ પેલા અદેખા ઘોડાથી દેખી શકાયું નહિ. તેણે વિચાર કર્યો કે જો હું પણ મારા શેઠની પાસે જઇ કુતરાની માફક ગેલ કરૂં તો મને પણ શેઠ લાડ કરે. કુતરાને દરરોજ રમાડે અને મને શા માટે નહિ ! આમ વિચાર કરી એક દિવસ જ્યારે શેઠ બહાર જવાની તૈયારી કરતા હતા ત્યારે ઘોડો તેની સામે આવી કુતરાની માફક આગલા પગ શેઠના પગ પર ટેકાવી પાછલા પગે ઊભો થયો. આનું પરિણામ એ આવ્યું કે ઘોડાના ધક્કાથી શેઠ ધૂળ ચાટતા થઇ ગયા. ઘોડાને આ બદલ પુષ્કળ ચાબુકનો માર ઇનામમાં મળ્યો.

—ર. હ. શાહ, બી. એ

મહેનતનો બદલો

એક ગામની ભાગોળ પાસે રસ્તાની વચ્ચોવચ એક મોટો પત્થર દટાઇને પડયો હતો. હજારો માણસો ત્યાં થઇને જા આવ કરતા પણ કોઈ તે પત્થર ત્યાંથી કાઢવા તસ્દી લેતું નહિ. રાતના વખતે ઘણા માણસોને તેથી નુકશાન પણ થતું હતું ખુદ ગામના પટેલનું ગાડું એક દિવસ આ પત્થર સાથે અથડાવાથી ઉંધું પડયું હતું એક વાણીયો પત્થરની અડફટમાં આવવાથી ઘોડા પરથી પડી ગયો હતો. વળી એક બીજો માણસ માથે વજન ઉંચકી જતો હતો તે પણ આ પત્થરની ઠોકર વાગવાથી ઉંધા માથે પડી ગયો. આમ છતાં કોઇને તે પત્થર ઉપડાવવા સુઝતું ન હતું છેવટે એક ગરીબ ખેડુત ત્યાં થઈ જતો હતો તેણે આ પત્થર નુકશાનકર્તા છે એમ ધારી ખોદીને બહાર કાઢયો. પત્થરની નીચેની જમીનમાં એક બંધ પેટી માલમ પડી અને તે ખોલતાં તેમાંથી સોનું નીકળ્યું. પેટી ઉપર લખ્યું હતું કે પત્થર ખસેડનારને આ પેટી ઇનામ ! મહેનત કરે તેને બદલો પણ મળે.

—સુદર્શન



બાલયોગીઓની અલખ



અમે સત્કર્મતણા ભોગી, બન્યા સત્કીર્તનથી યોગી. ધ્રુવ
સત્કીર્તન, સત્કર્મ, અમારા જીવનનો છે મંત્ર;
સત્કર્મી સ્નેહી જનસાથે, ચલાવવો છે તંત્ર. અમે.
વિભુતણી આ વિશ્વવાડીયે, વસે પરમ સૌગંધ;
ભ્રમર બની ભૂમિપર ભમશું, મહવા એ મકરંદ. અમે
જગન્નાથ જ્યોતિમાં ભળવા, આદરશું કીર્તન;
માનવરૂપે બેસી સિંધુ, તરશું હે જગવંદ. અમે

મહીપતરામ હિંમતરામ જોશી



ઇટલીનો રણયજ્ઞ—અનુવાદક પી૦ગે૦ શાહ. પ્રકાશક વર્ધમાન મિત્ર મંડળ, મુંબાઇ નં. ૩. કિંમત રૂ. ૧. પાન ૨૬૪, મજબુત સોનેરી અક્ષરવાળું પાકું બાઇંડીંગ, આર્ટ કાગળમાં છાપેલાં ૧૬ સુંદર ચિત્રોસહિત કીંમત રૂ. ૧. આ વર્ધમાન સાહિત્ય ગ્રંથમાળાનું આ બીજું પુસ્તક છે અને તેના ગ્રાહકોને ૧૫ ટકા ઓછી કીંમતે મળે છે. પ્રાચીન કાળમાં રોમ મહારાજ્યની સત્તા જ્યારે શિખરે ચઢેલી હતી ત્યારપછી તે બધી ગઇ. વિલાસને તેણે વધારી મૂક્યો અને પરાક્રમની તેણે પૂર્ણ કરી પરિણામે રોમનું નામ ડૂબ્યું અને તે પછી સૈકાઓ સુધી તે બીજાઓની ગુલામી તળે રહ્યું. ઇટલીએ પણ તેની સત્તાથી તેટલી ખબર લીધી. આખરે તેનામાં સમર્થ વીર પુરુષો પાક્યા અને તેમણે ઇટલીની સ્વતંત્રતા પાછી મેળવી એ હમણાં થઇ ગયેલી જ વાત છે. આ સ્વતંત્રતાના યુદ્ધનું રસમય વર્ણન આ પુસ્તકમાં છે. મહાન સત્યાગ્રહી મેઝીની, ગંભીર શીલાચ્છસમો વીર સેનાપતી ગેરીબાલ્ડી અને વિલાસમો કુશળ રાજપુરુષ કાવુર વિગેરેનાં વર્ણનો ઉત્તમ રીતે આ પુસ્તકમાં રજુ થાય છે. ગુજરાતના રાજદ્વારી સાહિત્યમાં આ પુસ્તક એક ખાસ ઉમેરો કરે છે. આજના સમયમાં આવું સાહિત્ય જેટલું વધારે ફેલાય તેટલું વધુ ઇચ્છવાજોગ છે.

બારાનું યુદ્ધ યાને કચ્છની શૌર્યકથા.—મુંબઇના "સ્વદેશ" પત્રના ગ્રાહકોને આવું ગ્રાહકની ભેટ તરીકે આપવાને આ પુસ્તક બહાર પડ્યું છે. હલદી ઘાટનું યુદ્ધ અને થર્મોપોલીના યુદ્ધની સરખામણી કરે એવું કચ્છના ઇતિહાસમાં અમર બનેલું, આ યુદ્ધ કોઇ ભાગ્યે જ જાણે છે. તેથી આ વિષયપર રસમય વાર્તારૂપે વર્ણન શ્રી. શામજી હરીરામ વગેરેએ આકર્ષક રીતે લખ્યું છે. અને તેનો ફોટો ... આકર્ષક છપામણ, જાડા મજબુત કાગળ, અને ઐતિહાસિક સુશોભિત ચિત્રો વિગેરે માટે ગ્રાહકોએ ખાસ કાળજી રાખી છે.

જૈન મહિલાદર્શ—સંપાદક શ્રી ૫ ... પ્રકાશક શ્રી. મૂળચંદ કીસનદાસ કાપડીઆ, સુરત. વાર્ષિક લવાજમ રૂ. ૧-૨-૦ હિન્દી જાણનારી જૈન બહેનો માટે આ માસિક પણ સારું છે. એમાંના લેખો ઉત્તમ શૈલીના છે ... ચિત્રો પણ અપાય છે.

સીતા. (પૂર્વાર્ધ)—લેખક શ્રી. લીલાભાઈ પુ. વ્યાસ, ગોધરા મૂલ્ય રૂા. ૧ એન્ટિક કાગળ, ડબલ ક્રાઉન ૧૬ પેજી કદના પૃષ્ઠ ૧૬૦ આ પુસ્તકમાં પરમ પવિત્ર સીતાદેવીનું જીવન ચરિત્ર આપ્યું છે. મૂળ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના હિંદી ભાષાપરથી આ અનુવાદ છે. નાની મોટી તમામ બ્હેનોને માટે આ ઉપયોગી પુસ્તકની છપામણ ઠીક થઇ છે. પુસ્તકનું ખાસ આકર્ષણ તેનાં સુંદર સાદાં ને રંગીન ચિત્રોમાં છે. એક બેમાં પહેરવેશની ખામી છે. બીજા 'પૈસ બ્લૉક' ને બદલે સર્વે પૈસ હોત તો વધુ ઠીક. વાત એ છે કે શ્રી. લીલાભાઈ ભાષાપર પુરતો કાબુ ન ધરાવતા હોય તો આવાં પુસ્તકો છપાવ્યા પહેલાં તેને કોઇ સારા વિદ્વાનપાસે સુધરાવીને પછી જ છપાવે એવી આ વખતે સૂચના કરવાની અમે જરૂર લેખીએ છીએ.

ગુજરાતી ત્રીજી ચોપડી-વિદ્યાપીઠ વાચનમાળા, (ગુજરાત વિદ્યાપીઠ પુસ્તક ૧૮ મું) પ્રકાશક ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ કિંમત આના ૧૫ ડબલ ક્રાઉન ૧૬ પેજી કદના પાન ૧૮૯ સ્વચ્છ સુઘડ છપાઈ, સરસરી કુમાર કર્ણાવતના પ્રસંગોચિત સુંદર ચિત્રો સહિત. આ ચોપડીને અમે સહર્ષ આવકાર આપીએ છીએ. તેના વિદ્વાન સંયોજક શ્રી પુરાણીજીએ અગાઉનાં આ વાચનમાળાના પુસ્તકો કરતાં આ પુસ્તકમાં વિશેષ શ્રમ લીધેલો સ્પષ્ટ જણાય છે. અગાઉના કરતાં ચિત્રો પણ સુઘડ અને સારાં છે. પુસ્તકમાં એકંદર ૭૮ પાઠ છે. પસંદગી રોચક અને અસરકારક રીતે થઈ છે અને બાળકોને તે સારી રીતે રૂચશે એમ નિઃશંક કહી શકાય. કિંમત આ વખત બરાબર છે. જરાક (૧૫ આના જેટલી) કીમ્મત વધારે રાખીને જે ખરીદી શકે તેમને માટે કપડાની બાંધણીવાળી ચોપડીઓ તૈયાર કરી હોત તો પણ રૂડી વાત. કવિતાનાં બીબાં ઘરૈપૈસ બ્લોકમાં હોત તો અસરકારી વાત.

સુબોધક નીતિકથા. લેખક સ્વ. ખ. બ. ફરામરોજ પ્રકાશક સ. સા. વ. કાર્યાલય, અમદાવાદ પાન ૧૬૫ કિંમત આના ૬ "ગુજરાતી" પત્રના ભીજાથી કોણ અજાણ્યું હશે ? એ વિદ્વાન પારસી લેખકે બાળકો માટે સન ૧૯૦૧ ની સાલમાં પ્રસિદ્ધ કરેલી એક ચોપડીની આ ત્રીજી આવૃત્તિ છે. તેમાં કુલ ૧૫૨ વાતો છે. બાળકો, વિદ્યાર્થીઓ, ગુજરાતી સ્ત્રીવર્ગ એ તમામ હોંશે હોંશે વાંચી શકે એવી તે વાર્તાઓ છે. પ્રૌઢ માણસને પણ તેમાંથી ઘણું જાણવાનું મળી શકે એમ છે.

બંકિમ નિબંધમાળા. અનુવાદક, જગજીવન મણીદાસ પાઠક, પ્રકાશક. સ. સા. વ. કાર્યાલય, અમદાવાદ. પાઉ૪૮ ના કદનાં પૃષ્ઠ ૫૬૨ મજબુત પાકું પૂંઠું નવા મળ, કીં. રૂ. ૧।।। બંગાળી સાહિત્યના શહેનશાહ અને હિંદની ત્રીસ કરોડની પ્રજાને પોતાના વંદેમાતરમના રાષ્ટ્રગીતવડે સદા માટે આનંદ અર્પનાર બાબુ બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયના ઉત્તમ પ્રકારના લેખો, નિબંધો, વિચારનોંધો, ધાર્મિક વિષય પરના લેખો, ઐતિહાસિક લેખો, વિગેરે આ પુસ્તકમાં આપેલા હોવા ઉપરાંત, કમલાકાન્તની જુબાની એ નામનું હાસ્યરસથી ભરપુર નાનકડું નાટક પણ તેમાં છે. પાછલા પાનામાં ધર્મતત્વ એ વિષય પરનો ૨૭ પ્રકરણનો અતિશય વિદ્વત્તાપૂર્ણ લેખ આપવામાં આવેલો છે.

જેમ આપ નિડર, ઉત્સાહી, પ્રખર વિદ્વાન, પ્રતિભાશાળી, અને સમર્થ સાહિત્ય સેવક હતા અને તેમણે લખેલા નવલકથાના ગ્રંથો એવા તો ઉત્તમ છે, કે હિંદની પ્રખ્યાત ભાષાઓમાં તેનાં ભાષાન્તરો થયાં છે જેમ નવલકથામાં તેમ જ ધાર્મિક ગ્રંથોમાં પણ આપશ્રીએ પોતાની ઉંચી છાપ પાડેલી છે અને તેથી ગુજરાતી પ્રજા આ પુસ્તકોને સારો આવકાર આપશે એમ ઇચ્છીએ.

વીણાવિહારી—ભાગ ૧ અને ભાગ ૨ લેખક સીતારામ જે શર્મા, પ્રકાશક છગનલાલ જમનાદાસ મહેતા, પીરમશા રસ્તો, અમદાવાદ રોયલ ૧૨ પેજી કદનાં આ બે પુસ્તકો પૈકી ભાગ ૧ લો (પૃષ્ઠ ૨૭૦, કિંમત રૂા. ૨) "શ્રીબોધ" માસિકની ગયા વર્ષની ભેટ તરીકે આપવામાં આવ્યો હતો જ્યારે ભાગ ૨ જો (પૃષ્ઠ ૧૧૨ કીંમત રૂ. ૧) ચાલુ વર્ષની ભેટ તરીકે આપવામાં આવ્યો છે વાર્તા મૂળ મરાઠી જાણીતા લેખક નાથમાધવની મિ. આકર્ષક મરાઠીને આધારે લખાયેલી છે. ભાષા સરળ, ભાવવાહી, અને રોચક છે લેખકના સામાજીક વિચારો સામે કદાચ આપણે ને વાંધો હોઇ શકે છતાં પણ તેમણે પુસ્તક એવી આકર્ષક રીતે લખ્યું છે કે તે રસ ભર્યું અને બોધ દાયક વાચન પુરૂં પાડે છે એમાં શક નથી. વાર્તાનું વસ્તુ નિર્દોષ હોવાથી કુટુંબના સર્વ જણ તેને નિઃસંકોચ વાંચી શકે એવું તે છે "શ્રીબોધ" માસિકને વાચકની જ જાણીતા લેખકની સુંદર ચિત્ર વાર્તાઓ પોતાના ગ્રાહકોને ભેટ આપવા માટે શ્રી. છગનલાલ મહેતાને અભિનંદન ઘટે છે ચિત્રો જરાક સારા કાગળ પર સંભાળથી સારી શાહીવતી છાપ્યાં હોત તો પુસ્તકનો દેખાવ નભાવો છે તે કરતાં વધુ ઓપી નીકળી શકત

સ્વર્ગનો ખજાનો—સ્વ. અમૃતલાલ સુંદરજી પઢીઆરની રચેલી ચોપડીની આ ૩જી આવૃત્તિ સ. સા. વ. કાર્યાલય તરફથી બહાર પડી છે રોયલ ૧૨ પેજી કદનાં ૩૦૪ પાનાની પાકી બાંધણીની આ ચોપડીની કિંમત માત્ર રૂ. ૧-૬-૦ રાખવામાં આવેલી છે, જે બહુ જ સસ્તી કહી શકાય. આ પુસ્તક ઉમદા વિચારો અને હળવા દલીલોથી ભરપુર છે જ. મિલ આપણા જાણ, લોર્ડ એવબરી, માર્ડન અને બીજા સમર્થ વિદ્વાનોના જે બોધાત્મક પુસ્તકો છે તેથી પણ વધારે ઉમદા વિચારો સ્વ. પઢીઆરનાં 'સ્વર્ગ' ના પુસ્તકોમાં છે આવા પુસ્તકોનાં હરરોજના વાચન ને મનનથી ખરા જ માણસો સ્વર્ગને મેળવી શકે. ભાષા અતિશય સરળ અને મધુર હોઈ આ ચોપડી શ્રીમંત, ગરીબ, અને બાળ બચ્ચાંઓ સર્વ પણ મેળવી વાંચવી. બીજાં પણ મોટી જાતનાં છે

સ્વર્ગની કુંચી—રચનાર જ લેખકની લખેલી ને છપાવેલી— સરસ્વતી ઉપરની જ શૈલીએ છપાયેલી જ કિંમતે પ્રગટ કરેલી આ ચોપડી (આવૃત્તિ ૪ થી) ૩૫૦ પાનાની છે અને તે પણ તેની છપાઈ પ્રેસ એટલી ઉપયોગી છે કિં રૂ ૧-૦-૦ છે

સ્વર્ગનું વિમાન—લેખક પુરુષની જ આ પણ ત્રીજી "સ્વર્ગ"ની ચોપડી (આવૃત્તિ ૪ થી) છે. પૃષ્ઠ ૩૫૦ છે ને કિંમત પણ ઉપર જેટલી જ છે. ઉપરની ચોપડી મુજબ જ આ પણ અતિશય ઉપયોગી હોઈ આ ત્રણે ચોપડીઓ ગુજરાતી ઘરમાં ઉમંગથી વંચાશે

ઇનામ માળા

વ્યવસ્થાપક—શ્રી. રમણીકલાલ હરિલાલ શાહ, બી. એ.

બાલજીવન કાર્યાલય, બાજવાડા, [illegible], વડોદરા

મે અંકની હરિફાઈનું પરિણામ

મે અંકની હરિફાઈમાં લગભગ ૧૫૦ ઉપરાંત બાળકોએ ભાગ લીધો છે પરિણામ નીચે મુજબ છે,–

(૧) પુરોહિત કેશવલાલ ઉગરેશ્વર (ઉ. વ. ૧૨) મુ. મોઢેરા તા. ચાણસ્મા ને રૂ. ૨-૦-૦ નું ઇનામ મળે છે, જે ટુંક સમયમાં અમારા ખર્ચે મોકલી આપીશું (૨) બીપીનચંદ્ર જીવણચંદ ઝવેરી (૮) મુંબઇ (૩) મોતીચંદ જીવણચંદ ઝવેરી (૧૦) મુંબઇ (૪) ભટ્ટ કમળાશંકર કાળીદાસ (૧૨) સીસોદરા (૫) ચંદનગવરી ભાઇચંદ દોશી ઉ. વ. (૧૦) કલકત્તા (૬) ગજેન્દ્રરાય મગનલાલ મહેતા (૧૫) રાજકોટ (૭) શાહ મંગળલાલ નાથાલાલ (૧૪) અમદાવાદ (૧૦) સુશીલા ચીમનલાલ શેઠ (૮) મુંબઇ (૧૧) જેસીંગભાઇ કાળીદાસ (૧૧) અમદાવાદ (૧૨) લલીતા જીવણલાલ મોદી (૧૪) મુ. જુનાગઢ (૧૩) છગનલાલ શીવજી ઠક્કર (૧૫) મુંબઇ (૧૪) સુમત ધીરજલાલ ઠાકોર (૧૦) મુંબઇ (૧૫) કૃષ્ણતરાય વિનાયકરાય મજમુદાર (૧૪) વડોદરા (૧૬) મ પત વ. દેસાઇ (૧૩) બીલીમોરા (૧૭) વીઠલદાસ ચકુલાલ પરીખ (૧૦) મલાડ (૧૮) મણી ભીખાભાઇ ચુનીલાલ (૧૫) મોડાસા (૧૯) જમજીવન ભીમજી શાહ (૧૩) મુંબઇ (૨૦) હીરાલાલ કુબેરદાસ (૧૫) મુ. ધોળકા (૨૧) ચીનુભાઇ ગીરધરલાલ (૯) (૨૨) પ્રફુલચંદ્ર ચીમનલાલ મપારા (૯) મુંબઇ (૨૩) પટેલ ગીરધરલાલ પરભુદાસ (૧૨) શુકલતીર્થ (૨૪) મણીભાઇ છોટાભાઇ પટેલ (૧૨) નાર (૨૫) રમણીકલાલ ચીમનલાલ (૧૧) પાટણ (૨૬) જયંતીલાલ માધવજી કોન્ટ્રાક્ટર (૧૧) ઉજ્જન (૨૭) જયેન્દ્ર મણીલાલ ઠાકોર (૧૦) મુંબઇ (૨૮) બ્હેન નિર્મળા પેથાભાઇ પ્રેમાનંદ (૧૦) ચીખલી (૨૯) ચંદ્રકુમાર ગોરધનદાસ ઝવેરી (૧૦) મુંબઇ (૩૦) વીરમતી જી. ઝવેરી મુંબઇ (૩૧) નલીનીકાન્ત અમૃતલાલ મહેતા (૧૦) મુ. કઠોર (૩૨) જયંતીલાલ ચીમનલાલ (૧૦) મુ. મુંબઇ (૩૩)

શારદા કપરાકરે વોરા (૧૦) અમદાવાદ (૩૫) ગીરધરલાલ મોતિલાલ પુનાવાળા (૧૦) મુબઈ (૩૫) ખાબરીયા રમણલાલ છગનલાલ (૧૦) ભરૂચ (૩૬) કસ્તુરબા પાનાચંદ (૯) મુ. જુનાગઢ.

ઉપરના પૈકી નં ૨ થી ૫ સુધીનાને ૦-૬-૦, નં ૬ થી ૧૦ સુધીનાને ૦-૪-૦, નં ૧૧ થી ૩૦ સુધીનાને ૦-૨-૦ નુ અને બાકીનાને ૦-૧-૦ નુ ઇનામ મળે છે જ્હેમોને અમારા ખર્ચે તેમનુ ઇનામ મોકલીશુ. તમામ છોકરાઓએ અરધા આનાની ટીકીટ બીડી ઇનામો મગાવી લેવા.

ગે અ ક ના પ્રશ્નોના જવાબ

(૧) પ્રથમ તે માણસ બકરીને સામી પાર લઇ જશે. પછી પાછો આવી પાનનો ટોપલો સામી બાજુ મુકી, બકરીને પાછી લઈ જશે. બકરીને મુકી વાઘને સામી પાર મુકી આવશે અને પાછો આવી ઉતરે વાઘને લઈ જશે.

(૨) સવાલ બીજાનો જવાબ લેખરૂપે આવતા અંકમાં આવશે.

નવી ઇનામી હરિફાઈ

આ અંકના પૃષ્ટ ૩૮૭ની સામે "જાનવરોનુ બાલજીવન" ને લગતાં ૬ ચિત્રો આપેલા છે એ ચિત્રોઉપરથી પાતળો કાગળ મુકી (ટ્રેસીંગ પેપર વતી) ટ્રેસ પાડી નવાં ચિત્રો તૈયાર કરી, તેમાં તેને લાયકના રંગો પુરી તે ચિત્રો અમને મોકલી આપો.

એ જ મુજબ આ અંકનાં પાન ૩૯૨ ની સામે ચિત્રોના ચમત્કારને લગતાં જે ચિત્રો આપ્યાં છે તે ચિત્રો તમે બરાબર તપાસો. પહેલી નજરે તો તમને તે જાનવરનાં ચિત્રો જેવા જ દેખાશે. પરંતુ જરાક બારીકીથી તેને ઉલટાવી ઉલટાવીને જુઓ. અંદર તમને કાંઇ નવિનતા દેખાય છે ? જે ભાગમાં નવિનતા દેખાતી હોય તે ભાગની અંદર તમને ઠીક લાગે તેવા રંગો પુરી તે ચિત્રો અમને મોકલી આપો. ધ્યાનમાં રાખજો કે જે ભાગમાં તમને નવિનતા જણાય તેટલા જ ભાગમાં રંગ પુરવાનો છે તે સિવાયના ભાગમાં રંગ પુરવાનો નથી. ઇનામ-પહેલુ ઇનામ, મી. હરિલાલ પ્રભુલાલ ભટ્ટ, અમદાવાદ તરફથી રૂ. ૨-૦-૦ નુ આપવામાં આવશે. બીજુ ઇનામ દરેક મુજબ બાલજીવન તરફનું રૂ. ૧-૦-૦ નું આપવામાં આવશે. ત્રીજુ, ચોથુ, પાંચમુ ને છઠું ઇનામ દરેક રૂ. ૦ ૮ ૦ નુ આપવામાં આવશે.

જવાબો મોકલવાની મુદત તા. ૩૧ મી જુલાઇ સુધીમાં વડોદરાના શીરનામે મોકલવા જોઇએ.

બંગાળાના તાજવગરના રાજાનો સ્વર્ગવાસ



" હું મારા દેશને માટે જરૂર પડે તો ફાંસીને માંચડે ચડવા પણ તૈયાર છું. "

જન્મ ૧૮૭૦] દેશબંધુ દાસ [સ્વર્ગવાસ ૧૯૨૫

: : : નિવેદન : : :

બંગાળાના સીંહનો સ્વર્ગવાસ

તા. ૧૬મી જુનના રોજ બંગાળાના સીંહ દેશબંધુ દાસ સ્વર્ગવાસ પામ્યા છે અને મનુષ્ય તો આવે ને જાય, પરંતુ પ્રજાના હૃદયના સ્વામી તો દેશબંધુ જ હતા. અસહકારની મહાન લડતમાં મહાત્માજીની સાથે ઉભા રહી તેમણે દેશની પારાવાર સેવા બજાવી છે લાખો રૂપિયાની આવકવાળી સરકારી અદાલતોની વકીલાતને તેમણે લાત મારી ફગાવી દીધી હતી અને પોતાની ગંજાવર મિલ્કત બંગાળી પ્રજાને ઉંડમાં થોડાક માસ અગાઉ આપી દઈ તેમણે પુરેપુરી ફકીરી લીધી હતી. બંગાળી પ્રજા ઉપર જો કોઈએ પણ પોતાનો જબરજસ્ત પ્રભાવ પાડ્યો હોય તો તે મરહુમ લોકમાન્ય તિલક, મહાત્મા ગાંધીજી, અને દાસ બાબુ હતા. બંગાળાના આ સીંહના આવા અકાળ સ્વર્ગવાસથી દેશપર જે ભયાનક આફત વરસી છે તેનો આંક નીકળે એમ નથી. એમના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા સ્વર્ગમાં અનંતકાળની શાંતિ આપે એજ પ્રાર્થના ! પ્રભુ હિંદનાં બાળકોમાં દેશબંધુ દાસ જેવો આદર્શ ત્યાગ ને સ્વદેશપ્રેમ જગો ! અસ્તુ !

સુધારો—આગલા અંકના પાન ૨૮૪ના પેરા ત્રીજાની લીટી નવમાં "માત્ર એક જ વર્ષમાં તેઓ ૪૫ લાખ હીંદુઓને ખ્રીસ્તી બનાવી શક્યા છે" એમ લખ્યું છે તેને બદલે 'આજ સુધીમાં તેઓ ૪૫ લાખ હિંદુઓને ખ્રીસ્તી બનાવી શક્યા છે' એમ વાંચવું.

આભાર—આ અંકથી આત્મજીવન વડોદરામાં છપાય છે. છેલ્લા લગભગ ૧ા વર્ષથી આત્મજીવન સુરતમાં 'જૈન વિજય' છાપખાનામાં છપાતું હતું. આત્મજીવનની અનેક મુશ્કેલીઓ ને જંજાળો વચ્ચે, તે નિયમિત રહી શક્યું છે તેનો ખરો યશ ઉપરના છાપખાનાને જ ઘટે છે તેમની ખંત, ઉત્સાહ ને સૌજન્ય તે પ્રેમના માલિક શ્રી મગનલાલ, તેમના મદદનીશ શ્રી ...ભાઈ, તથા છાપખાનાના નાના મોટા તમામ કામદારોનું અત્યંત આભારી બન્યું છે. અમુક મુશ્કેલીઓને લઈને "આત્મજીવન" જો કે છાપખાનું બદલે છે, પણ 'જૈન વિજય'ના આ કામ માટે તેનો આભાર માને છે

આ અંકનાં લખાણો

કવિતા

મોર	શાન્તિનાથ	૩૭૨
મેઘરાજાની મહેર	માધવરાવ ભાસ્કરરાવ કર્ણિક	૩૭૩
બાળયોગીઓની ભીખ	મહિપતરામ હિંમતરામ જોષી	૩૫૯

હાસ્ય વિનોદ–રમત ગમત

વિનોદની વાતો		૩૯૦
જનાવરોનું બાળજીવન		૩૮૭
ચિત્રોના ચમત્કાર		૩૯૨

પ્રવાસ

અમરનાથનું પુરાતન શિવમંદિર	રમણલાલ નાનાલાલ શાહ	૩૭૭

સાહિત્ય


મોતીની માળા	ભગવાન શ્રી કૃષ્ણચન્દ્રનાં વચનામૃતો	૩૬૯
સ્વ. પ્રો. મ[illegible]ર	શ્રી અંબાલાલ સ. દેસાઈ	૩૮૦
સાહિત્ય સત્કાર		૪૦૦

વાર્તા

સંતોષી નર સદા સુખી		૩૭૪
ઊંટ વૈદુ	શ્રી હરિલાલ પ્રભુલાલ ભમ્મા	૩૮૮
પંખીની સ્વતંત્રતા		૩૯૨
ભેંસ અને ઉંદર	રણછોડજી ક. શાહ	૩૯૫
બાપાનો ધોકો		૨૯૫
શું થઈ ગયો !	સૌ. બ્હેન લલિતા	૩૯૬
ચાલો આપણે ચોરે	કુસુમ તરુ	૩૯૭
મહેમાનની [illegible]	ર. છ. શાહ	૩૯૯
મહેનતનો મહિમા	સુદર્શન	૩૯૮

પ્રકીર્ણ

આભાર[illegible]		૩૮૪
ઇનામમાળા		૪૦૩
નિવેદન...		૪૦૫



આ માસ વારલીઆ—બાળકોને પસંદ પડે તેવું મીઠું ગીત.

દાયણના ફુલ—સચિત્ર સરસ કવિતા

ઇસ્લામી ઝેરાની ગીતઃ—બાળકોના માનીતા લેખક શ્રી. કરીમ મહમદ માસ્તરે તૈયાર કરેલ મુસ્લીમ બાળકોને માટેનું એક સરસ ગીત સુંદર રંગીન ચિત્રો સાથે.

પંડિત ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર—એ નામાંકિત પુરુષનો ફોટો બાળજીવનમાં આવી ગયો છે અને એનું જીવનચરિત્ર આપવા બાળકોને વચન આપેલું તે મહાપુરુષની જીવનકથા તમારી આગળ રજુ થાય છે.

શ્રીયુત ભરટાટાભાઇનું જીવનચરિત્ર—સચવાળ ચિત્રોસાથે આપણા રોજના ખાવામાં વપરાતા આપણા માનીતા ભરાયા સંબંધી જાણવા જેવી હકીકત

ક્લોરોફોર્મ—એ અજબ વસ્તુ છે જે સુંઘવાથી બેભાન માલુમ બેભાન થાય છે બાળકોને માટે અતિ અગત્યનો લેખ.

બેરી પરેજીપ—બાળકોના માનીતા લેખક શ્રી ... આ અંકમાં એક બેરી પરોણાની કથા રજુ કરે છે

બે મૂર્ખાઓની વાતો.—પેટ પકડીને હસાવે તેવી રમુજી વાતો.

મોવાળીઆની માનતા.—ભયંકરમાતાની માનતાને એવું માન મળ્યું તેવું જ માન આ વાર્તાને મળશે

મરઘીની એક દાળ.—બનાવટી ટોપીવાળી બનાવતી એક મીઠી ટુંકી વાર્તા.

વાઘ—વાઘ વિષે બાળકોને અતિ અગત્યની માહિતી આ લેખમાં આપવામાં આવી છે

તે ઉપરાંત વિનોદની વાતો, નાની નાની વાતો, ઇનામમાળા, નિવેદન અને બીજા ઉપયોગી લેખો અને ચિત્રો.

આ માસિક શા. મોતીલાલ અમથારામ ઠાકરે રાવપુરા, વડોદરામાં, શ્રી લુહાણામિત્ર છાપખાનામાં છાપ્યું અને રમણલાલ નાનાલાલ શાહે, બાળજીવન કાર્યાલય, ભાલચંદ્ર પોળ, વડોદરામાંથી પ્રકટ કર્યું તા. ૧-૭-૧૯૨૫.



અમારા સુંદર


ઈહાગી રીફ્લેક્ષ કેમેરા

વતી એક બાળક પણ

સુંદર ફોટોગ્રાફ પાડી શકે છે.

બાલકોને બક્ષિસ

આપવા લાયક ચીજ છે !



ડેવલપીંગ, પ્રીન્ટીંગ,—
—એન્લાર્જીંગ—
વિગેરે
મનોહારક રીતે
કરી આપીશું

કિંમત રૂા ૧૯, ૨૧, ૩૨, ૩૭, ૪૮ અને ૫૮


—:સર્વ જાતનો ફોટોગ્રાફીને લગતો સામાન વેચનાર:—

કોન્ટીનેન્ટલ ફોટો સ્ટોર્સ


૨૫૧, હોર્નબી રોડ, મુંબાઇ

☞ પત્રવ્યવહાર ગુજરાતી ભાષામાં પણ થઇ શકશે. ☜

મુંબઈનાં પરાંનાં બે દેખાવો




અંધેરીની ગુફાનજીકનું એક સુંદર તળાવ



વસઈનો કિલ્લો

Photos [illegible] Vak



સપ્ટેમ્બર ૧૯૨૫] ભાદરવો [પતેટી અંક] ૧૯૮૧ [વર્ષ ૫ અંક ૧૧

પારસી બાળકોને

વ્હાલા બાળકો,

અમારા મુખ્ય ચાલુ વર્ષનો આ અંક તમારા પતેટીના તહેવારપર તમને આનંદ આપવા પતેટી અંક તરીકે કાઢ્યો છે તમને ગમે તેવી જાતની વાતો, કવિતા ચિત્રો ને બીજા લેખો અંદર એકઠા કર્યા છે પારસીઓની અસલની જન્મભૂમિ ઇરાન દેશની એક કરુણ રસિક કથા—સોહરાબ ને રુસ્તમની વાર્તા—આ અંકમાં સચિત્ર આપી છે તે તરફ તમારું લક્ષ ખેંચવામાં આવે છે

આ અંક તમને ગમે છે કે ? તમે તેમાંનાં ચિત્રો, વાતો, વિગેરેથી ખુશી થયાં છો કે ? તો તમે એક કામ કરશો ? તમને ઘણા દોસ્તો કે બ્હેનપણીઓ હશે. જે ગમ્મત તમે 'બાલજીવન' મારફત માત્ર મહિને ચાર આનામાં મેળવો છો તે તમારા દોસ્તો કે સહીયરો મેળવે એ તમને ગમે કે ? વળી એથી 'બાલજીવન' ને પણ લાભ થાય. તમારી મહેરબાની ને મદદની તો તેને હમેશાંની જરૂર છે જ તો તમારું મનતું કરી આજને રૂડે દિને તેમને ગ્રાહક થવા આગ્રહ કરજો.

તમો વ્હાલાંઓનો આ તહેવાર ખુશી આનંદમાં પસાર થાય અને તમારું નવું વર્ષ આનંદી ને આબાદીભર્યું નિવડે એવી અંતઃકરણની દુવા છે

તંત્રી—બાલજીવન

નહી. કેમકે એ તો સારા લાકડાનો કટકો છે " પણ પેલી સ્ત્રી
ઘણા જ કાલાવાલાથી કહ્યુ. "એટલો લાકડાનો કટકો જો તમો આપ
તો ગરીબ માણસોને બળતણના સ્થળે બાળવા ને તાપણ કર
કામ લાગશે ને તે તમને ઘણી દુઆ દેશે. "

ડોનાલ્ડે તેણીના પ્રતિ કરડી દ્રષ્ટીથી જોયુ અને મનમ
લ્ધુ ધાર્યું કે તેણીના હાથમાથી આ ટુકડો પણ લેઇ લે.
કટાળી જઇ બોલ્યો, " ચાલ વારૂ આ લઇને જલદી
" ડોનાલ્ડની જીદગીમા આ પહેલી જ બક્ષિસ હતી।
નામે ી સ્ત્રી તે લાકડાનો કકડો લઇ જતી રહી. પરતુ
તો, ઘણોજ બ્હીન્યો. તેણે ગભરાયેલા ચહેરે બારણ
ગ ણુંપ્યુ તેમ જ અકળાયેલો પોતાના બીછાના ઉપર
કુલ અને નવાઇ આ હતી કે જ્યારે પણ તે પેલી સ્ત્રીને
તામાનસ્તો ત્યારે વારવાર બોલતો કે ખરેખર તે
જય ાના બાનુ ઉદ્ધાર થવું એ ઘણી સારી વાત છે પણ
જય જય વતા ને ાની અદેખાઇ કરે તેમ મારી પણ કરે।
નિશા એક મહીનો પસાર થઇ ગયો અને એક
કુલડા ી પાસેદ અવાજ તેના કાને સભળાયો. ડો
સમય થરાલત સતાડી દીધી
જય જય બરી બારતા હુ છુ જરા બારણુ ઉઘાડીને મને
જય જય વ્લાકડાનુ
જય જય વકળ રૂપીઆ,ટ્યો, " વળી હુ શા માટે અહી મ
પીઆ ગ્રીબ ગરીબને આપી શકે ? "
કુલના સુધી બહાર કાઢ્યુ તુરત પેલી સ્ત્રી અદર દાખલ
ો રાત જ્ય. અને આજે તમે શુ આપશો ? "
જય જય વાદ લામા તેણે પોતાની આસપાસ અને ઉપર નીચે
જય જય વાદ, માસ
જય જય વાદ વા એક ખુરદેલા દોરડાનો કટકો તે સ્ત્રીના હા
રેશમ ઉપ્ડાનો કટકો ઘણો શોભે નેસા
દઉ છુ " એક પણ શબ્દ વધુ બો
ી જા

તે પછી ડોનાલ્ડ ઉંઘી ગયો અને તેને સ્વપ્ન આવ્યું કે તેણે સારી સખાવત કરી હતી. કોઇ વેળા તે એકલો જ પોતાના સાથ બબડતો કે, "લોકો કહે છે તેમ હું કઇ એટલો બધો કંજુસ [.] કેમકે હું હમેશ ગરિબ માણસોને માટે દોરડા ને લાકડાનાં [.] ઉદાર દિલથી આપી દઉં છું !"

એક દિવસે એવો બનાવ બન્યો કે કંજુસ ડોનાલ્ડ ઘ- જ માંદો પડયો અને બિછાના પરથી તેનાથી ઉઠી શકાયું નહિ. પાડોશીઓએ તેને વૈદને બોલાવવા કહેતાં પૈસા જતાં એ બીકથી તે વૈદને બોલાવવા અખાડા જ કરતો. હવે બન્યું [.] કે એક સવારે જ્યારે તે ઉંઘમાંથી જાગી ઉઠયો ત્યારે પેતી જ [.] પોતાના બીછાના આગળ ઉભેલી જોઇ તેણીએ કહ્યું, "મને પણ મદદ કર"

ડોનાલ્ડે કહ્યું, "તું જુએ છેની કે હું બિમાર છું તેથી વધારે [.] થઇ ગયો છું પણ તું કોઇ દિવસે મારા હાથે ખાલી નથી માટે જા. મારા આગલા બારણા આગળ કુંચી પડેલી છે તે લઇ ઘણી સરસ છે અને તાળાં કુંચીવાળો એના ચાર પેન્સ તને આપશે."

"ચાલ, ત્યારે હવે હું જાઉં છું" એટલું બોલી તેણી તેની [.] આગળથી ગુમ થઇ ગઇ

રાત પડી અને તે ઘર ઉંઘમા પડયો. ઉંઘમા તેણે નીચલું [.] ન જોયું

એક કાળી પણ જોરથી વહેતી નદી નજીક ડોનાલ્ડે પોતાને [.] જોયો, અને તેની નજીક તેણે એક સુંદર મકાન જોયું એક ફિરસ્તો ઉભેલો હતો. તેણે ડોનાલ્ડને કહ્યું "આ મકાન [.] એ તું જાણે છે ?"

ડોનાલ્ડે ધ્રુજતા ધ્રુજતા જવાબ આપ્યો, "નહિ"

પેલા ફિરસ્તાએ કહ્યું, "આ સ્વર્ગનો દરવાજો છે"

ડોનાલ્ડ બોલ્યો. "મને અંદર દાખલ કરશો ?"

ફિરસ્તાએ ઉત્તર દીધો, "જો તું આ નદી પસાર કરી ઉંચા [.] પર જઇ ત્યાંનો દરવાજો ઉઘાડે અને ત્યાં ઉભેલો ફિરસ્તો તને [.] દે તો જા !"

ડોનાલ્ડ, ત્યાં શી રીતે જઇ શકે તેના વિચારમાં હતો તેટલામાં પેલી જ સ્ત્રી ત્યાં જણાઇ તુરત તે, તેણીની આગળ દોડી ગયો. પેલી સ્ત્રી બોલી, "ડોનાલ્ડ, હું તને તારી બક્ષિશ પાછી આપું છું તે મને જે લાકડાનો કટકો આપ્યો હતો તે હું તને પુલ ના રૂપમાં આપું છું "

આ બોલી રહી કે નદી પર એક પુલ થઇ ગયો. કલુસ તે ઉપર થઇ સામે કિનારે જતો રહ્યો. પણ હવે પહાડ પર તે કેમ ચડે ? તેટલામાં પેલી સ્ત્રીએ એક દોરડું તે પહાડ પર ટાંગી આપ્યું અને કહ્યું, "લે આ તારૂં દોરડું પાછું લઇ લે." આ દોરડાની મદદથી ડોનાલ્ડ પેલા ભવ્ય મકાન આગળ આવી ઉભો. પણ તે મકાન તો બંધ હતું અને તેથી તે નિરાશ થઇ બોલ્યો, "ઓ પ્રભુ ! આ દરવાજો તો બંધ છે! હું અંદર શી રીતે પ્રવેશ થઇ શકું ?" તેવામાં પેલી જ સ્ત્રી પાછી આવી અને કહ્યું, "ડોનાલ્ડ! તું ગભરાતો નહિ લે, આ તારી કુંચી હું તને પાછી આપી દઉં છું" અને તે કુંચીવતી તેણે તે ભવ્ય મકાન ઉઘાડ્યું પરંતુ ફિરસ્તાએ તેને અંદર પેસવા દીધો નહીને કહ્યું કે, "હજી તે તારી સખાવત તનો સારો ઉપયોગ કર્યો નથી. માટે તારાથી અંદર અવાશે નહી."

ઉપલું સ્વપ્ન જોયા પછી તેની આંખો ઉઘડી ગઇ તેણે પ્રભુ ની પ્રાર્થના કરી કે, જો મારી આ માંદગીમાંથી આટલી વાર ઉઠું તો મારી કરોડોની દોલતમાંથી ગરીબોને મણુ દાન કરીશ. પ્રભુ ઇચ્છાથી થોડા દિવસ પછી તે સાજો થયો અને પોતાના વચન મુજબ ગરીબ ગુરબાઓને પાળવા પોષવામાં અને દુખીઓનાં દુખ નિવારણ કરવામાં પોતાની દોલત વાપરવા લાગ્યો. થોડા દિવસ પછી તેને પેહલું જ સ્વપ્ન પાછું આવ્યું આ દરમ્યાન તેને પેલા દેવતાએ ભવ્ય મકાનમાં પ્રવેશ કરવા દીધો ને તે ખુશ ખુશ થઇ ગયો.

આ રીતે જે બાળકો દાન કરશે તેઓ ડોનાલ્ડની પેઠે સ્વર્ગ માં જશે. પ્રત્યેક બાળકે પોતાનાં બીજાં બાળક બંધુઓને તંગીના સમયે ઉદાર દિલથી મદદ આપવી જોઇએ.



સોરાબ અને રૂસ્તમ





સોરાબ અને રૂસ્તમનો મેદાને જંગમાં પહેલો મેળાપ [illegible]

સોરાબ અને રૂસ્તમ

પ્રાચીન ઇરાનની એક માદમાર વાર્તા

લખનાર શ્રી હરિલાલ મ ભાવા,
બી. એ., એલએલ. બી

રૂસ્તમની સમગાનની શાહજાદી સાથે શાદી

શાહનામાનો 'રચનાર કવિ ફીર્દોસી જણાવે છે કે ઇ સ પૂર્વે આશરે ૬૦૦ વરસ પહેલા અરલ સરોવર અને ઇરાની અખાત વચ્ચે ઇરાન (પર્શીયા) અને તુરાન (તાર્તરી કે તુર્કસ્તાન) નામના બે મોટા રાજ્યો આવેલા હતા. તેઓની સરહદ જીહુન નદી (અમુદરીઆ) થી જુદી પડતી હતી. એ નદીનો વિશાળ પટ બન્ને રાજ્યોના અરસપરસ ઝઘડા અળસાવવાને પુરતો ન હોતો

ઇરાનના રાજ્યમા રૂસ્તમ નામે એક વીર યોદ્ધો હતો. તેણે તુરાનના શહેનશાહ અફ્રાસિયાબ સામે ઘણી વાર જીત મેળવી હતી. છેવટની મોટી ફત્તેહથી બન્ને રાજ્યો વચ્ચે થોડા સમય શ્રયા સમાધાની ચાલતી હતી. પરન્તુ ઇરાનનો શાહ કાઇકાઉસ નબળો અને ભોળો હોવાથી ઝાઝી વાર સુલેહ ટકી રહે એવો રૂસ્તમને ભરોસો નહોતો. તન તોડ મહેનતનું પરિણામ કાયમ ટકશે નહી એવા ખ્યાલથી તેને અફસોસ થતો હતા.

ઉદાસી મટાડવા રૂસ્તમ એક વેળા હમેશ કરતા વધારે દૂર શિકાર પાછળ નીકળી પડયો, અને જીહુન નદીને પેલે પાર તુરાનના જ ગલો મા દાખલ થયો એકલો જ હોવાથી તેણે શિકારના તેમ જ બચાવ વખતના ઘણો સજ્યા હતા. સાજ પડતા તે એક મોટા ઝાડ તળે આફ્રાસિયાબે તુરાનનો ઉતર્યો. પોતાના બાતવાન ઘોડા "રક્ષ" ને, તેના જીન

રૂસ્તમનો કટ્ટો વેરી છે તેથી જો તારી વાત તેના જાણવામાં આવશે તો બાપના વેર બદલ તે છોકરાનો જીવ લેશે."

આવા વહેમોને હસી કાઢીને સોરાબે બાપનું નામ દીપાવવાનો ઇરાદો જણાવ્યો. તુર્ક લોકોની ફોજ એકઠી કરીને કાઇકાઉસને પદભ્રષ્ટ કરી પોતાના બાપને ઇરાનના તખ્ત ઉપર બેસાડી બન્ને મળીને અફ્રાસીયાબને જેર કરી પિતા પુત્રને ઇરાન તથા તુરાનનું રાજ્ય સલાહ સંપથી ચલાવવાની ધારણા કહી સમજાવી. થોડી મુદતમાં જ સારૂ લશ્કર જમાવી તેની સરદારી સોરાબે લીધી. શોધ કરતા રસ્તુમના તોખમનો એક ઘોડો મળી ગયો. જ્યારે લશ્કરી પોશાક પહેરીને એના પર તે સ્વાર થતો ત્યારે સોરાબને લાગતું કે બસ, આવા ઘોડા પર પલાણ માંડ્યા પછી હું બેધડક દુશ્મનોને હરાવી શકીશ. કાઇકાઉસ હવે ઇરાનની ગાદીપર થોડો વખત જ રહેશે"

જંગે–ઇરાન

લોકોને સોરાબની તરફદારી કરતા જોઇને સમગાનના *શાહે તેની હિલચાલને ટેકો આપ્યો. સોરાબ રૂસ્તમનો બેટો થાય છે એ હકીકત ધીમે ધીમે અફ્રાસિયાબના કાન પર આવી હતી. રૂસ્તમ સાથે બાથ ભીડી શકે એવો કોઇપણ મર્દ હોય તો તે ફક્ત સોરાબ હતો અને દ્વંદ્વ યુદ્ધમાં તેને હાથે રૂસ્તમ માર્યો જાય તો રાજનો મોટો શત્રુ નાશ પામે એમ હતું આવી આશાથી અફ્રાસીયાબે 'માન અને બર્માનની સરદારી હેઠળ બાર હજાર ચુનંદા સીપાઇઓ રાબની મદદે મોકલ્યા, તેમ જ કીમતી ચીજો લાદેલા દશ ઉંટ, દશ ઘોડા, તથા જવાહીર મઢેલું તખ્ત બક્ષીસ કર્યાં. પોતાનો મનસુબો પાર પાડવામાં સોરાબ અને રૂસ્તમ એક બીજાને ન ઓળખે એ જરૂરનું હોવાથી અફ્રાસીયાબે પેલા સરદારોને એ બાબતની તાકીદ આપી હતી.

સુંદરીના છટકામાં સોરાબ

હોડીના પુલવતી જીહુન નદી ઉતરીને સોરાબ તમામ લશ્કર સાથે ઇરાનમાં પેઠો. માર્ગમાં પહેલો કિલ્લો આવ્યો તે સફેદ કિલ્લાતરીકે

* શાહ એટલે રાજા અને શહેનશાહ એટલે રાજાઓનો રાજા.

ઓળખાતો હતો. તેના મગરૂર સુબા હુજીરને સોરાબે દ્વંદ્વ યુદ્ધમાં હરા-
વીને તેના ઠાલાવાલાપરથી મારી ન નાખતા જીવતો કેદ પકડયો. હુજીર
પકડાયા પછી ગુર્દઅફ્રીદ નામની એક ખુબસુરત છોકરીએ લશકરી પો-
શાકમા કિલ્લામાથી નીકળી આવીને સોરાબ સાથે દ્વંદ્વ યુદ્ધની માગણી
કરી. ઝપાઝપીમાં સોરાબના શસ્ત્રથી માથાનો ટોપ ઉડી જતા તેના
કાળા લાબા વાળ ખભાપર છવાઇ ગયા અને સ્ત્રી જાતિ ઓળખાઇ ગઇ.
સોરાબે તેનુ કાંડુ પકડીને કહ્યુ, "પરીચહેર હવે તુ ક્યા જશે? મર્દોની
સાથે તુ લડવા શા માટે આવી? હવે તો તારે કેદી તરીકે મારી છાવ-
ણીમા આવવુ પડશે." ગુર્દ બોલી, "એક ઓરતને હરાવીને શુ
મલકાય છે? ખરો લાભ જોઇતો હોય તો ચાલ મારી સાથે કિલ્લામા.
હુજીર પકડાયા પછી મારો બુઢ્ઢો બાપ ગુસ્તહમ તેનો બચાવ કરે છે
જો હુ સલામતુ કરીશ તો તે આખો કિલ્લો તારે હવાલે કરી દેશે.
ફતેહ મેળવનારને બીજુ શુ જોઇએ ?"

તેના હાવભાવ અને નખરાથી ભોળવાઇને સોરાબ તેની
સાથે ગયો. ગુર્દઅફ્રીદે થોડો જરા આગળ કરીને કિલ્લામા જઈ દર-
વાજો બંધ કરાવી દીધો અને દિવાલની ટોચ પર ચઢીને સોરાબનો
હુરીઓ કર્યો ! ઠગાઇ ને નાસીપાસીથી ગુસ્સે થઇને સોરાબે કિલ્લો
સર કરવાના કસમ ખાધા. ગુર્દ અફ્રીદના પિતાએ શાહ કાઇકાઉસ
ઉપર બનેલી બીનાનો સંદેશો મોકલ્યો અને પોતે રાતોરાત તમામ
માણસો સાથે છુપે દરવાજેથી કિલ્લો ખાલી કરી ગયો. પ્રહો ફાટતાં
દરવાજા તોડાવી સોરાબ અંદર ઘુસ્યો તો કિલ્લો તદ્દન ઉજ્જડ હતો.
ગુર્દનો પત્તો નહી મળવાથી તે ઘણો નાઉમેદ થઇ ગયો. અફ્રાસિયાબ
વાળી ફોજનો સરદાર હુમાન તેની સ્થિતિ પામી જઇ બોલ્યો,
કોઇપણ જવા મર્દ બે ઘડીની ગમ્મત સિવાય ઓરતોમાં લોભાતો
નથી. નામીચી કારકિર્દીને બદલે શું તુ શરમાવનારા હવસને ચાહે છે?
તુ અમારો આગેવાન થઇને આમ કરશે તો કેમ ચાલશે? જ્યારે ઇરા-
નનુ રાજ્ય તારૂ થશે ત્યારે એવી તો મોજ મજા ઘણીએ મળી આવશે.

આવા વચનોથી સોરાબનો જીવ ઠેકાણે આવ્યો.

રૂસ્તમની તૈયારી

સફેદ કિલ્લો પડયાના ખબર મળતા કાઇકાઉસે રૂસ્તમને તેના વતન ઝાબુલથી તેડાવ્યો. રૂસ્તમે હાજર થવામા ત્રણચાર રોજની ઢીલ કરી. તેથી શાહે ગુસ્સે થઇને તેને ગરદન મારવાનો હુકમ કર્યો! એ ફરમાન બજાવવાની કોઇની હિમ્મત ચાલી નહી આજ સુધીમાં પોતે ઇરાનના રાજ્ય માટે જેહમ[illegible] [illegible]ઠાવી તેનું બ્યાન કરીને રૂસ્તમે કેકાઉસને ફિટકાર આપ્યો અને [illegible] [illegible]ઠી જવા તૈયારી કરી. પણ એવામા ગુદર્ઝ નામના એક [illegible] [illegible] એ શાહ તથા રૂસ્તમને સમજાવીને ટાઢા પાડયા. તે રોજ [illegible] [illegible]ફત ઉઠી અને બીજે દિવસે તમામ ફોજ રૂસ્તમની સરદારી તળ[illegible] [illegible]ામા આવી

હજી સુધી સોરાબે સરહદને [illegible] [illegible]ની છોડયો ન હતો, સાજને વખતે હુમાનની સાથે બુરજ ઉ[illegible] [illegible]ડીને સોરાબ ચોમેર જોતો હતો, એવામા ઇરાનીઓની ફોજ ન[illegible] આવતી દેખાઈ પાયદળ સ્વાર અને હાથીની કાગબદી જોઇને તમામ થડકી ગયા. પણ સોરાબ નિડર રહ્યો. કિલ્લામા ગોંધાઇ રહેવાને બદલે તેણે બહાર નીકળી પડીને દિવાલની તળેટીમા પડાવ નાખ્યો. છાવણીના મધ્ય ભાગમા શહેનશાહી તબુ ઠોકીને તેમા અકીકાસિયાબવાળુ તખ્ત ગોઠવ્યુ જ્યારે પધ્ધતસર કામ કરવાનુ હોય ત્યારે સોરાબ એ તખ્ત ઉપર બેસીને રાજ્યપદ ધારણ કરતો હતો. ઇરાની ફોજે, ત્યાથી કેટલેક દૂર મુકામ કર્યો. આખી રાત બન્ને બાજુ લડાઇની તૈયારી કરવામા પસાર થઇ

બાપ-દિકરો મેદાને જ ગમા

સવાર પડતા જ સોરાબે શાહ કાઉસના તબુ તરફ પોતાનો ઘોડો ચલાવ્યો. તે દિવસે રૂસ્તમનો વિચાર લડાઇમા ઉતરવાનો ન હતો અને ત્યાર પછી પણ એ જમાનાની રસમ મુજબ છુપે નામે લડવાનો તેનો ઇરાદો હતો કે કદાચ હાર થાય તો પોતાના નામને બટ્ટો લાગે નહિ. સોરાબ દુશ્મનોને શેહ ખવડાવતો શાહના તબુ સુધી પહોચી ગયો અને પોકાર કરી કાઉસને હાથો હાથની લડાઇમા ઉતરવા બોલાવ્યો. જવાબ નહિ મળવાથી તેને નામર્દ ધિક્કારી

વગેરે કહીને તબુના દોરડા તરફ સોરાબે એવા જોરથી ભાલો ફેંકયો કે કેટલીક મેખો ઉખડી જવાથી તબુનો કેટલોક ભાગ ઉઘાડો થઇ ગયો.

શાહે ગભરાઇને રૂસ્તમને તેડાવ્યો. શાહની નામર્દાઇ પર લ્યાનત વરસાવતો રૂસ્તમ ઝટપટ બખતર સજી રક્ષ પર સ્વાર થઇ આવી પહોંચ્યો. સોરાબે ખાસ કારણસર [illegible] એક બાજુ આવવા ઈશારત કરી.

આજ પહેલી જ વાર [illegible] કરી. એકબીજાને ઓળખ્યા વિના સામસામા આવ્યા. રૂસ્તમે [illegible] સામાવાળા તરફ એકી ટસે જોઇ રહ્યા બાદ જણાવ્યુ "ખુબ [illegible] જોન. તને મારી નાખવા મારૂ દિલ કહેતું નથી. તુ હજુ બચ્ચુ [illegible] હું લડી લડીને ઘરડો થઇ ચુકયો છું આજ સુધીમા કોઇ મને [illegible] શકયુ નથી. માટે મારૂં કહ્યું માનીને તુ બીજી જગોએ તારુ [illegible] અજમાવ."

આવા માયાળુ શબ્દોથી [illegible] ગળગળો થઇ ગયો. તેણે કહ્યું, "મને એક જ સવાલ પૂછવા દે. મુલ્કમશહુર નીરમના વંશનો મહાન રૂસ્તમ શુ તુ જ છે ?"

રૂસ્તમ બનાવટી નામથી લડવાનો હોવાથી બોલ્યો, "હું રૂસ્તમ નથી તેમ નીરમના વંશનો પણ નથી, મારે રાજ્ય નથી તેમ ઉચું કુળ પણ નથી."

જે હેતુથી રૂસ્તમને બાજુએ બોલાવ્યો હતો તે ફોકટ જવાથી સોરાબની સઘળી આશાઓ નાશ પામી જો તેણે પોતાને રૂસ્તમનો દિકરો જણાવીને સાબીતીમા પેલી મહોર દેખાડી હોત તો બાપ દિકરાનો મેળાપ કેવો ખુશકારક થાત ! પણ રૂસ્તમનો ચોકખોચટ જવાબ સાંભળીને એણે વધારે પૂછવાનુ માંડી વાળ્યું. કિસ્મતની ગતિ ઉલટી હતી.

પછી બાપ-દિકરા વચ્ચે જબ્બર લડાઇ જામી પ્રથમ ભાલાથી બન્ને વીરો લડયા. ભાલા ભાંગી જવાથી તલવારો હાથ ધરી. આખરે ગદાઓ લીધી. લડાઇ એવી જોરસોર ચાલતી હતી કે તેઓના બખ્તરો ચુરેચુરા થઇ ગયા; ઘોડાઓ થાકીને લોથ થઇ ગયા.

લોહી અને પરસેવાથી બન્ને વીરો લદબદ થઇ ગયા, અને જરા શ્વાસ ખાવા થોભ્યા.

જરા વાર રહીને બન્નેએ તીરકામઠાં લીધાં એક બીજાના આ ચાલાકીથી ઢાલ પર ઝીલાતા હોઇને કોઇની હારજીત થઈ નહી. આખરે તેઓએ એક બીજાને કમરબંધ પકડીને ઘોડા ઉપરથી ઉથલાવી નાખવાનો દાવપેચ રમવા માંડયો. કુસ્તી એવી સખત ચાલી કે બન્ને જણ ફરીને થાક ખાવા થોભ્યા. પછી સોરાબે પોતાની વજનદાર ગદા ઉંચકીને રૂસ્તમના માથા પર ઓચી તો એવો જોરથી ફટકો લગાવ્યો કે ઘણી વાર સુધી તેને કળ વળી નહી. રાત પડવા આવેલી હોવાથી બીજે દહાડે મલ્લકુસ્તી ખેલવાનું નક્કી થયુ

ખુનખાર લડાઇનો બીજો દિવસ

રાતે ખાણુ ખાતી વેળા સોરાબે હુમાનને કહ્યુ, "જે યોધ્ધાની સાથે હુ આજે લડયો તેનાં બળ અને છટા રુસ્તમના જેવા જ લાગે છે કદાચ મારે હાથે માર્યો ગયા પછી તે મારો બાપ ઠરે એવું ખુદા ન કરે!" હુમાન પોતાનો પાઠ અફ્રાસિયાબ પાસેથી ભણ્યો હતો. તેણે જણાવ્યુ, "મે રુસ્તમને ઘણી વાર દીઠેલો છે તેથી કહી શકુ છુ કે એ યોદ્ધો ઘણે તેવો રુસ્તમને મળતો આવે તો પણ એ રુસ્તમ તો નથી જ"

બીજે દહાડે મેદાનમા ભેટો થતાં સોરાબનુ દિલ ફરીથી પીગળ્યુ તે બોલ્યો, "ગઇગુજરી ભુલી જઇને ચાલ આપણે લડવુ બંધ કરીએ. કોઇ છુપી સત્તા મને તારા પક્ષમા ખેચે છે તારૂં નામ છુપાવ નહિ તારા જેવા બહાદુરનું નામ જગજાહેર હોવુ જ જોઇએ. માટે કહે, શુ રૂસ્તમ છે? યા ખુદા! હુ તારો દોસ્ત થવા માગુ છુ"

ગઇ કાલના ઘાથી રૂસ્તમ હજુ સુધી મ્હો ચ ચવાળતો હતો. તેથી તેણે પોતાનું ખરૂં નામ બતાવ્યુ નહિ તેહમીનાએ બેટી અવતર્યાના ખબર આપેલા હોવાથી એ પોતાનો બેટો હશે એવો તેને બિલકુલ ખ્યાલ આવ્યો નહિ.

બાપની ગર્દન કાપવા બેટાની તૈયારી !

મલ્લકુસ્તી શરૂ થઇ ઘણીવાર સુધી દાવપેચ ખેલાયા બાદ રૂસ્તમ જમીનપર ગબડયો. સોરાબે સિંહની માફક ગર્જના કરી તેની છાતીપર કુદીને તેનુ ગળુ કાપવા તલવાર ઉગામી.

રૂસ્તમ એકદમ બોલી ઉઠયો, " રહે રહે ! તારી તલવાર હઠાવ. તુ આ દેશનો કાયદો જાણતો નથી કે કુસ્તીમા બીજી વાર હરીફ નીચે પડે તો જ તેને મારી નાખવામા આવે છે " આવો નિયમ હતો જ નહિ તો પણ સોરાબે ભરોસો રાખીને રૂસ્તમને છુટો કર્યો. ત્રીજે દહાડે ફરી દાવ ખેલીને પરિણામ લાવવાનુ ઠર્યુ

રાત્રે હુમાને સોરાબને કહ્યુ કે કુસ્તીના કાયદાની બાબતમા તેના હરીફે તેને ઉંઠા ભણાવ્યા હતા

ત્રીજે દહાડે આખર નિકાલ માટે બન્ને યોદ્ધાઓ ભેગા થયા. સોરાબે જણાવ્યુ, " તારી સચ્ચાઇ કેટલી છે તે હુ પામી ગયો છુ હજી પણ કાઇ પેચ રમવાની તારી ધારણા છે કે શુ ! યાદ રાખ, મે એ વખત તને જતો કર્યો. પણ આ ફેરે એમ થશે નહિ "

કસાયલા યોદ્ધાએ જવાબ દીધો, " જુવાન લોકો હરથી બાદ મગરૂર અને સાહસિક હોય છે સાવધાન માણસ કદિ બડાઇ હાકતો નથી. કોણ જાણે છે કે મારો હાથ તારૂં ગુમાન ઉતારશે નહિ ? "

બાપબેટાની અરસપરસ પહેલી ને છેલ્લી પીછાન

અગાઉની માફક તેઓ બથબથા આવ્યા, અને આ વખત રૂસ્તમની ફતેહ થઇ તેણે સોરાબને પટકી પાડયો, પણ કદાચ તે છટકીને પાછો ઉભો થઇ જશે એવી ધાસ્તીથી પોતાની કટાર તેના પાસળામા ભોંકી દીધી હવે થઇ ચુકયુ એમ જાણીને સોરાબ બોલી ઉઠયો, " અફસોસ ! હુ મારા બાપની શોધમાં અહીં આવ્યો પણ તેનો મેળાપ થવાને બદલે મારો જીવ ગુમાવુ છુ ! જો મારો બાપ જાણે તો આનો બદલો લીધા વિના રહે નહિ ! "

ઇરાનના યોદ્ધાએ પૂછયુ, " તારા બાપનુ નામ શુ છે ? "

મોતને કિનારે પહોચેલો સોરાબ બોલ્યો, " મારો બાપ રૂસ્તમ છે, અને મારી મા સમગાનની શાહજાદી તેહમીના છે ! "

આ સાંભળતા જ રૂસ્તમનું લોહી ઉડી ગયું, "કમનસીબ જવાન ! તારી પાસે એ વાતની કંઈ સાબિતી છે કે ખાલી મને પજવવા ખાતર એમ બોલે છે? જાણ કે હું પોતે જ રૂસ્તમ છું !"

સોહરાબ બોલ્યો, "હાય ! મારૂં દિલ પહેલેથી જ કહેતું હતું કે તું મારો બાપ છે ! મેં ફરીફરીને તારી ઓળખાણ માગી તો પણ તને સામી લાગણી થઈ નહિ ! હવે જો સાબિતી જોઈતી હોય તો મારૂં બખ્તર ખસેડીને મારે હાથે તારી મહોર બાંધેલી છે તે જો. મને અગાઉથી જ કેમ કહ્યું નહિ કે હું રૂસ્તમ છું ?"


બાપનો સંતાપ

નામવાળી વીંટી જોતાં જ રૂસ્તમ દુઃખી થઈને પસ્તાવો કરવા લાગ્યો. હવે શું વળે ! એવામાં તેને યાદ આવ્યું કે કાઈકાઉસ પાસે ગમે એવો જખમ રૂઝાય એવો મલમ હતો. એ મલમ લાવવા તેણે હજુરીઆ સુદર્જને મોકલ્યો. કાઉસ પોતાને થયેલું અપમાન ભુલી ગયો નહોતો. તેથી તેણે મલમ આપવાની ચોખ્ખી ના પાડી. આ ઉપરથી રૂસ્તમ પોતે મલમ માગવા ચાલ્યો, પણ હજી થોડેક ગયો એટલામાં સોહરાબ ગુજર્યાના ખબર ફરી વળ્યા.

તુરાનીઓનો સરદાર મરાયાથી લડાઈ આપોઆપ બંધ પડી. સોહરાબની લાશ રૂસ્તમના રહેઠાણ ઝાબુલિસ્તાનમાં માન સાથે દફનાવવામાં આવી. જ્યારે આ ખબર સમંગાન પહોંચ્યા ત્યારે શોકથી તેહમીનાનો પ્રાણ પરલોકમાં ચાલ્યો ગયો.

---

૧ ઈરાનના આ મહારાજાનો અંત ઈ. સ. પૂર્વે ૩૩૩માં આવ્યો. મહાન સીકંદરે ઈરાનના શાહ દારાયસને હરાવી ઈરાન જીતી લીધું. તેના પછી પાર્થીયન વંશના રાજાઓના અમલમાં ઈરાને આણું [illegible] પછી આરબોએ ઈરાન જીતી લીધું અને ઈરાનમાં મુસલમાની ધર્મ ફેલાયો. કેટલાક ધર્મચુસ્ત ઈરાનીઓ ધર્માંધ મુસલમાનોના ત્રાસથી કંટાળી પોતાનો પવિત્ર આતશ લઈ હિંદની ભૂમિમાં સંજાણ આગળ આવ્યા. ત્યાં ઉદાર મનવાળા હિંદુઓએ તેમને આવકાર આપ્યો. હાલ પણ ઈરાન મુસલમાનોના હાથમાં છે ને તેમનો રાજા 'શાહ' કહેવાય છે. ઈરાન આજે બીજા સુધરેલાં રાજ્યો કરતાં પણ જ પછાત છે. ઈરાનની વિશેષ હકીકત હવે પછી.



તાજો રોજગાર

એક રાજા હતો તે એક વાર દરબારમા પોતાના દિવાનને કહેવા લાગ્યો કે આજ તો મે વેગણનુ શાક ખાધુ તેથી મારા પેટમાં સખત શૂળ ભોકાય છે

તેનો પ્રધાન ખુશામતીયો ને ચાપલો હતો. તે બોલ્યો,–મહારાજ ! ખરી વાત છે એ નાપાક, કમ્બખ્ત, નાલાયક વેંગણની જાત જ એવી છે ! જુઓને મહારાજ, બીજા કોઇ પણ શાકને એ શાક જેવા કાંટા કદી હોય છે કે ? વેંગણના જ ડીંટાને કાંટા હોય છે

ઉપરની વાતને થોડા દિવસ વહી ગયા. એક દિવસ રાજા પ્રધાનને કહે,–પ્રધાનજી ! આજે મે વેગણનું શાક ખાધેલું એવુ સરસ બનેલુ અને તેમા એવો તો અમૃત જેવો સવાદ આવે કે, બસ, વાત નહિ કરવાની

પ્રધાન બોલ્યો,–બરાબર છે મહારાજ વેગણનુ શાક જ એવુ ખુબીદાર છે એના જેવુ સ્વાદિષ્ટ શાક બીજે છે જ ક્યા ? આપ પૃથ્વીપરના મહારાજ અને વેગણ શાકનો મહારાજ ! મહારાજ ! આપને માથે પણ તાજ છે અને વેંગણને માથે પણ ડીંટા રૂપી તાજ છે !

રાજા કહે—પણ દિવાનજી ! તે દિવસે મે વેંગણને ખુબ વખોડયા ત્યારે તો તમે વેંગણની બહુ વખોવણી કરી હતી. આજે આમ કેમ ?

નીચ અધમ પ્રધાને જવાબ આપ્યો—ખુદાવિંદ ! હુ આપનો નોકર છુ કાઇ વેંગણનો નોકર છુ ? મારે તો આપ કહો તેમ કરવાનુ ને આપની હામાં હા ભણવાની !

—છુમંતર

જાદુગરના જાદુ


એક જાદુગર હતો. તેને જાદુના ને છુમંતરના ખેલો બહુ સરસ આવડે. એક વાર તેણે દૂરથી એક હાથીને આવતો દીઠો. તે સમજ્યો કે આ હાથી પર મારો જાદુ ચલાવું ત્યારે જ મારૂં નામ જાદુગર ને ત્યારે જ હું પ્રોફેસર આસ્વારો કે ઝીમનનો પીતરાઈ ગણાઉં (જુઓ ચિત્ર ૧)

તેણે તો મંતરમંતર કરવા માંડ્યા ને હાથીની આંખમાં ઘેન ભરાવા માંડ્યું (જુઓ ચિત્ર ૨) હાથી ઉંઘવાની પેતરણ કરવા લાગ્યો ને જાદુગર જોરથી મંતર મારવા લાગ્યો.

પણ બાપરે ! આ શું થયું ? હાથીને ઉભાઉભા એવી ઉંઘ આવી કે અવળું પાસું ફેરવીને તે ધબ્બ દઈ ને જાદુગર ઉપર જ બેસી ગયો ! ગરીબ બિચારો જાદુગર ! હાથીના પગ તળે દબાઇ ગયો. તેને તો હાથના કર્યાં હૈયે વાગ્યાં (જુઓ ચિત્ર ૩)

છુમંતર !





ઇરાની શાહજાદો

વર્ષ ૧ લી રચયિતા છ. શાહ, બી એ



રાન દેશમા નવરોજ નામનો તહેવાર બહુ ઠાઠથી ઉજવાય છે તે દિવસે દેશપરદેશથી કારીગર લોકો ત્યા આવી પોતાની કારીગીરીની ચીજોનુ એક મોટુ પ્રદર્શન ત્યા ભરી દે છે આવા એક તહેવારના દિવસે ઇરાનનો બાદશાહ શાપુર પોતાનો દરબાર ભરીને બેઠો હતો. તે કળા કૌશલ્યનો ઘણો જ શોખીન હતો અનેક કારીગર લોકોની કારીગીરી જોઇને તેમને ઇનામો અપાયા. તે પછી છેવટે ત્રણ બુદ્ધિશાળી કારીગરો ત્યા દાખલ થયા. પ્રથમ એક હિંદી કારીગરે આગળ આવી એક સુંદર હીરામાણેકથી જડેલુ સોનાનું પૂતળુ રાજાને નજર કર્યું આ પુતળાના હાથમા એક સોનાનુ રણશીંગડું હતું તેણે રાજાને જણાવ્યુ કે મહારાજ, આ પૂતળામા એવો ગુણ છે કે જો તમે તે તમારા નગરના દરવાજે ઉભુ રાખો તો દુશ્મનોને આવતા અટકાવે, રણશીંગડુ વગાડી તમોને ખબર આપે અને શત્રુઓના પ્રાણ લે.

ચમત્કારી ઘોડો

પછી સુનાની કારીગરે આગળ આવી આદીની રકાબીમા જડેલો સોનાના ચોવીસ બાદલાવાળો એક મોર ભેટ ધર્યો. તેણે જણાવ્યું કે, આ મોરમા એવી ખૂબી છે કે દરેક કલાકે તેનો એક બાદલો વારાફરતી ખરશે; તેમાથી એક નાનો મોર નીકળી પાંખો ફફડાવશે અને કલાક થયો એમ દેખાડશે. વળી દરેક બાદશાતે આ મોર મ્હો ખોલશે એટલે તેના મ્હોમા બીજનો ચંદ્ર દેખાશે. ત્યાર પછી ત્રીજો ઇરાન દેશનો કારીગર આગળ આવ્યો અને એક સુંદર સાજવાળો બનાવટી ઘોડો રાજા આગળ ધર્યો.

શાહજાદો પસાર !

ઘોડાના ગુણના વખાણ કરતા તે બોલ્યો કે, આ ઘોડાપર સ્વારી કર્યાથી જ્યા જવુ હોય ત્યા જઇ શકાય છે અને શત્રુઓને હઠાવી શકાય છે બાદશાહને ઘોડાની પરીક્ષા કરવાની ઇચ્છા થઇ તેણે કારીગરને ફરમાવ્યુ કે અહીંથી પાચ ગાઉ દૂર એક પર્વત છે ત્યા આ ઘોડા પર બેસીને જા અને નિશાની તરીકે ત્યા ઉગેલા તાડના ઝાડની એક ડાખળી લેતો આવજે આખ મીંચીને ઉઘાડતા પહેલા તો કારીગર ઘોડાપર સ્વાર થઇ તની ડોક આગળની એક કળ દબાવી ઉડયો ફક્ત ૫ કે ૨ મીનીટમા બતાવેલા સ્થળે જઇ તે નિશાની સાથે પાછો ફર્યો. બાદશાહ અને સઘળા આશ્ચર્યમા ગરકાવ બની ગયા. કારીગરને ઘોડાનુ મૂલ્ય પુછતા તેણે જણાવ્યુ કે આ ઘોડો બનાવતાં મે મારી એકની એક દીકરીનો ભોગ આપ્યો છે તો તેના બદલામા આપ નામદાર આપની શાહજાદીનુ મારી સાથે લગ્ન કરો એટલે બસ! આ સાભળી સઘળાને ગુસ્સો આવ્યો. શાહજાદા કમર-અલ-અકમારનો ગુસ્સો સૌથી વધારે જણાતો હતો. બાદશાહે તેને શાત પાડી પ્રથમ ઘોડાનો જાતે અનુભવ કરી જોવા કહ્યુ રાજપુત્રે ઘોડો ચલાવવાની કળ જોઇ લીધી હતી એટલે તરત જ તે ઘોડાપર સ્વાર થયો અને કળ દબાવી આકાશ માર્ગે ઉડયો. કારીગર તેને કાઇ કહેવા જાય ત્યાર પહેલાં તો તે અદ્રશ્ય થઇ ગયો. હવે તે ઘોડો પાછો કેવી રીતે ફરશે તની સઘળાને ફીકર થવા લાગી. પણ કારીગરને આવો પ્રસગ લાવવા માટે કેદ કરવામા આવ્યો.

બગાળની શાહજાદીના જનાનખાનામાં

આ તરફ રાજપુત્ર આખો દિવસ ઘોડાપર ઉડતો રહ્યો. તેને ભૂખ અને તરશ લાગ્યા હતા પણ હવે કેવી રીતે પાછા જવું તે તેને સુઝ્યું નહિ. હિમત રાખી તપાસ કરતા ઘોડાના કાન પાછળ એક બીજી કળ તેને દેખાઇ તે દબાવતા જ ધીમે ધીમે ઘોડા નીચે ઉતરવા લાગ્યો. હવે આ ઘોડા કઇ જગાએ ઉતરશે તે નકકી ન હોવાથી રાજપુત્ર નિરાશ બની ઘોડાપર પડી રહ્યો. રાત્રિ પડી ગઇ હતી. સર્વત્ર અંધકાર ફેલાઇ ગયો હતો. તે વખતે રાજપુત્રના પગને જમીનનો સ્પર્શ થયો. તરત જ તે સાવચેત થયો

અને ઘોડાપરથી નીચે ઉતર્યો. તેને માલુમ પડયું કે તે એક રાજમહેલની અગાસીમા આવ્યો છે ધીમેથી તે દાદર ઉતરી નીચે આવ્યો. ત્યા કેટલાક પહેરેગીરો ઉંઘતા હતા. બહુ જ સાવચેતીથી તે એક બીજા ઓરડામા ગયો. ત્યાં કેટલીક દાસીઓ જમીનપર આમતેમ વેરતી પડી હતી અને એક સુંદર પલગપર એક સ્વરૂપવાન રાજકુમારી સુતેલી હતી.

પરણવાનો કોલ

ગભરાયા વગર રાજપુત્ર પલગ પાસે ગયો અને તે કુમારીને યુક્તિથી જગાડી તે જાગી એટલે અતિશય નમ્રતાથી અચાનક ત્યા આવી તેને તકલીફ આપી તે બદલ તેણે ક્ષમા માગી તથા પોતાને આશ્રય આપવા માટે તેની પ્રાર્થના કરી. રાજકુમારી આવા વખતે એક સ્વરૂપવાન રાજકુંવરને પોતાના સામે જોઇ આશ્ચર્ય સાથે આનદમા મગ્ન થઇ તેણે રાજકુમારને આશ્વાસન આપ્યુ અને દાસીઓને જગાડી તેની યોગ્ય મહેમાનગીરી કરી.



બીજે દિવસે સવારે રાજકુવરીએ તેનું સઘળુ વૃત્તાત જાણી લીધું અને બન્નેએ અરસપરસ પરણવાનું વચન આપ્યુ થોડાક દિવસ પછી રાજપુત્રને તેનો બાપ સાભર્યો એટલે તેણે ત્યાંથી જવાની રજા માગી.

તોપણ થોડા દિવસ તેને રાજકન્યાએ ત્યા રાખ્યો આટલા વખત દરમીયાન આ વાત રાજકુંવરીના પિતા બંગાળ દેશના રાજા કાને પહોચી. તે જાતે તપાસ કરવા કુંવરીના મહેલમા આવ્યો અને કુંવરા જને ત્યાં જોઇ તેણે તેનો ભારે તિરસ્કાર કર્યો.રાજકુંવરે લડવાની ઇચ્છા જણાવતાં રાજાએ પોતાનું લશ્કર તૈયાર કર્યું કુમારે પોતાના કરામતી ઘોડાપર સ્વાર થઇ બધાની આખમા ધૂળ નાખી ઇરાનની દિશા પકડી.

શાહજાદીનું હરણ

ઘણા દિવસ પછી રાજપુત્ર પાછો આવવાથી ઇરાન દેશમા સર્વને આનંદ થયો. રાજાએ ફરીથી આવું સાહસ ન કરવા તેને સખ્ત તાકીદ કરી થોડા દિવસ વીત્યા બાદ રાજકુમારને બંગાળ દેશની કુમારીની યાદ આવી. કોઇને પણ ખબર ન પડે એમ પરોઢીયે ઉઠીને તે જ કરામતી ઘોડાપર સ્વાર થઇરાજકુમાર બંગાળ દેશ તરફ રવાના થયો. મધ્ય રાત્રિના સુમારે તે રાજકન્યાને મળ્યો અને તેને પોતાની સાથે આવવા સમજાવી. રાજકન્યા તો તેની વાટ જોઇને જ બેઠી હતી. બીજે દિવસે મળસકામા જ રાજપુત્ર તે રાજકન્યાને લઇને ઇરાન તરફ ચાલતો થયો શહેર બહારના બાગના મહેલમા રાજકન્યાને રાખી તેને થોડા વખતમા જ બોલાવી લેવાનુ વચન આપી કુમાર તેના પિતાને મળવા ગયો. ફરીથી કુંવરને સહીસલામત આવેલો જોઇ રાજા અને સઘળા ખુશ થયા. રાજપુત્રે પોતાની સઘળી હકીકત રાજાના આગળ નિવેદન કરી અને રાજકન્યાને માન સાથે તેડી લાવવા વિનંતિ કરી

કારીગરની કપટકળા

હવે પેલો ઘોડાનો કારીગર જે અત્યાર સુધી કેદમા હતો તેને છુટો કરવામા આવ્યો. જ્યારે તેણે સાંભળ્યું કે રાજપુત્ર તેના ઘોડાની મદદથી એક સુંદર રાજકન્યાને ઉપાડી લાવ્યો છે ત્યારે તે અદેખાઈથી બળી જવા લાગ્યો. તરત જ તે રાજકન્યાને ઉતારો આપ્યો હતો તે બાગમા ગયો અને અંદર જવાની પરવાનગી મેળવી રાજકન્યાને જણાવ્યુ કે તમને તેડી લઇ જવા માટે રાજાએ મને મોકલ્યો છે તો કૃપા કરી પધારો. કોઇને પણ આની વાતમાં

શક્ય આવી નહિ અને તે દગલબાજ કારીગર તેના ઘોડાપર રાજ-કન્યાને બેસાડી આકાશ માર્ગે ચાલતો થયો. આ વાત જ્યારે રાજપુત્રે જાણી ત્યારે તે ઘણો દીલગીર થયો. તેણે તરત જ પ્રતિજ્ઞા કરી કે રાજકન્યાને શોધી લાવ્યા શીવાય આ નગરમા હુ કદી આ-વીશ નહિ. ત્યાર પછી તે ખાનગી રીતે એક ફકીરનો પોશાક મગાવી તે પહેરી રાજકન્યાની શોધમા નીકળી પડયો.

ઓલામાંથી ચુલામાં!

આ તરફ પેલા કારીગરે કેટલાક વખત પછી એક જ ગલમા ઘોડાને ઉતાર્યો કારીગરે તેને ખાવા પીવાની વ્યવસ્થા કરી આપી અને પછી તેને પોતાની સાથે લગ્ન કરવા માટે સમજાવવા લાગ્યો બરાબર આ જ સમયે યુનાન દેશનો રાજા શિકાર કરી ઘર તરફ રવાના થતો હતો તેણે આ બન્નેની રકઝક થતી જોઇ તે તેમની પાસે આવ્યો. ખરી હકીકત જાણી લીધા બાદ તે વિશ્વાસઘાતી કારીગરને ત્યા જ મારી નાખવામા આવ્યો. ત્યાર પછી યુનાનનો રાજા તે કન્યા તથા ઘોડાને સાથે લઇને પોતાના મહેલમા આવ્યો. રાજકન્યા અત્યારે એક સકટમાથી છુટી હતી પણ બીજુ સકટ તેને માટે તૈયાર જ હતુ રાજધાનીમા આવ્યા પછી બીજે જ દિવસે યુનાનના રાજાએ તે રાજકન્યાને પોતાની સાથે લગ્ન કરવા સમજાવવા માડી પણ રાજકન્યાએ તો મનથી જ નિશ્ચય કર્યો હતો કે કા તો પોતાના ધરાની શાહજાદાને કોઇપણ યુક્તિથી મળવુ અગર પ્રાણ આપવો તેણે ધૈર્ય રાખી ગાડા હોવાનો ઢોગ કરવા માડયો. જ્યા ત્યા તે દોડવા લાગી. જે હાથમા આવે તે ફેકી દેવા લાગી અને ગમે તેમ બકવા લાગી રાજાએ પોતાની ઉતાવળ માટે પસ્તાવો કરી કુશળ હકીમોને તેની સારવાર કરવા બોલાવ્યા. આથી સહુ કોઇ તેના ચાળાથી ડરવા લાગ્યા. કોઇપણ તેની પાસે જઇ શકતુ નહિ યુનાનનો રાજા પણ આખરે નિરાશ થયો.

શાહજાદીનો ફરીથી મેળાપ


આ તરફ રાજપુત્ર ફરતો ફરતો યુનાનના દેશમા આવી લાગ્યો. ત્યા તેણે યુનાનના રાજાનો તથા તેણે જ ગલમાથી છોડાવી આણેલી બગાળ દેશની કન્યાનો હેવાલ સાભળ્યો. વળી વ-

ધારામા તેણે સાંભળ્યુ કે તે શાહજાદી પાગલ બની ગઇ છે અને તે મટાડનારને રાજા ભારે ઇનામ આપનાર છે હવે રાજપુત્રને ખાત્રિ થઇ કે તે રાજકન્યા પોતાની સ્ત્રી જ છે તેણે પોતાનો ફકીરનો વેશ ઉતારી હકીમનો વેશ ધારણ કર્યો. યોગ્ય પરવાનગી મેળવી તે રાજા પાસે હાજર થયો અને જણાવ્યુ કે મારા મંત્રના પ્રયોગથી જરૂર હું રાજકન્યાને આરામ કરી શકીશ રાજાને ભારી આનંદ થયો. તરત જ તે તેને રાજકન્યા પાસે લઇ ગયો. પ્રથમ તો આ રાજકન્યા બનાવટી હકીમને જોઇને હંમેશની માફક બુમો પાડવા માંડી પણ રાજપુત્રે પાસે જઇ ધીમેથી પોતાની ઓળખાણ આપી એટલે તે શાંત થઇ રાજા તો આ ચમત્કાર જોઇ હકીમના મનમા ને મનમા વખાણ કરવા લાગ્યો. બીજે દીવસે રાજપુત્રે તે રાજા પાસે ઘોડા સબંધી વાત કહાવી અને જણાવ્યું કે તે ઘોડાપર બેસીને રાજકન્યા જરા ફરશે અને હુ તેનાપર મારા મંત્રનો પ્રયોગ કરીશ એટલે જરૂર તેને આરામ થઇ જશે. રાજાએ તેના કહેવા પ્રમાણે ઘોડો લાવી મેદાનમા ઉભો રાખ્યો. રાજકન્યાને પુષ્કળ શણગાર પ્હેરાવી શણગારી ઘોડાપર સ્વાર થઇ ફરવા કહ્યું રાજકન્યા તો હવે ડાહી બનીને બધુ કહ્યુ કરવા લાગી ઘણા માણસો આ હકીમની કુશળતા જોવા ત્યા એકઠા થયા હતા. તેણે પ્રથમ તો અગ્નિ સળગાવી અંદર સુવાસિત લોબાન નાખી ધૂપ કરવા માંડયો. જ્યારે ધુમાડો ચારે બાજુ ફેલાઇ ગયો ત્યારે રાજકુમાર લાગ જોઇ ઘોડા પર સ્વાર થઇ કળ દબાવી રાજકન્યા સાથે આકાશમા ઉડયો ! આ જોઇ સઘળા દિગ્મૂઢ બની ગયા અને રાજા પોતાના ભાગ્યને દોષ આપવા લાગ્યો.

હવે કહેવાનુ એટલુ જ રહે છે કે રાજપુત્ર ઇરાનમા પોતાના મહેલમા આવ્યો. ત્યા સઘળા તેમને સાથે આવેલા જોઇ આનંદ આનંદ પામ્યા. રાજકન્યાના બાપને માન સાથે ત્યા બોલાવવામાં આવ્યો અને આનંદની રેલછેલ વચ્ચે તેમની લગ્નવિધિ પૂર્ણ કરવામાં આવી *

---

* અલિફલૈલા નામના પુસ્તકની એક વાર્તા ઉપરથી



લખનાર ભાનુ

ઈંગ્લાન્ડમા વીર આર્થર નામે એક જબરો શુરવીર પુરૂષ થઇ ગયો. એ કોણ હતો અને ક્યાંથી આવ્યો તે વાત માટે મોટા મતભેદ છે તેનુ ખરૂ જીવનચરિત્ર કોઇ જગ્યાએથી મળી આવતું નથી. આપણે યુરોપના નકશા ભણી નજર કરીએ અને ફ્રાન્સના વાયવ્ય ખુણામા જોઇએ તો ત્યા બ્રીટની નામનુ એક સસ્થાન આવેલું છે ત્યાના માછીઓ તે દેશની એટલે ફ્રાન્સની ભાષા સમજી શકતા નથી પણ વેલ્સના દરીઆકીનારે તેમ જ ઈંગ્લાન્ડના નૈરૂત્ય ખુણામાં વસતા માછીઓની ભાષા કાઇક સમજી શકે છે તે ઉપરથી તેઓ એક જ દેશના રહેવાસી હોવાનો ભાસ થાય છે આ લોકોનો રાજા એક વખત મરી ગયો. હવે નવો રાજા કોણ થાય તેનો મોટો સવાલ ઉભો થયો. એટલામા એક પત્થર જડી આવ્યો. તેની અદર એક તલવાર ખોસેલી હતી. "જે માણસ આ પત્થર ખસેડી તલવાર કાઢી લે તે રાજા થાય." એમ તે ઉપર લખેલું હતું આ તલવાર ખેચવાને ઘણા જવામર્દો આવ્યા પણ કોઇથી તે કામ ન થઇ શક્યું છેવટે વીર આર્થર બહાર આવ્યો અને તેણે રમતમા તલવાર ખેચી કાઢી. તેનુ પરાક્રમ જોઇ લોકો ઘણા જ આશ્ચર્ય પામ્યા અને તરત જ ધામધુમ સાથે તેનો રાજ્યાભિષેક કરવામા આવ્યો. આ તલવાર વડે તેણે ખૂબ જશ જમાવ્યો અને બારેબારે લડાઇઓમાં જીત મેળવી નામ કાઢ્યુ.

વીર આર્થરના ઘડપણના દિવસો ઘણા દુખમા ગયા. તેના સૈનિકો માંહોમાહી લડી મરતા અને છેવટે તે લડાઇએ એવુ ભયકર સ્વરૂપ પકડ્યુ કે માત્ર આર્થર અને તેના એક જુવાન સરદાર સિવાય બધા કપાઇ મુવા. આર્થર ઘણો ઘવાયો હતો અને તેનુ મોત તેને પાસે દેખાતુ હતું

ફીટ ઉંચુ છે નેરલથી માથેરાન ૧૩ માઇલ દૂર રેલ્વેને રસ્તે છે આજુ બાજુનો ભવ્ય અને મનોહર દેખાવ સૃષ્ટિદેવી જાણે તેના પુર બહારમા તાંડવ નૃત્ય કરી રહી હોય એવો રમણીય લાગે છે. હવાપાણી પણ ગમે તેવા નબળાને તાજગી આપે એવા છે

માથેરાનમા જીમખાના, હોટલો, બંગલાઓ એ તમામ જાતજાતના ઝાડપાન અને બાગબગીચાની મધ્યમા આવેલા છે અને તેથી તે બહુજ રમણીય લાગે છે માથેરાન ગામ વાળો જમીનનો ટુકડો પહાડની ટોચે ૮ માઇલ જેટલો સપાટ છે એ સિવાય એ જ સ્થળની ચારે બાજુએ પહાડની ગંજાવર ખીણો કોઇ પ્રચંડ રાક્ષસ ડાચા ફાડીને ખડો હોય એવી લાગે છે માથેરાનની આજુ બાજુનો રસ્તો સાંકડો બની ઉંડી ઉંડી ખીણોની તરફ લંબાયલો હોય છે આવા રસ્તાને "પૉઇન્ટ" (Points) કહે છે પનોરમા, લુઇસા, પૉર્ક્યુપાઇન, હર્ટ, ચોક, ગાર્બટ વિગેરે એવા વખણાયલા પૉઇન્ટો છે તેવી જગ્યાએ માથેરાનના શોખીન સહેલાણીઓની હારની હાર ઉતરી પડે છે સારી આંખવાળા માણસો દુર્બીનની મદદથી અહીંથી ૪૦ માઇલ દૂર આવેલા મુંબઇના ગગનમા ગાજતા મકાનો, ટાવરો, મિનારાઓ વિગેરે સૂર્યના આથમતા પ્રકાશમા જ્યારે જુએ છે ત્યારે તે એવા તો રળીયામણુ લાગે છે કે જાણે બીજા બધા દેખાવો એની આગળ રદ છે !

માથેરાનથી ૧૩ માઇલ દૂર પ્રવાળ પૉઇન્ટ આવેલુ છે રસ્તો પહાડી અને કઠણ છે આ ઠેકાણે વિશાળ કીલ્લો છે. લુઇસા પૉઇન્ટ ઉપરથી ચોમાસામા ૧૦૦૦ ફીટ ઉંચેથી પાણીનો ૧૦૦ ફીટ મોટો ધોધ પડે છે તે દેખાવ પણ બહુ જ જોવાલાયક થાય છે

માથેરાનની આજુ બાજુના પહાડોમા આર્યો હિંદમા આવ્યા તે અગાઉની જંગલી જાતિઓ, જેવી કે ધાગરા, ઠાકરડા, કાથેકરી વિગેરે રહે છે તેઓ માથેરાનપર વારવાર મજુરી કરવા આવે છે આપણે હવે માથેરાનની મુસાફરી પુરી કરી રહ્યા છીએ. લોનાવલા, લોહગડ, કાર્લા વિગેરેની મુસાફરીને માટે તમે તૈયાર થઇ રહેજો.



માથેરાન

લખનાર રમણલાલ નાનાલાલ શાહ

હવે આપણે માથેરાન તરફ આપણી મુસાફરી લંબાવવાની છે નેરલ સ્ટેશનથી માથેરાન સ્ટીમ રેલ્વેમા બેસી માથેરાન જવાય છે રસ્તો વાંકોચુકો અને પહાડની કરાડોમા થઇને જાય છે

માથેરાન એ મુબઇની પ્રજાનુ હવા ખાવાનુ માનીતું મથક છે ઉન્હાળામા તથા ચોમાસા પછી ઓકટોબર નવેમ્બરમા જેની પાસે પૈસાની સારી જેવી સવડ હોય અથવા જેઓને તબીયત સુધારવાની ખાસ જરૂર પડી હોય તેવાઓ અહી આવી આરામ લે છે અહી વીજળી, સારા રસ્તા, ક્રિકેટ, હોકી, બેડમિન્ટન, બાગ બગીચા વિગેરે રમતગમત અને આરામગાહની સગવડ છે યૂરોપીઅન, યૂરેશીયન, દેશી ક્રીસ્તી, પારસી, ભાટીઆ, બોરા, હિંદુ વિગેરે તમામ પચરંગી પ્રજાના અહીં દર્શન થાય છે મુબઈ વાળા જાણીતા શેઠ ગોવિંદજી વસનજીનુ અત્રે એક વિશાળ ભોજન-ગ્રહ છે અને લક્ષ્મી નામનુ બીજુ પણ છે મોસમ (સીઝન) માં તેનો લોકો ખુબ લાભ લે છે તેનો ખર્ચ રોજનો પાંચ રૂપિયા છે માથેરાનમા પાણીની હાડમારી ભારે છે અને ઘણીક વાર તો ભીસ્તીની પખાલનું પાણી પણ ખાવાપીવાના કામમા આપણે લેવું પડે છે


ઉંચા પહાડપર આવેલ હોવાથી માથેરાન આરોગ્યભૂવન (સેનેટેરિયમ) તરિકે ગણાય છે સમુદ્રની સપાટીથી ત ૨૪૬૦

ફીટ ઉંચુ છે નેરલથી માથેરાન ૧૩ માઇલ દૂર રેલ્વેને રસ્તે છે આજુ બાજુનો ભવ્ય અને મનોહર દેખાવ સૃષ્ટિદેવી જાણે તેના પુર બાહારમા તાડવ નૃત્ય કરી રહી હોય એવો રમણીય લાગે છે. હવાપાણી પણ ગમે તેવા નબળાને તાજગી આપે એવા છે

માથેરાનમા જીમખાના, હોટલો, બગલાઓ એ તમામ જાતજાતના ઝાડપાન અને બાગબગીચાની મધ્યમા આવેલા છે અને તેથી તે બહુ જ રમણીય લાગે છે માથેરાન ગામ વાળો જમીનનો ટુકડો પ્હાડની ટોચે ૮ માઇલ જેટલો સપાટ છે એ સિવાય એ જ સ્થળની ચારે બાજુએ પ્હાડની ગજાવર ખીણો કોઇ પ્રચંડ રાક્ષસ ડાચા ફાડીને ખડો હોય એવી લાગે છે માથેરાનની આજુ બાજુનો રસ્તો સાકડો બની ઉડી ઉડી ખીણોની તરફ લબાયલો હોય છે આવા રસ્તાને " પૉઇન્ટ " (Points) કહે છે પનોરમા, લુઇસા, પૉરક્યુંપાઇન, હર્ટ, ચૅાક, ગાર્બૅટ વિગેરે એવા વખણાયલા પૉઇન્ટો છે તેવી જગ્યાએ માથેરાનના શોખીન સ્હેલાણીઓની હારની હાર ઉતરી પડે છે સારી આખવાળા માણસો દુર્બીનની મદદથી અહીંથી ૪૦ માઇલ દૂર આવેલા મુબઇનાં ગગનમા ગાજતા મકાનો, ટાવરો, મિનારાઓ વિગેરે સૂર્યના આથમતા પ્રકાશમા જ્યારે જુએ છે ત્યારે તે એવા તો રળીઆમણાં લાગે છે કે જાણે બીજા બધા દેખાવો એની આગળ રદ છે !

માથેરાનથી ૧૩ માઇલ દૂર પ્રવાળ પૉઇન્ટ આવેલુ છે રસ્તો પહાડી અને કઠણ છે આ ઠેકાણે વિશાળ કીલ્લો છે. લુઇસા પૉઇન્ટ ઉપરથી ચોમાસામા ૧૦૦૦ ફીટ ઉંચેથી પાણીનો ૧૦૦ ફીટ મોટો ધોધ પડે છે તે દેખાવ પણ બહુ જ જોવાલાયક થાય છે

માથેરાનની આજુ બાજુના પહાડોમાં આર્યો હિંદમા આવ્યા તે અગાઉની જગલી જાતિઓ, જેવી કે ધાગરા, ઠાકરડા, કાથકરી વિગેરે રહે છે. તેઓ માથેરાનપર વારવાર મજુરી કરવા આવે છે આપણે હવે માથેરાનની મુસાફરી પુરી કરી રહ્યા છીએ. લોનાવલા, લોહગઢ, કાર્લા વિગેરેની મુસાફરીને માટે તમે તૈયાર થઇ રહેજો.



લખનાર ડૉ. મોહનલાલ જગન્નાથ પાઠક



રસી ભાઈઓના પેગમ્બર સંસ્થાપક જરથોસ્ત સાહેબની જન્મ તારીખ વિષે ઘણા મત ભેદો છે તોપણ ઇ. સ. પૂર્વે ૬૬૦ના સાલમા તેમનો જન્મ અને ૫૮૩મા મૃત્યુ માનવામા આવે છે જો આ વાત ખરી હોય તો આ સંસ્થાપક એક મોટા મહા પર્વના કાળમા જ ઉત્પન્ન થયો હતો કારણ ઇ સ. પૂર્વે પાચમા કે છઠ્ઠા શતકમા હિંદુસ્તાનમા બુદ્ધ, ચિનમા કૉન્ફ્યૂશીયસ અને ગ્રીસમા સોક્રેટીસ વિગેરે મહાત્માઓએ પોતાની સત્તા જમાવી હતી.

ઇરાનમા અદરબાઇજાન નામના ગામમા જરથોસ્તનો જન્મ થયો અને બચપણ ત્યા જ પુરૂ થયુ એમના બાપનુ નામ "પૌરૂષસ્પ." તેમને 'સ્પિતમ' એટલે ચતતમ્ ની પદવી મળેલી હતી.

જરથોસ્ત સાહેબની પત્નિ 'હવોબી' રાજા 'વિસ્તાસ્પ'ના દરબારીની છોકરી હતી આ દરબારી ગૃહસ્થના વંશમાના 'ફ્રશઓષ્ટ્ર' અને 'જામાસ્પ' એ નામના બે ભાઇઓ જરથોસ્તના ચેલા થયા હતા. તેમણે જરથોસ્તના ધર્મનો પ્રચાર કરવામાં ઘણી મહેનત

હતી. જરથોસ્ત સાહેબને ' ઇસ્તિબાસ્ત ' ' ઉર્વતાત્-નર '
' બ્હારે ચિથ્ર ' એ નામના ત્રણ પુત્ર અને ' ફ્રેની, ' ' થ્રિતિ '
અને 'પોરૂચિશતિ' નામની ત્રણ-પુત્રીઓ હતી.


જરથુસ્ત ધર્મનો પ્રચાર કરવા માટે જરથોસ્ત ઇરાનમાં ગયા. ત્યા અનેક વખત નિરાશા અને અડચણો વેઠી તેમણે ત્યાં ના ' ગ્નિસ્તાસ્પ ' નામના રાજાને પોતાના ધર્મની દિક્ષા આપી. ત્યાંર પછી તેમણે ધર્મનો પ્રચાર ઝપાટાબંધ કરવા માંડયો. આજે આખી પારસી કોમ જરથોસ્ત સાહેબના ધર્મને માને છે ખ્રિસ્તી ધર્મના ઇતિહાસમા રોમન સમ્રાટ 'કૉન્સ્ટન્ટાઇન' ને જેટલુ ઉંચુ સ્થાન આપવામા આવે છે તેટલું જ ઉચુ સ્થાન પારસી ધર્મમા રાજા ' ગ્નિસ્તાસ્પ ને ઘટે છે

જરથોસ્ત સાહેબના મરણ પછી તેમના સબંધમા અનેક વાતો બ્હાર આવી છે પણ તે સર્વનો જગ્યાના અભાવને લીધે અત્રે ઉલ્લેખ થઇ શકે એમ નથી. કહેવાય છે કે જરથોસ્ત જન્મ્યા ત્યારે તેમના મુખપર રડવાના ચિન્હ જ નહોતાં, પણ હાસ્ય છવાયલુ હતુ

હવે જરથોસ્તના ધર્મ વિષે ટુકમા કહી આ લેખ પુરો કરીશુ તેમના ધર્મમા " ઝદ અવસ્તા " એ મુખ્ય ધાર્મિક કિતાબ છે ઉત્તમ આત્માને 'અહુર મજદ' કહે છે 'અહુર મજદ' નો આખો અર્થ " અનત જીવનનો આપનાર " એવો થાય છે તેમની અને અહુરિમન, એટલે કે સેતાન (નીચ વાસના) વચ્ચેના યુદ્ધમા અતે અહુરમજદનો જય થાય છે

ખૂબ ઉદ્યમ વેપાર કરો, બીજાને ફસાવશો નહિ અને ખોટુ બોલશો નહિ અને " અહુરમજદ " ના પેદા કરેલા જીવો ઉપર દયા કરો એ જરથોસ્ત સાહેબના ધર્મનો મુખ્ય સંદેશ છે.

નિવેદન



ચિત્રોની ઓળખાણ—આ અંકના મુખપૃષ્ઠ પર એ ખૂબસુરત જુવાનીઓની છબી આપી છે. અંદર મુખપૃષ્ઠ પર મુંબાઇના પારસી બે રેખાવેલી બે છબીઓ આપેલી છે. મુંબાઇના પારસીઓનું વર્ણન આ અંકમાં આગળ આવી ગયું છે. હાલ ચોમાસું આવે છે એટલે ત્યાં મારે બાજુ વીવીધ ખાસ પધરાવવી છે. મુંબાઇની ભીખ, મચાવી હવામાં સીનેમા કે નાટકો જોવાને બદલે આઝો આવી-જગાઓ જોવા જઈએ તો તેમના શરીરને ફાયદો મળવા ઉપરાંત પણ જાણવાનું ને જોવાનું મળશે. પાન ૪૯૯ ઉપર દેશ દેશની કન્યાઓની છબીઓ આપેલી છે. જુદા જુદા દેશની સ્ત્રીઓના પોશાક ને રહેણી કરણીનો તે ઉપરથી ઠીક ખ્યાલ આવી શકશે. તેની પાછળ સોરાબ અને રુસ્તમનું ચિત્ર છે જેને લગતી વિગત તેની સાથેની વાતોમાં આપેલી છે

ખરતા તારા—ગુજરાતી સાહિત્યના આકાશમાંથી એકી સાથે ત્રણ ચાર તારાઓ થોડા વખત ઉપર ખર્યા છે

જમનજી નવરોજજી કાબરાજી તેમાંના એક છે "ગુજરાતી" ના આરંભના સમય પછી પારસી કોમમાં જો કોઇ સૌથી વિશેષ નામાંકિત લેખક ગુજર્યો હોય તો તે શેઠ કાબરાજી જ છે. તેમના મરહુમ ભાઇ શેઠ કેખુશરૂ કાબરાજી તથા શેઠ જમનજી બન્ને વિદ્વાન ને જાણીતા લખનારાઓ હતા. "સ્ત્રીબોધ" ની હયાતિ એક સાથે કેખુશરૂને આભારી હતી. શેઠ જમનજીના મરણથી તેમના જાણીતા માસિક "ફુરસદ" ના વાચનારાઓએ ખાસ કરીને અને એક દરે આખી ગુજરાતી પ્રજાએ એક જાણીતા વાર્તા લખનાર ગુમાવેલ છે. શેઠ જમનજી એકલી પારસી જ નહિં પણ ગુજરાતી પ્રજામાં પણ પેતાની વાર્તાઓથી ખાસ માનીતા થએલા હતા

સ્વ૦ વિભાકર એ બીજા વિદ્વાન ગુજરી ગયા છે. તેઓ ગુજરાતી સમાજના એક સમર્થ લેખક, વિદ્વાન, ભાષણ કરનાર, રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેનાર, નાટકકાર અને બેરિસ્ટર હતા. તેમના "મધુ બંસરી," "સ્નેહ-સરિતા," "સુધાચંદ્ર" વિગેરે નાટકોએ તેમની ખ્યાતિ સારી વધારી હતી ૩૮ વર્ષની ઉમર

જુવાન વયે તે સ્વર્ગે સીધાવ્યા છે એ દિલગીરી ભરેલું છે તેમની ભાષા મીઠી, મીઠાશ અને આપણને દેખાય છે એવી અસર કરે એવી હતી ચરિત્ર માસિક "રંગભૂમિ" એ કમનસિબે તેમનું નિષ્ફળ સાહસ નિવડ્યું "આણંદજીવન" પત્રે પણ તેમને ભારે પ્રેમ હતો

રા૦ રા૦ કમળાશંકર પ્રા૦ ત્રિવેદી—એમને તો કોણ નહિ ઓળખતું હોય? શાળોપયોગી ઘણી ચોપડીઓ તેમણે રચી છે "Teacher" "ગુજરાતી ભાષાનું મોટું વ્યાકરણ" ને બીજી તો અનેક ચોપડીઓ વડી આપણે એ વયોવૃદ્ધ સાક્ષરને ઓળખીએ છીએ. તેમની સૌથી મોટી સેવા તો તેમણે પોતાના વિદ્વાન પુત્ર સાથે મળીને 'ત્રિવેદી વાચન માળા" બહાર પાડી તે છે. ટીકાખોર તથા નિંદા કરવાનો સ્વભાવવાળા ભલે બોલે ગમે તે કહે છતાં પણ તેમની એ સેવા ભારેભાર રહી જશે. જુની હોપ વાચનમાળા પછી અનેક ખામીઓથી ભરેલી સરકારી વાચનમાળા થઈ એ બન્ને આજે નિષ્પ્રાણ ને ખામીઓથી ભરપુર છે તેને બદલે "ત્રિવેદી વાચન માળા" બહાર પાડી તેમણે ગુજરાતની કિંમતી સેવા કરી છે ખામી તો તેમા હશે જ ને હશે તે સુધારવી જોઈએ પણ તેથી કાંઈ તેમનો એ ઉત્તમ પ્રયાસ નિંદવાજોગ નથી કરતો પરમ કૃપાળુ પરમાત્મા અમારા એ ભરેલા વડીલોને સ્વર્ગમાં શાશ્વત શાંતિ આપો અને અમારી હાલની પ્રજામાંથી એમના જેવા નવા સાહિત્યસેવકો પેદા કરો એ પ્રાર્થના છે

બંગાળના જુના વાઘનું અવસાન—બંગાળના સુપ્રસિદ્ધ નેતા દેશબંધુ દાસના સ્વર્ગવાસને લીધે ભારત માતાને પડેલી ખોટનો તો હજુ આપણે વિલાપ કરી રહ્યા છીએ એટલામા બંગાળના એક વખતના પ્રખર દેશભક્ત, સર સુરેન્દ્રનાથ બેનરજીના સ્વર્ગવાસના સમાચાર ફરી વળ્યા છે મરહુમ એક મહાન બંગાળી હતા એટલું જ નહિ પરંતુ ૧૯૦૮મા બંગાળના ભાગલાની ચળવળના પ્રસંગે તેમણે કરેલી દેશસેવાથી સરકાર પણ હાલમા આવવા પામી રહી હતી દેશને કમનસિબે અસહકારની મહાન લડત વખતે તે દેશને પડખે ન રહ્યા એટલું જ નહિ પણ તેમને સરકારે 'સર' નો ખીતાબ આપ્યો તે પણ તેમણે સ્વીકાર્યો! તેઓ નરમદળના (મોડરેટ પક્ષના) આગેવાન, મહાન મુત્સદી અને પ્રજાના વિશ્વાસપાત્ર હતા તેમના સ્વર્ગવાસથી દેશને જબર ખોટ થઈ છે તેમના જેવા પુણ્યશાળી આત્માઓ તો તેમની કારકીર્દી જ સ્વર્ગ સુખ ભોગવવાના અધિકારી જેવા તેમને માટે પ્રભુને શી પ્રાર્થના કરી શકવાના હતા? પ્રભુ ભારતમાં આવા નરવીરો પેદા કરે એ પ્રાર્થના!

સુધારો.—ઓગસ્ટ ૧૯૨૫ ના અંકની "બેટી પરણાવી" વાળી વાર્તાના પાન ૪૩૧ ની લીટી ૪ થીમાં "આજે હરિસિંહ મને આવતો જોઈ તેણે જણાવ્યું" એમ છે તેને બદલે "આજે તેને આવતો જોઈ હરિસિંહે જણાવ્યું" એમ સુધારો કરીને વાંચવા તસ્દી લેવી.



સાહિત્ય સત્કાર

સામાજીક ટૂંકી વાર્તાઓ—ગ્રંથ ૧ લો—ભાગ ૧-૨-૩-૪ કૌંસ ૧૨ પેજી ૧૬, પાકું પૂઠું, ૫૦૭ પૃષ્ઠ—કિંમત રૂા ૨). સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયની વિવિધ ગ્રંથમાળા માટે અગાઉ ટૂંકી વાર્તાઓના જે ભાગો બહાર પડી ગયા હતા તેની આ બીજી આવૃત્તિ છે. એકંદર ૬૬ વાર્તાઓ આ ગ્રંથમાં છે ને લગભગ તમામ આપણા હિંદુ સંસારના અનેક અટપટા પ્રશ્નો આપણી સમક્ષ રજુ કરે છે. એ પ્રશ્નોનો બોધ તો હવે આપણા નવયુવકોએ અત્યારના સમાજની સહુ વસ્તી જડ રૂઢીઓ સામે બળવો પોકારીને જ કરી લેવાનો એ. પરન્તુ દર્દના ઉપાય અગાઉ તેની ચિકિત્સાની ખાસ જરૂર છે એ ન્યાયે આ ઉપયોગી પુસ્તક પરથી હિંદુ સમાજને કેવું દર્દ લાગુ પડ્યું છે તે ખરેખર જાણે સમજી શકાય છે અને તેથી તે ઘણું જ ઉપયોગી નીવડી શકશે. પુસ્તક અત્યંત નિર્દોષ હોઈ કુટુંબની સર્વ વ્યક્તિઓ તે નિઃસંકોચ વાંચી શકે એમ છે એટલે તે ગુજરાતી કુટુંબોમાં છૂટથી સત્કારાશે એમ આશા છે.

હિંદુ અનાથાશ્રમ નડિયાદનો તા ૧-૭-૨૩ થી ૩૧-૭-૨૪ સુધીનો વાર્ષિક રિપોર્ટ જોતાં જણાય છે કે આગળનાં વર્ષો કરતાં આ વર્ષે આ સંસ્થાએ વધારે સારી પ્રગતિ કરી છે. વર્ષ આખરે ૧૪૫ અનાથોને સંસ્થા પોષી રહી છે. તેની વર્ષ આખરની આવક રૂા ૩૩૭૪૯-૧-૧૧ અને ખર્ચ રૂા ૨૮૦૨૫-૪-૪ હતો એટલે તેને ચાલુ વર્ષે કાયમી ફંડમાંથી રકમ મળવી નથી પડી. પરંતુ કાયમ ફંડમાંથી આગળ ઉપાડેલી રૂા ૮૧૦૦ ની તથા એક વર્ષના ખર્ચના આશરે રૂા ૩૦૦૦૦ મળી આશરે રૂા ૪૦૦૦૦ ની રકમ સંસ્થાને ચાલુ સાલે જોઈએ. જેમ જેમ આ સંસ્થા જોઈએ છે તેમ તેની સુંદર વ્યવસ્થાના ને તેના બાળકોના ખંત ને ઉત્સાહના વખાણ કીધાં છે. આવી બિનમુલ લોકોપકારક સંસ્થાને ગુજરાતી ભાષા બોલનાર સ્ત્રી-પુરૂષોમાંથી રૂા ૪૦૦૦૦ પરમાત્મા અવશ્ય મેળવી આપશે એમ આપણે આશા રાખીશું.

અખાની વાણી તથા મનહરપદ.—પ્રકાશક સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય. કિંમત રૂ ૧-૮-૦ આ પુસ્તકમાં પાન ૧ થી ૪૨૨ સુધીમાં ગુજરાતી કવિ અખાજીએ રચેલાં કાવ્યો પદો છપ્પાઓ સવૈયા વિગેરે આપ્યા છે. પોતાના આત્માનું કલ્યાણ ઇચ્છનાર દરેક ધર્મ જિજ્ઞાસુને માટે આ ગ્રંથ એવો ઉત્તમ છે. ગુજરાતી ભાષામાં રચાયેલો આજે જ માલુમ પડી વાણી અને વિચાર સ્વાતંત્ર્યની હદ ખરેખર


દેશમા મરાવનાર અખાડાની એક આજના મનિઓમા છે જ નહીં એમ નહીં કહેવા
થાય. છતાં પાન ૨૨૩ થી ૪૪૬ સુધીમાં અખાના વિચારોને જ મળતા મનહરદાસ
ના રચેલાં મનહરપદ આપેલાં છે.

The Jharia Mail (ઝરીયામેલ) આ નામના મહેશમા આવેલા ઝરીયાના
કારખાના કોલસાની મોટી ખાણો છે અને ત્યાં કોલસાના વેપાર અર્થે ઘણા ગુજરાતીઓ
વસ્યા છે. શ્રી જયસુખલાલ મ. પંડ્યા ગુજરાતી સાપ્તાહિક એક પ્રતિષ્ઠિત કામ છે તે તેમનાં
તંત્રીપદ નીચે ઝરીયાથી આ અઠવાડિક પ્રસિદ્ધ થાય છે. અંગ્રેજી ને ગુજરાતી બન્ને
ભાષામાં તે નીકળે છે. આવડે દૂરથી ગુજરાતી ભાષામાં એક વર્તમાનપત્ર બહાર પડે
એ ગુજરાતને ગૌરવરૂપ છે. અમે પત્રને દીર્ઘાયુષ્ય ઇચ્છીએ છીએ.

વૈષ્ણવ બાલશિક્ષા—ભાગ ૩ અને બાલિકા શિક્ષા ભાગ ૧. લેખક
શ્રી. હિનહિકર; પ્રકાશક શ્રી વસંતરામ શાસ્ત્રી, અમદાવાદ. મૂલ્ય, (અનુક્રમે) ૫
આના અને દોઢ આનો. વૈષ્ણવધર્મના સિદ્ધાંતો અને રહસ્યો છે નાનાં બાળકો પણ
સહેલાઈથી સમજી શકે એવી સાદી ને બાળવાડી ભાષામાં રચાયેલાં આ બે પુસ્તકો
એ પંથનાં બાળક બાલિકાઓને ધર્મપરાયણ બનાવવામાં બહુ જ સારો ભાગ ભજવી
શકે એમ છે. આજના સમયમાં ધાર્મિક બાળકોમાં પ્રચાર ઘણો ઘટ્યો અગત્યનો
ભાગ ભજવે છે અને તેનું રહસ્ય સમજી સ્વધર્મ પર વૈષ્ણવ બાળકોની આસ્થા દૃઢ
કરવાનો આ પ્રયાસ બહુ જ આવકારવાજોગ છે. ધનિક વૈષ્ણવો તેની નકલોનો બહોળો
ફેલાવો વગર મૂલ્યે યા બહુ જ નજીવી કિંમતે કરે એ ઈચ્છવાજોગ છે. જે પંથમાં પ્રેમ
લક્ષણા ભક્તિ ને પતિવ્રતા ને સાચાઈ એ જ સર્વસ્વ છે, જે પંથમાં પશુબળની,
બાધા લીધી, અને રૌદ્રવાની પૂજા નથી, જે પુષ્ટિમાર્ગમાં ઋતુઓનો ઘોર કાંઈ
રહેનાર નથી પરંતુ પ્રભુ શ્રી કૃષ્ણચંદ્રની જન્મતિથિની ઉત્સવોનો ઉત્સવ એ જ
સર્વસ્વ છે એવા ઉમદા પુષ્ટિમાર્ગીય સંપ્રદાયનો સદાય જય થાઓ એમ અમે
ઇચ્છીએ છીએ.

ગુજરાત વિદ્યાપીઠનું વિજ્ઞાપક (સ. ૧૯૮૦—૮૧)—કિં. રૂા. ૦ાા ગુજરા
તમાં અસહકારની મહાન લડતને પરિણામે જે એક નમુનેદાર સંસ્થા સ્થપાઈ તે
ગુજરાત વિદ્યાપીઠ. એનો ધ્યેય, નીતિ, નિયમો અને જીવન એ જ ઉદ્દેશ
દર્શાવતું પુસ્તક છે એવા અભ્યાસીઓ ભલે ગમે તે અભ્યાસ કરે પણ આ વિજ્ઞાપક
વાંચતાં એ સંસ્થાની અને તેની પ્રવૃત્તિઓની આપણને સારી માહિતિ મળે છે.
ગુજરાત વિદ્યાપીઠની પ્રવૃત્તિ પર પરમાત્મા પોતાના આશીર્વાદ રેડો એવી અમારી
આશા અને પ્રભુની પ્રાર્થના છે.

અંકુર—(રણછોડ બાલભાઈ) ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત. ૧ —૧—
નાની નાની કેટલીક મીઠી ટૂંકી ૧ વાર્તા આ પર પાનાંની ચોપડીમાં છે.
બાંધણીના પૂઠાનો દેખાવ, તથા અંદરના કાગળો ઘણી સારી જાતના છે. પુસ્તક
જોતાં જ એ De Luxe જાતના સારાં પુસ્તકોની યાદ આપે છે. તેમાં ચિત્રો નથી
એ મોટી ખામી છે. આશા છે કે હવે પછીના ભાગોમાં આ ખામી દૂર થશે.



વ્યવસ્થાપક—શ્રી. રમણીકલાલ હરિવલ્લભ શાહ, બી. એ.
બાલજીવન મંદિર, બાલવાડી, પીળાકુઈ, વડોદરા

જુલાઇ અંકની હરિફાઇનું પરિણામ.

જુલાઇ અંકની હરિફાઇમાં બહુ જ થોડાં બાળકોએ ભાગ લીધો છે તે થોડાંમાં પણ થોડાંક બાળકોએ પોતાની ઉમર જણાવી નથી એટલે નિયમ મુજબ તેમને ઇનામ માટે હક ગુમાવે છે નીચેના પંદર નામો પૈકી પહેલા દસ બાળકોને ઇનામ મળે છે તે નીચે મુજબ —

(૧) અમૃતલાલ દેવચંદ મણીઆર ઉ. વ. ૧૪, મુ મોરબી, રૂ ૨-૦-૦

(૨) તરૂણીકા હીરાલાલ શેઠ ઉ. વ. ૧૨, મુ. મુંબઇ, રૂ ૧-૦-૦

નં ૩ થી ૬ સુધીના દરેકને રૂ ૦-૪-૦ મળે છે

(૩) નરેન્દ્ર મથુરાદાસ શેઠ ઉ. વ. ૧૪, મુ અમરેલી (૪) નવીનચંદ્ર રૂપતરામ ઉ. વ. ૧૪, મુ મુંબઇ (૫) છત્રેન્દ્રકુમાર મુકુંદભાઇ દીક્ષિત, ઉ. વ. ૧૨, મુ પેટલાદ (૬) ભૂપેન્દ્ર હ. શુક્લ ઉ. વ. ૧૦, મુ વડોદરા

નં ૭ થી ૧૦ સુધીના દરેકને રૂા ૦-૩-૦ મળે છે

(૭) માધવદાસ લધાભાઈ ઉ. વ. ૧૨, મુ. સાંચી (૮) મહેશચન્દ્ર મણીલાલ, ઉ. વ. ૧૫, મુ વડોદરા (૯) નાનજી ગેરામ મીસ્ત્રી, ઉ. વ. ૧૫, મુ અમરનાથ (૧૦) સુર્યકાન્તા રઘુનાથજી ઉ. વ. ૯, મુ અમદાવાદ (૧૧) ચંદુલાલ શામળદાસ મુ અમદાવાદ (૧૨) સુર્યકાન્તા બ્હેન મુ વિસનગર (૧૩) પ્રભુલાલ નેરામ જોષી, મુ. જામનગર (૧૪) મધુભાઇ કેશવલાલ, મુ વસાઇ (૧૫) મોહનદાસ મનજી, મુ. વઢવાણ.

નં. ૧-૨ ને અમારા ખર્ચે ઇનામ મોકલીશું બાકીનાએ ૦-૦-૧ ની ટીકીટ બીડી ઇનામ મંગાવી લેવું

નવો સવાલ

તમે કઇ નિશાળમાં ભણો છો ! તમારી નિશાળનું નામ, ઠેકાણું, ગામ, તાલુકો અને જીલ્લો, સ્પષ્ટ સારા અક્ષરે લખી મોકલો. બસ, આટલો જ સવાલ ! તમામ બાળકો જવાબ લખશે એમ આશા છે



કવિતા

ફુલનો બાગ	સ્વ બીરબલ	૪૯૨

વાર્તા

ફ્લુસની કરણી	બ્હેન પીલાં	૪૯૨
તાએ રોજગાર	છુમંતર !	૫૧૧
જાદુગરના જાદુ	,,	૫૧૨
ઈરાની શાહજાદો	શ્રી ર. ન. શાહ. બી.એ	૫૧૫

ઈતિહાસ

સોહરાબ અને રૂસ્તમ	શ્રી હ. પ્ર. ભટ્ટ, .	૪૯૯
ગુરવીર આર્જિ	ભાઈ ભાનુ	૫૨૧

સાહિત્ય

જરથોસ્તનાં વચનામૃતો		૪૯૩
જરથોસ્ત	શ્રી મો. જ પાઠક	૫૨૭


પ્રવાસ

ઈરાન	રમણલાલ નાનાલાલ શાહ	૫૨૫

પ્રકીર્ણ

નિવેદન	.	, ૫૨૯
સાહિત્ય સત્કાર		૫૩૧

આ માસિક શા માણેકલાલ અંબારામ ડૉક્ટરે રાવપુરા, વડોદરામાં, શ્રી સયાજીવિજય છાપખાનામાં છાપ્યુ અને રમણલાલ નાનાલાલ શાહે, બાલજીવન મંદિર, બાલવાડ, પીઠીપુર, વડોદરામાંથી પ્રસિદ્ધ કર્યુ , તા ૧-૯-૧૯૨૫



આવતો અંક

આમે બહાદુર બચ્ચા—(શ્રી ચંદ્રકાન્ત ઓઝા) બાળકોને ગાવાલાયક એક સુંદર ગીત

શરદ પુનમની રાત—કન્યાઓને ગરબામાં ગાવાલાયક એક રૂપાળો રાસ

ચાલે ધમ ધમ ધમ—મહાત્મા ગાંધીજીની જન્મતિથિપર બાળકોને સરઘસમાં ગાવા જેવી એક સચિત્ર શૂરવીરતાભરી કવિતા.

બાપલા! તુંહોને ભાણ પાસ્યું કે ક્રોધ!—(શ્રી. ગણેશ દ. શાહ)-બહેનોને ગાવા જેવું એક નવું છતાં સરળ ને સહેલા રાગવાળું હાલરડું

ગામ રક્ષ—શ્રી અંબુ ક રથીની એક મનોહર કવિતા.

વાર્તાઓ—ભીખાભાભીના અખેલા, રૌપાંઇની ચાલાકી, રૂપાની કુંચી, મોડું મોડું બધુ, નિમકહલાલ નોકર!, કુદરતની મઝમત, સંતોષી નર સદા સુખી, વિગેરે એક એથી ચડે એવી તમે કદી ન સાંભળેલી નવી નવી વાતો તમારે માટે આ અંકમાં આપી છે.

ચરખાવર્ગનું વાર!—ચમકશો નહિં! સરજનહારની સૃષ્ટિના આ એક અદ્ભુત ચમત્કારની સચિત્ર હકીકત આ અંકમાં જરૂર જોજો

મચ્છર—શ્રી નાનાલાલ મ. શાહ, બી. એસ સી. આ અતિશય ઉપયોગી લેખમાં માણસ જાતના આ દુષ્ટ શત્રુ સંબંધી રસભરી વિગતો રજુ કરી તેમનો નાશ કેમ થાય તેની ઉપયોગી સુચનાઓ કરે છે

મોગલ જમાનાના બાદશાહો—જગપ્રસિદ્ધ તાજમહાલ અને મમતાઝની વાતો સીઓની મસીદની ઓળખ (સચિત્ર)

હસ્ત—સાધુ બાબુનો આ ઉપયોગી નાનકડો લેખ તમે જરૂર વાંચજો જ.

બાળજીજ્ઞાસા—આપણે હવામાં કેમ નથી ઉડી શકતા? વાદળાં થાય ત્યારે પાસ કેમ થાય છે? ઝાડનાં મૂળીયાં વધે ને પોંકડાં જમીનમાં કેમ ન ઉગે?-હાથ કેમ સુઝાય?-માથે વાળ કેમ પડે છે? વિગેરે પ્રશ્નોના રસમય ખુલાસા અને એ ઉપરાંત "પાણી" "મોતીની માળા" અને બીજા ઉપયોગી લેખો ને વિગેરે.

"બાળજીવન" હમેશાં વિશ્વાસ પાત્ર જા. ખ. મે છે



"સ્વર્ગ"નાં પુસ્તકના પ્રણેતા—સાક્ષરવર્ય
સ્વ. અમૃતલાલ સુંદરજી પઢીઆર



વર્ષ ૪ | ફાગણ | [illegible]
અંક ૫ | ૧૯૯૦ | [illegible]

ઝાલાવડ – મેવાડ – ચંપાપુર – કાનપુર – પવનગ[illegible] – આયેરા[illegible]
[મોરબીવાળા]

ચોરવાડ

[દોહરા]

ચોરવાડ સમ ગામ નહિ, અમૃત[1] સમ નહિ [illegible]
સ્વર્ગ સમું પુસ્તક નહિ, નહિ [illegible]
પાન પપૈયા પાકતા, પવન [illegible]
પંખીના કલ્લોલ જ્યાં, કુદરતી એ [illegible]
સાગર ઘુઘવે નિત્ય ત્યાં, [illegible]
બાળક ઝીલે પ્રેમથી, [illegible]
વડલો ઉભો ચોકમાં, [illegible]
દીપવતી ત્યાં સ્ફુરતી, [illegible]
સુમન બાગ ત્યાં શોભતા, [illegible]
લીલી લીલી વેલડી, [illegible]
આવો મિત્રો ખેલવા, [illegible]
રમત રમીશું [illegible]

[illegible]



૧ અમૃતલાલ પઢિયાર.

હાથી અને ઉંદર


[ચોપાઈ]

પ્રાણી પ્યારા સમો ગજરાજ, મદે ભર્યો નવ કરવું કાજ;
ઉંદર દીઠો જાતે એક, પકડ્યો ઝટ સુંઢથી ત્રિવેક.
ઉંદર ચીંથાં મારે ઘણાં, પણ ગજ નવ વાગે તેવણાં.
શું કરવું! તેથી મુંઝાય, જીવતો નવ મૂકે ગજરાય.
હાથી મનમાં બહુ હરખાય, ઉંદરનો પકડે જીવ જાય,
ગજ મનમાં નવ માપે અરે! મદે ભરી વાણી ઉચરે,
પકડ્યો છે! ક્યાં જાશો હવે, એવો હું મોટો ના વને,
જરા જોઈ ત્હારી કાય, ક્યાં ઉંદર ને ક્યાં ગજરાય.
તોફાન તેં કીધાં પ્રબળ, વીરા તું ગજ જાતી રત્ન,
હવે મોત આવ્યો છે હાથ, જગથી સાથે ભીડી બાથ,
ગજમાં બળગુણની ભરપી, તે દુનીયા જાણે છે બધી,
મોટા શું ત્હારા ગુણ ગાઉં, 'જમ્બા ગજને ખાય જાઉં'.
ઉંદરને યુક્તિ સમજાય, ચટ ચટકો દીધો ગભરાઈ,
તીણા દાંત ખૂંચ્યા તે વડા હાથી મન અકળાયા ઘણા,
દુઃખ તણો નીકળ્યો આકાર, મરી નાખ્યા ઓવરે બાપ.
અરર! કાને પકડી હલ્યો, ગજનો મદ ક્ષણમાંહે ટળ્યો
ન કુ હુ ને ઓવરે બાપ, હીવ હોવે મનમાં કરતો જાય,
ક્યાં વગેરી મુજને આ કામ, અરર! બાપરે "આ શો ત્રાસ".
મદા કષ્ટે તે ઉભો થયો, દુઃખમાં દુનીયા ભૂલી ગયો;
વ્હાલા એ વિનતી મન ધરી, જાય, જાય મોટો જન મીઠરી.
ઉંદર કેમે આવી ઝીક, હાથીને મન લાગ્યું ઠીક;
ઉંદર છુટો થઈ દૂર ગયો, દુઃખ થકી ગજ છુટો થયો *

રામચંદ્ર બકોરભાઈ


---

* ચાલુ વર્ષના દીવાળી અંકના પાન ૩૧-૩૨ ઉપર આ કવિતાનાં ૬ ચિત્રો આપ્યાં છે



૧ કોલસામાં જોઇએ, ને ઝાડોમા મુખ્ય શું ? બે મળીને એક નામ, કહો પંડયાજી કયું ગામ ?	કાળાવડ
૨ મહિનાઓમાં જોઇએ, ને ખેતરમાં સોઇએ, બે મળીને એક નામ, કહો પંડયાજી કયું ગામ ?	મેવાડ
૩ પુષ્પોમાં જોઇએ, ને ખાવામાં સોઇએ, બે મળીને એક નામ, કહો પંડયાજી કયું ગામ ?	ચંપાપુરી
૪ સાંભળવામા જોઇએ, ને નદીમાં સોઇએ, બે મળીને એક નામ, કહો પંડયાજી કયું ગામ ?	કાનપુર
૫ આકાશમાં શું વસે ? કિલ્લાનુ શું નામ ? બે મળીને એક નામ, કહો પંડયાજી કયું ગામ ?	પવનગઢ
૬ કહો પાઘડી કયાં વસે ? જગતનું શું નામ ? બે મળીને એક નામ, કહો પંડયાજી કયું ગામ ?	માથેરાન

સંપાદક—શાહ. રવીલાલ મુલચંદ [મોરબીવાળા].





શબ્દોની રમત

૧ રાજનગરના રમણીકલાલે નયનપુરમા રસોઇઓ રાખ્યો. ૨ અંબાલાલે અહમદનગરમાં આંખોમા ઓષધ અંજાવ્યું. ૩ આરાવલ્લીના અમથાલાલે એના આંબા અમદાવાદના આશારામને આપવાને અદાલતમા અરજી આપી. ૪ આઠના અમલે અમલનેરથી આવતી આગગાડીમાં અમીચંદ અહિંયાં આજે આવ્યો. ૫ ગાંધીએ ગુજરાતના ગોરવને ગભાગ્યુ ૬ ગોમતીપુરના ગાંડા ગોપાલ ગાદામાંથી ગબડી ગયા ૭ મણીલાલે માનસીંહને મનાવવાને માટે મેવા મોકલ્યો. ૮ સોમનાથે સુમતીલાલને સ્વરાજ્યનો સબક શીખવાડ્યો. ૯ કાભાઇએ કાળીદાસને કહ્યું કે કેશવલાલને કહો કે કમળાને કાજે કચુંબર કટોરામાં કહાડે ૧૦ જેતલપુરના જગજીવને જબલપુરના જીવણલાલને જયપુરની જલેબી જમાડી.

ગુલાબીદાસ ફકીરચંદ



રાજા રાવણનું અભિમાન

[લખનાર—ભાઈ દુષ્યન્ત વિ. મજમુદાર ઉ. વ. ૧૧]

રાવણ એ લંકાનો રાજા હતો. એ મહાન શિવ ભક્ત હતો. એણે ઘણા ઘણા રાજાઓને જીતી તાબે કર્યા હતા. આથી તેને અભિમાન થયું કે હવે ત્રણે લોકમાં મારા જેટલુ કોઈ બળવાન નથી. વળી મને બ્રહ્માનુ વરદાન છે કે "તુ મરીશ નહી." આથી તે જેને જોતો તેને ત્રાસ આપતો.

એક દીવસ એ કોઈ લડનાર શોધતો હતો. એટલામા નારદમુનિ ત્યાં આગળ થઈને જતા હતા. રાવણે એમને કહ્યુ "મારી જોડે લડનારો કોઈ બળીઓ મને દેખાડો."

ત્યારે નારદે ઉત્તર આપ્યો કે "તું શ્વેત દ્વીપ ભણી જઈશ તો તને તારી જોડે લડનારો કોઈ બળીઓ મળી આવશે." રાવણે એકદમ પોતાનું પુષ્પક વિમાન તૈયાર કરાવ્યું તથા થોડાક પહેરેગીરો સાથે લીધા

એ લોકો હજી શ્વેતદ્વીપ સુધી આવી પહોંચ્યા નહોતા એટલામાં એમને એટલી બધી ટાઢ વાઈ કે એમનું પુષ્પક વિમાન ઉંચુ જ ચઢી શક્યુ નહીં

આથી રાવણે પહેરેગીરોને વિમાન સાથે પાછા ફરવાનો હુકમ આપ્યો અને પોતે એકલો પગે ચાલીને શ્વેતદ્વીપ આવી પહોંચ્યો

ત્યાં આગળ તે દ્વીપની સ્ત્રીઓ નદીએ પાણી ભરતી હતી. રાવણને દશ માથાવાળો ને વીશ હાથવાળો જોઈને બધી સ્ત્રીઓને અચંબો લાગ્યો ને એને જોઇ હસવા લાગી

રાવણે એમને કહ્યું, "હસો છો શુ ? મારા જેટલો બળીયો ત્રણ લોકમા કોઈ નથી, તો તમારા જેવાની શા–"

એ આગળ બોલવા જતો હતો એટલામાં એક સ્ત્રીએ એને બગલમાંથી ઝાલીને ખુબ ફેર ફુદડી ખવડાવી. એટલામાં એના

હાથમાંથી ઝુંટાવી બીજી સ્ત્રીએ પાશે ફેરકુંદડી ફેરવ્યો આમ એક પછી એક દરેક સ્ત્રીએ કર્યું. રાવણ તો બિચારો શરમાઈ ગયો અને મનમાંથી ખુબ ગુસ્સે થઇ ગયો પણ શું કરે ? તે એક સ્ત્રીના હાથમાંથી છુટી નાસવાનું કરતો હતો.

તેવામાં એક કોશી એનો ટાટીયો ઝાલી આકાશમાં ઉડી. રાવણે ઉંચા થઇ એને બચકાં ભરી લીધા એટલે એણે એને બહુ ઉંચેથી સરોવરમાં નાંખી દીધો.

હવે રાવણનો ગર્વ ઉતરી ગયો હતો. પણ બ્રહ્માનું વરદાન યાદ આવવાથી પાછો અભિમાનનો અંશ આવી ગયો

સરોવરમાંથી એ નાગલોકમાં ગયો ને નાગલોકને હરાવી જીતી લીધા. ત્યાંથી પાતાળમાં વિરોચનના પુત્ર બળીરાજાના રાજ્યમાં આવી પહોંચ્યો

બળીરાજાએ એનો સારો આદર સત્કાર કર્યો ને ત્યાં આવવાનું કારણ પૂછયું

રાવણે જવાબ આપ્યો કે, "મારે મારી જોડે લડનાર બળીઓ જોઇએ છીએ" ત્યારે બળીરાજાએ કહ્યું "જો તમે બધા રાજાઓને જીત્યા હોય તો ફક્ત વિષ્ણુજ જીતવાનો બાકી રહ્યો છે. પણ એ જીતવો બહુ મુશ્કેલ પડશે તથી મારા દાદા હિરણ્યકશીપુના કવચ અને કુંડળ છે તે પહેરીને જાઓ એટલે તમને વિજય મળશે"

રાવણ હોંશ ભર્યો કવચ અને કુંડળ લેવા ગયો પણ એનાથી એકકે વાતું કેમે કર્યું ઉંચું થઇ શક્યું નહિ. બળીરાજાએ કહ્યું, "તમે આ જોર વિષ્ણુને હરાવવા ઇચ્છો છો કે ? યાદ રાખજો કે હિરણ્યકશીપુ જેવા મહાન યોદ્ધાને પણ ધુળમાં રગદોળી નાખ્યા હતા તેને મન તમે શું હીસાબમાં ?"

રાવણ બિચારો ઝંખવાણો પડી ગયો અને પાછો લંકા તરફ ગયો. ત્યાં પાછા નારદ મુનિ મળ્યા એમણે પૂછયું, "કેમ રાવણ તારી જોડે લડનારો લાયક કોઈ યોદ્ધો મળ્યા કે નહિ ?"

રાવણ નીચું મોઢું ઘાલી લંકા તરફ નિરાશ થઇને ચાલ્યો ગયો.



ચારિત્ર્ય

(લખનાર—ભાઈ નટવર ત્રિવેદી)

ચારિત્ર્ય એ જીંદગીનું અણમોલું રત્ન છે. ચારિત્ર્ય વિનાનો મનુષ્ય કોડીનો ગણાય છે જેમ એકડા વગરના સો મીંડાં નકામા છે, તેમ ચારિત્ર્ય વગરનો માણસ, એક તરણખલા બરોબર નથી

સારૂં ચારિત્ર્ય એ એક સુખી જીંદગીની નીશાની છે માટે બાળકો ! ચારિત્ર્યને સારૂં બનાવવામાંજ વળો તનને મનને રોકો.

એક પૈસાદાર પણ ચારિત્ર્ય હીન માણસ સમાજમાં તિરસ્કાર-ને પાત્ર થશે. ભલે તેના અમુક ખુશામતીઆ તેને બોલાવે. ને તેની હામા હા મેળવીને તેને ખુશ રાખે. પણ એક ખરા ચારિત્ર્ય વાળો ગૃહસ્થ તો તેની સાથે વાત પણ નહિ કરે, તો ખુશામતનુ તો પૂછવુ જ શું ? સારૂં ચારિત્ર્ય એ એક માણ-સની મોટી સંપત્તિ છે વિપત્તિમાં ચારિત્ર્યજ માણસને સારા રસ્તા ઉપર લઈ જશે. ચારિત્ર્ય જીવનને સુખી બનાવશે, સંતોષી બનાવશે, ખોટી આશાઓનો નાશ કરીને માણસને ખોટા લોભો કે જેમા ચારિત્ર્ય બગડવાનો ભય છે, તેથી દૂર રાખશે.

ચારિત્ર્ય ઉપર માણસની ચડતી પડતી નો આધાર છે. કોઈ પણ જીંદગીના ક્ષેત્રમાં ચારિત્ર્ય તમને વધુજ મદદ કરશે. ગમે ત્યાં પણ સારા ચારિત્ર્ય વાળો માણસ પૂજાશે ને પંકાશે. ચારિત્ર્ય એ માણસની મોટામાં મોટી ને સારામાં સારી વગ કે લીફારશ છે. ચારિત્ર્યવાન ઉપર ઈશ્વર રાજી રહે છે.

માણસના સારા કે નરસા ચારિત્ર્યનો આધાર તેની નાનપણની કેળવણી ને તેના બાલ્યાવસ્થાના સંસ્કાર ઉપર મુખ્યત્વે આધાર રાખે છે, માટે બાળકો તમો ચેતો, ને સારૂં ચારિત્ર્ય બનાવવામાં જ તમો મંડયા રહો. પ્રભુ તમને જરૂર યશ આપશે. સારૂં ચારિત્ર્ય કરવા માટે તમો સદ્ગુણને રસ્તે ચાલો. સારા સારા ચારિત્ર્યવાળા માણસોનાં જીવન વૃત્તાંતો વાંચો ને તે ઉપરથી બોધ લો તેમના જેવા થવાનો સંકલ્પ કરો

સારૂં ચારિત્ર્ય એ સુખી જીંદગીની ચાવી છે. એમ માનતાં શીખો, સારા ચારિત્ર્યવાળોજ દેશસેવા, જનસેવા કે સમાજસેવા કરી શકશે ચારિત્ર્ય હીન મનુષ્ય તેમાંનું કાંઈ નહિ કરી શકે; કારણકે સારા ચારિત્ર્યના અભાવે તેનામાં જનસમાજ વિશ્વાસ મુકશે નહિ

માટે હે બાળકો ! તમારે સારા સમાજસેવક, દેશસેવક, થવુ હોય, કુટુંબસેવા કરીને સંતોષ આપવો હોય તો સારૂં ચારિત્ર્ય ઘડવામાં અત્યારથીજ પ્રયત્ન કરો પ્રભુ તમને જરૂર યશ આપશે.



અતીલોભ તે પાપનું મુળ

(બચુભાઈ દેસાઈ પાટણ ધો. ૫ ૧૪)

હિંદુસ્તાનમાં એક ગામમાં એક પારસી હતો તેનુ નામ જહેસુમારો .તો તેને જવાહર ખાવાનો ઘણો શોખ હતો તેને ત્યાં ઘણાં જવાહર હતાં તેમનું એક હીરેજડીત સોનાનું ઉંચુ મુગટ હતુ પછી તેને ઘણો લોભ થવા લાગ્યો એટલે તે છીનવી લઈને ખાવા બેઠો રાખ્યું એટલે એકદમ કઈ નીકળે જવાહરને નામે રહી બેઠા એટલામાં લાગ્યો આવ્યો ને કહેવા લાગ્યો કે ઉપે પ્રમાણે કર્યું કઈ ગયો થઈ ગોઓ કે મુ ઉપરે બન્યું એમ કે વાસ્તામે હરેખુ જવાહર મારું લેવી જન્નેતને સુસે સપાટથી મારામારી થઈ તેમા જહેસુ નામના બન્ને પડ્યા ને નાખનું ટીમક ધુળધાણ ગયુ. માટે અતિ લોભનું ફળ માટે પ્રીય વાંચનાર કોઈએ લોભ કરવો નહી.



રામપ્રસાદ ઠગારો

લખનાર—ભાઈ શાંતિલાલ સોમનલાલ

રામપ્રસાદ સુરતનો રહેવાશી હતો તેના બાપ ગુજરી જવાથી પોતાના માથાપર બધો ભાર આવી ગયો હતો. રામપ્રસાદે નાનપણથીજ ભણવાપર લક્ષ નહોતું આપ્યું તેથી તે બહુ પસ્તાતો હતો તે જેમ તેમ કરી ભરૂચ રહેવા ગયો. તેની પાડોશમાં ચંપકલાલ કરીને મોટા શેઠીયાનું કુટુંબ રહેતું હતું. ચંપકલાલ ગરીબોપર બહુ દયા બતાવતો તેથી તેણે રામપ્રસાદને સારી જગાએ નોકરી રખાવ્યો પણ રામપ્રસાદમાં ગુણ જ નહોતા તેથી એને તો જે કંઇપણ કામ સોંપવામાં આવે તેનું ઉંધું કરતો હતો તેથી શેઠે તેને રજા આપી. રામપ્રસાદને નોકરીનું કામ ગમ્યું નહિ તેથી હવે તેણે ચોરી કરવાનો વિચાર કર્યો એક દિવસે રામપ્રસાદ કલ્યાણી નામની ગરીબ બાઇના ઘરમાં પેઠો અને કહ્યું "જુઓ બાઇ, આ કેવી સુંદર સુંદર સોનાની બંગડીઓ છે? એક વિધવા બાઇએ એને વેચવા કાઢી છે. મને એ બહુજ ગમવાથી હું તમારી પાસે લાવ્યો છું- જો તમને પસંદ પડે તો હું ફક્ત તમને પાંચજ રૂપીઆમાં અપાવીશ"

રામપ્રસાદની આ વાત સાંભળી કલ્યાણી બહુ ખુશી થઇ અને તરતજ તેને પાંચ રૂપીઆ ગણી આપ્યા અને કહ્યું કે હવે પછી કોઇ સારી અને સસ્તી ચીજ મળે તો જરૂર લઇ આવજો. એ પછી રામપ્રસાદ વારવાર ઘણી ચીજો લઇ આવતો અને કલ્યાણી ખરીદતી. એક દિવસ તેણે કલ્યાણીને સોનાની માળા

માર ઉપર રૂ
બતાવીને કહ્યું કે જુઓ, કેવી સરસ સોનાની માળા ચારિ
તમારે લેવી હોય તો તમને હું માત્ર રૂપીઆ સોમાં વ
દીશ. પણ બીચારી કલ્યાણીએ કહયુ કે સો રૂપીઆ તો
પાસે નથી તમે કહેતા હો તો સાઠ રૂપીઆ આપુ તો
સામાં આપો તો જરૂર હું ખરીદી લઉ

સમમસાદે કહ્યું "ફીકર નહિ, તમે મારી પાસેથી
ખરીદો છો માટે લઇ લો. કલ્યાણી બોલી "તો તો બહુ
લો આ સાઠ રૂપીઆ.

રામમસાદે રૂપીઆ લઇ માળા આપી ચાલતા થયા અને
મનમાં બોલ્યો "ચાલો, ઉંદર જાળમા ફસાયો બીજી બાજુ
કલ્યાણી ઘણી ખુશી થઇ ગઇ અને સાચવી ને પેટીમ
મૂકી દીધી.

ઉપલી વાતને બે મહિના વીતી ગયા ત્યારે તેના પુ
શીવશંકરને બહારગામ જવાનો પ્રસગ પડયો ઘરમા પાઈ પૈ
ન હોવાથી ઉદાસ થઇ ગયો

અને તેની માતા કલ્યાણી પાસે પૈસા માગ્યા કલ્યાણી
કહ્યું પૈસા તો નથી પણ ઘરાણુ છે તે વેચીને પૈસા લઇ આ
આટલું કહી તેને માળા અને બંગડીઓ આપી અને કેવી રીતે મેળ
તેનું સઘળું વૃતાંત કહી સંભળાવ્યુ શીવશંકર બજારમા સોની
ત્યા ગયો તો સોનીએ કહ્યું કે આતો પિત્તળના છે ! એ
કિંમત તો બે આના પણ નથી. શીવશંકરે સરાફને બતાવ્યાં
તેણે પણ તેજ કહ્યુ.

શીવશંકર અને તેની માતા કલ્યાણીએ ઘણોજ શે
કર્યો પણ ચાલાક રામપ્રસાદનો તો પત્તોજ લાગ્યો નહિં

વાંચનાર ભાઇઓ અને બ્હેનો! હવે તો તમે સારી
સમજ્યા હશો કે કેવી રીતે તે રામમસાદ કલ્યાણીને
ગયો આવા લોકોથી હમેશાં ચેતતા રહે
આંધ ન કરવો જોઇએ.

દક્ષિણ તરફની મુસાફરી

[લખનારઃ—ભાઈ જયરાજ ભીમજી]

અમે અમારી બેનમીની રજામા હવા ફેર કરવા મદ્રાસ આવેલું નાનુ ગામ તિરપુરમાં ગયા હતા ત્યાં મદ્રાસ થી જવાનુ હતુ, તેથી મદ્રાસ જોવાની મને તક મળી જાણી જી આઇ પી રેલ્વેમાં બેસવુ પડે છે જો આપણે મેલમાં બેસીએ તો પરબારા મદ્રાસ જવાય છે, અને જો પેસેન્જરમા બેસીએ તો રાયચુરમાં ગાડી બદલવી પડે છે, કારણ ત્યાંથી એમ એસ એમ. રેલ્વે શરૂ થાય છે.


અમે બોરીબંદર સ્ટેશને લગભગ નવવાગે રાત્રે ગયા હતાં. ટ્રેન રાત્રે અગીઆર વાગે ઉપડવી હતી. અમે ઇન્ટરમા બેઠા હતા ટ્રેન ઉપડયા બાદ થોડા કલાકમા સહ્યાદ્રી (પશ્ચીમઘાટ) પર્વત આવે છે તે પર ગાડીને ચઢાવવા બે એન્જીન જોડવામાં આવે છે ગાડીને જવા માટે તે પર્વતમા સોળ કે સત્તર ગુફાઓ કોતરી કાઢવામા આવી છે, અને તેની અંદર કેટલીક મોટી છે. રાત્રે લગભગ બે વાગે પુના આવે છે ત્યાની હવા ઘણી સરસ છે, મુંબઇના પૈસાદાર લોકો ચોમાસામા ત્યા રહે છે બીજુ મોટું સ્ટેશન સોલાપુર લગભગ સવારના દશવાગે આવે છે ત્યા ચાર મોટી મીલ છે, અને સુતર કાપડ અને રૂનો મોટો વેપાર છે. ત્યાંના ચીરડા પ્રખ્યાત છે, અમે પણ લીધા હતા. ત્યાં ગાડી લગભગ પા કલાક રહે છે પછી મોટુ સ્ટેશન બારશી આવે છે ત્યાથી પંઢરપુરની બીજી ગાડી ઉપડે છે. પછી લગભગ બે વાગે બપોરના વાડી જંકશન આવે છે ત્યા ગાડી લગભગ અર્ધો કલાક રહે છે પછી સાંજનાં લગભગ ચાર વાગે રાયચુર જંકશન આવે છે. ત્યાંથી એમ. એસ એમ. રેલ્વે શરૂ થાય છે,

મેલમાં બેઠા હોવાથી અમને ગાડી બદલવી પડી

ગાડી અર્ધો કલાક ઉભે છે પછી સાંજના લગભગ છ વાગે અરકોણી આવે છે ત્યાં અમારા ઓળખીતાને ત્યાથી અમને ચા પુરી આવ્યાં, તે અમે ખાધાં પછી ગુટકલ આવે છે અહીંયાં ગાડી અર્ધો કલાક ઉભે છે. પછી સવારના લગભગ નવ વાગે મદ્રાસ આવે છે (બે ભાગ નાના સ્ટેશનોનો હેવાલ આપ્યો નથી) મદ્રાસ હીંદુસ્તાનમાં ત્રીજા નંબરનું શહેર છે ત્યાંની ભાષા તામિલ તથા તેલગુ છે ત્યા ટ્રામો ચાલે છે ત્યાં મુબઈની માફક વિકટોરીયા નથી પણ ટાંગા ખટારા ને રીક્ષા છે. રીક્ષામા બે માણસો બેસે છે ને એક માણસ ખેચે છે ને લાંબી ચાર પાંચ સીટવાળી મોટરો (ઓમ્નીબસ) ચાલે છે તે અમુક હદથી અમુક સુધી જાય છે, એમ ઠરાવેલું હોય છે ને તેના ભાવ નક્કી કરેલા હોય છે મદ્રાસ ઈસ્ટ ઇન્ડીઆ કંપનીએ ઇ સ. ૧૬૩૯મા ખરીદ્યુ હતુ, ત્યારે તે નાનું મચ્છીમારનું ગામડુ હતુ, ત્યાં અંગ્રેજોએ બાંધેલો કીલ્લો સેટ જ્યોર્જ ફોર્ટ જેવા લાયક છે તેમ ત્યાનુ મ્યુઝીઅમ તથા એક્વેરીઅમ એટલે જળચર પ્રાણીનો સંગ્રહ જોવા લાયક છે એક્વેરીઅમમા લીલી પીળી વગેરે રંગની માછલીઓ તથા સર્પો કાચના કબાટ જેવામા પુરી રાખવામા આવે છે ત્યા આપણા ગુજરાતી ભાઈઓ ઘણા વસે છે ને તેઓ વેપાર કરે છે તેઓ બધા મળી જે લત્તામા રહે છે તેને શાહુકાર પેઠ કહે છે. બીજું ગાડીનો વખત થઈ જવાથી અમે જોઈ શક્યા નહિ અમે સ્ટેશને લગભગ પાંચ વાગે ગયા હતા, ત્યાથી સાઉથ ઇન્ડીઆ રેલ્વે શરૂ થાય છે અમે સવારના છ વાગે તિરપુર પહોંચી ગયા આ ગામ નાનુ છે તેમા લગભગ બે હજાર માણસની વસ્તી છે તેમા રૂનો મોટો વેપાર છે અમે અમારા મામાને ત્યાં ઉતર્યા હતા. આપણા ઘણા દેશીલોકો ત્યાં વેપાર કરે છે, રૂને કપાસથી જુદુ કરવુ, રૂની ગાસડી બાંધવી વીગેરેના વીસ બાવીસ વરાળયંત્રો ચાલે છે. ત્યાંની હવા ઘણી સારી છે. અમે ત્યાં થોડા દહાડા રહી કોચીન ઉપડી ગયા

અમે સવારના રવાના થયા. સોરનુરમા અમારે ગાડી બદલવી પડી ત્યાથી નાની ગાડી શરૂ થાય છે અમે સાંજના પહોચી ગયા અને કોલમથી નાની બોટમાં બેસવુ પડે છે. કારણ કે ત્યાં ખાડી છે. અહીંઆ નાળીએર બહુ થાય છે, તેનું વગર યંત્રથી તેલ કાઢવામા આવે છે તેની ઘણી ઘાણીઓ છે. અમે પછી કોચીનની પાસે આવેલું નાનું ગામડું હલવઈ છે; ત્યા ગયા હતા તેમા એક નદી છે. તેમાં બધા લોકો આખો દહાડો નાહ્યા કરે છે તો પણ શરદી કે તાવ આવતો નથી. પણ ભૂખ બહુ લાગે છે. આ નદી થોડેજ ઠેકાણે-ઉંડી છે. ઉનાળામાં બહુ પાણી હોતું નથી. તે કોચીનની ખાડીને મળે છે અહીંઆ અમે થોડા દહાડા રહ્યા પછી તીરપુર પાછા આવ્યા અને ત્યાં થોડા દહાડા રહી અમે પાછા મુબઈ આવ્યા ત્યા સુધીમા અમારી વેકેશન પુરી થઇ હતી ને સ્કુલ પણ ચાલુ થઇ હતી.





લખનાર—ભાઈ શાંતિલાલ ખેટાલાલ શાહ.

અમે અઠ્ઠાવીસ છોકરાઓ બે ગુરૂજી સાથે વલસાડથી પુના જવા નીકળ્યા. સોમવારે રાત્રે (૨૯-૧૦-૨૩) વલસાડથી બેસી સવારે છ વાગે દાદરસ્ટેશને ઉતર્યો અને ત્યાં દાતણપાણી કરી નાસ્તો લીધો લગભગ નવવાગે જી. આઈ. પી. ગાડીમાં બેસી ઉપડયા.

સવાર હોવાથી ઠંડી ઘણીજ લાગતી હતી, પણ કુદરતના દેખાવ જોવાથી રમુજ આવતી હતી ત્યાં જતાં ઘણો રસ્તો ડુંગરો કોરીને કર્યો છે, અને ઝાડ તથા પહાડ શિવાય બીજુ કાંઇ નજરે પડતુ નથી પુને જવા રસ્તામાં બાવીસ ચોવીસ ભોંયરાં (ટનલ)મા થઇ ગાડી પસાર થાય છે ગાડીમા બેઠા બેઠાં કોઈકોઇ વાર ગાડીમા ફરતા હ ણો નજરે પડે છે પહાડમાંથી પડતા પાણીના ધોધ આંખને આનંદ આપે છે તથા મનને પ્રફુલ્લીત કરે છે આ પ્રમાણેનો કુદરતી દેખાવ જોતા જોતા અમે બપોરે ખડકી સ્ટેશને ઉતર્યા ત્યાથી બેચાર ગાઉ ચાલતા ગયા અને અમારા તબુમા ગયા થોડીવાર વિશ્રામ લઇ નદીએ સ્નાન કરવા ગયા ત્યાથી પરવારી જમ્યા અને અમારા શિક્ષકના સુચવ્યા પ્રમાણે કામ કર્યા પછી વાળુ કરી સુઇ રહ્યા સવારે ઉઠી પર વારીને 'સ્કાઉટ રીલ'માં ગયા ત્યાંથી બાર વાગે આવી, સ્નાન કરી ખાણુ ત્રણ વાગ્યા પછી ગયા દિવસનોજ કાર્યક્રમ હતો. ત્રીજે દિવસે સાંજે દેશી તેમજ ઈગ્લીશ રમતો રમાઈ હતી ચોથે દિવસે એ નેનાઈ ગયા હતા

હમે ચોથે દિવસે પુના શહેર જોવા નીકળ્યા. પહેલા 'એગ્રીકલ્ચરલ કોલેજ' જોઈ અને નહિ જોવલાં હોય તેવાં

કુદરતી ફુલઝાડ જોયાં. ત્યાં અમે સ્નાન કરી જમ્યા અને પછી ત્યાંથી જઇ 'ફરગ્યુસન કોલેજ' જોઈ; ગામમાં ફર્યા અને સાંજે વિશ્રાંમાં જમી સ્ટેશન પર ગયા. ટ્રેનને થોડીક વાર હોવાથી વાતચીતમાં વખત પસાર કર્યો અને ગાડી આવી તેમાં બેસી સાતમે દિવસે એટલે તારિખ ૫-૧૧-૨૩ ને સોમવારે પાછા વલસાડ આવી પહોંચ્યા.

મથુરાં અને ગોકુળ

(લેખક—ભાઇ માધવજી ગોરધનદાસ)

અમે સાંજના ૬ વાગે મથુરા સ્ટેશન ઉપર પોહચ્યા. મથુરાંનું સ્ટેશન નાનું પણ સ્વચ્છ છે. ત્યાં સીગરામ તથા ગાડાંની મળીની સગવડ છે. અમે સીગરામમાં બેસી એક ભાટીઆની ધર્મશાળામાં મુકામ કીધો. પછી સામાન મેલી અમે જમનામાં સ્નાન કરવા ઉતર્યા. જમનાજી ઉપર ચાર ઘાટ છે જેમાં મુખ્ય ૧૮ વિશ્રામ ઘાટ છે. ત્યાં સવારના તથા સાંજના ૭ વાગે આરતી થાય છે. મથુરાંમાં મુખ્ય વસ્તી ચોબાઓની છે તે લોકો વાસ્તે વધારે એવું સાંભળ્યું છે કે ઘણે ભાગે એ લોકો પૈસે ટકે સુખી હોય છે; અને તેમની બૈરીઓ રોજગાર ચલાવે છે. તે લોકો કોઇના હાથનું રાંધેલું ખાતા નથી. જમના પર બાંધેલો રેલ્વે પુલ ઘણોજ મનમોહક છે.

જમનાનું પાણી મીઠું તથા સ્વચ્છ છે. મથુરાંમાં ઘણાં મંદીરો છે તથા સામે કિનારે દુર્વાસા ઋષીનો આશ્રમ છે, ત્યાં હોડીમાં બેસી જવાય છે. મથુરામાં યાત્રાના વારુઓ અને ઝવેર વખણાય છે અને પ્રસાદી તરીકે સાકરીઆ ચણા અને પેંડા મળી શકે છે. ગોકુળ ટાંગામાં બેસીને જવાય છે. ગોકુળમાં કૃષ્ણની બાળ લીલાની નીશાનીઓ તથા ઘણી જુની મંદીર ઘણાં છે. ત્યાં ૮૪ થાંભલાના મહેલનું મંદીર છે. તેને કુળ નંદરાયનો મહેલ કહે છે ત્યાંથી દાઉજી (બળદેવજી) નું મંદીર પાંચ માઇલ દૂર છે. ત્યાં ન્હાવાનું ક્ષીરસાગર નામનું તળાવ છે.

ફેશનનું પરિણામ

[લખનાર-ભાઈ ચન્દ્રકાન્ત મ. મહેતા]

એક જુવાન હિંદુ દેશપરદેશ ફરીને પોતાના ગામડામાં આવીને વસ્યો. પોતે જો કે અભણ જ હતો તોપણ દેશપરદેશ ફરવાથી બે ચાર જુદી જુદી ભાષાઓના શબ્દો તે જાણતો હતો, અને તેથી કરીને પોતે જાણે બહુ મોટો પંડીત હોય એવી રીતે પોતાના ગામના ગરીબ માણસ તરફ બહુ ઇતરાજીથી વર્તતો અને બોલવામાં બીજી ભાષાના બે ચાર શબ્દો બોલી સામા માણસને ગુંચવાવતો. ગામના માણસો બીચારા એના એટલા ફાંકુથી અંજાઈ જતા. અને એને બહુ વિદ્વાન સમજતા. એક વખત એવો બનાવ બન્યો કે તે માણસ માંદો પડ્યો. તે વખતે તેનાં સગાંવ્હાલાં સારવાર કરવા લાગ્યા, અને તે ભાઈસાહેબને કંઈ જોઈતું' હોય ને પુછે તો તે લોકને સમજણ ન પડે તેવી ભાષામાં જવાબ આપતો. એમ કરતાં દહાડે દહાડે માંદગી વધતી ગઈ અને ભાઈસાહેબનો મરણકાળ નજીક આવ્યો. તે વખતે તેનો પ્રાણ પાણીને માટે વ્યાકુળ થવા લાગ્યો. પાણી જો કે ખાટલા નીચે હતું પણ તેઓથી તો વોટર, વોટર, કરીને બુમ પાડવા લાગ્યા, અને મોઢું બતાવવા લાગ્યા. પેલાં બીચારાં અજ્ઞાન લોકો બહુ મુંઝવણમાં પડવા લાગ્યા અને તેમની એવી જ ગભરામણ વચ્ચે પોતાનો જીવ ક્હાડયો. તે માટે કહ્યું છે કે–


દેશ ગયો, વિદેશ ગયો,
શીખી લાવ્યો નવી વાણી.
વોટર કરતાં જીવ ગયો ને,
ખાટલા નીચે પાણી.

દરિયો શિયાળ અને વરૂ

[લખનાર—બ્હેન પોથાં બા. મહાતી]

એક શિયાળ, દરિયાની સામે રહેતુ હતું એક વેળા તેને વરૂ મળ્યુ, જેણે દરિયો કદિ પણ જોયો નહેતો. એટલે તેણે શિયાળને સવાલ કર્યો કે દરિયો એટલે શુ ? શિયાળે કહ્યુ મારી નજીકમા તે એક પાણીનો મોટો ભાગ છે. ત્યારે વરૂ બોલ્યું તમે તેપર કાંઈ કાબુ મેળવ્યો છે ? શીયાળે કહ્યું, હા ત્યારે વરૂ બોલ્યો, મહેરબાની કરી મને જરા તે બતાવશો ? મોટી ખુશીથી, શિયાળે જવાબ આપ્યો આ પછી શિયાળ વરૂને દરિયા તરફ દોરવી લઇ ગયુ. દરિયો આવ્યો કે શિયાળે પાણીના મોજાંને હુકમ આપ્યો કે અંદર જાવ અને તેઓ અંદર ગયા. હવે ઉપર આવો. અને પાણીના મોજાઓએ તેમ કર્યું. આ પછી વરૂએ કહ્યું. મોજાઓ આજે મારા મીત્ર વરૂ તમને જોવા આવ્યો છે, માટે હું તમને કહું તેટલો વખત દરમ્યાન તમે ચઢ ઉતર થયા કરજો બિચારા વરૂએ પાણીના મોજાને અંદર જાવ આવ થતાં આશ્ચર્યથી નિહાળ્યું. થોડે વખતે તેણે શીયાળને કહ્યુ, હું દરિયામાં જાઉ ? શિયાળ બોલ્યો તમારી મરજી મુજબ કરજો, જાણી કરતા મા કારણ દરિયાને હું જેમ કહીશ તેમ વર્તશે ને તમો તે અત્યાર આગમચ જોઇ ચૂક્યા છો ! વરૂએ શિયાળના વિશ્વાસ પર દરિયામાં ઝુકાવી મારી, પણ અફસોસ ! વરૂ બિચારૂં, પાણીના મોજાં સાથે દરિયામાં ગરકાવ થઇ ગયું આ પછી શિયાળે વરૂનો ભક્ષ કર્યો. આ ઉપરથી નાના બાળકે એવો બોધ લેવાનો છે કે:—

વગર વિચાર્યું જે કરે, પાછળથી પસ્તાય,
દેખો આ દ્રષ્ટાંતથી, જાન ઘણાંના જાય.



ચામડું

[રચનારઃ—મણીપત સવાઈલાલ પંડ્યા]

મહેતાજી—ચીમન, શેના શેના બનતા હશે?

ચીમન—ચામડાના.

મહેતાજી—કેવા ચામડાના બનતા હશે?

ચીમન—જોડાનું ચામડું કમાવેલું હોય છે. કમાવ્યા વિનાનું ચામડું તેજવાળું ને નરમ હોય છે. ચામડાને ન સુકવે તો કોહી જાય અને બહુ સુકવે તો ખરબચડું થાય છે, તરડે છે અને વાળીએ ત્યારે તૂટી જાય છે. કમાવેલું ચામડું સુંવાળું અને નરમ થાય છે ને તે તૂટતું નથી. વળી વજનમાં હલકું તેમજ ટકાઉ થાય છે. તેમાં પાણી પણ ઉતરી શકતું નથી.

મહેતાજી—ઘણું સારૂં પણ કાન્તિ, ચામડાને શી રીતે કમાવતા હશે?

કાન્તિ—જાનવરો જ્યારે મરી જાય ત્યારે તેનું ચામડું ઉતારી લઈ ચુનાના પાણીમાં બારથી પંદર દીવસ સુધી પલાળી રાખે છે. તેથી ઉપરના વાળ ખરી પડે છે; પછી એક વાસણમાં પાણી ભરી તેમાં બાવળની છાલ અને મેંદીનો ભૂકો નાખી એકરસ કરી ચામડાં બોળી રાખે છે. પછી ચામડાંને દશ પંદર દિવસ પછી કાઢે છે. તેના કોથળા કોથળી વીગેરે બનાવે છે. ફરી તેને ઉપલા રસમાં સાતઆઠ દિવસ રાખે છે. ત્યાર પછી તેને પીંછ તેલ ચોપડી સુકવે છે. સુકવ્યા પછી તેને ધોકાથી સાફ કરે છે; એટલે ચામડું બરાબર સાફ થાય છે.

મહેતાજી—વારુ, ચંદ્રકાન્ત, ચામડાની કયી કયી વસ્તુ બને ?

ચંદ્રકાન્ત—ઘોડાના જીન, જોડા, ચોપડીઓનાં પુઠાં, હાથના મોજાં, મોસ, પાણીની પખાલ, વરત, વિગેરે

મહેતાજી—પ્રતાપ, બધી વસ્તુઓમાં ચામડું એક જાતનું વપરાતું હશે ?

પ્રતાપ—ના, હાથના મોજાનું ચામડું કુમળું હોય છે; ને જીન તથા જોડાનું જાડું હોય છે.

મહેતાજી—મહેન્દ્ર, કુમળું કે સખત ચામડું શી રીતે કરતા હશે ?

મહેન્દ્ર—જુદાં જુદાં પ્રાણીઓના ચામડાં કમાવ્યા પછી વધારે ઓછાં કુમળાં થાય છે ડુક્કરની ચામડીનાં જીન થાય છે તે સખ્ત હોય છે; બકરાના ચામડાના પૂઠાં થાય છે, બકરીના બચ્ચાના ચામડાનાં હાથના મોજાં થાય છે. ઢાલ તથા જોડા બળદના ચામડાંના થાય છે. ભેંસ, પાડા અને ઉંટના ચામડાની પખાલો થાય છે.

મહેતાજી—(ઘડીઆળ સામું જોઈને) ચીમન, જા ઘંટ વગાડ, અને કાલે "શરીરની ચામડી" વીષે પાઠ કરી લાવજો.



થશે. થોડા દીવસ વીત્યાબાદ શહેરમાં એવી અફવા ફેલાઈ જે રાજાની કુંવરીને રાક્ષસ ઉંચકી ગયો છે, ને જે કોઈ તેણીને લાવી આપશે, તેને અરધુ રાજ મળશે તે ચારે ભાઇઓ તે ઇનામ જીતવાને તૈયાર થયા જોગી ભાઇએ જોઇને કહ્યુ જે હું જોઇ શકુ છું કે તેણી દુરદરાઝ એક મથક પર બેઠી છે, ને એક રાક્ષસ તેણીની પાસેજ સુતો છે પછી તેઓ રાજા પાસે ગયા ને ત્યાં જવા સારૂ વહાણ માગયું. રાજાએ તે આપ્યું. તેઓ ત્યાં જઇ પુગ્યા શીકારી ભાઇએ કહ્યુ કે હું તીર ફેંકીશ તો એણીને લાગી જશે, ને તે મરી જશે, માટે તમો તમારી સીફ્તથી કામ લો. પછી ચોટા ભાઇએ કુંવરીને રાક્ષસની પાસેથી લઇ આવ્યો, જેવા તેઓ વહાણમાં બેસવા ગયા કે, તે રાક્ષસ જાગી ઉઠયો, ને તેઓની પાછળ દોડયો, શીકારી ભાઇએ જલદીથી તીર કમાન કાઢીને રાક્ષસ તરફ તાંકી. તરતજ એક ભયંકર ચીસ સાથે વહાણ પર તે પડયો તેના ભારથી વહાણ ઉંધુ વળી ગયુ. ને તેના બધા પાટીયા છુટી ગયા, ને ચારે ભાઇઓ અને કુંવરી દરિયામાં પડયાં. તરત જ દરજીભાઇએ થોડાક ટાંકાથી વહાણ સાંધ્યુ ને તેમાં બેસી સલામત શહેરમા આવી રાજાને તેની કુવરી સુપરત કીધી રાજાએ તે ચારે ભાઇ-ઓને ઘણી માન ઇજ્જત સાથે ભર દરબારમા તેઓની હુશીયારી કહી સંભળાવી, ને તેમને પોતાનું અરધું રાજ સોંપ્યું. તે ચારે ભાઇઓ ત્યારબાદ પોતાના પિતા સાથે સુખેથી રહ્યા, ને પોતાના પીતાની આજ્ઞા માન્ય રાખવા માટે પોતાને ભાગ્યશાળી સમજવા લાગ્યા

સોબતનું ફળ

(લખનાર—ભાઈ કાળીદાસ ભીકમજી ચાવડા)

એક ગામમાં એક બ્રાહ્મણ પાસે એક ગાય હતી. તેજ ગામમાં એક કુંભાર પાસે ગધેડું હતું તેની આદત એવી કે હરરોજ રાતના વાડામાંથી છટકીને ખાવા જાય. એક દીવસ ગાય ને ગધેડો એકઠા મળ્યા. ગધેડો બોલ્યો શું તું આખો દીવસ અહીંજ રહીશ? મારી સાથે ચાલ. હું ત્યાં ઘણુંજ સારૂં ખડ બતાવું. ગાયે ઘણી આનાકાની કરી પણ પછી સાથે ગઈ એમ થોડા દીવસ ચાલ્યું પછી ખેતરવાળા ધણીને વહેમ જવાથી ખેતરમાં સંતાઈ રહ્યો, જ્યારે પેલી જોડી ખેતરમાં આવી ત્યારે ખેડુત તો ડાંગ લઈ બન્ને પાછળ દોડયો. ગધેડાને તો ભાગવાની આદત હતી તે તો છટકી નાસી ગયું પણ ગાય તો બ્રાહ્મણની એટલે ભાગવાના પણ જરૂર સાસાજ. પછી તે ખુબ માર મારીને સવારે ગાયને ખેડુ પેલા બ્રાહ્મણને ઘેર લઈ જઈ તેને હવાલે કરી તેને ચેતાવ્યો અને ગાળો પણ ભાંડી. બ્રાહ્મણે વિચાર કર્યો કે ગાય કદી જાય એવી નથી પણ આમ શાથી પરિવર્તન થયું હશે? પછી તેને ખબર પડી કે ગધેડાની સોબતથીજ ગાય બગડી. હવે તે દિવસથી ગાયની ડોકે ઘટડી તથા ધોકો બાંધ્યો. પાછા ગાય અને ગધેડું ભેગા થયા ત્યારે ગાયે કહ્યું કે લે તારી સોબતનાં ફળ!

સાર—સોબત તેવી અસર જરૂર થાય છે.


ખર જેવાની સંગતે પડયો ગાયને માર,
બળે ધોકો, ઘંટી પડી ચતુર ચકોરને સાર.

અમૂલ્ય કુતરો

[લખનાર—પ્રસન્નકુમાર મણિલાલ દેસાઈ]

એક સદ્‌ગૃહસ્થ કોઈ એક શહેરથી સ્ટીમરમાં બેસીને પોતાને ઘેર પાછો આવતો હતો. સ્ટીમરમાં એક બાઈ સાથે તેને ઓળખાણ થઈ તેણી કોઈ એક પૈસાદાર ગૃહસ્થની ધણિઆણી હતી, અને પોતાના એકના એક વહાલા બાળકની સાથે પોતાના બાપને ત્યાં જતી હતી. થોડા કલાક પછી સ્ટીમર એક બંદર આગળ ઉભી રહી. પેલી બાઈની એક ચાકરડી, શહેર જોવાની ઇચ્છાથી, નાના બાળકને લઈને સ્ટીમરની ગેલેરી આગળ ઉભી હતી. તેવામા પેલુ બાળક ચાકરડીના હાથમાથી એકદમ ઉછળ્યુ અને પાણીમાં પડીને દરિઆના મોજાથી દટાઈ ગયુ, અને તેથી સ્ટીમરમાં ગડબડ થઈ રહી.

આ વખતે પેલો ગૃહસ્થ તુતક પર બેઠો બેઠો વાંચતો હતો, તે આ ગબડબડ સાંભળી ત્યા દોડી આવ્યો ગડબડનુ કારણ જાણીને તેણે તે બાળકના પહેરેલા કપડાનો એક ટુકડો માંગ્યો. બાળકની ચાકરડીએ તે તે ગૃહસ્થને આપ્યો એ ગૃહસ્થની પાસે એક મોટો કુતરો હતો, તેને તેણે પેલો ટુકડો અને જે જગ્યાએ બાળક ડુબી ગયુ હતુ તે જગ્યા બતાવી કુતરો બધી બાબત સમજી ગયો અને તરતજ સ્ટીમરમાથી દરિઆમાં કુદકો માર્યો, અને ડુબકી મારી અદ્રશ્ય થઈ ગયો. આખરે લાંબે વખતે પેલો કુતરો સ્ટીમરથી ઘણે દૂર બાળકને મોઢામાં રાખીને તરતો દેખાયો. તેણે બહુજ મહેનત કરીને બાળકને શોધી કઢ્યુ હતુ, અને થાકીને લોથ પોથ થઈ ગયો હતો, અને તેનાથી તરી પણ શકાતુ નહોતું. છેવટે કુતરા અને બાળકને હોડી સ્ટીમરમા લઈ આવ્યા. આમ આ અમૂલ્ય કુતરાએ એક બાળકને અજબ રીતે બચાવ્યો.



'બાલજીવન'નો દીવાળીનો અંક—'બાલજીવન'નો દીવાળીનો અંક ૧૦૦ પૃષ્ઠનો થયો છે. તેમાં નયનાભિરામ રંગીન તથા સાદા ચિત્રો છે તેમજ નામીચા લેખકોના લેખો છે. બાળકોને આનંદ પડે તેવા લેખો તેમાં વિશેષ છે. છૂટક અંકનું મૂલ્ય ૧૨ આના છે.

"પ્રજાબંધુ".

બાલજીવનનો દિવાળી અંક—આ અંક સહેલી અને મધુરી ભાષાની વાર્તાઓથી પ્રમુખ લેખકોની અને રાષ્ટ્રીય ભાવનાને પોષે એવી હકીકતોથી ભરપૂર છે. ચિત્રો પણ સારી રીતે મૂક્યાં છે [illegible] છે. બાળકોને વિવિધ પ્રકારની વાર્તાઓ પીરસવા માટે 'બાલજીવન' ચાલકોને અભિનંદન ઘટે છે.

માગશર, ૧૯૮૦] ["નવપ્રભા"

"બાલજીવન' આ માસિકનો દિવાળીનો અંક તપાસ અર્થે મને મળ્યો છે, તે ખચીત સંઘરી રાખવા લાયક મને લાગ્યો છે. એ અંક બાળ અભ્યાસીઓના હાથમાં મુકાને તેમને તે સંબંધી યોગ્ય તાલિમ આપવી જોઈએ છે. [illegible] મી૦ અરદેશર ફરામજી ખબરદારનું "ચોટે મારો [illegible]" વાળું ગીત ખરેખર ગોખી રાખવા યોગ્ય છે, તથા એને લગતું ચિત્ર પણ ઘણું જ બોધદાયક છે. વળી ઉપલા માસિકમાં બાળકોને ગમે એવી ઘણી નાના નાની ઓળખાણે પાનાની વાર્તા આપી છે. એ ઉપરાંત તેમાં મહાત્મા ગાંધીજીનું રંગીન ચિત્ર આપ્યું છે × × × ×

ડિસેમ્બર ૧૯૨૩] નવરાજ

બાળજીવન (દીપોત્સવી અંક) આ અંક જોતાં કોઈ પણ તટસ્થ વાચકને આશ્ચર્ય થશે કે બાળકને જ્ઞાન સાથે ગમ્મતનો લાભ આપનાર ફક્ત બાળજીવનજ બાળક માટે નિકળતા માસિકોમાં પ્રથમ પંક્તિ ભોગવે છે. અંક સચિત્ર બનાવી વાંચન વિશેષ આનંદ રસપૂર્ણ બનાવ્યો છે.

દેવદીવાળી—૧૯૮૦ "સમસ્ત લાડ મિત્ર"

બાલજીવન દીવાળી અંક બાળકોને જાણવા માટે સતત પ્રયત્ન કરતા આ માસિકનો દીવાળીનો અંક ખાસ ધ્યાન ખેંચનારો છે. પાને પાને તેમાં સુંદર અને ભાવવાહી ચિત્રો છે. દેવનાયકોનો ફોટો, મહાત્માજીનું ચિત્ર અને શ્રી કૃષ્ણનું ચિત્ર આંખને ઠારે છે. માંહેનું વાંચન પણ વિધવિધ પ્રકારનું, બાળકને ગમે એવું, તેમને માનસિક પોષણ આપે એવું છે.

કાર્તિક ૧૯૮૦ મોઢ ચંદ્રોદય-પુર્ણિમા

બાલજીવન (દિવાળી અંક)—× × બીજા પત્રોની સરખામણીમાં બાળકોનું માસિક આવો સરસ આકર્ષક દિવાળી અંક આપે એ ધન્યવાદ કહેવાય. સવા રૂપિયા જેવા લવાજમમાં આવો અંક આપવાનું કામ ××× જ કાર્ય કરી શકે. લેખો અને ચિત્રોની પસંદગી પણ ઉત્તમ પ્રકારની છે.

પોષ.—૧૯૮૦ બાળક

બાલજીવનનો દીવાળી અંક શ્રી કૃષ્ણ અને રાધાજીની સુંદર રંગીન છબીઓવાળો સોએક પાનાનો દળદાર અંક લેખ અને ચિત્રોથી આનંદ આપે તેવો છે.

ડીસેમ્બર, ૧૯૮૦ બાલમિત્ર

બાળજીવનનો દિવાળીનો અંક પ્રસંગોચિત મળ્યો હતો. તે વખાણવા લાયક છે અને સર્વ લેખો ઉપયોગીજ છે છતાં પણ અમારા નમ્ર મત પ્રમાણે ગયા વર્ષનો એજ અંક અધિક આકર્ષક અને સુંદર હતો.

જાન્યુઆરી ૧૯૨૪ "વિલાસ"



સાહિત્ય સત્કાર

નવલ પુષ્પ—તંત્રી શ્રી. રાવજીભાઇ દેસાઇ—નડિઆદ. આ ઉપયોગી માસિકનું લવાજમ માત્ર રૂ. ૩) છે તેથી ગુજરાતી પ્રજા તેનો સારો સત્કાર કરી એમ આપણે ઇચ્છીશુ.

નવપ્રભા—પ્રકાશક શ્રી. કસનજી મણિભાઈ દેસાઇ સુરત લવાજમ રૂ. અઢી, પૃષ્ઠ ૨૮ આ માસિકના તંત્રીના આ પ્રયાસને અમે ઉન્નતિ ઇચ્છીએ છીએ. લેખો વિગેરે સારા છે.

પાટીદાર—તંત્રી શ્રી. નરસિંહભાઇ ઇશ્વરભાઇ પટેલ—આણંદ, લવાજમ રૂ. ૨) ચરોતરના પાટીદારો માટે આજ સુધી કોઇ પણ માસિક નીકળતુ ન હતુ એટલે આ પ્રયત્ન પહેલો જ આવકારદાયક લેખી શકાય. પ્રથમ અંકમાં દરબાર શ્રી. ગોપાળદાસનો લેખ ઘણો જ મનનીય છે.


વાપોડીઆમાં ૧૯૯૯ની સાલમાં ઉજવાયલા વિદ્યાદાનનો અહેવાલ—શ્રી હાથીદળા વાપોડીઆમાં સામાજીક પ્રવૃત્ત ઘણી સારી રીતે કરે છે અને ગઇ દિવાળી પર તે ગામના શિક્ષક, ગામના આગેવાનો વિગેરેએ ગામમાં ફરી દાન ઉઘરાવ્યું તેનો આમાં હેવાલ છે. આવી શુભ પ્રવૃત્તિઓ માટે અમારો અંતઃકરણનો અભિનંદન છે

પાઘેર પુત્રીમાંથી પાદશાહી—કર્તા શ્રી ચોકુદાસ રાયચુરા—પ્રકાશક—પ્રગતિ કાર્યાલય સુરત. કિંમત એક આનો. વર્તમાન જમાનાને ઉપયોગી થઇ પડે અને આપણી બ્હેનોને હિન્દ કલ્પનાઓથી ભરેલી વાર્તા દ્વારા રેંટીઆમાં રસ લેતી કરી શકાય એ ઉદ્દેશથી ગુજરાતના આ સમર્થ લેખકે આ રસપ્રદ વાર્તા લખી છે અને તે ખાસ કરીને સ્ત્રીઓને વંચાવવા જેવી છે.

દિવ્ય જ્યોતિ—કર્તા શ્રી. ધનશંકર હીરાશંકર ત્રીપાઠી. કિંમત રૂ. દોઢ, અમદાવાદથી પ્રસિદ્ધ થતા આગાહી પત્ર ગુજરાતી પંચાંગ ૧૯૯૨


(૧)
ચાલો ! આ કેળાંની છાલ હાથી ભાઈના બારણા આગળ મુકી આવીએ


(૨)
હવે જો જો હાથી ભાઈની ગમ્મત!
ઘરરરરરરરર
ધુછછછછસ.
હાય! હાય!


(૩)
ઉં હું હું !
તું મરેરે પાછ લીરાનના હાથી ભાઈ! બધા પ લાળી માર્યા!
ખરરરરરરર!






(૧)
હાથી :—
અલ્યા
મારી
મશ્કરી કે !

(૨)
ઠીક બેટુજી!
હવે
જુઓ ગમ્મત








(૩)
કેમ? કોની
ગમ્મત થઈ
હવે!
હા! હા! હા! હા!

થાય તેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ.

"કુમાર"—ઉગતી પ્રજાનું માસિક ૧૪૪૮૦ રાયપુર, અમદાવાદ, ક્રાઉન ૮ પેજી પાન ૮૦ સચિત્ર કીમત શ્રી. રવિશંકર રાવળ ગુજરાતના એક સમર્થ ચિત્રકાર અને વિદ્વાન છે ભાષાઉપર એમને અનન્ય પ્રેમ અને મમતા છે ૧૨ થી ૨૨ વર્ષની વયની પ્રજા માટે એમણે આ સચિત્ર માસિક કાઢ્યું છે ને તેનું વાર્ષિક લવાજમ રૂ ૬) છે આપણી ભાષામા ઉપરની વયની પ્રજા માટે યોગ્ય સાહિત્ય છેજ નહિ એ માનવાની જોકે અમે ના પાડીએ છીએ (કારણ પણ્યાવ માસિકો એવો પ્રયાસ થોડેક વખતે કર્યા કરે છે જ,) છતાં આ આકર્ષક લાગતા માસિક સાહિત્યથી ગુજરાતની ઉગતી પ્રજાને અવશ્ય લાભ થશે એમ અમે માનીએ છીએ, અને ભાઈ [illegible] "કુમાર"ની દિન પ્રતિ દિન ઉન્નતિ ઇચ્છીએ છીએ

સાંગાસરા સ્વદેશ સાર્વજનિક વાંચનાલય—સોડામાલ (વડોદરા રાજ્ય) ગામમાં એક ઉત્સાહી ભાઈ [illegible] નાયકજી હાઉના ખંતીલા પ્રયાસથી સરકારી ગ્રાન્ટ નિયમ ઉપરાંત [illegible] ચાલે છે તે સંબંધી અમને મળેલી હકીકત જોતાં એ ગામના વાચકોને અને તેમના આવા પરમાર્થિક કામ માટે અંતઃકરણપૂર્વક અભિનંદન આપીએ છીએ

સિન્દુર પ્રકર—પ્રકાશક [illegible] શ્રી [illegible] લાલભાઈ, [illegible] જૈન [illegible] ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૬૪ મૂલ્ય રૂ૦ ૦-૮-૦ વિક્રમની ૧૩ મી સદીમાં થઈ ગયેલા એક સમર્થ જૈન આચાર્ય શ્રી સોમપ્રભસૂરીના [illegible] ૧૦૦ શ્લોકોનો સરળ અર્થ સહિત આ પુસ્તકમાં સમાવેશ કર્યો છે ને ઉપલી શાળાના અભ્યાસ ૬ [illegible] ૭ મા [illegible] વાપરવાનું ઠરાવ્યું છે. પ્રયોજકને આ કાર્ય માટે અભિનંદન આપીએ છીએ. તેમનો પ્રયાસ પ્રશંસનીય છે તેમના તરફથી વિશેષ સાહિત્યસેવાની આપણે આશા રાખી શકીએ.



ઇનામ ઝુંબળા.

ડીસેમ્બર માસની હરિફાઇ.

આ હરિફાઇમાં એકંદરે ૬૨ બાળકોએ ભાગ લીધો હોઇ ઇનામો નીચે મુજબ જાહેર કરવામાં આવે છે—

૧ પ્રાણજીવન વનેચંદ ઠા૦ કંસારાશેરી મોરબી એમને રૂ. ૨)ના પુસ્તકો.

નીચેના દસ જણને ચાર આનાની કિંમતનાં પુસ્તકો મળે છે જે તેમણે અર્ધા આનાની ટીકીટ બીડી મંગાવી લેવાં.

૨ બાબુભાઇ મગળચંદ વોરા, ૩ શાંતિલાલ ચંદુલાલ નડિયાદ ૪ બાલશંકર મહાશંકર પાટણ, ૫ છોટાલાલ પુરાભાઇ, ૬ કાન્તાબેન જમનાદાસ વીસનગર, ૭ જસવંતી મહાસુખભાઇ વીસનગર, ૮ નરોતમ મુલચંદ વીસનગર, ૯ ભુલાભાઇ ભીખાભાઇ ભાલીયોરા, ૧૦ ધર્મરાજ નર્મદાશંકર નડિયાદ, ૧૧ મહેદી અલારખા.

નવા સવાલો (૧) આ અંકમાં પાન ૨૪૮ ની સામે બે બાજુએ ચિત્રો આપ્યાં છે બન્ને બાજુનાં ચિત્રો હાથીની આસપાસને લગતાં છે. ચિત્રો પરથી ૨ વાર્તાઓ (દરેક પાનાની ૧) લખી મોકલો. દરેક વાર્તા વધારેમાં વધારે ૭૫ શબ્દોથી મોટી નજ હોવી જોઇએ.

(૨) સીમમાં જઇ મેં ભરવાડને પૂછ્યું,—"ભા, તારી પાસે બધાં મળી કેટલાં ઘેટાં છે?" તે બોલ્યો કે, જો તેમની, બબ્બેની, ત્રણ ત્રણની, ચાર ચારની, પંચ પાંચની કે છ છની હાર કરૂં તો હમેશા બરાબર હારો કર્યાં ૧ ઘેટું વધે છે, પણ જો બધાં ઘેટાંની સાત સાતની હારો કરૂં તો બરાબર થઇ રહે છે ને એકેય ઘેટું વધતું નથી

બાળકો! તમે ગણીને મને કહેજો ભરવાડ પાસે ઘેટાં કેટલાં હતાં?

ઇનામો—પહેલું રૂ. ૨)નું અને બીજાં નાનાં મોટાં હમેશ મુજબ

ન ગ ઠ સ ઘ પરીખ
કૃષ્ણ કુટીર, સ્ટેશન રોડ, મલાડ

નિવેદન

"બાલજીવન" સબંધી અગત્યનો ફેરફાર—ગ્રાહકો અને વાચકોને સુચના—એપ્રીલ ૧૯૨૪થી "બાલજીવન" માસિકનું કાર્યાલય લાલ જેઠા બિલ્ડીંગ, સાંકળી સ્ટ્રીટ, ભાયખલા, મુંબઇ નં ૮, એ ઠેકાણે છે ત્યાંથી ખસેડી નીચેને ઠેકાણે લઇ જવામાં આવશે, એટલે કે હવેથી લેખો મોકલવાનું, સમાલોચનાનાં પુસ્તકો વિગેરે મોકલવાનું તેમજ પત્ર વ્યવહાર કરવાનું સરનામું લાલ મુજબ નહિ કરતાં

બાલજીવન કાર્યાલય ઠે. કમલાકાન્તની કું ગાયવાડી, મુંબઇ, નં ૨

એ મુજબનું શીરનામું કરવું તેમજ રુબરૂ મળવાને માટે તથા લવાજમ વિગેરે રુબરૂ ભરવાને માટે ઉપરોક્ત ઠેકાણે મળવું.

બાકીનો તમામ પત્રવ્યવહાર—જેમકે અંકો ન મળ્યાની ફરિયાદ, મ. ઓ. થી લવાજમ મોકલવું હોય તે તથા ઇનામમાળાને લગતો તમામ પત્રવ્યવહાર.


નાગરદાસ ઇ. પરેલ કૃષ્ણ કુટીર, કોલન રોડ, મલાડ, મુંબઇ નજીક, બી. બી. સી. આઇ,

એ મુજબના શીરનામે કરવો જેથી તાત્કાલિક ફરિયાદ વિગેરેનો નિકાલ થઇ શકશે.

"બાલજીવન"ના તમામ લેખક મિત્રોને.—અત્યંત નમ્રતા પૂર્વક નિવેદન કે જે મમતા અને મ્હેરબાની અત્યાર સુધી જાળવી રાખી છે તેવીજ તેઓ હવે પછી પણ જાળવી રાખે એમ પ્રાર્થના છે, અને હવેથી તમામ

ચિત્રાની ઓળખાણ—આ અંકના મુખપૃષ્ઠ પર જે ચિત્ર આપ્યું છે તે ભાવનગરની એક બ્હેનનું છે તેની વય માત્ર ૧૨ વર્ષની છે પરન્તુ અભ્યાસમાં તે એવી હોશિયાર છે કે ભાવનગરની કુમારી કન્યાશાળા તરફથી ઇનામમાં તેને મોતીની બંગડીઓ મળી હતી ચિત્રમાં હાથે જે બંગડીઓ દેખાય છે તે બંગડીઓ જ તેને ઇનામમાં મળી હતી. એના હાથમાં "અભયકુમાર" નામનું જે પુસ્તક છે તે તેના પિતાશ્રીએ પ્રકટ કર્યું છે

આ અંકની શરૂઆતમાં ચોરવાડ નિવાસી જાણીતા લેખક અને વિદ્વાન સ્વ० અમૃતલાલ સુંદરજી પઢિયારનું ચિત્ર આપ્યું છે જ્યારે પાન ૨૨૪ની સાથે આપેલું ચિત્ર ચિત્તરંજન દાસ ... પતાકાનું છે અને તેની પાછળની બાજુએ ભારતવર્ષના પંડિત ... જીવનચરિત્ર ... હવે પછી આપવામાં આવનાર છે એટલે તે સંબંધી અત્રે અમે વધારે વિવેચન કરવા નથી પાછળની બાજુએ ... જે રેખા ચિત્રો આપેલાં છે તેની પ્રમાણતો ચિત્રો સાથે જ છે



કવિતા

(શિવશંભુ [illegible]) ... ૨૧

ચોરવાડ (ભાઇ રામચંદ્ર [illegible])

હાથી અને ઉંદર

હાસ્ય—રમતગમત

(ઠ૯ રવીમ. [illegible])

બુદ્ધિબળના પ્રશ્નો (ભાઇ સુબાબીદાસ [illegible])

ફુલ્લેરાની રમત .. (ભાઇ યશવંત દે[illegible])

અતિ લોભ પાપનું મુળ (ભાઇ ચંદ્રકાન્ત [illegible])

દેશનનું પરિણામ ... (ભાઇ ચંદ્રકાન્ત [illegible])

સોબતનું ફળ (ભાઇ ઠાગીદાસ [illegible])

વાતો

બુદ્ધની વાતો (ભાઇ હરિકૃષ્ણ [illegible])

રામપ્રસાદ કંસારો (ભાઇ શાંતિલાલ [illegible])

મથુરા અને ગોકુળ (ભાઇ માધવજી [illegible]) . ૨૩[illegible]

મુર્ખાની જમાત (બ્હેન યશવંતી) ... ૨૩[illegible]

ઠગ શિયાળ અને વરુ (બ્હેન પીલા મ. [illegible]) .. ૨૩[illegible]

ચાર ભાઇઓ ... (બ્હેન હમારા બા. રજબઅલી) ૨૪૮

અમુલ્ય કુવરો (ભાઇ પ્રમકુમાર મણીલાલ દેસાઇ . ૨૪[illegible]

ઇતિહાસ—ચારિત્ર.

રાજરાજાનું અભિમાન . (ભાઇ કૃષ્ણલાલ પી. મજમુદાર) ... [illegible]

વિજ્ઞાન

ચારિત્ર (ભાઇ નરવર ત્રિપાઠી)

ચામડું .. (ભાઇ મહીપત સવાઇલાલ પંડ્યા)

પ્રવાસ.

મારી દક્ષિણની મુસાફરી (ભાઇ જયરામ [illegible])

પુનાનો પ્રવાસ .. (ભાઇ શાન્તિલાલ [illegible] શાહ)

પરચુરણ

ટપાલ, સાહિત્ય સત્કાર

ધનામભાગ્ય . ... (ભાઇ નામદ[illegible])

નિવેદન ... ...



બાળ હાલરડું—શ્રી. ભાનુમતીનાં લોકપ્રિય થયેલાં હાલરડાં હાર-માળામાંનું નવું ગીત.

શિયાળ અને દેડકું—(શ્રી ક્રમલાકાન્ત) કવિતામાં બાળવાર્તા
ઓંધી મા ' ... ભાવનો પ્રેમ દર્શાવતું એક લલિત કાવ્ય.
... સુરજી પર્દ હાથ છોકરીઓને માટે તેમને ગમે એવું
તાયે આપેલું મિત્ર મિલેટન રેણુ કરે છે.

પાઠગની બાજુએ બારણું (ક્રુષ્ઠોવીકર, હેડમાસ્તર, ઇન્સ્પેક્ટર) બાળ-વનમાં હવે પછી આવતાં રમુજી વાર્તા.

વધારે વિવેચન કરતા નથી ...—(શ્રી. અભિલાષ દેસાઇ) પુષ્કળ ચિત્રો આપેલા છે તેની કસરત કરવાના સહેલા પ્રયોગો આ લેખમાં

... મારી ... શું ? ... ... કરે છે, ને
ઊંઘ ભરી જાય ત્યારે ભખો રહે છે એ શું ?
... વધતી હશે ? વિગેરે રસમય સવાલોના
શાસ્ત્રીય પણ સરળ ... ખુલાસા.

જુના જમાનાં ઘડીયાળો—પુષ્કળ ચિત્રો સહિતના આ લેખમાં આપણા વડવાઓ ઘડિયાળ વગર વખત કેમ જાણતા હતા ? તે રસમય રીતે સમજાવ્યું છે.

મીઠી ચીજ !—મીઠું !—મધુરસનો મહિમા દર્શાવતી એક રસભરી વાર્તા.

દરિયા કિનારે !—શ્રી ડૉ. મોહનલાલ જ. ... દરિયા કિનારે આપણને મળી આવતાં જાતજાતનાં માછલાં ને જન્તુઓની રસમય માહિતિ પુષ્કળ ચિત્રો સાથે આપે છે.

જુ—(સચિત્ર) તમારા માથામાં વગર ભાડે રહી અમનચમન કર-નાર જન્તુઓની જાણવા જેવી હકીકત.

શેખ ફરીદની શિખામણો—શ્રી. છ'યા આ વાર્તામાં ભક્તિ ખાંડાની ધાર જેવી છે તે સાબિત કરે છે.



બાળ ફુલરૂં

રાસડો

મારૂં લાડીલું ફુલ,
મારૂં કોડીલું ગુલ,
મારૂં બાળ ઝુલઝુલ હું ઝુલાવું ઝુલે.-ટેક
બાળકના નયણાંમાં નવલખ નૂર છે,
નયણાંની નીંદમાં નવાણું લાખ ફુલ.-મારૂં.
બાળકત કવીના હાથે ફુલાવણાં,
મલકાતું ઉધમાં અમીથી અમુલ.-મારૂં.
મલુકા બોલ મને હોવતા વધામણાં,
ઉધમાં અવ્યક્તાનંદ છેટા મઝુલ-મારૂં.
પમરે છે અગરજ પુષ્પના પરાગ શી!
ઝુલે ઝુલાવતાં બ્હેકે બહુલ.-મારૂં.
જાગે બાળુડું વિશ્વ સર્વ મારૂં જાગતું
શય્યાના સોડ, સ્વર્ગ સમણાં પ્રફુલ્લ-મારૂં.

વિ ધ આત્મમસ્તી

ઝૂલો !

સીતાની વાડીમાં ડમરો રે રસીયાં !
મૃગલો ચરી ચરી જાય રે-
મારી ખેલતી ડમરી ધસી રે રસીયાં—સીતાની૦


સોના રૂપાનું ઝાડ બેલડું રે રસીયાં !
લાખ એકની મારી ઓઢણી રે-
મારી ખેલતી ડમરી ધસી રે રસીયા !—સીતાની૦

આપો સીતાજી ! મને બેડલું રે રસીયા !
સરોવર પાણીડાં જાઉં રે-
મારી ખેલતી ડમરી ધસી રે રસીયાં—સીતાની૦

આપો મોતીની મારી ઇંઢણી રે રસીયાં !
બેડલું મૂકીને લાવું રે-
મારી ખેલતી ડમરી ધસી રે રસીયાં !—સીતાની૦

આપો સીતાજી ! મને લાકડી રે રસીયા !
મૃગલો વળાવવાને જાઉં રે-
મારી ખેલતી ડમરી ધસી રે રસીયાં !
સીતાની વાડીમાં ડમરો રે રસીયા !
મૃગલો ચરી ચરી જાય રે-
મારી ખેલતી ડમરી ધસી રે રસીયાં !—સીતાની૦

સંપાદક—શેઠ૦ સરલા દેસાઈ



[લેખક—મ. ના. ભટ્ટ, ઠખોદ્રીકર]

છોકરો—બાપા ! મનુના બાપે મુંબઈથી નવા વરસનું એક સુંદર રંગિત કૅલેન્ડર મોકલ્યું, મારે માટે એવું એક કૅલેન્ડર નહિ મગાવો ? મને તે બહુ ગમે છે.

બાપ—ઠીક છે, પણ તારે કૅલેન્ડર બનાવતા શીખવું છે ? તને તેમાં બહુ મઝા પડશે

છોકરો—હા બાપા ! ઘણી ખુશીથી હું બનાવીશ, મને કહો.

બાપ—આ જાડા પુઠામાંથી ૯ ઈંચનો ચોરસ કાપી કમ્પાસવડે એકની પાછળ બીજુ એમ અરધા અરધા ઈંચને છેટે રહે એવાં ૯ વર્તુળ દોર અને બાર સરખા ભાગ થાય એવી રીતે એ વર્તુળોમાં થઈને આરપાર જનારી છ લીટીઓ દોર

છોકરો—બાપા ! એ દરેક એકેક મહિનાના નામ આવશે નહિ વારૂ ? ?

બાપ—હા તારી ધારણા ખરી છે ત્રીજી બહારનાં વર્તુળના બાર ભાગોમાં બાર અંગ્રેજી મહિનાના નામ લખી તે તે મહિનાની પ્હેલી તારીખે જે વાર આવતો હોય તે પંચાંગ-

માંથી શોધી તેની નીચેના એટલે બીજા વર્તુળનાં બાર ખાનાં-ઓમા લખ કેમ બનશે કે ?

છોકરો—(તે પ્રમાણે કરીને) હા બાપા. પણ હવે બાકી રહેલાં ખાનાંમાં શું લખવું ?

બાપ—સાંભળ, આ જો. જાન્યુઆરી મહિના નીચે મંગળ-વાર લખ્યો છે, એટલે મંગળથી શરૂ કરીને અનુક્રમે અઠ-વાડીયાના વાર એની નીચેના ખનાઓમાં લખ. એ પ્રમાણે બધાં પૂરાં કર

છોકરો—બસ. આ તો દરેક મહિનાના પહેલાં અઠવા-ડીયાના વાર આવ્યા, પણ બાકીના દિવસોનું કેમ કરીશું ?

દીકી—(પાસે બેસી જોયાં કરતી હતી તે) અને તારીખો લખવાની તો જગાજ ન રહી તેનુ કેમ કરશો ?

બાપ—(હસતા હસતા) દીકીબ્હેન ! હવે તેજ કરીએ છીએ. આ લે પુઠાંમાથી ચાર ઇંચ લાંબો ને ૨ ઇંચ પહોળો લંબચોરસ કાપી તેનો એક ખુણો વર્તુળના મધ્યબિંદુપર રાખી ટાંકણી પોચ, અને અર્ધા અર્ધા ઇંચને છેટે લંબચોરસ ઉપર ૭ લીટી ઉભી, ને ૮ લીટી આડી એવીરીતે દોર કે દરેક વારના ખાનાની સીધી લીટીમાં એ ખાનાં આવે. એ ખાનામાં ઉભી અનુક્રમે તારીખો લખ.

દીકી—(આશ્ચર્ય સાથે) ઓહો ! આ તો બધી તારીખો અને વાર આવાં ગયાં !

છોકરો—(આશ્ચર્ય સાથે) અને તારીખવાળા પુઠાને ફેર-વીને અમે તે મહીના આગળ લઈ જવાથી દરેક મહીનાની તારીખ અને વાર જાણી શકાય ! વાહ ઘણું સારૂં કેલેન્ડર ! ઘડિઆળ જેવુ કેલેન્ડર ! ઠીક મઝા પડી !

બસ હવે હું એવાં બીજાં કેલેન્ડર બનાવીશ અને એક નિશાળમાં લઈ જઈશ. માસ્તર સાહેબ બહુ રાજી થશે ! અને મનુને બતાવીશ ! બાપા મને હવે સુખડીવાળું કેલેન્ડર નથી જોઈતું ! મને આ બહુ ગમે છે ! હવે હું આ કેલેન્ડરનેજ સુંદર ચિત્રવાળું શોભિતું બનાવીશ અને મારા બધા મિત્રોને બતાવીશ અને શીખવીશ ! આજે તો બહુ મજા પડી !*

* વચમાં પૂઠાને ટાંકણીને બદલે પીત્તળની ખોળી (eyelo) દોરીવાળા બુટને આવે છે એવી કાણું પાડીને બેસાડી હોય તો આવું કેલેન્ડર બહુ મજબુત બની શકે—તંત્રી બાલજીવન.






સીધીભાઈના છોકરાં




કાળા કાળા સીધી લોક (સીદી) તમે જોયા છે? વગડામાં તેમનાં છોકરાં એક નાના ઘરમા રહેતાં હતાં. એક વ્હાણે તેમની મા બહાર કામે ગઇ. સાંજ પડી એટલે છોકરાને બ્હાર રમવા જવાનુ મન થયું પણ વગડામા એક મોટો વાઘ રહેતો હતો અને તે બારણા આગળ જ આડો લઇ રહયો હતો, હવે તેઓ બ્હાર શી રીતે જાય? તેમણે એક ખુબી કરી ઘરમાંથી એક કુંડામાં થોડોક દૂધપાક કર્યો ને એક છોકરાએ એક મજબુત દોરડાનો ગાળો કર્યો. દોરડું ઘરની ભીતે એક મોટા ખુંટા પર તેણે બેરગ્યું ને ગાળો લટકતો રાખ્યો પછી એક છોકરાએ દૂધપાકનું કુંડુ બારીએથી બ્હાર ધર્યું ને વાઘને કહ્યુ—"લો વાઘજીભાઇ! જમો ગરમ ગરમ દૂધપાક!" (જુઓ ચિત્ર ૧ લુ) વાઘજીભાઈ દૂધપાક ખાવા મડયા એટલે પેલા છોકરાએ આસ્તે આસ્તે દોરડાનો ગાળો ખુબ ખુબીથી ચાંકરો કરવા માંડયો (જુઓ ચિત્ર ૨) પણ દૂધપાક જમવા ની લ્હેરમાં વાઘને કશી કામ ખબર નહિ પછી તો વાઘજીભાઇને પેલા છોકરાંઓએ નજાવતી એવો સખત હસો નાખ્યો કે દૂધપાકનું કુંડુ જમીનપર પડીને ફુટી ગયુ અને વાઘજીભાઇ અદર લટકી ગયા! છોકરા વાઘજીભાઈને ચીડવતા ચીડવતા રમવાને ચાલ્યા ગયા (જુઓ ચિત્ર ૩) આમ સીધીભાઈના છોકરાએ જીવતો વાઘ પકડયો!

રોજ કરવાની કસરતો

લખનાર—શ્રી અંબેલાલ સવરામભાઈ દેસાઈ—અલપાવ

માણસનાં શરીરમાં પેટ, આંતરડાં, જઠર વિગેરે જેજે સંચાઓ છે તે બધાનું કેન્દ્ર એક સૂર્યચક્ર હોય છે એ એની શક્તિ વધારવાથી શરીરમાંના સઘળા સંચાઓ પોતપોતાનું કામ કાંઈપણ અડચણવિના સારી રીતે કર્યા કરે છે, અને તેથી માણસ રોગવગરનો અને બળવાન બને છે. એ શક્તિ વધારવાને નીચે જણાવેલી કસરતો કરવી જોઈએ.

કસરત પહેલી—નમસ્કાર આસન

બન્ને પગોને એક બીજા સાથે જોડીને ટટાર ઉભા રહેવું અને ચિત્રમાં બતાવ્યા પ્રમાણે હાથ જોડવા એમ ટટાર ઉભા રહેવું એ મુખ્ય બાબત છે.

કસરત બીજી—હાથ પગનું આસન

ઘુટણમાંથી પગ વાંકા ન વાળતા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે તેને સરખા અને સીધા રાખવા નાક, અથવા માથું પગના ઘુંટણે અડકાડવું, અથવા બે ઘુંટણની વચ્ચે ઘાલવું. એ કસરત અઘરી છે, વાત સહેલી નથી. તેથી પહેલાં ઘુટણો સીધાં રાખતાં અને હાથ ઠેરવતા આવડે ત્યારે જમીન પર, પરંતુ પગની નજીક હાથ ઠેરવવાનો મહાવરો પાડવો. એક બે મહિનામાં ધીમે ધીમે એ આવડી જશે. હાથ જમીન ઉપર મૂકતી વખતે પેટને અંદર રાખવું.

કસરત ત્રીજી—એક પગ લંબાવવાનું આસન

એની આગળની કસરત એટલે એક પગ જેટલો પાછળ લઈ જવાય તેટલો લઈ જઈને બીજો પગ જમીન ઉપર મૂકેલા હાથ પાસે એટલે પહેલાંના ઠેકાણે જ મૂકવો.

કસરત ચોથી—બે પગ લંબાવવાનું આસન

આ કસરત કરતી વખતે બંને પગો પાછળ સરખા રાખવા પડે છે. એમાં બને પગ પાસે પાસે અને બને હાથ આગળને ઠેકાણે જ ટટાર રાખવાના હોય છે.

કસરત પાંચમી—સાષ્ટાંગ નમસ્કાર—આસન

'સાષ્ટાંગ' એ શબ્દ ઉપરથીજ એમાં આઠ અંગો જમીનને અડકાડવાનાં હોય છે એવો અર્થ ખુલ્લો જ છે. એ આઠ અંગો એટલે બે પગ, બે ઘુટણો, બે હાથ, એક છાતી અને એક નાક એટલાં હોય છે, એજ આઠ અંગો ફક્ત જમીનને અડકાડવાં, પેટ અડકાડવું નહીં

કસરત છઠ્ઠી—સર્પ આસન

સાષ્ટાંગ નમસ્કાર થયા પછી ફક્ત પગનાં આંગળાનાં ટેરવાં અને હાથની ઉપર જ અંગને તોળી રાખી જે પ્રમાણે નાગ-સાપ ફેણ ઉંચી કરે છે તે પ્રમાણે ડોકુ ઉંચું કરી તે જેટલું પાછળ લઈ જવાય-નમાવાય, તેટલું પાછળ લઈ જવું, અને છાતી જેટલી આગળ કઢાય તેટલી આગળ કાઢવી.

એ કસરત થયા પછી ફરીથી પહેલાંની પ્રમાણે એટલે ચોથી કસરત પ્રમાણે બન્ને પગ લાંબા કરવાનું આસન, ત્યાર પછી બીજી કસરત એટલે બન્ને હાથ પગનું આસન અને છેલ્લું પહેલું એટલે નમસ્કાર આસન એ પ્રમાણે અનુક્રમે બધી કસરતો કરવી પડેછી બાર કસરતો દરેક બબ્બે વખત અને

પાંચમી અને છઠ્ઠી એ એક એક વખતે મળીને દરરોજ છએ કસરતો કરવી.

એ દરેક કસરતો કરવાને ૭ (૬) સેકન્ડ બસ છે. એટલે મિનિટમાં દશ વખત એ દરેક કસરતો કરી શકાય છે એ કસરતો નિયમિતપણે કરવાથી આપણાં શરીરને સારો ફાયદો થયા સિવાય રહેતો નથી

એ કસરતો કેટલી ઉમ્મરના માણસે કેટલી વખત કરવી તેનો કોઠો નીચે આપવામા આવે છે —

ઉમ્મર વરસ.	અશક્ત માણસ	સાધારણ માણસ.	બળવાન માણસ
૮	૧૨ વખત	૨૫ વખત	૫૦ વખત
૧૨	૨૫ ,,	૫૦ ,,	૧૦૦ ,,
૧૬	૫૦ ,,	૧૦૦ ,,	૫૦૦ ,,
૨૫	૧૦૦ ,,	૩૦૦ ,,	૧૨૦૦ ,,
૪૦	૧૦૦ ,,	૩૦૦ ,,	૧૦૦૦ ,,

એનાથી વધુ જેમ જેમ માણસની ઉમ્મર વધતી જાય છે તેમ તેમ તેની શક્તિ ઓછી થતી જાય છે; એટલે જેમ જેમ શક્તિ ઓછી થતી જાય તેમ તેમ કસરતની સંખ્યા માણસે ઓછી કરતા જવી.

આ કસરતો કરતી વખતે માણસે શ્વાસોચ્છ્વાસની ગતિ પોતાની શક્તિ પ્રમાણે સરખી રાખવી જોઇએ. શ્વાસ લેવાની અને મૂકવાની ક્રિયા હમ્મેશાં નાક વાટે જ કરવી જોઇએ; મોઢું તદ્દન બંધ રાખવું. અશક્ત માણસે જરૂર પડે ત્યાં શ્વાસ લેવો અને જરૂર પડે ત્યાં મૂકી દેવો

સાધારણ શક્તિનો માણસે શરૂઆતમાં નમસ્કાર આસનની કસરત કરતી વખતે શ્વાસ લેવો, અને સર્પ આસન વાળી કસ-

રત કરી રહ્યા પછી મૂકવો. ફરીથી શ્વાસ લેવો અને ઉઠયા પછી મૂકવો.

શ્વાસ લેવાની અને મૂકવાની રીત મહાવરાથી બરાબર આવડી જશે

આ કસરતોથી થતા ફાયદા

આ કસરતો કરવા માંડયા પછી ૩-૪ દિવસમાંજ ભૂખ વધવા માંડે છે ભૂખ વધવા માંડે ત્યારે જેને મળે તેણે ગાયનુ દૂધ અને બીજા પૌષ્ટિક ખોરાકો ખાવા. ગાયનું દૂધ નજ મળી શકતુ હોય તો બકરીનું અથવા ભેંસનુ દૂધ પીવું આરોગ્ય અને બુદ્ધિ વધારવાને ગાયનુ તાજુ દૂધ ઘણુ ઉત્તમ છે જેને ન મળતુ હોય તેણે પોતપોતાની શક્તિ પ્રમાણે ખોરાકની સગવડ કરી લેવી

આ કસરતો કરવાથી શરીરમાંના અનેક રોગો બે ત્રણ મહિનાની અંદર જ જતા રહે એવાં ચિન્હો દેખાય છે. શરીર પુષ્ટ થાય છે, અને શરીરની કાંતિ વધે છે, એવો અનુભવ સેંકડો માણસોને થયો છે

આ કસરતો કરવાનો સારામાં સારો વખત સવારનો છે સૂર્ય ઉગ્યા પછી આઠ વાગ્યા સુધીમા ૧૨૦૦ કસરતો કરી શકાય છે.

આ કસરતો સ્ત્રી અને પુરૂષ, છોકરા અને છોકરી સર્વને કરવા જેવી છે સારી ચોકખી, રમણીય, સૂર્યના કિરણો આવતા હોય,' અને હવા આવતી હોય એવી' જગાએ આ કસરતો કરવી.

શક્તિ ઉપરાંત આ કસરતો કદી પણ કરવી નહી



"સાઠમારી' એટલે શું ?

બ્રીટીશ રાજ્યમાં તો નહિ પણ આપણા દેશી રાજ્યોમાં 'સાઠમારી' ના ખેલો થાય છે. જુદા જુદાં જનાવરોની વચ્ચે લડાઇ જગાવવી, તેમને એકબીજાંની સાથે સખતમા સખત રીતે લડાવવા એ નીચ, ઘાતકી, અધમ, હેવાનીયત ભરેલા. અને તદ્દન જંગલી તમાસાને 'સાઠમારી' નું નામ આપવામાં આવે છે દાખલા તરિકે બે કુકડાને ખુબ ઉશ્કેરી તેમને એવા તો સખત રીતે લડાવવામાં આવે છે કે તેઓ એકબીજાનો નિર્દય રીતે કચ્ચરઘાણ વાળે છે ઘેટા, પાડા, હાથી, ઘોડા, ચિત્તા, બકરા, કુકડા, વિગેરે જનાવરોમાં જે જંગલી અને હેવાનીયતભરેલો જુસ્સો હોય છે તેને પુરેપુરો ઉશ્કેરી એ બિચારા જનાવરોને એકબીજાની સામે ભયંકર ઘાતકી રીતે લડાવવામાં આવે છે આ નીચ તમાસો જોવાને હજારો લોકો ભેગા થાય છે!! એટલે સુધી કે આવા સાઠમારીના તમાશાની આગળની બેસવાની જગ્યાનો પોતાને હિંદુ કહેવરાવતા કન્ટ્રાકટરો ઇજારો લે છે અને નાટકથી પણ આકરી ફી લઇ જોનારાઓને તે જગ્યામાં બેસવા દે છે આમ છતા બેવકુફ લોકોની પડાપડી એટલી સખ્ત હોય છે કે બેસવાની જગ્યા માટે કિમ્મતની ટીકીટ લેવા છતાં પણ મળતી નથી.. આટલાં બધાં આપણા દેશના લોકોનાં હૈયાં અધમ, નીચ ને નિર્દય થઇ ગયાં છે! જે સમજુ બાળક આ

લેખ વાંચે એ કદી પણ આ જ ગણી લેવાનીઅવસરેલો તમાસો જોવા તો ન જ જઇ શકે પણ તેણે બની શકે તેટલા પ્રયત્ને બીજાઓને પણ સમજાવી આવા તમાસા જોવા જતાં અટકાવવા જોઇએ અલબત્ત જીવના જોખમે કામ કરતા દાગદાગીઓ, જનાવરોના રખેવાળો વિગેરેની કારીગરીના આપણે વખાણ કર્યા વગર ન રહીએ પણ આવી નિર્દયતા જ્યાં જનાવરો પર થતી હોય ત્યાં એ હોશીયારીને ધિક્કાર પડજો ! મલ્લકુસ્તીના અને મરદાનગીના ખેલો આપણે જોઇએ અને તેને ઉત્તેજન આપીએ એ વાજન યોગ્ય છે ને તેવા મલ્લ લોકોના ખેલો સામે આપણને કાંઇ પણ વાંધો ન હોઇ શકે, પણ 'સાઠમારી'ને માટે તો સખતમાં સખ્ત તીરસ્કાર સિવાય બીજું કાંઇ પણ જીવદયાના હિમાયતીઓ તરફથી હોઇ ન જ શકે

કુકડો કુકડે કુક કરે છે અને મરઘડી કેમ નથી કરતી!

પશુઓ અને પખીઓની જાતમાં એક ખાસ નોંધવા જેવી બાબત એ છે કે દેખાવ, રૂપ, રગ અને અવાજમા નરજાતી માદા કરતા વધારે ચઢીયાતી હોય છે પંખીની જાતમાં માદાના પીછાં અને તેનો રગ ઘણે ભાગે નરજાતી કરતાં ઓછો ખુબસુરત હોય છે મોર અને ઢેલ જુઓ મોરના પીછાં કેવા રૂપાળાં હોય છે ! ઢેલને એવુ કશુ હોતુ નથી પશુઓની જાતમા પણ તેમ જ છે નરજાતીમા હાથીને જેવા સુદર હાથીદાંત હોય છે, અને તેનો જેવો ભવ્ય દેખાવ હોય છે તેવો હાથણીનો હોતો નથી સિંહ અને સિંહણ તરફ જોઇશુ તો જણાશે કે સિંહને જેવી સરસ યાળ હોય છે અને તેનું મો કેશવાળીથી જેવુ ભરાવદાર હોય છે તેવુ સિંહણનુ હોતું નથી પોપટ અને સુડામાં જોઇશુ તો પોપટ રગે રૂપાળો અને અવાજે પણ મધુર હોય છે સુડા તેવી નથી હોતી. આપણા કવીઓએ કોયલોના બહુ વખાણ કર્યા છે પણ ખરી વાત એ છે કે કોયલની જાતમાં નર કોયલ જ અતીશય સુદર અને કાનને ગમે તેવો ટહુકાર કરી [illegible] છે. આમ આપણે જોઇએ છીયે કે પશુઓ અને પખી[illegible]મા નર જાત માદા કરતાં રૂપરગે અને અવાજે ચઢીયાતી હોય છે આનુ એક અગત્યનુ કારણ એ કે સ્વાર્થી માણસ જાત રૂઢીનાં બાંધણોથી, કાયદાની કલમના આધારથી કે પૈસાના જોરથી જેમ સ્ત્રીઓ મેળવી શકે છે તેમ જનાવરોની

જાતમાં નથી હોતું એમના કામદા, રૂઢી કે થાપણ બધું નર-જાતના રૂપ, રંગ અને અવાજમાં આવેલું હોય છે માદાઓ પોતાને માટે વરની પસંદગી કરે છે અને તેવી પસંદગી વખતે પણ પક્ષીઓમાં નરજાતિને મળેલી આ ઇશ્વરદત્ત બક્ષીસો બહુ ઉપયોગી નીવડે છે. કુદરતના જ નિયમને આધારે મરઘડાંની જાતમાં મરઘડી કરતાં કુકડો વધારે રૂપાળો હોય છે અને તે કુકડે કુક કરી શકે છે અલબત્ત કુકડાનો અવાજ આપણને ગમે તેવો નથી હોતો પણ મરઘડીના મનથી તો તે અવાજ બહુ જ સારો જણાતો હોવો જોઇએ.

કોઈ મરી જાય છે ત્યારે બધાં રડે છે કેમ?—આ સવાલનો જવાબ આપતાં મુશ્કેલી નડે એમ છે કારણ જુદી જુદી કોમોમાં જુદો જુદો રિવાજ હોય છે એક વાત સ્પષ્ટ કહી શકાય, અને તે એ કે કોઇ મરી જાય ત્યારે તે હસવાનો વિષય નથી અને તેથી આપણે હસતા નથી મરણથી દિલગીરી થાય છે માટે આપણે રડીએ છીએ પરંતુ રડવામાં જે ઢાંગ અને દંભ દાખલ થઇ ગયા છે તે જોઇને કોઇને પણ કચવાટ પેદા થયા વગર રહે નહિ. બૈરાંઓ શેરીને મોખરે બેવકુફની જેમ ગોળ કુંડાળુ વળી ઉંચા ઉંચા અવાજે રડે, મસીઆ ગાય અને પડઘમ વાગે તેમ છાતીપર ધબાધબ હાથ મારીને કુટે એનાથી વધારે લાજ વગરનો બીજો એક પણ રિવાજ નથી નવરા, લુચ્ચા, અને હલકા લોકો ઉભા ઉભા આ બેવકુફીનો—બૈરાઓની બેઇજ્જતીનો—તમાસો જુએ છે, અને આપસઆપસમા બૈરાઓની મશ્કરી કરે છે આ બેવકુફીભરેલો રિવાજ જેમ બને તેમ ઘટે એવાં પગલાં સમાજસુધારકો લે છે પુરૂષો જો કે રડે છે અને ત્યાં પણ દંભીપણું, ધીગાણું અને બેવકુફીનો પુરેપુરો અમલ હોય છે, પણ તેમાં બૈરાંઓ જેટલી બેશરમી નથી હોતી.


મરણ થવાથી દુઃખ થાય માટે મરનારના સગા વ્હાલાઓને શાંતિ ને દિલાસો દેવા આગળના વખતમા તેના કુટુંબીઓ, નાતીલા, અને પોળપાડાવાળા એકઠા મળતા, અને પુરૂષવર્ગ કહેતો

સ્ત્રીઓનું કલ્પવૃક્ષ.

—

સંતાનને માટે કપાળે હાથ ફેરવણ કે દોરા-ધાગા કરીને હેરાન શા માટે થવું જોઈએ ? જો જોઈએ તે મેળવવાની કળા શીખો—તમારો સંસાર એવો રચો કે જીંદગીભર સુખ, સંતોષ અને આબાદી જ ભોગવી શકાય ત્યાં કુશળ-નિરોગી આ ચાત સુંદરી હોય, ત્યાં શું ખામી રહે ?

મનમાની પ્રજાને જન્મ આપીને તેને ઉછેરવા અને બાળ રત્નોની રક્ષા કરીને ભવિષ્યની આદર્શ પ્રજા તૈયાર કરવાને જરૂર દરેક પાઠો શીખવા હોય તો—



જરૂર વાંચી જુઓ. દરેક ઘરમાં તે હાથોહાથ વાંચવું જોઈએ. આ ગ્રંથ એક સંસારની સુહસ્તાનો કીમતી ખજાનો છે જે કલ્પવૃક્ષનું કામ કરે છે આ ગ્રંથની ઉપયોગીતા માટે એજ પ્રમાણપત્ર છે કે દાન ૧૫૦ ... સરકારના કેળવણી ખાતાએ તેમજ વડોદરા ... ખાતાએ ઈનામ તથા ... નજીવો પણ ... તેમાં નીચેના વિષયો છે તે

प्रथम परिच्छेद.

૧ બાળજન્મ.
૨ પુષ્ટ ગર્ભાશય.
૩ ઋતુવતીના ધર્મ
૪ ઋતુસ્નાન પછીનો વિધિ.
૫ શયન ચિકિત્સા.
૬ પુત્રિ કે પુત્ર પેદા કરવાની વિધિ.
૭ નક્ષત્ર વિચાર
૮ આહાર વિહાર.
૯ સ્વચ્છતાની સંતતિ ઉપર અસર.
૧૦ માનસિક ભાવનાનો પ્રભાવ
૧૧ ગર્ભ કેળવણી
૧૨ પુત્ર અને પુત્રિમાં સમાનતા
૧૩ ગર્ભ રહ્યો છે કે કેમ? તેની પરીક્ષા.
૧૪ ગર્ભમાં પુત્ર છે કે પુત્રિ તે જાણવાની રીત.
૧૫ ગર્ભિણીએ પાળવાના નિયમો
૧૬ સોળ સંસ્કાર.
૧૭ ગર્ભાધાન સંસ્કાર વિધિ.
૧૮ પુંસવન સંસ્કાર વિધિ.
૧૯ પ્રસૂતિને પાળવાના નિયમો
૨૦ ગર્ભવતીના રોગો અને તેના ઉપાયો.
૨૧ પ્રસવ સમય જાણવાના લક્ષણ
૨૨ સુવાવડીના માટે કેવું મકાન જોઇએ?
૨૩ વૈદ્ય લાવવાના ઉપયોગ.
૨૪ પ્રસવ સમયની [illegible]
૨૫ ઓર ન પડતી હોય તે તેના ઉપાય.
૨૬ જન્મ સંસ્કાર વિધિ.
૨૭ ગળથુથી.
૨૮ સુવાવડીનો ખોરાક
૨૯ પ્રસવ રોગનો ઉપાય.
૩૦ દાભ્યાદિક ક્વાથ.
૩૧ ચન્દ્ર દર્શન વિધિ.
૩૨ ન્હવણ વિધિ.
૩૩ ક્ષિરાશન સંસ્કાર વિધિ
૩૪ ષષ્ટી પૂજન સંસ્કાર.
[illegible]
૩૫ નામાભિકરણ [illegible]
૩૬ સુકપાક (કાટલુ)
૩૭ બાળકને શી રીતે ઉછેરવાં?

દ્વિતીય પરિચ્છેદ.

૩૮ સંતાન સંરક્ષણ.
૩૯ સબળ સંતતિ ઉત્પન્ન થવાનો સમય
૪૦ ધાવણ પરિક્ષા.
૪૧ ભાડુતી ધાવ.
૪૨ ગાય કે બકરીના દુધનું સેવન
૪૩ પ્રેમ.
૪૪ સ્તનપાનનો સમય
૪૫ ધાવણ ધવરાવવાનો ઉપાય.
૪૬ અજીર્ણનો ઉપાય.
૪૭ બાળકને બલિષ્ટ કેમ બનાવવું
૪૮ અન્નપ્રાશન સંસ્કાર વિધિ.
૪૯ ખોરાક શરૂ કરવાની આગાહી.
૫૦ બાળકનો શરૂઆતનો ખોરાક

પડેલો. પહેલી આવૃત્તિ ખલાસ થઇ જવાથી બીજી આવૃત્તિ કાઢી હવી જે ભેત ભેતામા ઉપડી જવાથી ત્રીજી આવૃત્તિ છપાઈને બહાર પાડી છે માટે આ પુસ્તક ખરીદવામા આળસ નહિ રાખવી જોઇએ. પાકુ કપડાનુ પુઠુ, ઉંચા કાગળ અને લગભગ બસો પાનાનો, જુદા જુદા પ્રસંગને લગતા ચિત્રોથી ભરપૂર છતા કીંમત રૂા. બેજ રાખી છે, ટપાલ ખર્ચ જુદો, તાકીદે મગાવી લ્યો

'આનંદ' પ્રીન્ટીંગ પ્રેસ } શ્રી સુખ દર્પણ માસીકની ઓફીસ.
સ્ટેશન રોડ—ભાવનગર } ભાવનગર.



મહિલા મહોદય માટે જુદા જુદા ન્યુસપેપરોના મળેલા અનેક અભિપ્રાયોમાંથી જુજ અભિપ્રાયોનુ ટાંચન.

મહિલા મહોદય —લેખક મુનિશ્રી બાલવિજયજી મહારાજ, પ્રકાશક —તત્રી શ્રી સુખ દર્પણ ઠે૦—ભાવનગર. મુલ્ય બે રૂપીયા.

સ્રી વર્ગને માટે ઘણીજ રીતે ઉપયોગી થઇ પડે તેવુ પુસ્તક છે અને તે એક જૈન મુનિ મહારાજે એક દેશી વૈદની મદદ સાથે લખ્યુ છે એટલે ભાષામાં સરળ હોવા ઉપરાંત ધર્મ અને નીતિની કેળવણી જેટલુ તે ઉપયોગી છે, તેટલુજ વૈદકીય સલાહ વીષે પણ છે ક્વચિત લખાણને વધુ આકર્ષક બનાવવા ચીત્રો પણ મુક્યા છે

આ પુસ્તક 'સાત પ્રકરણમા વહેચાયુ છે તેમાં સ્રીઓને માટે લગ્ન સંસ્કારથી માડીને પ્રસુતી સમય સુધી નીતિ અને વૈદકની દ્રષ્ટિથી કેમ વરતવુ તે બતાવ્યુ છે બીજામા બાલકો ને કેવી રીતે ઉછેરવા તે, ત્રીજામાં પુત્રીઓને ઉછેરવા માટે, ચોથામા ૨૮ મહાસતીઓના જીવન, પાંચમામા લગ્નમીમાંસા અને પત્નીના ધર્મ, છઠ્ઠામા '૭ પતીવ્રતા સ્રીઓનાં ચરીત્ર અને સાતમામા સામાન્ય બોધનો સમાવેશ કરવામા આવ્યો છે. જો કે ચોથા અને

છઠ્ઠા પ્રકરણમાં અપાયલાં ચરીત્રો મેળવડાયાં છે; છતા પદ્ધતિ એવી રાખી છે કે બન્ને સ્થળે એકજ સતીના જીવનની બે બાજુઓ બતાવી છે, ટુંકમા આ પુસ્તક સ્ત્રીઓને માટે નીતિ અને વૈદકની દૃષ્ટિએ ઉપયોગી છે બાળકોને કેમ ઉછેરવા, તેમની તથા પોતાની તંદુરસ્તી જાળવવા શુ કરવુ તેમજ તેમનામા ધાર્મીક સંસ્કાર કેમ પ્રેરવા તે આમાથી માતાઓ સારી રીતે સમજી શકે તેમ છે ગુજરાતમા સ્ત્રીઓને માટે નવલકથાઓ કરતા આવા પુસ્તકોની ઘણીજ જરૂર છે પરંતુ આવા ઉપયોગી પુસ્તકો વધારે સસ્તે વેચાય તે ઇચ્છવાજોગ છે

મુંબઇ સમાચાર.

તા. ૬ ઠી ઓગસ્ટ ૧૯૨૨ રવીવાર.

ઉપલા પુસ્તકની પહોચ અમે ઉપકાર સહ સ્વીકારીએ છીએ આ પુસ્તકના લેખક મુનિબાલવિજયજી મહારાજ છે, અને તેના પ્રકાશક-"સ્ત્રી સુખ દર્પણ" ના તંત્રી શેઠ દેવચંદ દામજી કુંડલાકર છે આ પુસ્તક સ્ત્રી જીવનના એક આધાર તરીકે અતી ઉપયોગી છે સ્ત્રીઓના ધર્મ, બાળકોને કેવી રીતે ઉછેરવા, પોતાના પતી પ્રત્યે સ્ત્રીઓએ કેવી રીતે વર્તવુ, ગૃહ સંસાર કેવા પ્રકારે ચલાવવો, અને એકંદરે પ્રત્યેક સ્ત્રીએ પોતાનુ જીવન કેવીરીતે નીર્ગમન કરવુ, તેના સન્માર્ગસુચક આ પુસ્તકનુ ઉત્તમ રહસ્ય છે અમે ન્યાયથી કહીએ છીએ કે, હાલના વખતમા સંસારી બનવાને આ પુસ્તક એક સુંદર સહાયક સમાન છે, અને તેથી દરેક કુટુંબની દરેકે દરેક સ્ત્રીઓએ આવા પુસ્તકનો નિરંતર અભ્યાસ કરવો ઉચિત છે કેળવણી ખાતાઓએ પણ આ પુસ્તકને ઇનામ તરીકે આપવાનુ પસંદ કર્યું છે સ્વદેશસેવા કરવા માટે પણ સ્ત્રીઓનો સહજીત ધર્મ આ પુસ્તકમા અસરકારક વર્ણવતા જણાવવામાં આવે છે કે "સ્ત્રીઓનેજ જો સ્વદેશોદયનો સાચો રંગ લાગે તો બેશક હિંદના બધા દુઃખો ભાગે ને વિજયની નોબત વાગે !" આ ઉપરાંત સ્ત્રીઓના સર્વ ધર્મ આ પુસ્તકમા ભરપૂર છે. વળી પુસ્તકમાં સુંદર ફોટા પણ પ્રસંગાનુસાર મુકવામા આવ્યા છે ગ્લેજ કાગળ પર સુંદર છપાઈ સાથે

કપડાના પાકા પુઠાનુ આ પુસ્તક છતા તેની બે રૂપીઆ કીંમત રાખી છે તે કઈ વીશેષ તો નથીજ " દેશી મિત્ર " સુરત.

તા ૩-૮-૨૨

આ પુસ્તકની બીજી આવૃત્તિ ભાવનગર " શ્રી સુખ દર્પણ " ના તન્ત્રી શેઠ દેવચંદ દામજી કુંડલાકર તરફથી સુંદર રીતે છપાઈ બધાઇને બહાર પડી છે, જેની એક નકલ અમને મળી છે આ પુસ્તકમાં સ્ત્રીઓને માટે ઉત્તમ શિક્ષણ ભરેલુ છે, અને દરેક સ્ત્રીઓના હાથમા આ પુસ્તક મુકાવુ જોઇએ સ્ત્રીઓ વાચવા-લખવાનુ જાણુવા છતા આવા પુસ્તકો વાચે નહિ તો વાચવા લખવાનુ શીખવા પાછળ આપેલો વખત વ્યર્થ ગુમાવ્યો છે એમજ કહી શકાય. બાળપણમાથી સ્ત્રીત્વમા આવવાના સમયથી માંડીને તે માતા થવાના, તથા બાળકોને ઉછેરવાના સમય સુધીમા સ્ત્રીઓએ જાણવાની તમામ બાબતો વિષે નીતિ તથા વૈદકની દ્રષ્ટિથી ઉમદા શિક્ષણ આ પુસ્તકમા સમાવવામા આવ્યુ છે પતિવ્રતા સતિઓના ટુંક જીવન, તથા સંસારને લગતી બીજી કેટલીક માહીતી નિબંધ રૂપે આપી છે તે પણ વાંચવા લાયક છે કીંમત રૂા ૨-૦-૦ મળવાનુ ઠેકાણુ ભાવનગર પ્રકાશક પાસેથી " હીતેચ્છુ " કરાંચી.

તા ૬-૮-૨૨.

મહીલા મહોદય—લેખક મુનિશ્રી બાલવિજયજી મહારાજ પ્રકાશક—શા. દેવચંદ દામજી કુંડલાકર—ભાવનગર. મૂલ્ય રૂ. ૨-૦-૦ સ્ત્રીઓને ઉપયોગી વિષયોથી ભરપુર આ પુસ્તકની પ્રસ્તાવના રા. છગનલાલ હરિલાલ પંડ્યાએ લખેલી છે પુસ્તકમાના વૈદકીય વિષયો ખાસ અગત્યના છે ઉપરત હાલમાં ચર્ચાતા સ્ત્રીઉપયોગી વિષયો ઉપર પણ તેમા વિદ્વત્તાભરેલા વિચારો દર્શાવેલા છે

"ગુજરાતી પંચ. " અમદાવાદ

તા. ૧૭-૯-૨૨ રવીવાર.

અબુધડમશા શેઠના ચિરંજીવી

[લખનાર—રમણલાલ નાનાલાલ શાહ]

બબુધડમશા શેઠ 'સહકુટુંબ સહપરિવાર' પાલીતાણાં જાત્રાએ જવા નીકળ્યા. શેઠે ત્રીજા વર્ગના ડબ્બાની બારી આગળ બેઠક લીધેલી હતી અને ખોળામાં તેમનો ચાર વર્ષનો ચિરંજીવી ગગો રમતો હતો. (શેઠ આગગાડીમાં ત્રીજા વર્ગમાં બેઠા તેનું સાચું કારણ એ હતું કે આગગાડીવાળાઓએ હજુ ચોથો વર્ગ કાઢ્યો નથી!) શેઠના ગગાને ગાડીની બહારનો દેખાવ જોવાનો ભારે શોખ હતો એટલે તે વળી વળી બારીમાંથી બ્હાર જુએ. હવે તેને શેઠે કસબથી ભરેલી મખમલની રૂા. ૧૫–૨૦ ની ટોપી માથે પહેરાવેલી અને તે પડી જવાની શેઠને બહુ બીક લાગતી હતી. આથી શેઠ વારંવાર ગગાને ધમકાવે પણ ગગો ન માને, એટલું જ નહિ પણ માથેથી ગગો ટોપી પણ ન લઈ લેવા દે આખરે બબુધડમશાએ લાગ જોઈ છોકરાને માથેથી ટોપી ઉઠાવી લીધી અને પોતાની પાછળ સંતાડી દઈ બોલ્યા, જો આ તારી ટોપી બારીએથી પડી ગઈ! હવે ખા લાડુ!

ગગાએ લાડુ તો ન ખાધા પણ જોરથી ભેંકડો મૂક્યો શરૂ કર્યો દર પળે તેમનું ગાયન (!) વધતું જ ચાલ્યું અને બબુધડમશા બહુ કંટાળ્યા. 'ગની' તરફ, આંખ ફેરવી ઈશારો કરી જોયો કે ગગાને છાનો રાખ, પણ ગગાની મા ગગાને છાનો રાખી શકે જ નહિ એવો ગગો લાડકો હતો એ શેઠ જાણતા હતા એટલે તેમણે પેલી ટોપી પાછળથી ગગો ન જુએ તેમ બ્હાર કાઢી અને બોલ્યા, આ લે; આ વખત તો મેં તને ટોપી મંતર મારી આણી દીધી છે પણ હવે પછી આવું કરીશ


તો ટોપી આવી શકવાની નથી. ગગો બોલ્યો, બાપા! તમને મંતર મારતાં આવડે છે? શેઠે ફુલાઈને હા પાડી.

આ વાતને આશરે કલાક થઈ ગયો. ગગો બાપાના ખોળામાં જ રમતો હતો અને શેઠ જરાક ઉંઘતા હતા. એટલામાં વિલાયતી અસ્ત્રાની ધાર જેવી ગગાની બુદ્ધિ ખીલી નીકળી અને તેણે જોરથી બાપાના માથે બાંધેલો કિંમતી ફેંટો ઉપાડી ચાલતી આગગાડીની બહાર ફેંકી દીધો અને બોલ્યો, "બાપુ! હવે તમારો ફેંટો મંતર મારી પાછો આણો! ખુબ મઝા પડશે. હા! હા! હા! હા!"

પણ બબડમથા શેઠે તડાક લઈને ૩ તમાચા ગગાના ગાલપર લગાવી દીધા. ગગો ખુબ રડ્યો અને શેઠે તેને થોડોક વધારે માર પણ માર્યો છતાં ગગાના પરાક્રમથી શેઠે પંદર વીસ રૂપિયાનો ફેંટો ગુમાવ્યો જ! શેઠે બે દહાડા સુધી ખાધું નહિ.

શબ્દોની રમત

ધોળકાના ધીરા ધોળીએ ધોરાજીમાં ધાબળી ધોયુ ૧ નવસારીમાં નવાબભાઈએ નિરંજનાને નોતરી ૨ પાલણપુરથી પીઆ પટેલે પાંચ પાકા પપૈયા પાંચ પૈસે પામ્યા ૩ ફીરોજપુરના ફકીરે ફેનીતરફ ફગાવ ફેંક્યુ. ૪ બરાનપુરના બાબુભાઈએ બાજરામાં બકરાંની બાબરી બનાવી ૫ ભીલાડના ભગવાનજીની ભેંસને ભાવનગરનો ભોગીલાલ ભટકાયો. ૬ માણેકલાલે મેનાને મરચાંની મંગળના માળાની મેડીમાં માર માર્યો. ૭ રામજીમંદિરમાં રાધાને રામચંદ્રે રાખી ૮ લાલનની લખોટીઓ લીલાએ લમતરમાં લઈ લીધી. ૯ વડોદરાનાં વાંદરાઓ વડનગરની વાડકીમાં વઢ્યાં. ૧૦ શારદાબહેનની શશી શાળામાં શ્લોકો શીખી. ૧૧ સરલાની સાડી સહારનપુરમાં સળગી ૧૨ હોશીયારપુરના હમાભાઈની હાલુ હીરજીભાઈએ હોડી (હારી)



[ચિત્રનાર:—શ્રી. નાનાલાલ મગનલાલ શાહ, બી. એસ.સી.]

કીડીઓ કેટલી નાની હોય છે! છતાં પણ તે વધારે ચ
તુરાઇવાળું જન્તુ છે. દરેક ઘરમાં કીડીઓ હોય છે; અને ઉનાળ
વારવાર નજરે પડે છે શિયાળામાં ઘણું કરીને તે દેખ
નથી, કારણ કે શિયાળાની સખત ટાઢ કીડીથી સહન
શકતી નથી. ત્યારે ટાઢના દિવસોમાં કીડીઓ ક્યાં જતી હ
તેઓ આખો શિયાળો પોતાના દરમા જ વિતાડે છે. તે
દર જમીનમાં હોય છે તાપના દિવસોમાં અને ચોમાસ
તેઓ ખોરાક ભેગો કરે છે, અને દરમાં રાખે છે તે ખો
શિયાળામાં તેઓ નિરાંતે ખાય છે કીડીને ગળપણ વ
વસ્તુઓ વધારે ભાવે છે. ખાંડ, ગોળ, મધ વિગેરે વસ્તુએ
કીડી ચડેલી વારંવાર આપણે જોઇએ છીએ.

કોઇ ખાવાની વસ્તુ એક કીડીને જડી આવે ત્યારે
ખાવા મંડી પડે છે, અને ખરાઇ રહે કે તરત જ બીજી કી
એને બોલાવી લાવે છે, અને તે બધી આવીને ખરાઇ
એટલે વધારાનો ખોરાક દરમા લઇ જાય છે

કીડીઓમાં ઘણો ચર્ચ છે કીડીઓ પોતાના દરમાં
વસાવે છે, રસ્તાઓ બનાવે છે, મહેલ બાંધે છે, વિગેરે ચ
તુરાઇના કાર્યો કરે છે. તેઓને રાજા, રાણી, સૈનિકો, ગુલા




સમુદ્ર કિનારે ઉભા રહી તમે કોઇ વખત ભરતી આવતાં મોજાં જોયા છે કે ? ભરતીના વખતે તમે જો સમુદ્ર કિનારે ઉભા રહી જોશો તો મોટી છોળો ઉછળતાં મોજાંઓ તમારા તરફ ધસડાઇ આવતા તમે જોશો આ સમુદ્રમાં અનેક મહાં દ્વીપો ડુબી ગયા છે તેમજ અનેક નવા ટાપુઓ નીકળી આવ્યા છે ભરતીનાં પાણી એકદમ ધસી આવે છે. ભરતી વખતસર આવે છે અને ચાલી જાય છે. ભરતીના પાણીથી સમુદ્ર કિનારો હમેશ ધોવાઈને સ્વચ્છ રહે છે; અને તેથીજ સમુદ્ર કિનારાની હવા નીરોગી અને આરોગ્યકારક હોય છે જ્યારે સમુદ્રમાં તોફાન થાય છે, ત્યારે દેખાવ ઘણો જ ભયકર લાગે છે

સમુદ્ર કિનારે રેતીમા ફરવાનું ઘણુ જ આનંદકારક લાગે છે. ત્યાંની મઝાની કલ્પના હમેશ જનારાઓને જ હોઇ શકે. ઇશ્વરની સૃષ્ટિમાં પ્હેલી બનાવેલી વસ્તુ સમુદ્ર છે, છતાં તે હજી પોતાની જગ્યાએ કાયમજ છે સમુદ્રમા ગણતરી ન થઇ શકે એટલી નાના પ્રકારની વસ્તુઓ છે. ભરતીના વખતે અનેક વસ્તુઓ

જરાસંધની હાર

શ્રીકૃષ્ણ દ્વારકાનગરી સ્થાપે છે



[લખનાર—શ્રી [illegible] હરિવલ્લભ શાહ, બી. એ.]

બાળકો, ગયા દિવાળી અંકમાં શ્રી કૃષ્ણના બાલજીવનનાં કેટલીક અદ્ભુત કામો આપણે જોયાં હતાં. પછી તો શ્રી કૃષ્ણ મોટા થયા. તેમણે પોતાના દુષ્ટ મામા કંસને મારીને સઘળે ઠેકાણે શાંતિ ફેલાવી; ત્યાર પછી શ્રી કૃષ્ણ અને બળદેવજી ભણવા સારુ સાંદીપનિ નામના ગુરુને ત્યાં ગયા. ગુરુને ત્યાં તેમનો સુદામા નામે એક બ્રાહ્મણ મિત્ર પણ ભણતો હતો. આ ત્રણે જણ ગુરુની ખરા ભાવથી સેવા કરતા અને વિદ્યા ભણતા. શ્રી કૃષ્ણ અને બળદેવ તો ઈશ્વર જ હતા એટલે તેમને ભણવાનું શું હોય? પરંતુ લોકોને બતાવવા માટે જ તેમણે પણ ભણવા માંડ્યું. થોડા જ વખતમાં તેઓ બધી જાતની વિદ્યા ભણી રહ્યા. જતી વખતે ગુરુને દક્ષિણા બદલ તેમનો મરેલો પુત્ર પાછો લાવી આપી, ગુરુનો આશિર્વાદ લઇ પાછા મથુરાં આવ્યા.

શ્રી કૃષ્ણ જ્યારથી ગોકુળમાંથી મથુરા પધાર્યા ત્યારથી ગોપીઓ, નંદ અને યશોદાને ભારે દુઃખ થવા લાગ્યું. કૃષ્ણ આ બધું જાણતાં હતા તેથી તેમને શાંતિ આપવા માટે ઉદ્ધવજીને પોતાના જેવું સુંદર રૂપ આપી ગોકુળમાં મોકલ્યા. ઉદ્ધવજી ને જોઇ ગોપીઓ તથા નંદ યશોદા આનંદ પામ્યા. ઉદ્ધવજીએ શ્રી કૃષ્ણનો સંદેશો બધાને જણાવ્યો. ગોપીઓને પ્રભુના સમાચાર આપ્યા અને વરરનો ઉપદેશ કર્યો. આ બધાને આશ્વાસન અને સુખ આપી ઉદ્ધવજી કેટલેક દિવસે પાછા કૃષ્ણને આવીને મળ્યા અને ગોકુળના બધા સમાચાર જણાવ્યા

શ્રી કૃષ્ણ જ્યારે કંસને મારવા મથુરાં પધાર્યા ત્યારે પેલી કુબ્જાએ તેમને ચંદન વગેરે આપીને પૂજા કર્યા હતા અને શ્રી કૃષ્ણે તેને ઘેર જવાનું વચન આપ્યું હતું. અત્યારે શ્રીકૃષ્ણ અક્રુરજીને સાથે લઇ તે કુબ્જાને મકાને ગયા. તેનું રૂપ તો પ્રભુએ પહેલાં જ સુધારી દીધું હતું પણ હવે તો તેને ઘણી જ સમૃદ્ધિવાળી પણ બનાવી દીધી તેને ત્યાં કેટલાક દિવસ રહી શ્રીકૃષ્ણે કુબ્જાના મનનું સમાધાન કર્યું.

ત્યાર બાદ શ્રીકૃષ્ણને પોતાના વ્હાલા પાંડવો સાંભર્યા. તેમની તપાસ મેળવવા અક્રુરને હસ્તિનાપુરમાં મોકલ્યા. અક્રુર ત્યાં જઇ બધાને મળ્યા,

બેઠા અને સુખદુઃખના સમાચાર પુછ્યા પાંડવોની માતા કુંતાએ પોતાની નિરાધાર સ્થિતિનું વર્ણન કર્યું અને શ્રીકૃષ્ણ બળદેવને પોતાના બાળકોની સંભાળ રાખવા ભલામણ કરી, ત્યાર પછી અક્રુરજી વિદુરજીને મળ્યા. તેમણે પણ પાંડવો માટે દાઝ બતાવી અને ધૃતરાષ્ટ્ર રાજાને ખરી ખરા શિખામણ આપવા કહ્યું. આ પછી અક્રુરજી કૌરવોના પિતા ધૃતરાષ્ટ્ર પાસે ગયા અને તેને જણાવ્યું કે તમારે પાંડવો ઉપર પ્રેમ રાખવો જોઇએ, તેમને દુઃખ દેવું એ વ્યાજબી નથી ધૃતરાષ્ટ્ર રાજાએ પણ તેમની શિખામણ પ્રમાણે ચાલવા હા પાડી. આટલું થયા પછી અક્રુરજી પાછા મથુરા આવ્યા અને શ્રીકૃષ્ણને પાંડવોના સમાચાર કહ્યા.

* * * *

હવે આ બાજુ એવું બન્યું કે કંસના મરણથી તેની સ્ત્રીઓ તેમના પિયેર ગઇ. મગધદેશનો રાજા જરાસંધ તેમનો બાપ થતો હતો, તેની પાસે જઇ શ્રીકૃષ્ણ અને બળદેવે પોતાના ધણીને મારી નાખ્યો એ હકીકત જણાવી.

જરાસંધ મહાબળવાન રાજા હતો તેના લશ્કરનો પાર ન હતો. તેણે મથુરા પર ચઢાઇ કરી આ બાળકોને મારવાની તૈયારી કરી. એક મોટું લશ્કર લઇ તે મથુરા પર ચડી આવ્યો. શ્રીકૃષ્ણ અને બળદેવજી પણ પોતાના પર આવેલું આ સંકટ જોઇ વિચારમાં પડ્યા. તેમણે નિશ્ચય કર્યો કે આપણે આ પૃથ્વીનો ભાર ઉતારવા અવતાર લીધો છે માટે પ્રથમ તો જરાસંધ જેટલું લશ્કર લાવે તેનો જ સંહાર કરવો. જરાસંધને હાલમાં મારવાની જરૂર નથી, તે જીવતો હશે તો વારંવાર મોટાં લશ્કરો લઇને આવશે અને આપણે પૃથ્વીનો ભાર ઉતારીશું આમ વિચાર કરી તેઓ નગર બહાર આવ્યા. જરાસંધનું લશ્કર નગરને ઘેરી તૈયારજ હતું. આકાશમાંથી શ્રી કૃષ્ણ અને બળદેવજી માટે બે રથ અને દિવ્ય હથીઆરો ઉતર્યાં. રથમાં બેસી તેઓ યુદ્ધ કરવા લાગ્યા. શ્રી કૃષ્ણે પોતાના દિવ્ય શારંગ ધનુષ્ય પર બાણો ચઢાવી છોડવા માંડ્યા અને જોત જોતામાં બન્ને ભાઇઓએ તેના મોટા લશ્કરનો નાશ કર્યો. શ્રી કૃષ્ણના કહેવાથી બળભદ્રે જરાસંધને જીવતો છોડી દીધો અને વિજય પામીને તથા અપાર દોલત લઇને પાછા મથુરામાં પધાર્યાં આ સમયે આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઇ અને દેવનાં વાજીંત્રો વાગ્યાં તથા સઘળે આનંદ આનંદ થઇ રહ્યો.

જરાસંધ તો શરમનો માર્યો જંગલમાં જ ગયો હોત, પણ તેના

સંબંધીઓએ તેને દીલાસો આપી પાછો નગરમાં મોકલ્યો. અપમાનનો બદલો લેવાના ઇરાદાથી આ પ્રમાણે સત્તરવાર જરાસંધે મોટા લશ્કર સાથે મથુરાને ઘેરો ઘાલ્યો પણ બધીએ વખત તેને એકલાને જ પાછું નાસી જવું પડ્યું. આ રીતે તેનું અપાર લશ્કર નાશ પામ્યું

અઢારમી વખત જરાસંધ આવવાની તૈયારી કરતોજ હતો, વળી તેવામાં કાળયવન નામે એક મ્લેચ્છ રાજા પોતાની ત્રણ કરોડની સેના સાથે મથુરાં તરફ આવી રહ્યો હતો. નારદજીએ તેને શ્રી કૃષ્ણની ઓળખાણ આપી તેમની સાથે લડવા તેને મોકલ્યો. આ સમાચાર સાંભળતા મથુરામાં ભારે ગભરાટ ફેલાયો અને શ્રી કૃષ્ણ અને બળદેવ પણ વિચારમાં પડ્યા. જરાસંધનો તો હમલો સંભાળવ જ છે અને તેવામાં આ સંકટ વધારાનું આવ્યું. છેવટે તેમણે નિશ્ચય કર્યો કે મથુરામાં વસ્તિ રાખવી નહિ. વિશ્વકર્માને બોલાવી તેને સમુદ્રની અંદર અડતાલીસ ગાઉની એક નગરી બનાવવાનું કહ્યું. વિશ્વકર્માએ સ્વર્ગને પણ લજવે એવી સુંદર કારીગીરીવાળી દ્વારકા નગરી એક જ રાતમાં તૈયાર કરી અને પ્રભુએ હવે માયાને બોલાવી આજ્ઞા કરી કે આ બધા મથુરાના લોકોને તેમના સરસામાન સાથે નવી નગરીના યોગ્ય મકાનોમાં મુકી દે. પ્રભુની આજ્ઞા પ્રમાણે બધું થઇ ગયું. હવે શ્રી કૃષ્ણ અને બળદેવ નિશ્ચિંત થઇ લડવા ઉભા. કાળયવનને શ્રી કૃષ્ણને જોયા અને તેમની સામે ધસ્યો. શ્રી કૃષ્ણે કાંઇક વિચાર કરી દોડવા માંડ્યું. કાળયવન તેમની પાછળ દોડ્યો દોડતા દોડતા તેઓ ઘણે દૂર જતા રહ્યા. છેવટે પ્રભુએ એક ગુફામાં પ્રવેશ કર્યો. આ ગુફામાં મુચકુંદ નામે એક રાજા બહુ થાકી ગયેલો હોવાથી દેવતાઓનું વરદાન લઇ ઉંઘતો હતો. તેના શરીર ઉપર શ્રી કૃષ્ણે પોતાનું ઓઢવાનું વસ્ત્ર ઢાંકી દીધું અને પોતે સંતાઇ ગયા. કાળયવન ક્રોધથી પાછળ દોડ્યો આવતો હતો. તેણે આ કૃષ્ણ જ ઢોંગ કરી સુઇ ગયા છે એમ ધારી તે રાજાને જોરથી લાત મારી રાજા જાગી ગયો અને તેની આંખમાંથી ક્રોધની જ્વાળા નીકળતાંજ કાળયવન બળીને ભસ્મ થઇ ગયો. દેવોએ રાજાને એવું વરદાન આપ્યું હતું કે તેને ઉંઘમાંથી જે જગાડશે તે બળીને ભસ્મ થશે, તેથી આ પ્રમાણે થયું. ત્યાર પછી ભગવાને રાજાને દર્શન દીધાં અને રાજાએ તેમને પ્રભુ જાણી તેમની સ્તુતિ કરી પ્રભુએ તેનાપર અનુગ્રહ કર્યો અને તેને ભક્તિ કરવાનું જણાવી પોતે મથુરાં તરફ પાછા આવ્યા. અને મ્લેચ્છોની સેનાને મારી તેમનું ધન દ્વારકામાં મોકલ્યું.

હવે આ તરફ જરાસંધ અઢારમી વાર ભારે લશ્કર સાથે આવવા તૈયારી કરી રહ્યો હતો. તેણે બ્રાહ્મણો પાસેથી સારો દિવસ જોવડાવી નીકળવાનું રાખ્યું. બ્રાહ્મણોને તેણે કેદ કર્યા અને જણાવ્યું કે તમારા બતાવેલા મુહૂર્તે હું જાઉં છું, જીતીને આવીશ તો તમને બધાને પુષ્કળ ધન આપીશ નહિ તો સખ્ત શિક્ષા કરીશ. બ્રાહ્મણોને આ દુષ્ટ દુઃખ આપશે એમ લાગવાથી આ વખતે તો શ્રી કૃષ્ણે જરાસંધને જીતાડવાનો જ નિશ્ચય કર્યો.

શ્રી કૃષ્ણ ને બળદેવજી ઉભા હતા ત્યાં જરાસંધ અઢારમી વાર લશ્કર લઇ આવી પહોંચ્યો. તેને જોતાં જ બન્ને ભાઇઓ નાસવા લાગ્યા. જરાસંધ લશ્કર સાથે તેમની પાછળ પડ્યો. બહુ દૂર ગયા પછી પ્રવર્ષણ પર્વતમાં બન્ને ભાઇઓ સંતાઇ ગયા. જરાસંધે પર્વતને ચારે તરફ લાકડાં સળગાવી બાળવા માંડ્યો. શ્રી કૃષ્ણ અને બલભદ્ર કોઇ ન જુવે તેમ તે પર્વતના શીખર પર ચઢ્યા અને ત્યાંથી સમુદ્રમાં પડી સીધા દ્વારકામાં પહોંચી ગયા.

જરાસંધે જાણ્યું કે તે બન્ને જરૂર બળી ગયા હશે, આમ ધારી આનંદથી વિજયનાં અનેક વાજીંત્રો વગડાવતો તે પાછો ફર્યો. બ્રાહ્મણોને તેણે ખૂબ માન આપ્યું અને સંતોષ્યા. પ્રભુએ આ રીતે બ્રાહ્મણોનું માન રાખ્યું. ત્યાર પછી દ્વારકામાં જઇ શ્રી કૃષ્ણે લગ્ન કરી ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો.

મેના ! મીઠા ત્હારા બોલ.


મેના ! મીઠા ત્હારા બોલ, મેના મ્હોંઘા ત્હારા બોલ.
તુજ વચનોમાં હાસ્ય ઝળકતું, અમૃત ઝરે અતોલ,
સર્વ સ્થળે શાન્તિ ફેલાવી, કરતી છાગમ છોળ (૨) હેતુ.—મેના
મીઠાં વચનોથી એ રેલે, હર્ષ તણું ઉર પૂર,
સાંભળતાં હિરદાં ઠારે છે, ત્હારો મીઠો સૂર (૨) મેના !—મેના.
પક્ષિગણમાં તું પંડિત છે, પોપટની પટરાણી
વિષ વિશ્વનું સત્વર હરતી, તારી મીઠી વાણી (૨) શાણી !—મેના.

પ્રવાસી



(લખનાર—ડૉ. મોહનલાલ જ. પાઠક)

'જુ' ને તમે ઓળખો છો કે? અસ્વચ્છ બાળકો જુને સારી રીતે પીછાને છે. પણ જો તેવા બાળકો કાળજી કરે તો ટુંક સમયમા જ આ જુ અને તેની દીકરીઓ 'લીખો'નો નાશ થાય.



આપણામાંના કેટલાક એમ સમજે છે કે બાળક જો લાંબો સમય માંદુ રહે તો જુ આપોઆપ માથામાં પડે છે. આ સમજ ભૂલભરેલી છે. કોઇ પણ જીવજંતુ એની મેળે ઉત્પન્ન થતા નથી. 'જુ' લીખમાંથી ઉત્પન્ન થાય છે; અને લીખ એ જુના ઇંડા છે જુ કપડામાં અગર માથામાં બરાબર બારીક સફેદ ઇંડા (લીખ) મુકે છે. ઇંડામાંથી ૭ દિવસે જુ ઉત્પન્ન થાય છે અગાર દિવસ બાદ આ નવી જુ પણ ઇંડા મુકવાનો ધંધો શરુ કરે છે. આ પ્રમાણે એક જુમાંથી અનેક જુ પેદા થાય છે. જુનું આયુષ્ય લગભગ ત્રણથી, ચાર અઠવાડીયાનું હોય છે

એટલું તો હવે તમારા ધ્યાનમાં ચોક્કસ આવ્યું હશે કે જેના શરીર પર અગર માથામાં જુ નથી તેવા બાળકના શરીર પર આપોઆપ જુ ઉત્પન્ન થતી નથી. છતાં પણ જો ભૂલથી બીજાના શરીર પરથી જુ લાગી જાય તો તેનો નાશ કરવા માટે પુષ્કળ કાળજી રાખવી પડે છે

જો કોઇ સમયે અસ્વચ્છ બાળક-પાસે બેસવાથી જુ લાગવાનો સંભવ હોય તો બનતા સુધી એવા બાળકોથી દૂર રહેવું, અને તેવા બાળકોને જુ અને લીખનો નાશ કરવાની સમજણ આપવી. માથામા નાખવાના તેલમાં કપૂર મેળવીને તેલ વાપરવાથી જુનો નાશ થાય છે. ખાટાં લીંબુનો રસ ચોળવાથી પણ જુ અને લીખનો નાશ થાય છે.

શેખ ફરીદની શિખામણ

(લખનારઃ—શ્રી. હરિલાલ મ. ભાવસાર, બી. એ. એલએલ. બી.)

કોઈ એક બામણીઆએ શેખ ફરીદ ને અરજ કરી, "સાંઈ મૌલા! બિહેસ્તનું સુખ શી રીતે હાસીલ થાય!"

શેખ ફરીદે ઉત્તર દીધો, "દિલ કાયમ રાખીને પાક પરવરદિગારની બંદગી કરવાથી"

બામણીઓ—કેટલો વખત એમ કરવું પડતું હશે?

શેખ ફરીદ—એકસો વરસ!

બામણીઓ—અધધધ બાપલીઆ! એટલા બધાં વરસ લગી મારૂં દિલ તો કાયમ ન રહે!

શેખ ફરીદ—ત્યારે પચાસ વરસ દિલ કાયમ રહી શકે તો ચાલશે.

બામણીઓ—કેમ ખાતરી આપી શકાય!

શેખ ફરીદ—પચીસ વરસ દિલ ચુસ્ત રહે તો બસ છે.

બામણીઓ—એટલી મુદત પણ મને ઘણી લાગે છે.

શેખ ફરીદ—ત્યારે દશ વરસ?

બામણીઓ—એ પણ થોડા નથી.

શેખ ફરીદ—એક વરસ સુધી દિલ કાયમ રહેશે?

બામણીઓ—(વિચારમાં પડીને) કહી શકાય નહિ; રહે કે ન રહે!

શેખ ફરીદ—ત્યારે કેટલી મુદત સુધી તારૂં દિલ ચોક્કસ રહી શકે એમ તને લાગે છે?

બામણીઓ—માંડ અરધી ઘડી!

શેખફરીદ—જરૂર?

બામણીઓ—જરૂર, સાંઈ બાવા! દયા કરીને મને ખુદાની ઓળખ કરાવો.

શેખફરીદ—તને મારો ભરોસો છે?

ગામઠીઓ—હાજી.

શેખફરીદે તેને પોતાની પાછળ આવવા કહ્યું. થોડે દૂર આવેલા એક જુનાં શહેરની ગઢની રાંગ ઉપર બંને જણ ચઢયા. શેખફરીદ ખુદાની મહેરબાનીથી જેમ તેમ ચમત્કારી રચના કરી શકતો હતો. તેણે ગામઠીઆને રાંગની પેલી તરફ શું છે તે જોવા કહ્યું.

ગામઠીઓ—સાંઇબાવા ત્યાં તો સો સો મણ ફૂની મગરુની તળાઈઓ છે!

શેખફરીદ—કુદકો મારીને આળોટવા લાગ જોઈએ?

તરતજ કુદકો મારીને ગામઠીઓ મગરુનાં ગાદલાંઓમાં ખુબ આળોટવા મડયો. કેટલીક વારે શેખફરીદે તેને પાછો બોલાવી લીધો, અને જરાવાર પછી ફરીને રાંગની પેલી તરફ નજર કરવા કહ્યું.

ગામઠીઓ—(બ્હીકથી ધ્રુજતો ધ્રુજતો) ત્યાં તો એક ઉંડી ખાઈ છે; અને માંહે કીચડ, કાંટા, વરડા, ઝાંખરાં સર્પ, વીંછી મગરમચ્છ વગેરે છે!

શેખફરીદ—ઠીક છે; ફરીથી એકવાર કુદકો મારીને આળોટવા લાગ.

ગામઠીઓ—(ત્રાસ પામીને) નારે માબાપ! મરી જવું છે શું!

શેખફરીદ—તને હરકત નહિ થાય; મારું વચન છે!

ગામઠીઓ—માફ કરો સાંઈ બાવા! મારા હાડકાંજ ખખડી જાય!

શેખફરીદ—ત્યારે પછી પણ તારું દિલ કાયમ રહ્યું નહિ! તને બેહેસ્તનું સુખ નહિ મળે!

ગામઠીઓ—એવી રીતે મારે બેહેસ્તનું સુખ નથી જોઇતું! આપ જ મેળવો!!! હું રજા માગું છું!

"ભક્તિ ખાંડાની ધાર" કહેવાય છે તે આનું નામ.



સાહિત્ય સત્કાર

ચતુરની સો વાતો—ભાગ ૧. આવૃત્તિ ૨જી, (ભાગ ૩ઃ ૧) ડબલ ક્રાઉન ૧૬ પેજી પાન ૧૮૦, કાર્ડનું મજબૂત પૂઠું, સારા કાગળ, સ્વચ્છ છપાઈ, પુષ્કળ ચિત્રો સહિત. સાહિત્ય કાર્યાલય, લીમડાપોળ, વડોદરા. ઉપરના પુસ્તકની ૨જી આવૃત્તિ આટલી જલદી બહાર પડવા માટે અમે કર્તા રા. બ. કોઠાવાળાને અભિનંદન આપીએ છીએ. વડોદરાના ના૦ મહારાજા સાહેબે આ પુસ્તક વાંચ્યું અને તેથી એમને આનંદ થયો અને દિવાનને આજ્ઞા કરી, તે ઉપરથી દિવાને રૂ. ૧૦૦૦ જેટલી રકમ આ ચોપડીઓને સસ્તી અને આકર્ષક બનાવવા જુદી કરી અને રાજ્યની પ્રાથમિક શાળાઓ વિગેરેમાં ઇનામો વિગેરે માટે આ ચોપડીઓ ખુશીથી વપરાય એમ ગોઠવણ કરી. ઉપરના કારણોને અંગે આ ૧લા ભાગની ૨જી આવૃત્તિમાં ચિત્રો મોટા પ્રમાણમાં દાખલ કર્યાં છે અને સાથે કિંમત પણ વધારી છે

ગુજરાતના સમર્થ વિદ્વાન શ્રી. રા. બ. કોઠાવાળા, હજુ બીજાં આવાં અનેક બાળોપયોગી પુસ્તકો બહાર પાડવા આયુષ્યમાન અને આરોગ્યવાન રહે એવી શ્રી પરમેશ્વરને અમારી અંતઃકરણની પ્રાર્થના છે

પાઠ સંચય ભાગ ૧લો—સંયોજક નરહરિ દ્વારકાદાસ પરીખ, પ્રકાશક ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. ડબલ ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૨૦૪ જાડું કાર્ડનું પૂઠું, કિંમત ૧૨ આના. વિદ્યાપીઠના કુમાર મંદિરોના ૪થા અને ૫ મા ધોરણમાં અને વિનય મંદિરના ૧લા ધોરણમાં વિદ્યાર્થીઓને અનુકૂળ થાય એવા રાષ્ટ્રીય ભાવનાઓને પોષે એવા ગદ્ય લેખોનો વિવેકપૂર્વક સંચય આ પુસ્તકમાં કરવામાં આવેલો છે. જો કે બાળકોની શક્તિના પ્રમાણમાં કેટલાક પાઠો જરાક અઘરા પડે એમ છે, પણ હાલ આવી ચોપડી આખી છોકરાઓને શીખવવામાં નથી આવતી, એટલે એવા પાઠો તજવી શકાય એમ છે

સાહિત્ય પરિષદ

'આબુ' મંદિરોના અંગ્રેજી પથ્થરના શિલ્પકારોમાં કારીગરોમાં આવેલા ભાવનગર 'મુકામે' આપણી ગુજરાતી 'સાહિત્ય પરિષદની "સાતમી" બેઠક મળી. છેલ્લા ૨૦ વર્ષમાં આપણી આ પરિષદની એકંદરે ૭ બેઠકો મળાઈ એટલે કે આશરે ૩ વર્ષે એકંદર તેની બેઠક મળાય. 'આ હિસાબે' જોતાં અને આ 'પરિષદના મહત્વ તરફ જોતાં 'વધુ કામ મેળવવામાંથી' પણ વધારે ધીમું 'છે એ સ્પષ્ટ 'જોઈ શકાય છે. છેલ્લા ૨૦ વર્ષોમાં "તેણે" આ સંગીન પ્રગતિ 'કરી તે જો જોઈએ 'તો મોટું આંકડા જેવું 'મીંડું ○ આપણે મૂકવું જોઈએ.

આમ થવાનું કારણ? કારણ એજ કે આપણા વિદ્વાનો અને 'ધુરંધર સાક્ષરો સાહિત્યનું 'પ્રદર્શન કરવામાં એટલા તો ગુંથાઈ' ગયા છે કે અંદર અંદર સેંકડે ૧૦ ટકાથી 'વિશેષ ગુજરાતી પ્રજામાં 'સાહિત્ય પરિષદની ઉપાડેલી કંઈજ અસર થઈ શકી નથી. આમ વર્ગને તો મહાત્મા ગાંધીજી, ભિક્ષુ અખંડાનંદ અને એવા સમર્થ વિદ્વાનો જ જાગૃત કરી શકે એમ છે હજુ પણ આપણે ઇચ્છીશું કે સાહિત્ય પરિષદના જાણીતા અને અનુભવી સાક્ષરવર્ય રા. રા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીના અધ્યક્ષ-પણા નીચે ભરાનારી આ બેઠક કંઈક સંગીન કામ કરવાને શક્તિમાન થાય.

જે અભાગી દેશપર પરદેશી સરકારનું રાજ્ય હોય તે દેશની ભાષાપર રાજ કરનારી પ્રજાની ભાષાની છાયા પડે કે વખતે ખરી ભાષા અમર નથી રહેતી પરિણામે ભાષામાં વિકૃતિ થતાં સંસ્કારોમાં પણ વિકૃતિ થાય છે અને ધીમે ધીમે અધોગતિ તરફ આપણે ઘસડાઈએ છીએ. એ કારણને લીધે આપણું મુખ્ય કર્તવ્ય ભાષામાં દાખલ થયેલી વર્ણસંકરતાને દૂર કરવી એ પણ હોવું જોઈએ અમને "સાહિત્ય પરિષદ" ના સંચાલકો તરફથી મળેલા એક પત્રપર શીરનામું છે તેમાં "સાહિત્ય પરિષદ ઓફીસ" બાર્ટન લાયબ્રેરી,–ભાવનગર એમ લખેલું છે. શું સાહિત્ય પરિષદ કાર્યાલય એમ ન લખાય? બાર્ટન પુસ્તકાલય લખીએ તો શું નામ ભાંગી જવાની હતી? આવી બાબતો અલબત્ત ક્ષુલ્લક દેખાય છે તો નજીવી, પરંતુ તે ઉપર ધ્યાન આપ્યા વગર આપણને પરવડી શકે એમ નથી. હંગરી, આલ્સાસ, લોરેન, આયર્લેંડ વિગેરે પારકી પ્રજાની ધુંસરી તળે કચરાતી પ્રજાઓની રાષ્ટ્ર ભાષા પર અને તેમના રાષ્ટ્રીય સંસ્કારો પર ચાલતા અને પરદેશી સંસ્કારોની પકડી છતાં તેમણે સ્વતંત્રતા મેળવી કે તેજ

પરીએ તેમણે તે હાંકી કાઢવાનો પ્રયત્ન કર્યો છે એ આપણે જોઈએ છીએ. આપણે તેમ નહિ કરીએ ? હાલ તો આપણે પરદેશી પ્રજાના વહેવારોમાં આજ હાલના એવા ભણી પરદેશી કપડાં પરદેશી એ રંગી પરદેશી (મેજ અને ખુરશી સહ વર્તમાન) હોવાથી આપણા સાહિત્યની સર્વ પ્રકારી વાણી વિલાસ કરીએ છીએ અને પંડિતાઈનું પ્રદર્શન કરીએ છીએ. આવા માર હાલના આંકડા પછી ગુર્જર સાહિત્યની ધીરે અંધારી ગણાય જ રહેવાની એ નવાઈની વાત નથી એ છે કે મહાત્મા ગાંધીજી પર પોતની ભાષા હિંદીના સાહિત્ય સંમેલનના (આઠમી બેઠકના) પ્રમુખ તરીકે નિમાયા હતા, પરંતુ આપણા વિદ્વાનો અને સાક્ષરોને આશ્ચર્ય ભરેલું જણ અજાણ્યું થયું છે કે આવા સમર્થ અને લાયક પુરુષને પ્રમુખ નીમવાનું સૂઝ્યું જ નથી!

આપણી ભાષામાં ખાસી જાતનો શબ્દ કોષ નથી ઇતિહાસના શિષ્ટ (Standard) ગ્રંથ નથી. વિજ્ઞાનને લગતો એક આદર્શ શબ્દકોષ પણ નથી. ફક્ત હવાઓની ભીખણી ખાસ એવાં સપ્રમાણ અનુભવી પુસ્તકની પણ ખોટ છે મહારાષ્ટ્રીય જ્ઞાન કોષ માફક જેમ 'જ્ઞાન કોષ' નામનો મહાન ગ્રંથ પ્રકટ કરવા માંડ્યો છે તેવો કોષ (Encyclo Paedia) આપણી ભાષામાં નથી આપણ સાહિત્યનો ફેલાવો કરવાનું અને તે પ્રકટ કરવાનું કામ જન્મા ગયા વર્ષથી જ થવા લાગ્યું છે અને તેમાં પરિષદ ફાળ પણ નિયમ્યું નથી વગર પ્રયત્નો બીજાઓએ કરેલા એકે સાહિત્ય પરિષદ તો સમજ પર ફાળો કરવાનો જ સંતોષ માનેલો એ કામ પરિષદ તમને હજુ સમજાય કાંઈ ખાસી ... ... નાર (ટેસરી જય જોડણીમાં નારા માગીનાં પુસ્તિ ... જાહેર કરી સર્વ પ્યારા એના સાક્ષરો એકત્ર મળી ગમીન કામ કરવા કેક કમરી ત્યારેજ સાહિત્ય પરિષદ ઉપયોગી કાર્ય કરી શકશે બાકી ત્યાં સુધી તો એ તમારા પરિષદ (!) ની સ્થિતિ—

> उष्ट्रकाणां गृहे लग्नः रासभ शान्ति पाठकः ।
> (पशसन्ति महो रूपमहोध्वनि ॥

ઊંટના પરણના લગ્નમાં ગધેડા ગોર બનીને જ્યારે એક રૂપ અને અવાજના વખાણ કરીને જ તેઓ ખુશ થાય—એવા જ છે.



નિવેદન

'બાલજીવન' યરોડાની જેલમાં !—દર મહિને બાલજીવન હજારો બાળકો તથા મોટી ઉમરનાં પણ ઘણાં સ્ત્રીપુરુષો ઉમંગથી વાંચે છે. રાજાના રાજમહેલોમાં અને ગરીબોના ઝુંપડાંમાં, સરકારી નિશાળોમાં કે રાષ્ટ્રીય સંસ્થાઓમાં, સર્વ સ્થળે બાલજીવન ઉમંગભર્યો સત્કાર પામે છે. પણ અમારા વાચકો જાણીને ખૂબ ખુશી થશે કે જગતના આ જમાનાના એક સૌથી મહાન પુરુષના વાંચવામાં પણ બાલજીવન છેલ્લા ૧૧ વર્ષથી (ડિસેમ્બર ૧૯૨૨ થી) આવે છે. એ સુપ્રસિદ્ધ પુરુષ તે જગદ્વંદ્ય પ્રાતઃસ્મરણીય કર્મવીર મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીજી! યરોડાની જેલમાં તેઓ કેદખાનામાં હતા તે દરમ્યાન સરકારે "વસંત" કે "સમાલોચક" જેવાં ગુજરાતી માસિકોને પણ ગાંધીજીને વાંચવા ન દીધાં. "બાલજીવન" ડિસેંબર ૧૯૨૨ થી મહાત્માજી છૂટયા ત્યાં સુધી નિયમિત મહાત્માજીને યરોડાની જેલના વડા અધિકારી મારફત મોકલવામાં આવતું હતું અને સરકાર તરફથી તેને પ્રતિબંધ નહોતો કરવામાં આવ્યો. ગાંધીજીની કેદખાનાની ઓરડીમાં સાથે રહેનાર જાણીતા ગર્ભ શ્રીમંત દેશભક્ત શ્રી. શંકરલાલ બેંકર જ્યારે છૂટયા ત્યારે અમે તેમને પત્ર લખી ગાંધીજીને કેદખાનામાં બાલજીવન મળતું કે નહિ તે પુછાવેલું અને તેમણે અમને મળતું હતું એમ જવાબ લખી જણાવેલું હતું.

હમણાં થોડાક દિવસ પર ગાંધીજીના મંત્રીજી શ્રી. દેસાઈજીને પૂનાના સસુન દવાખાનામાં આ સંબંધી પત્ર લખી પૂછાવ્યું. દેશભક્ત શ્રી. દેસાઈએ તરત જ આ સંબંધમાં બાપુ સાથે વાતચીત કરી અમને લખીને જણાવ્યું કે ગાંધીજીને યરોડાના કેદખાનામાં બાલજીવન નિયમિત મળતું હતું અને તેઓ તે આતુરતા પૂર્વક (?) તેને વાંચતા હતા. આમ "બાલજીવન" આ મહા પુરુષને પોતે પણ [illegible]

પણ માનસિક ખોરાક આપવા સફળ નીવડ્યું હોય તો તે ખરે જ ભાગ્ય-શાળી મનાય. હાલ આ માસિક સંબંધી વિશેષ વાતચીત મહાત્માજી સાથે તેમના આરોગ્યને ખલેલ પહોંચે એ ભયથી થઇ શકી નથી, પણ વેસાત્રામાં શ્રી દેવીદાસભાઇની સાથે ગોઠવણ કરી 'મહાત્માજી રજા આપે' તો તેમને મળી ગુજરાતી ભાષાના બાલ સાહિત્ય માટેના તેમના વિચારો અમે કદાચ 'બાલજીવન' ના વાચકો સમક્ષ મૂકવા ભાગ્યશાળી થઇશું

ચિત્રોની ઓળખાણ—આ અંકના મુખપૃષ્ઠપર જે ચિત્ર આપેલું છે તે મુંબઇની એક ગુજરાતી નાનકડી બાળકીનું છે ને તેનું નામ 'સુખી' છે અંદર શરૂઆતમાં ભગવાન ગૌતમ બુદ્ધનું જાણીતા ચિત્રકાર શ્રી. ત્રેંગેરસ્કું તૈયાર કરેલું ચિત્ર આપેલું છે. બુદ્ધનું પવિત્ર જીવન ચરિત્ર ડીસેમ્બર (૧૯૨૩) અંકમાં આપેલું છે. તે ઉપરાંત રેખા ચિત્રોને લગતી, હકીકત ચિત્રો સાથે છે તથા 'જરાસંઘ' ને લગતાં ચાર ખુબસુરત ચિત્રો "મા, પૃથ્વી તરફ જીવન" એ નામના લેખ સાથે આ પૃષ્ઠમાં આપેલાં છે.

રંગીન ચિત્રો—"બાલજીવન"માં ચાલુ વર્ષે ઉંચી જાતના ખુબસુરત રંગીન ચિત્રો ૮ પાનાં જેટલાં આપવાનો અમે ઠરાવ કરેલો હતો અને તે પ્રમાણે અત્યાર સુધી "ગાંધીજી," "મુરલીધરકૃષ્ણ," "યશોધરા," ને "ગોદોહન" એ ખુબસુરત ચિત્રો આપી ચુકયા છીએ. અમારા વાચકોને તે ઘણાં જ પસંદ પડયાં છે એવી અમને ખબર મળી છે. અમને જણાવતાં આનંદ થાય છે કે બાકીના ૪ પાનાં જેટલાં ચિત્રો છાપવાનું કામ ચાલુ થઇ ગયું છે અને તે ચિત્રોની પસંદગી પણ આગલાંના જેટલી જ લોકપ્રિય નીવડશે એમ વાચકોને ખાત્રિ આપીએ છીએ. આમ બાલજીવન જેમ જેમ પગભર થઇ જશે તેમ તેમ તે વધારે ને વધારે પ્રગતિ કરવા ઇચ્છા રાખે છે એ, અમારા વાચકો સ્પષ્ટ જોઈ શકશે



ઇનામ અંગૂઠાનું

ફેબ્રુઆરી માસની હરિફાઈ

આ હરિફાઈમાં એકંદર ૧૪૦ બાળકોએ ભાગ લીધો હોય નીચે મુજબ ઇનામો જાહેર કરવામાં આવે છે—

૧ રતિલાલ ભગવાનજી જોશી—જોડીઆ—કાઠિયાવાડ એમને રૂ. ૨) નાં પુસ્તકો.

નીચેના તેર જણને ચાર આનાની કિંમતના પુસ્તકો મળે છે ને તેમણે અર્ધા આનાની ટીકીટ ભીડી મગાવી લેવાં. ઉપરાંત ત્રણ જણની કૃતિઓને ઉત્તેજન દાખલ નવાજેશના ઇનામ આપવામાં આવ્યાં છે.

૨. મહેંદી અલારખીઆ—દારેસલામ ૩. પ્રાણજીવન વજેચંદ શાહ મોરબી ૪ રતિલાલ કુંવરચંદ—મુંબઈ ૫ ધર્મનાથ નર્મદાશંકર—નડિયાદ ૬ જગમોહન મો. પારેખ—મુંબઈ. ૭ ભાનુશંકર વિશ્વનાથ નડિયાદ ૭. (સુરેંદ્ર ચીમનલાલ મચ્છાર—મુંબઈ) ૮. નરસિંહદાસ ગોવિંદભાઈ—શુક્લતીર્થ ૧૦. હેમલતા ભાનુ સુખરામ મહેતા—વડોદરા ૧૧ વિરબાળા ગોવિંદભાઈ વડોદરા ૧૨ ભાગભાઈ નેણસી—સુરત ૧૩ માકનાથ પારસી ૧૪ મગનભાઈ દેસાઈ

નવા સવાલો

(૧) 'શ' એ અક્ષરનાં આપણાં દેશનાં બાળકોનાં (છોકરા અને છોકરીઓના) કયાં આ નામો પરી શકે? તમને જેટલાં આવડે એટલાં લખી મોકલો.

(૨) હિંદના સર્વોત્તમ કવિઓનાં નામો નીચલા અક્ષરોમાં સેળભેળ થઈ ગયાં છે તમે તે જુદા પાડી ચોકખા નામો બનાવી મોકલો.

થ+ર+મ+રા+ગ+કુ+ત+આ+જુ+ત+પ+મા+લ+ગી+ચ+દા+વ; વ+શી+ભા+સ+વ+કુ+શા+મા+ર+ર+ધુ+ત+જી

ઇનામ—પહેલું ઇનામ રૂ. ૨–૦–૦ નું અને બીજા ૧૦ ઇનામો દરેક રૂ. ૦–૪–૦ ની કિંમતના યોગ્યતા મુજબ આપવામાં આવશે.



કાવ્ય-બાલગીત.

બાલ હાલરડું .. શ્રી વિ. મ. ભાવસાર ... ૨૫૭
શિયાળ અને દેડકાં . શ્રી. કમલાકાન્ત .. ૨૫૮
મોંઘો ભાઈ! (સચિત્ર) . શ્રી. કૃષ્ણદાસ બી. ભાસર .. ૨૫૫
મુમબો . સૌ. સરલા બ. દેસાઈ ... ૨૬૦
પાણી પ્હેલી બાંધીયે પાળ ... કવિ દલપતરામ ... ૨૮૪
મેના! ભોળા ત્હારા બોલ! શ્રી. પ્રવાસી .. ૨૫૨

વાર્તા-હાસ્ય.

સોધી બાપુનો છોકરો (સચિત્ર) ... ૨૬૪
ભપકાભર્યા રૈકના મિરજી રમણલાલ નાનાલાલ શાહ .. ૨૭૩

ધર્મ-નીતિ

શ્રી કૃષ્ણનું તરુણ જીવન (સચિત્ર) શ્રી રણછોડજી ક. શાહ, બી. એ ... ૨૮૫
શીખ કરાવતી શિખામણો .. શ્રી. ઉ. મ. છાયા. ... ૨૫૪

રમત-ગમત.

ચમત્કારી કૅલેન્ડર (સચિત્ર) . શ્રી. મ. ના. ભટ્ટ કલોલીકર .. ૨૬૧
ફણ્ડોની રમત . શ્રી. છુપતર ... ૨૮૧
આંકડાની રમતો શ્રી. છુપતર ... ૨૮૮

વિજ્ઞાન આરોગ્ય.

રોજ કરવાની કસરતો (સચિત્ર) શ્રી. અંબેલાલ ઘ. દેસાઈ ... ૨૬૫
બાલ ઉખાણા .. રમણલાલ ના. શાહ .. ૨૬૫
કીડી (સચિત્ર) . શ્રી. નાનાલાલ મ. શાહ . ૨૮૩
દરિયા કિનારે! (સચિત્ર) ડૉ. મોહનલાલ જ. પાઠક ... ૨૮૧
જુ (સચિત્ર) .. ડૉ. મોહનલાલ જ. પાઠક .. ૨૫૩

પ્રાસંગિક.

સાહિત્ય પરિષદ્ ૨૫૭
નિવેદન.. (૨૫૪) સાહિત્ય સમાચાર...(૨૫૩) પુનામ માળા ... ૩૦૧



ચાંદો શો સળગે !—(શ્રી. મોહિનીચંદ્ર) બાળકોને ગાવા જેવું 'રસભર્યું' મધુર બાળગીત.

ભારતવર્ષ—બાળજગતના સુપ્રસિદ્ધ લેખક શ્રી. હરિહરની આ અતિશય ઉપયોગી કવિતા સૌથી વિશેષ લોકપ્રિય થાય તો નવાઈ નહિ.

કોયલ—(સચિત્ર) "નવપ્રભા"ના તંત્રી શ્રી. કસનજી નથુભાઈ દેસાઈની એક સુંદર કવિતા.

છ પત્તાંની રમત—બુદ્ધિ ચાતુર્યની ખીલવણી કરનાર એક ઉપયોગી લેખ (શ્રી કલ્લોલીકર)

નજરબંધી !—આંખને ભ્રમમાં નાખે એવો રમુજી ચિત્રોપયોગી વિવરણ સહિત.

ચરમાંનો હીંચકો—બાળકોને પેટ પકડી હસાવે એવી રમુજી રેખાચિત્રો સહિતની રમુજી વાર્તા.

મહમદ ગીઝની અને કાશી—જાણીતા લેખક શ્રી. આરામભોગીની ચમત્કારી ભાષામાં આ સંવાદ કન્યાશાળાઓમાં ભજવાય એવો નિવડશે.

બાળપણ—શ્રી જયવિજયનું ભાવવાહી કાવ્ય.

સિંહ અને બકરો—(સચિત્ર) બ્હેન તારાગૌરી પીઠાભાઈ લખેલી બોધક બાળોપયોગી વાર્તા.

હીરની કુંચીઓ—(સચિત્ર) પ્રો. હરિલાલ મ. છાયા, બી. એ. એલ. એલ. બી. ની તૈયાર કરેલી યાદગાર ઐતિહાસિક કથાનક.

મહાત્મા લેનીન—તેના જીવનની ટુંકી રૂપરેખા

ગુલામગરદી—શ્રી. ગજેન્દ્ર દ. શાહ બી. એ. ની લખેલી સચિત્ર સુંદર રસભરી વાર્તા. એ ઉપરાંત બીજા લખાણો ને ચિત્રો અનુકૂળતા મુજબ

બાલજીવન

તંત્રીઓ—રમણલાલ નાનાલાલ શાહ અને ચુનીલાલ કુબેરદાસ શાહ

વ્યવસ્થાપક—નાગરદાસ છ પટેલ—મલાડ

અગત્યના નિયમો—(૧) બાલજીવનનું લવાજમ વાર્ષિક રૂ. ૩) બે છુટક નકલ ૦ ૬ આના, ને પરદેશ માટે વાર્ષિક રૂ. ૪) છે (ટપાલ ખર્ચ સાથે) (૨) બાલજીવન દર મહિને ૧૫ મી તારીખ સુધીમાં પ્રગટ થાય છે (૩) ગ્રાહકોએ પત્રવ્યવહાર વખતે પોતાનો ગ્રાહક નંબર (નંબર) જરૂર લખવો જોઈએ. લેખકોએ તેમ ગ્રાહકો સર્વેએ પત્ર વ્યવહાર કરતી વખતે જવાબ માટે ટપાલની ટીકીટ કે પત્ર (કાર્ડ) મોકલવું જોઈએ (૪) બાલજીવન માટે મોકલવામાં આવતા લેખો પૈકી જે લેખો નિરૂપયોગી જણાય છે અને જેની સાથે મોકલનારનું શીરનામું તથા લેખ પાછો મોકલવા પુરતી ટપાલની ટીકીટો નથી હોતી તેનો તરતજ નાશ કરવામાં આવે છે

પત્ર વ્યવહારનું શીરનામું—લવાજમ મની ઓર્ડરથી મોકલવા માટે, નવા ગ્રાહક થવા માટે અગત્યના અંકો ન મળ્યાની ફરીયાદ વિગેરે કરવા માટે પત્ર વ્યવહાર બાલજીવન કાર્યાલય—મલાડ—શાખા વ્યવસ્થાપક. નાગરદાસ છ પટેલ, સ્ટેશન રોડ મલાડ બી બી સી આઈ એ શીરનામે લખવું. તંત્રીઓને તેમજ પત્રવ્યવહાર વિગેરે—બાલજીવન કાર્યાલય, કાલબાદેવી, ગાયવાડી, મુંબઈ, નં ૨, એ શીરનામે કરવો

ઇનામ માળા—અગત્યના નિયમો—(૧) ઇનામમાળાનો સર્વ પત્ર વ્યવહાર શ્રી નાગરદાસ છ પટેલ, કૃષ્ણકુટીર, સ્ટેશન રસ્તો મલાડ, બી બી સી આઈ એ શીરનામે જ કરવો (૨) ૧૬ વર્ષની ઉમર સુધીના તમામ બાળકો (છોકરા કે છોકરીઓ) ગ્રાહક હોય યા નહિ, તો પણ ઇનામમાળાની હરિફાઇમાં ભાગ લઇ શકશે અને એક જ પાકીટમાં એક ઘરના તમામ બાળકો પોતાના જવાબો મોકલી શકશે. (૩) જ્યાં જ્યાં જવાબો ટપાલના કાર્ડપર લખાય ત્યાં પાકીટમાં ન લખવા.

બાલજીવનના એજન્ટો—મુંબઈમાં (૧) શ્રી વર્ધમાન એન્ડ સન્સ, નં ૬, પાયધુની ટ્રામ જંકશન, (૨) શ્રી આર. વનમાળીદાસની કં., ગાંધી હિરા પુસ્તક ભંડાર, નં ૧૮૩—૮૫, જુની ભાટીયા મહાજન વાડી સામે, કાલબાદેવી રસ્તે, (૩) શ્રી. એન. એમ. ત્રિપાઠી અને સન્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં ૨, અને ગામોમાં—[illegible], [illegible] રોડ, દાણા બજાર, એ ઠેકાણેથી છુટક નકલો મળી શકશે તેમ વાર્ષિક લવાજમ ભરી ગ્રાહક તરીકે નામ નોંધાવી શકાશે.

[illegible] પ્રિ. પ્રેસ છાપખાનામાં, સુરતમાં મુદ્રક [illegible] છાપ્યું અને ચુનીલાલ કુબેરદાસ શાહે, કાલબાદેવી ગાયવાડી મુંબઈ નં ૨ માંથી પ્રગટ કર્યું



બાળજીવન

સ્વ. શેઠ મગનલાલ કુલચંદદાસ બાપીના સ્મર્ણાર્થે પ્રગટ થતું

(મુંબઈ અને કરાંચીની મ્યુનીસીપાલીટીના તાબાની તમામ શાળાઓમાં મંજુર થએલું, વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો તથા શાળાઓમાં ખરીદવાને મંજુર થએલું અને સઘળી શાળાઓમાં પુર ઉમંગથી સત્કાર પામેલું)




છુટક નકલના આના ૬
વાર્ષિક લવાજમ રૂ ૩
પરદેશ માટે રૂ ૪ (૮ આ. સાથે)


બાળજીવન કાર્યાલય
કાલબાદેવી, માધવવાડી,
મુંબઈ, નં. ૨



મશહુર ઉર્દૂ કવિ દેશભક્ત મૌલાના હઝરત મોહાની



હિંદમાંથી દેશપાર થયેલા જાણીતા અંગ્રેજ મી. હોર્નીમાન



વર્ષ ૪ અંક ૭ — વૈશાખ ૧૯૮૦ — મે ૧૯૨૪

ચાંદો શો ચળકે!

ચાંદો શો ચળકે! ચાંદો શો ચળકે!
ઉગે આ આકાશે ચાંદો શો ચળકે! (૧)

ચાંદીનો ગોળો અદ્ધર શો લટકે!
માતા તુ લોને ચાંદો શો ચળકે! (૨)

તારાની માળા કંઠે શી ઝબકે!
ઉગે આ આભે–ચાંદો શો ચળકે! (૩)

આંખોએ વિજળી-સૂરજ શી ચળકે!
બાળક શો હરખે–ચાંદો શો ચળકે! (૪)

"પ્રેમદિનાથચન્દ્ર"



—ઉપજાતિ—

હતો અહા ! ભારત દેશ સારો, કહો થયો કેમ હવે નઠારો !
ગઈ બધી આજ પ્રભા લપાઈ; શું આ થયો ભાગ્ય પ્રકોપ ભાઈ !

ઉર બહુ પ્રેમ વિવેક આણી, ને દેશની ભાવી સ્થિતિ પિછાણી,
રચ્યો સ્મૃતિ ચાર સુયોગ્ય, ભ્રાતા ! 'મનુદેવ' તે આજ નથી જણાતા.

પિતા તણી ટેક ન લોપવાને, સંસારમાં સ્વર્ગ ઉતારવાને,
વસી વને કષ્ટ સહ્યાં હજારો, તે આજ ક્યાં 'રામ' ગયા, વિચારો !!

ધન સમ્પત્તિ સર્વ મૂકી ધકેલી, નિજ કર્મમાં વૃત્તિ કરીજ ઘેલી,
રઘુ કુળના ધર્મ ગુરૂ ગણાતા; 'વસિષ્ઠ' તે આજ નથી જણાતા.

જન્મ્યા જહાં લોક અપાર ઘેલાં, વિશ્વે કીધાં કાવ્ય ગાથાથી ઘેલાં,
જે ચરિતો-પુરાણ રચી ગયા છે; તે ક્યાં કવિ 'વાલ્મીકિ' આજ ભાઈ !

અસુર તણો જુલમ થયો વધારે, રહ્યો નહિ ધર્મ જરાય ત્યારે,
છતાં કહ્યું, 'ભક્તિ કરોજ ભાવે' 'પ્રહલાદ' નો સાદ હવે ન આવે.

દીઠા અહા ! જગત ખાલી રડી; છતાં નહિ ટેક જરા ડગાડી,
કીધા હતાં ઉગ્ર તપો અતિશે, 'ધ્રુવ' આજ તે કેમ ન હોય ! દીસે.

કૌરવ અને પાંડવ બન્ધુ જેઓ, યુદ્ધે ચડ્યા ધર્મ પ્રમાણી તેઓ,
રહ્યા ઘુમી ત્યાં દિન યુદ્ધમાં જે; ગયો કહાં 'અર્જુન' એજ આજે !

ધરા તણો ધર્મ ડંકો જણાયો, અજ્ઞાનનો અંધ-તિમિર છાયો,
ત્યાં કર્મની બંસી મીઠી બજાવી, એ 'કૃષ્ણ' ક્યાં હોય ! ગયા જ, ભાવી !

પિતાજીને કાજ ન લગ્ન કીધાં, પણ આકરા ધર્મ પ્રમાણી લીધા,
એવી જડે જેની નહિ જરાયે, તે 'ભિષ્મ'ની વાત અપાર થાયે.
જેણે નહિ એ કું લગાર કીધું, અન્યાયનું નામ નહિજ લીધું,
એના થકી શત્રુ હતાશ થાતા; તે આજ ક્યા 'વિક્રમ' ન્યાયદાતા!
ચાખ કીને પ્રાણથી દૂર પાડી, શત્રુ તણાં મૂળ દીધાં મટાડી,
નિતિ શાસ્ત્ર જે મસ્તકથી વહ્યું છે; 'ચાણાક્ય'નું નામજ હાં! રહ્યું કે!
એ વાતને વર્ષ ઘણા ગયા છે, પણ તે પછી વીર વળી થયા છે,
વિદેશમાં જેની પ્રભા પ્રકાશી; તે આજ ક્યા 'પૌરસ' હિંદવાસી.
રાજા છતા સાધુ સમો રહ્યો છે, એવો ન કો વિશ્વ વિષે થયો છે.
દીધી હતી દેહજ ધર્મ કારે; 'અશોક'નો શોકજ હાય! ત્યારે.
બોલ્યું મુખે તે ન જરા ઉથાપ્યું, ગુજરાતનું રાજ્ય સ્વતંત્ર સ્થાપ્યું,
બાળાપણે શત્રુ સમિપ ધાયો; વનરાજ' તે આજ કહાં લપાયો?!
ગુજરાતને વિશ્વ વિષે ગજાવી, પ્રજા તણી ભક્તિ ઉરેજ ભાવી,
એવું જગે રત્ન અમૂલ્ય આ છે; 'સિદ્ધરાજ' તે સિદ્ધ પુરુષ ક્યાં છે?

નિજ ટેકને કાજ બધું ગુમાવ્યું, 'નમું હું' એવું ન જરાય ભાખ્યું,
જે ધર્મને પાળી શકયોજ સાચો; તે ભાવનું બાપુ 'પ્રતાપ' પાછો.
મહારાષ્ટ્રનું માન બધું વધારી, હૈયે રહ્યો ધર્મ સદાય ધારી,
નિજ બળથી રાજ્યપદે બિરાજી, આજે ગયો ક્યા વિર એ 'શિવાજી'
ભર્તૃહરિ વ્યાસ, પરાશરાદિ, કયા અંગિરા, ગૌતમ બ્રહ્મવાદી,
જમદગ્નિને નારદ ચોકધારી; છે આજ કયા ભાર્ગવ ભદ્રકારી.
ઓ બાલુડા! હું શું કહું વધારે. પણ હજી કહેવું રહ્યુંજ મારે,
આકાશમાં દેખ અપાર તારા; તેથી વધુ પૂર્વજ વીર તારા.
વિશ્વે ઘણા ધીર જનો થયા છે, જે કાળના ગર્ભ વિષે ગયા છે,
તે સર્વથી શ્રેષ્ઠ વળી ઘણેરા, પાક્યા હતા પુત્રજ હિંદ કેરા.
છે હિંદ આ બાળક! દેશ સારો, તેને તમે પ્રાણ દઈ ઉગારો,
'કવિહિંદ'ની એકજ એ પિપાસા, છો દેશની બાળક! આપ આશા!

માધવરાવ બા. કર્ણિક.



કોયલ

[ગઝલ-ઢાળ]

કાળી કુરૂપ કોયલ શા રાગ ગાઈ રહી છે,
પંચમનો સ્વર મનોહર સહુને સુણાવી રહી છે

એની રસીલી વાણી કોને કહો ના ગમતી,
કેવા મધુર સ્વરથી મનને લુભાવી રહી છે।

આ ડાળ પર કદી તો તે ડાળ પર કદી છે,
એ ઘુમી ઘુમી વનમાં મોજે ઉડાવી રહી છે

સહુ એની યાદ કરતા સહુ એને પ્યાર કરતા,
મીઠાં વચનથી સહુને સ્વજનો બનાવી રહી છે

છે શ્યામ પણ હા! કાળો કોયલથી જે વધે છે,
પણ વાણી એની કા-કા દિલને દુઃખાવી રહી છે.

ગુણ પુજનીય જગમાં છે સર્વદા, ઓ ભાઈ!
કોયલથી એ સુશિક્ષા સહુને સુણાવી રહી છે.

કસનજી મણિભાઈ દેસાઈ

સ્ત્રી હઠ

[લખનાર—શ્રી સ્વરૂપચંદજી હરિશ્ચંદ્ર શાહ, બી. એ]

એક હતો રાજા અને એક હતી રાણી. રાજા જનાવરની બધી બોલી સમજી શકતો હતો. તેને દરેક જાતની બોલી સમજવાનું વરદાન હતું પણ જો પોતે સાંભળેલી વાત બીજા કોઇને કહે તો તરતજ તેનું મરણ થાય તેમ હતું આ ઉપરથી દરરોજ રાજા જનાવરોની અનેક વાતો સાંભળતો, કોઇ વખત ખુશ થતો, તો કોઇવાર દીલગીર થતો; છતાં તે બધું મનમાં રાખતો

એકવાર રાજા અને રાણી મહેલમાં એકલાં બેઠાં હતા. એવામાં બે કીડીઓ તેમની પાસે થઇને વાતો કરતી ચાલી જતી હતી એક કીડીએ બીજીને કહ્યું, અલી કીડી, કાલે તો મે આ રાણીને બચ્ચી કરી હતી તને ખબર છે ? આ સાંભળી રાજાને તરતજ હસવું આવ્યું બહુ રોકી રાખવા છતાં પણ હસવું રાજા રોકી શક્યો નહિ. પાસે બેઠેલી રાણીએ રાજાને એકાએક હસવાનું કારણ પૂછ્યું, પણ રાજાએ કંઇ નહિ એમ કહી વાત ઉડાવા માંડી. રાણીએ તો એકની એકજ વાત પૂછવી ચાલુ રાખી કે તમે કેમ હસ્યા રાજાએ અનેક બહાનાં બતાવ્યાં પણ રાણી શાંત ન થઈ છેવટે રાજાએ કહ્યું કે આ તો એક કીડી બીજી કીડી સાથે વાત કરતી હતી તે સાંભળી મને હસવું આવ્યું હવે રાણીએ કહ્યું કે મને જરૂર તે વાત કહો. રાજાએ સમજાવ્યું કે તે વાત સાંભળવા જેવી નથી, કારણકે વાત કરતાં મારૂ મરણ થાય તેમ છે હઠીલી રાણીએ વગર વિચારે જણાવ્યું કે ગમે તેમ થાય પણ મને વાત તો કહેવીજ પડશે. રાજાએ બહુ બહુ રીતે સમજાવી પણ રાણી એકની બે ન થઇ. રાજાએ, છેવટે મરવાનો નિશ્ચય કરી હઠીલી રાણીની હઠ પુરી કરવા રાણી સાથે શહેર બહાર જંગલમાં ચાલવા માંડ્યું આ જંગલમાં

એક બકરો અને બકરી તેમની નજરે પડ્યાં. રાજાને તે નિર્દોષ જનાવરો બહુ પસંદ પડ્યા અને તેમની પાછળ પાછળ બને ચાલવા લાગ્યાં એક કુવા પાસે આવ્યા પછી પેલી બકરીએ બકરાને કહ્યું, મને આ કુવાના અંદરની લીલી ઘાસ લાવી આપશો ? બકરાએ કહ્યુ, ના તે નહિ બને; કારણ કે અંદરથી ઘાસ લાવતાં મારાથી પડી જવાય અને હું મરી જાઉં બકરીએ પણ રાણીની માફકજ ગમે તે ઉપાયે ઘાસ ખાવા વિચાર કર્યો. બકરાએ જોયું કે આ હઠીલી બકરી માને તેમ નથી; આમ વિચારી પોતાના શીંગડાથી બકરીબાઈની એવી તો પુજા કરી કે બાપડી ઘાસ ખાવાનું તો ક્યાંએ ભૂલી ગઈ અને મેં મે કરતી નાઠી બકરો અને બકરી જ્યારે કુવા પાસે વાતો કરતાં હતાં ત્યારે રાજા અને રાણી આશ્ચર્યથી તેમના તરફ જોઈ રહ્યાં હતાં. (જુઓ ચિત્ર ૧૭) રાજાએ ધીમેથી બકરાની બધી વાત સાંભળી અને તેણે શું કર્યું તે પણ જોયું રાજાને પોતાના પર તિરસ્કાર આવ્યો; કારણ કે આટલા બકરા જેટલી પણ સ્ત્રી વશ કરવાની યુક્તિ તેને ન જડી. બકરાપર રાજા ઘણોજ ખુશ થઈ ગયો. તે ઉપકારી બકરાના ગળામાં પોતાનો હાર કાઢીને પહેરાવ્યો.



રાણી આમાંનું કશું સમજી નહિ રાજાએ હવે જાણ્યું

કે ચાલો આપણે પાછા મહેલમાં જઇએ, ત્યાં હું તને પેલી વાત કરીશ. બન્ને પાછાં આવ્યાં. એકાન્તમાં જઇ રાજાએ પણ બકરાની યુક્તિ અમલમા મુકી રાણીને બરાબર ચાબખા રતનો સ્વાદ ચખાડયો કે રાણી તરતજ કહેવા લાગી કે માફ કરો, મારે વાત સાંભળવી નથી

ત્યારપછી કોઈ દિવસ રાણીએ હઠ કરી નહિ. રાજા રાણી આનંદથી પોતાના બાકીના દિવસો ગુજારવા લાગ્યા.

આ વાત પરથી સમજવાનુ એ છે કે સ્ત્રીઓ પોતાની હઠ પુરી પાડવા જતાં ગમે તેવુ નુકશાન સહન કરવા પણ તૈયાર થાય છે. વળી બકરા જેવા પશુ તરફથી પણ કોઈવાર શિખામણ મળી શકે છે

મારા મામા




મારા છે મામા ને માના છે ભાઇ,
કોઈ દિન આવે છે હાલે નિશાળ,
ભાણો ને ભાણી કહી અમને બોલાવે,
એમ એ માગી ખારેકો ખવરાવે ૧

મામો તે આવે ને આને ને જાવે,
'જો તારા મામા આવ્યા' કહી બોલાવે.
હાથ ઝુલાવે ને હાથ ઝુલાવે,
મામા આવે ત્યારે ગડુ ભૂલાવે. ૨


મામાને વાલી હું મામા વહાલા મને,
મામા ભાણા કહી બાઝી પડે
આવે જો મામા સદાએ ગમે મને.
મામાનું હેત તો સૌથી વધુ ૩

દુર્લભ ભવાનીશંકર જોષી



૧—આ સાથેના પાના પર ૨ ચિત્રો આપ્યાં છે ઉપરનુ ચિત્ર જુઓ. હનુ અને મેના મેજપર પંખીનુ પાંજરૂ હતુ, તેમાં પંખીઓને ખાવાનુ મૂકી બહાર રમવા ગયાં. એટલામાં મેનાને યાદ આવ્યુ કે ભૂલથી પાંજરાનુ બારણું ખુલ્લુ રહી ગયું હતું! બન્ને જણાં વ્હેલા વ્હેલા ઘરમાં આવ્યાં પાંજરામાં એક પણ પંખી ન મળે! પંખીઓ ક્યાં ગયાં? તમે ચિત્રમાં બરાબર જુઓ. બધા પંખીઓ તેજ ઓરડીમાં છે. તમે અને તમારા મિત્રો મળી તે શોધી કાઢો જોઈએ.

૨—નીચેનું ચિત્ર હવે જુઓ. વાત એમ બની કે પોતપોતાની ઢેલા ગાડીઓ લઈ બાગમા હનુ અને મેના દોડવા લાગ્યા. પણ એટલામા મેના બૂમ પાડી ઉઠી કે હાય વોય! મારી બે ઢીંગલીઓ ગાડીમાંથી કોણ જાણે ક્યાં પડી ગઈ! મેના તો રડવા લાગી પણ ખરી વાત પૂછો તો ઢીંગલીઓ એટલામાં જ પડી હતી. તમે તે તમારા મિત્રોની મદદ વડે શોધી કાઢો. બન્ને ઢીંગલીઓ એને એ જ ચિત્રમાં છે



(૨) પખીઓ ક્યા ગયાં ?

(૧) ગુમ થયેલી ટીંગબીઓ

મહમદ ગીઝની અને ડોશી

[લેખક—શ્રી. વિઠલરાય ચ. આવસથી]

ડોશી—બાદશાહ, તમારા રાજ્યમાં અંધેર કેટલું છે ? તેની કાંઇ ખબર પડે છે ?

મહમદ—ડોશી મા, શું અંધેર છે ? કહો

ડોશી—ધોળે દહાડે લુટારા લુટી જાય છે

મહમદ—કેમ ! કયે ઠેકાણે ?

ડોશી—મારો દીકરો ઇરાનમાં વેપાર કરવા જતો હતો, તેને કોઇ લુટારાએ મારી નાખ્યો.

મહમદ—અને માલ પણ લઇ ગયા. કે કાંઇ પાછો આવ્યો ?

ડોશી—દીકરા જેવા દીકરાનો જાન ગયા પછી વળી તમને શું માલની વાત સુઝે છે ?

મહમદ—મારી ફરવી ટુકડીઓ માલ તો પકડી શકી કે નહિ તે જાણવા પુછુ છુ

ડોશી—માલ મત્તાના લોભીને એ વાત પહેલીજ સૂઝે પણ માલ ન આવ્યો તેની કાંઇ દીલગીરી નથી. હુ તો મારો જુવાન જોધ દીકરો ગુમાવીને બધુ જગત ખોઇ બેઠા છુ.

મહમદ—અલ્લાહ ખેર કરે પણ ડોશી મા, એ ભાગ મારી રાજ્યધાનીથી બહુ દૂર છે તેથી ત્યાં બરાબર બન્દોબસ્ત થઇ શકતો નથી.

ડોશી—તો જેટલો મુલક તમારાથી બરાબર સાચવી શકાય તેટલોજ રાખો. વધુ માટેનો લોભ એજ આ પાપનુ મૂળ છે.

મારા મહારાણી જોન બાલની ખુમારી કરવા રાજા માગતો નહોતો, પણ તેના ફુરસદ અને તરીના માર્ગ બંધ કરી ભૂખમરાથી શત્રુને વશ કરવાની તેની ધારણા હતી. અને તેમ; થાય તો પણ રાજા ફિલિપ મદદે આવી લાગે ત્યાં સુધી મચક ન આપવાની તે પોતાની ફરજ સમજતો હતો. ખોરાકની તંગી હોવાથી શહેરના અશક્ત સ્ત્રી પુરુષો તથા ગરીબ ગુરબાંઓને રજા આપવાની જરૂર પડી. રાજા એડવર્ડે તેઓને ખોરાક તથા આરામ આપી છાવણીમાંથી સહીસલામત જવા દીધા.

રાજા એડવર્ડ પોતાના વડા પુત્ર સાથે કેલેને ઘેરો ઘાલીને પડ્યો હતો એ તકનો લાભ લઈને સ્કૉટલૅન્ડનો રાજા ડેવિડ બીજો ઇંગ્લાંડ ઉપર ચઢી આવ્યો. ન્હાના કુમાર લાયોનલના નામથી રાણી ફિલિપ્પા ઇંગ્લાંડની સંભાળ રાખતી હતી તેણે સઘળું લશ્કર એકઠું કરી નેવિલ્સ ક્રોસ આગળ સ્કૉટલૅન્ડને સખત હાર ખવરાવી. જૉન કોપલૅન્ડ નામના એક સરદારે સ્કૉટલૅન્ડના રાજાને કેદ પકડીને રાજા એડવર્ડ તરફથી નાઇટનો ખિતાબ તથા પાંચસો પાઉન્ડનું વર્ષાસન મેળવ્યાં. થોડી મુદતમાં એક મોટા સુશો-ભિત કાફલો ખાડી ઓળંગતો ડોવરના સફેદ ખડકો પરથી દેખાયો. ભરા-વદાર અંગવાળી રાણી ફિલિપ્પા પોતાની પરિચારિકાઓ સાથે સ્વામીને મળવા આવી પહોંચી હતી. રાજા ખાસદારો સાથે કાંઠા સુધી સામો ગયો. છાવણીમાં નાચરંગ મિજબાનીઓ ઉડવા લાગ્યાં.

શિયાળો એમને એમ પસાર થયો. ફ્લૅન્ડરના સબબે એડવર્ડની કુંવરી ઈસાબેલનું ફ્લૅન્ડર્સના કાઉન્ટ સાથે સગપણ કરવામાં આવ્યું. આ સંબંધ યુવાન વરરાજાને જરાએ ગમતો નહોતો, તોપણ પોતાના દેશનો ઉનનો વેપાર ઇંગ્લાંડ ઉપર નભતો હોવાને તેના ફ્લેમિશ ખેડીઆઓના આગ્ર-હથી તેણે પરાણે હા પાડી હતી. પરિણામ એ આવ્યું કે લગ્ન આડા આઠેક દિવસ બાકી રહ્યા એવામાં શિકારને બ્હાને કાઉન્ટ નાસી ગયો અને પેરીસમાં રાજા ફિલિપને જઈ મળ્યો. આથી એડવર્ડને ઘણો કાળ ચઢ્યો અને ફ્રાંસ જીતવા નો તેનો નિશ્ચય વધારે સખત થયો. દરિયા કિનારા તરફ લાકડાનો કોટ બાંધી એવો જાપતો રાખ્યો કે ભૂખ શી ચીજ છે તેનું કેલેવાસીઓને હવે ભાન થયું. તોપણ ફ્રાન્સનો રાજા કુમક માટે આવશે એવી આશાથી તેઓ ટકાવ કરી રહ્યા હતા.

અને ફિલિપ પોતાનું સઘળું લશ્કર ભેગું કરીને એક રાત્રે અંગ્રેજ છાવણી ની પાછળ સેંગેટની ટેકરી પાસે આવી પહોંચ્યો. કિલ્લામાં ખોરાક પહોંચાડવાના કેટલાક નિષ્ફળ પ્રયત્નો કર્યા બાદ તેણે રાજા એડવર્ડને મેદાનમાં આવવા કહેણ મોકલ્યું.

એડવર્ડે જવાબ વાળ્યો કે "હું આશરે એક વર્ષ થયાં મારા ખર્ચે લશ્કરી હથિયારને પૈસા આપી ને તેનો સજ્જ માલિક બન્યો છું. આથી માત્ર મારા સબંધીઓને સહાય આપવા ખાતરજ લડાઇના મેદાનમાં હું ઉતરવા માગતો નથી."

ઘણું લાંબા સુધી સવાલ જવાબ કર્યા બાદ, હડેરભાનાં બહાદુર અને સજ્જનશીલ મનુષ્યોની બ્હાર કરવાની લેશ પણ તજવીજ કર્યા વિના, પોતાનાં માણસો સાથે હિલિખ માણ્યો ગયો.

ઑગસ્ટ મહિનો જ્યારે આવી લાગ્યો, અને કિલ્લાનાં લોકોએ જે રાજાને માટે આખું વરસ રુદન કર્યું તેવું અણીને વખતે તેઓને તૂટી દીધાં. તેઓમાંના કેટલા એક પણ ભૂખમરાથી મરવા જેવી સ્થિતિમાં હતા. ગવર્નરે કિલ્લાના બુરજપર ચઢીને વાતચિત કરવા માટે બ્હારની તરફ નિશાની કરી રાજાએ લોર્ડ બેસેક્સ તથા સર વૉલ્ટર મૅાનીને શરતો નક્કી કરવા મોકલ્યા. ગવર્નરે કહ્યું કે "જો એવી શરતે પહોંચતા હોઇએ કે રાજાએ શહેર અને કિલ્લો મળવાથી સંતોષ પકડી અમોને નિરાંતે ચાલ્યા જવા દેવા જોઇએ."

સર વૉલ્ટર મૅાનીએ જવાબ વાળ્યો કે રાજા બહુ ક્રોધમાં છે અને કહે છે કે "હું બિન શરતે કબજો લેવા માગું છું. ત્યારે પછી ફાવે તેમ સુલેહ-વાળો હોય કે અમે તેને મારી નાખવાની, દંડ કરવાની કે કેદ પકડવાની મુનસફી મારી રહેશે."

ગવર્નરે હિમ્મત ભર્યો જવાબ વાળ્યો, "આ શરતો ઘણી આકરી છે. નાઇટ અને સ્કાવયરો રણમાં જનારી સંખ્યા બહુ થોડી છે જેવી રીતે તમે તમારા અધિપતિને માટે વફાદારીથી લડો છો તેમ અમે પણ અમારા રાજાને માટે કરેલું છે અમારા નું એક જણ પણ અમારા સર્વના કરતાં વધારે દુઃખ પામે એ અમે કબુલ કરી શકીએ નહિ. માટે કૃપા કરી રાજાને ફરી તસદી આપો અને તે એવા વિચાર છે કે પોતાનો વિચાર ફેરવ્યા વિના રહેશે નહિ."

પછીરાજા ઓનો બે થતો નરમ મહા મુશ્કેલીથી સર વૉલ્ટર મૅાની તથા બીજાસરદારોએ એટલું કરી શક્યું કે "શહેરના છ સારા આગેવાનો ઉપરનું પહેરણ કાઢી, ગળામાં દોરડાં વીંટીને, કિલ્લાની કુંચીઓ સાથે રાજા પાસે હાજર થશે અને તેમની હઠીલાઈ માટે શિક્ષા કરવાની મુખત્યારી આપશે, તો બાકીનાઓને માફી આપવામાં આવશે."

આ દલીલ સાંભળીને સર જૉન ડવિએને લોકોનો મત મેળવતાં સુધી થોભવા સર વૉલ્ટર મોનીને અરજ કરી. ગોખમાં જઈને તેણે મોટા ઘંટ વગડાવવાનો હુકમ આપ્યો, તેનો અવાજ સાંભળતાં જ સઘળા ગ્રીન-હોલમાં ભેગા થયા. શરણ થવાની શરતો જાહેર કરતાં ગવર્નર રડી પડ્યો. ચોતરફ રડારોળ થઈ રહી.

એવામાં એક આગામીનો સાદ સંભળાયો, તે શહેરના ધનવાનમાં ધનવાન શહેરી યુસ્ટાશ દસાન પીઅરનો હતો. "તવંગર અને ગરીબ ભાઈઓ મરી જાય ત્યાં સુધી આટલા બધા લોકોને ભૂખથી મરવા દેવા એ દયા જનક છે, અને એમ થતું અટકાવવું એ પુણ્યનું કામ છે. મારા શહેરીઓને બચાવવા હું નાશ પામું તો પ્રભુની રહેમ નજર મળવાનો મને પાકો વિશ્વાસ છે તેથી છ જણમાં હું પહેલો દાખલ થાઉં છું."

શહેરી બોલતો બંધ થયો એટલે સઘળા રહેવાસીઓ ગેરેથી રડવા લાગ્યા અને મહુમાં કંઈ આભારની લાગણીથી પલાક તેને પગે પડ્યા. એક બીજો ધનાઢ્ય અને આબરૂદાર ગૃહસ્થ ઉઠ્યો અને બોલ્યો, "હું મારા મિત્ર યુસ્ટાશની સાથે બીજો જોડાઉં છું" એનું નામ જૉન ડેઅર હતું. ત્યાર બાદ એક પછી એક આગળ આવતાં છ જણની પ્રતાપી મંડળી બની રહી.

સરજૉન ડ વિએન ઘાયલ થયેલો હોઈને લંગડાતો હતો તેથી ટટુ ઉપર સ્વાર થઈને દરવાજા સુધી તેઓને વળાવવા ગયો. પાછળ સર્વે લોકો રડતા માથતા હતા તોપણ પોતાના તથા બાળ બચ્ચાંઓના હિત માટે તેઓનો ભોગ અટકાવવાની હિંમત ધરતા નહોતા. દરવાજે પહોંચીને ગવર્નર તથા છ મહા પુરુષો બ્હાર નીકળ્યા. શહેરીઓ પોતાની મેળે કેવી રીતે ચુકાયા હતા તે સર વૉલ્ટર મોનીને જણાવીને તેઓને બચાવવાની કોશિશ કરવા ગવર્નરે ભલામણ કરી. સર વૉલ્ટર મોનીએ બનતું કર-વાની ખરા દિલથી કબુલાત આપી. ડ વિએન ખિન્ન તથા દિલગીર મને પાછો ફર્યો, છ શહેરીઓને જ્યાં રાજા દરબાર ભરીને બેઠો હતો ત્યાં સર વૉલ્ટર મોની તેડી ગયો. છએ જણ ઘુંટણીએ પડ્યા અને મોખરે રહેલો આગેવાન બોલ્યો, "મહા પ્રતાપી રાજા, કેલેના છ રહેવાસીઓ જેઓ નામાંકિત વેપારીઓમાંના અગ્રેસર છે તેઓને કિલ્લાની તથા શહેરની ચાવીઓ સાથે આપ આપની સામે ઉભા છે દુઃખી અને કંગાલ બનેલી અમારી બાકીની વસ્તીના બચાવને માટે અમે આપ નામદારની ઇચ્છા અને ખુશમિજાજને બધી રીતે તાબે થઈએ માટે આશા છે કે આપ મોટું મન રાખીને અમોને રહેમ નજરથી જોશો."

તેમના દેદાર જોઈને આસપાસના સઘળા અમીર ઉમરાવો કમકમી ઉઠ્યા, પણ રાજા અક્કડ રહ્યો, અને બ્હાર લઈ જઈને તેઓનાં મસ્તક કાપી નાખવાનો હુકમ ફરમાવ્યો આવેશ સર વૉલ્ટર મોની બની શકે એટલે બાર ઝૂકીને તેઓના વતી દલીલ કરવા લાગ્યો અને આખું અધીર

કેમ રાજાની કીર્તિને ઝાંખ લગાડશે તથા છાવણીમાં અસંતોષ ફેલાવશે એમ પણ કહ્યું. સઘળા અમીરોએ શહેરીઓને બચાવવા અરજ કરી જોઈ પણ ફોકટ. જલ્લાદને બોલાવવા તેડું મોકલાયું, સુધ્ધાં, પણ એવામાં રાણી ફિલિપ્પા આંસુ ભરી આંખે કેદીઓ વચ્ચે ઘુંટણીએ પડીને કહેવા લાગી, "પરમ કૃપાળુ મહારાજા! હું ભરેલો સમુદ્ર ઓળં-ગીને હું અહીંઆં આવી ત્યારથી આજ સુધીમાં મેં આપની પાસે એક પણ માગણી કરેલી નથી; હવે હું પરવરદિગારની ખાતર, તથા આપણ વચ્ચે જે સ્નેહ છે તેની ખાતર, મારે માટે કૃપા ભરેલું વરદાન માગું છું કે આપ આ લોકોને ક્ષમા આપશો!"




કેટલીક વાર સુધી રાજાએ તેના તરફ એક ટસે જોયા કર્યું, અને આખરે કહ્યું, "રાણી, રાણી, તમે અહીં ન આવ્યે આજે કોઈ જગાએ હોત તો પણ સારૂં થાત. તમે એવી રીતે આજીજી કરી છે કે મારાથી ના પડાતી નથી, માટે તમારી ઇચ્છામાં આવે તેમ કરવા આ માણસો હું તમને સોંપી દઉં છું"

ત્યાંથી રાણી ફિલિપ્પા છ એ ક-દેદીઓને પોતાના આવાસમાં તેડી ગઈ, અને તેઓને જમાડી નવો પોશાક પહેરાવી રજા આપી. સર વોલ્ટર મેનીએ શહેરમાં દાખલ થઈને કબજો સંભાળ્યો ઘર જ્હોન દ વિએન તથા બીજા આબરૂદાર ગૃહસ્થોને છુટકારાનો દંડ ભરવા સુધી રોકી રાખ્યા; અને ફ્રાન્સમાં પહેલું પગલું મજબૂત કરવા સારૂ આખું શહેર અંગ્રેજોથી વસાવવાનું ઠરાવીને જુના ફ્રેન્ચ રહેવાસીઓને રજા આપવામાં આવી.

ક્રૂર અને નામોશી ભરેલા મોતના મ્હોંમાં જવા માટે કેલેના છ વીરોએ જે ઉતાવળ બતાવી હતી તેઓની નામના કોઈ કાળે પણ ઘટવાની નથી. *

---

* અંગ્રેજી ઉપરથી.



લખનારઃ—અમીલાલ સવજીભાઈ દેસાઈ

મહાત્મા ગાંધીજી અને લેનિન એ બે જગતના આ યુગના મહાન પુરુષો મનાય તેમાંથી એક લેનિન જગતમાંથી વિદાય થયો છે. રૂસિયા દેશના વ્હેંગ્મસ્કો પ્રાન્તમાં એક ખેડૂતને ઘેર ૧૮૭૦ ના એપ્રિલ માસની ૧૦ મી તારીખે લેનિનનો જન્મ થયો હતો.

લેનિનની બાલ્યાવસ્થાના સોળ વર્ષો વીતી ગયા ત્યાર પછી તેના ભાઈ એલેક્ઝાંડરને રૂસિયાના ઝારે (રાજાએ) ફાંસીએ લટકાવ્યો હતો તે વખતે રૂસિયામાં પુષ્કળ અત્યાચારો રાજ તરફથી થતાં હતા. એવા અત્યાચારોને અટકાવવાને રૂસિયાના ઝારને ગાદી ઉપરથી ઉઠાડી મૂકવાના કાવત્રામાં લેનિનનો ભાઈ એલેક્ઝાંડર સામેલ થયો હતો અને તેથીજ તેને ફાંસીની સજા કરવામાં આવી હતી. એલેક્ઝાંડરને ફાંસીએ લટકાવ્યો તે વખતે ત્યાં તેની માતા અને લેનિન બન્ને ગયાં હતાં માતાએ એલેક્ઝાંડરને માફી માગી છૂટી જવાનું કહ્યું પણ તેમ કરવાની તેણે ચોખ્ખી ના પાડી અને પોતાના નાના ભાઈ લેનિન માટે તેણે ભવિષ્યવાણી કહી કે "માતા! મારો નાનો ભાઈ લેનિન તને શાન્તિ આપશે, અને એ દુનિયાનો મહાન નર થશે." અને તેજ પ્રમાણે પાંત્રીસ વર્ષ પછી લેનિન જગતનો મહાન પુરુષ થયો. જગતે તેને મહાન પુરુષ ગણ્યો.

પોતાના ભાઈને ફાંસી પર મરતો જોયો ત્યારથીજ સત્તર વર્ષના લેનિને રૂસિયાની રાજ્યપદ્ધતિને મટાડવાના માર્ગો શોધવા માંડ્યા.

ત્યારપછી કેટલીક મુસાફરીઓ વચ્ચે તે પેટ્રોગ્રાડમાં* બેરિસ્ટર થયો. તો પણ વકીલાતમાં તેનું ચિત્ત ચોંટતું ન હોતું. તે તો હમેશાં રૂસિયાના

* રૂસિયાની રાજધાનીના શહેરનું નામ છે. લેખક.

ગરીબ મજુરો માટેજ વિચાર કર્યો કરતો હતો. તેણે મજુરોને માટે એક સંઘ સ્થાપ્યો અને તેઓને પોતાની સ્વતંત્રતાનું ભાન કરાવ્યું.

રૂશીયાની સેતાની સરકારે પુણ્યાત્મા લેનિનને રાજદ્રોહી ગણ્યો અને ૧૮૯૦ માં તેને દેશપાર કર્યો. સજા પુરી થયા બાદ તેણે એક પત્ર કાઢ્યું. એ પત્ર ગરીબ મજુરો પાસે એક એક પૈસો ઉઘરાવીને લેનિન ચલાવતો. ૧૯૦૫ની ગ્રીષ્મ ઋતુમાં બોલ્શેવિકોની મહાસભા ભરાઈ. રૂશિયામાં આજે જે સોવીએટ સરકાર છે તેનો તે વખતે પાયો રોપાયો.

ત્યાર પછી એના સાથીઓ સાથે મત ભેદ પડવાથી તે રૂશિયા છોડી પરદેશ ચાલ્યો ગયો. અને કેટલાક વર્ષો તેણે પરદેશમાં ગાળ્યાં. ૧૯૧૪માં મહાન યુદ્ધ શરૂ થયું એટલે ૧૯૧૭માં લેનિન પાછો રૂશિયામાં આવ્યો. ૧૯૧૭ના માર્ચ માસમાં રૂશિયાના ઝારને ગાદી ઉપરથી ઉઠાડી મુકી—સામ્રાજ્યનો નાશ કરી–મજુરોનું પ્રજા સત્તાક રાજ્ય લેનિને સ્થાપ્યું. રૂશિયાનો ઝાર અને તેનું કુટુંબ કુદરતને મોતે મર્યાં

રૂશિયાની પ્રજાનો એ તાજ વગરનો રાજા હતો છતાં રાતદિવસના ૨૪ કલાકમાં ૨૦ કલાક તે કામ કરતો અને ગરીબ મજુરની માફક જીવન ગાળતો. તદ્દન સાદાં કપડાં પહેરતો, તે હૃદયનો અમીર હતો પણ અમીરના આડંબરથી તદ્દન દુર રહેતો અને કહેતો કે "હું તો પ્રજાનો સેવક, અને મજુરોનો મિત્ર છું."

એક દિવસ એક ઉશ્કેરાયલું ટોળું લેનિનને મારવા તેની કચેરીમાં પેસી ગયું. લેનિન તે સમજી ગયો અને તે ટોળાના નાયક આગળ આવીને બોલ્યો "હું લેનિન આ રહ્યો. નાશી ગયો નથી" લેનિનનું કહેવું સાંભળીને તે ટોળું એકદમ સ્તબ્ધ થઈ ગયું. અને થોડીવારે તે બોલી ઉઠ્યું 'મિત્ર લેનિન, મિત્ર લેનિન'. આરીતે લેનિન શત્રુઓને વશ કરતો.

દુનિયામાં લેનિનના શત્રુઓ ઘણા હતા. તેઓએ ઘણી રીતે લેનિનને નાબુદ કરવાનો અને તેણે સ્થાપેલું રાજ્ય તોડી પાડવાનો ઘણો પ્રયાસો પ્રબલ કર્યો, પણ તેઓનું કંઈ વળ્યું નહીં. ૧૯૧૭ થી એટલે ત્યારથી રાજ્યની સ્થાપના કરી ત્યારથી આજ સુધી અનેક શત્રુઓનો નાશ કરી લેનિને સમસ્ત જગતમાં રૂશિયાનું નામ કાઢ્યું છે. તેને પોતાના અંગત સ્વાર્થ વિના દેશનું કલ્યાણ કરેલું હોવાથી તેના શત્રુઓ હમેશ ગાશે; તેમજ લેનિનનું નામ સૃષ્ટિ ઉપર સદાને માટે કાયમ રહેશે.

એ મહાપુરૂષ ૨૨ મી જાન્યુઆરી સને ૧૯૨૪ ને દિવસે પોતાના અસંખ્ય સ્નેહીને રડતાં મુકી મરણ પામ્યો છે રૂશિયાની રાજધાની પેટ્રોગ્રેડ હવેથી લેનિનગ્રેડ કહેવાશે, પણ લેનિન ગયો તે સદાને માટે!!



આપણે કદી બીજા ગ્રહપર પહોંચી શકીશું ?


આ સવાલનો જવાબ ચોખ્ખીરીતે 'ના' માંજ આપી શકાય. આમ બનવું કદી શક્ય નથી. આપણી પૃથ્વીથી ચંદ્ર બે લાખ ચાલીસ હજાર માઈલ દૂર છે અને મંગળનો ગ્રહ તેથી પણ વધારે દૂર છે. ચંદ્ર પછી પૃથ્વીની નજીકમાંનો ગ્રહ મંગળનો છે પણ તે બેલાખ ચાલીસ હજાર માઈલથી પણ વધારે દૂર છે. ચંદ્ર વધન કડો થઈ ગયેલો છે અને તેમા કોઈપણ જાતના પ્રાણીની વસ્તી નથી પણ પાણી કે વસ્તી પણ ત્યાં નથી. આપણે ધારી લઈએ કે વીમાનની મદદથી આપણે ઉંચે જઈએ પરંતુ પૃથ્વીની આસપાસ હવાના જે પડ છે તેનાથી ઉંચે આપણે જઈએ કે તરતજ હવા વગર મરી જવાય. આપણે ઘડીભર ધારી લઈએ કે આપણી સાથે હવા ઉંચે લઈ જવાની ગોઠવણ આપણે કરીએ, તોપણ વિમાનને જે હવા જોઈએ તે હવા મળી શકે નહીં એટલે વીમાન કદી ઉડી શકેજ નહી. હવા વગરના સ્થળમાં (Vacuum) મશક કે બાજ પક્ષી જેવું જોરાવર પક્ષી ઉડી શકે કે કદી શકે નહિ. કારણ રેતીમાં વહાણ ચાલી શકે, પણ હવા વગરની જગ્યામાં કોઈપણ ઉડી શકેજ નહી.

છતાં આપણે ધારી લઈએ કે આ મુશ્કેલી ન નડે તોપણ બીજી એક સૌથી વધારે ભયંકર મુશ્કેલી ઉભી રહે છે. પૃથ્વીની આજુબાજુ વિંટાયેલા હવાના પડ ઓળંગીને ઉંચે ચઢવાની સાથેજ જે પ્રાણઘાતક મદા કડી હોય છે. એ કડીમાં માણસ કોઈપણ સંજોગોમાં જીવતો રહી શકેજ નહી. અને થોડીક જ ક્ષણમાં તે ઠરીને મરીજાય. ઉપરના કાર-

હજુએ ખાત્રી આ વાત નક્કી છે કે એવે તેવા સાધનો અને એવેવા યંત્રોની ભવિષ્યમાં કોઈ વખત તેમજ કોઈપણ સંજોગોમાં બીજા કોઈપણ ગ્રહો-પર આપણે પહોંચી શકીએ નહી

શું આપણે બીજા કોઈપણ ગ્રહ સાથે વાતચીત કરી શકીશું ?

આ સવાલ અગાઉ પુછેલા સવાલ કરતાં જુદી રીતનો છે અને એનો જવાબ આપણે 'હા કાર' માં આપી શકીએ. આ વાત અસંભવીત તો નથીજ. આગળ જણાવવામાં આવ્યું છે કે ચંદ્રમાં કોઈ જાતની વસતી નથી એટલે તેની સાથે સંદેશા ચલાવવાની આશા ફોકટ છે તે પછી પૃથ્વીથી નજીકમાંનો ગ્રહ તે મંગલનો ગ્રહ છે ખગોળવેત્તાઓએ ઘણુ તપાસને અંતે એમ સિદ્ધ કર્યું છે કે મંગલનો ગ્રહ આપણી પૃથ્વી કરતાં પણ ઘણો જુનો છે અને તેથી તેમાં વસતાં પ્રાણીઓ આપણા કરતાં વધારે અનુભવી અને બુદ્ધીશાળી હોવા જોઈએ. જો આમ હોય તો ભવીષ્યમાં મંગળના ગ્રહ સાથે સંદેશા ચલાવવાનો સંભવ છે ખરો. અલબત તેઓ શું કહે છે તે સમજવુ આપણને માટે અતીશય મુશ્કેલ નીવડવાનું અને આપણે શું કહેવાનું છે તે તેઓને સમજાવવાનું કામ તેટલુંજ મુશ્કેલ નીવડવાનું એમ છતાં પણ તે અશક્ય તેમજ અસંભવીત તો નથીજ. ફ્રાંસમાં એક મોટુ ઇનામ જે સૌથી પહેલો પૃથ્વી પરથી બીજા ગ્રહપર સંદેશા ચલાવી શકે, તેને આપવાનુ જાહેર થયુ છે એ ઇનામ કયા ભાગ્યશાળી ઇસમને મળે છે ? તે ભવિષ્યમાં જાણવું રસમય થઇ પડશે. હેરાક વગરના (Wireless) તારના યંત્રોની શોધ થયા પછી ઘણ ઘણીવાર એમ જાહેર થયું છે. યંત્રની અંદર ઘણીવાર ન સમજી શકાય એવા ભેદી ભાષામાંના સંદેશા યંત્રપર આવ્યા છે, અને તે ક્યાંથી આવે છે ? અને શા હેતુથી આવે છે ? તે સમજી શકાતું નથી. કેટલાક વિદ્વાનો એમ અનુમાન કરે છે કે આ સંદેશાઓ મંગળના ગ્રહ-પરથી જ આવે છે ભવિષ્યમાં આ વાતનો જ્યારે નિકાલ થશે, ત્યારે ખગોળવિદ્યાપર ઘણુ નવું જાણવાનુ મળશે એમાં શક નથી. આ તાર વગરના યંત્રોની વાત બાજુપર રાખીએ, તોપણ મંગળના ગ્રહ વાસીઓની પાસે આપણી પર છે એવાં અમર સૌથી વધારે શક્તિવાળા દુરબીનો હોય તો સહરા કે સૈબીરીઆના સપાટ રણોમાં જોઈએ તેટલા મોટા અક્ષરથી આપણે જે કાંઈ લખીએ તે તેઓ જોઈ શકે ખરા. આમ એકવાર સંદેશા ચાલુ થઈ શકે તો પછી એક બીજાને સમજવાની મુશ્કેલીનો પણ કોઈ ભાગી શકે.



વીરાંગના રતનબા

[ઈ. સ. ૧૯૧૯ ના એપ્રીલ મહિનાની ૧૩ મી તારીખના રોજ બૈશાખીના મેળાના દિવસે હિંદના પંજાબ પ્રાંતના જાણીતા અમૃતસર નગરના જલીઆંવાલા નામના મેદાનમાં અંગ્રેજ સેનાની ડાયરે જે ભયંકર રેળ વાળ્યો અને જેથી જગત્ આખામાં અત્યારે કંપારી છૂટી રહી એ બીના બનાવનું અતિશય કરુણ બયાન આ ગરબામાં છે. અમૃતસરની એક વીર રમણી રતનબાએ મરદોને પણ બાજુએ બેસાડે એવી હિમ્મત વાપરી તે ભારતની રાજપૂત રમણીઓની વીરતાને જેમ આપે એવી છે. ગરબામાંથી કેટલોક ભાગ બાળકો માટે ખાસ જરૂરનો ન ધારી કાઢી નાખ્યો છે.

—તંત્રી બાલજીવન]

અંગ્રેજી રાજ તો આવ્યું, આવીને રોપ્યું—રતનબા!
યુક્તિથી મુલક જીત્યા, ને સૈકા વીત્યા—રતનબા!
મરદોના હથીયાર લીધાં, ને બાયલા કીધા—રતનબા!
પંજાબની પંચાત જાગી, ને કોરટો લાગી—રતનબા!
કોરટે કજીયા લાગ્યા, ને ઘરબાર ભાંગ્યાં—રતનબા!
ભણાવી અંગ્રેજી લીધા, ને પોપટ કીધા—રતનબા!

* * * *

ત્યાં તો ગોરાઓ લાગી, ને 'તોપું' દાગી—રતનબા!
મહાભારત મંડાણું, તે વખમાં ટાણું—રતનબા!
અહીંથી જુવાનીઆ લીધા, ને આડા દીધા—રતનબા!

જેમ તેમ કરતાં છુટ્યા, તે દિવસો વીત્યા—રતનબા !
પાછી બુદ્ધિ બદલાણી, ને સોટી વાણી—રતનબા !
કાયદા કાળા કીધા, તે ઇનામ દીધાં—રતનબા !

*   *   *   *

દેશ ખળભળવા લાગ્યો, ને રણકો વાગ્યો—રતનબા !
જુનો જોગી એક જાગ્યો, ને ડંકો વાગ્યો—રતનબા !
તપસ્વીએ વ્રત લીધાં, ને કોઇને દીધાં—રતનબા !
સરકારે મરજાદ તોડી, ને ગોળીયુ છોડી—રતનબા !

*   *   *   *

અમૃતસરની બજારે, ને સાદ કોઇ મારે—રતનબા !
જલીયાંવાલા બાગે, સૌ આવજો સાંજે—રતનબા !
દેશના દુઃખની કહાણી—ની સુણવા વાણી—રતનબા !
સભા જાણી સૌ ચાલ્યાં, રહ્યાં નવ ઝાલ્યાં—રતનબા !
બાળ બુઢ્ઢાં સૌ સંગે, મળ્યાં ઉમંગે—રતનબા !
એવામાં ડાયર આવ્યો, ને ફોજ એક લાવ્યો—રતનબા !
બધ જગ્યામાં બેઠા, લોકોને દીઠા—રતનબા !
ચાલવાની સાંકડી શેરી—ને લીધી ઘેરી—રતનબા !
શાન્તિ જરાય નવ તૂટી, પણ ગોળીયુ છુટી—રતનબા !
સહુ ગભરાવા લાગ્યા, ને જેમ તેમ ભાગ્યા—રતનબા !
ભાગતા ગોળીયું વાગી, ને છાતી ત્યાગી—રતનબા !
હાથ હથીયાર વિણ ખાલી, ને ખુનરેજી ચાલી—રતનબા !
બાળ બુઢ્ઢા નવ મુક્યા, નિશાન નવ ચુક્યાં—રતનબા !
ડાયરે જે જે ચીંધ્યા, તે ગોળીએ વીંધ્યા—રતનબા !
લોહીના કીચડ જામ્યા, ને દેવ ત્રાસ પામ્યા—રતનબા !
બહુ ફેટો ફુટી ફુટી, ને ગોળીયું ખુટી—રતનબા !
ત્યારે એ ડાયર ખસ્યો, ને મનમા હસ્યો—રતનબા !
અમર નગરી આખી-માં ફોજુ રાખી—રતનબા !
ઘરે પેટે રસ્તે જતાં, તે ગોળીયુ ખાતાં—રતનબા !

સતિ પતિ નવ આપે, તો ધીર કેમ ધારે ?—રતનબા !
પતિને જોવા કાજી, તું ઓઝને ત્યજી—રતનબા !
અંધારી આંખ ઝાંખી, શી એવડી જામી—રતનબા !
સુનકાર કાંઈ નવ સુઝે, ખબર કો પુછે—રતનબા !
ફોજવાળો કોઈ એકો, તે ગોળીએ દેવે—રતનબા !
તે તો ભસ્મને છાંડ્યું, ને ચાલવા માંડ્યું—રતનબા !
એક મને પીનવ્યા માટે, તે આવવા લાગે—રતનબા !
મરદો એ નીવડ્યા કાચા, તું એકલી સાચી—રતનબા !
જલીયાંવાલે આવી, 'તું' મરદાઈ લાવી—રતનબા !
'પંજાબી' ઉદ્ધીના માર્ગ, મેં 'મરદો' ભાળ્યાં—રતનબા !
તારૂં વર્ણવ્યું દેખું, તે કેમ કરી પેખું ?—રતનબા !
બાયતની ઝૂમો આવે, તે તુંને બીવાવે—રતનબા !
ગઈ ત્યાં તું ભટ જેવી, દયાની દેવી—રતનબા !
કેઈના હાથ પગ સીધ, કરી તેં દીધા—રતનબા !
કેને દિલાસા દીધા, ને સુખીયા કીધા—રતનબા !
કોઈના ઘા પર પાટા, તે બાંધ્યા માતા—રતનબા !
મહાંઓ બહુ ઉપામી, પતિને પામી—રતનબા !
પતિએ જીવન ખોયું તેં નજરે જોયું—રતનબા !
દીલે દાવાનળ લાગ્યો, તે કરમો વાગ્યો—રતનબા !
દેવું કરવું તેં કીધું, ને શબ તે લીધું—રતનબા !
ખોળામાં ઓથું મુકી, ને ઉપર ઝુકી—રતનબા !
આંખે ચોધારાં આંસુનું નીર સીંચાયું—રતનબા !
જેને આ નરકે ટાઢે પીતી તે જાણે—રતનબા !
વેરણ રાત ત્યાં ગાળી, કરી રખવાળી—રતનબા !
બીજાં બધાંનાં સગાં, સેવાએ પુગ્યાં—રતનબા !
સાચી વીરાંગના સતી, થઈ તું છતી—રતનબા !
જુલમના વિરોધ જાશે, ને શાન્તિ થાશે—રતનબા !
સતીના ગુણ જે ગાશે, તે નિર્મળ થાશે—રતનબા !

નવજીવન તા. ૧૫-૪-૧૩]
ત્રિભુવન પ્રે. વ્યાસ

મહાત્માજીની મુલાકાત

[બાળજીવન માટે ખાસ]

મહાત્માજીને સરકારે કેદમાંથી છોડી મૂક્યા છે એમ પૂનાની સાસૂન હૉસ્પીતાલમાં જાહેર કરેલું હતું. તે પછી તેઓ ત્યાંથી જરાક શક્તિ આવતાં મુંબઈ નજીક અંધેરી (૧૪ માઈલ દૂર) સ્ટેશનથી આશરે ૩ માઈલ દૂર દરિયાકિનારે આવેલા જૂહુ (જૂ-જુવેમ-જુહુ વિગેરે) ગામમાં શેઠ નરોત્તમ મોરારજીના સુંદર બંગલામાં હાલ રહેવા આવ્યા છે.

આ જગ્યા બહુ જ જોવાલાયક છે. મુંબઈ અને પરાંઓ વસ્યાં તે અગાઉ ઘણા જૂના કાળનું આ ગામ છે. તેમાં દેશી ખ્રિસ્તી તથા માછીમારોની સાધારણ રીતે વસતિ છે અને તે ઉપરાંત મુંબઈના ધનિક લોકોના બંગલા છે. સામેજ અરબી સમુદ્રનાં અનંત જળરાશિના મોજાં પ્રચંડ ઘુઘવાટ કરે છે રળિયામણા રેતીના કિનારા પર ફરવું એ એક અનુપમ મોજ છે કિનારે ઝાડોનાં ઝુંડ ઝૂલી રહ્યાં છે. આ રળિયામણા સ્થળ પર દરિયાની બરાબર સામે, રેતીના કિનારાની લગોલગ પશ્ચિમ દિશામાં 'ઇંગ્લિશ રેનેસાં' (English Renaissance) પદ્ધતિનો બાંધેલો એક સુંદર બંગલો છે હવા આવવાબારીનાં પુષ્કળ સાધનો વાળા આ સુંદર એક મજલી મકાનને પહેલે માળે મહાત્માજીનો મુકામ છે. ત્યાં બેઠાં બેઠાં સાગરની તંદુરસ્તી ભરેલા પવનની મીઠી લહેરીઓનો અનુભવ થઈ શકે છે ઉછળતા દરિયાના પારાવારનાં મોજાં, બંદરનાં મછીમારોનાં નાવો અને કુદરતનું અપાર સૌંદર્ય મહાત્માજીના તનને અને મનને શાંતિ જરૂર આપે છે.

આ બંગલામાં નીચે જોતાં જ આપણને રમાડવા ને શાંતિનો ભાસ થાય એ રેતીમાં ૨-૩ બકરીઓ મોજથી રમ્યા કરે છે. મહાત્માજી બકરીનું દૂધ પીએ છે ને તે માટે આ બકરીઓ રાખેલી છે બંગલાના નીચેના ભાગમાં ગાંધીજીના પુત્ર શ્રી. દેવીદાસજી બીજા કેટલાક મિત્રો સાથે રહે છે ને તે ભાગ ઓફિસ સરખો અત્યારે બની ગયો છે બંગલાના એક ભાગના ભાગપર ચોપાનીયાં તથા ખુરશી મેજ વિગેરે પડ્યાં છે ને મુલાકાતે આવનારાઓને મળવા માટે ત્યાં બેસારવામાં આવે છે મહાત્માજીના અંગત સંબંધીઓ અને બીજા થોડાક માણસો બંગલામાં રહે છે. પણ

ઓથી ધ્યાન ખેંચનારી એક વ્યક્તિ મહાત્માજી સાથે રહે છે તે તો ધોળા-
વાળી ભરાવદાર દાઢી અને ભૂરી ઝીણી આંખોવાળા આદર્શ અંગ્રેજ દીનબંધુ-
ભારતભક્ત સી. એફ. એન્ડ્રુઝ છે. મહાત્માજીની સાથે જ તેઓ જુહુમાં-
તેમના વસવાટ દરમ્યાન રહેનાર છે એમ સાંભળ્યું છે. મુલાકાત વખતે
મહાત્માજી બાંકડાની એક લાંબી આસન ખુરસી પર એક ગાદી નાખીને બેઠેલા
હોય છે. તે ખુરસી પહેલે મજલે બારીની નજીક છે. મહાત્માજી કેવળ
એક ટુંકા પંચીયાભેર જ રહે છે. બીજું કશું વસ્ત્ર તેમના અંગપર આવી
દુબળી અવસ્થામાં પણ નથી.

મહાત્માજીને [illegible] આગાઉ જેમણે જોયા હશે તેઓનું કહેવું
અત્યારે તેમનો દુબળો દેહ જોઈને ખેદ થાય છે. તે ગૌર અંગની
પ્રતિમા તે સમય તો અત્યારે પણ છે તેવી જ છે, પરંતુ 'અસ્થિ
શરીર સાથે અસહકાર કર્યો છે, શરીરનાં હાડકાં દાખવતાં નથી'
દેખાય આવે છે આખા શરીરની નસો પણ જોઈ શકાય છે, ૫૪-૫૫
વર્ષની વય છતાં અત્યારે તેઓ ૬૦ ૬૬ અને લાંબી વયના પુરુષ હોય
એમ જોનારને ભાસ થાય છે પરંતુ તેમના મુખપર જોતાં જ બાલક
સમો તેમનો નિર્દોષ હસતો ચ્હેરો આપણને અનહદ આનંદ આપે છે. મ્હોંમાં
આગળના દાંત પડી ગયા છે, ગાલમાં ખાડા છે ને આંખો ઉંડી ગઈ છે
પણ તેમના મ્હોંની મીઠાશ, વાણીની મધુરતા અને હિમને અનહદ આનંદ
આપનાર હાસ્ય હજુ જેવાં ને તેવાં જ છે. આંખો પણ સાધારણ
જરા ઝીણી થઈ જાય છે. જરાક જરાકમાં રતાશ ઉભરાઈ
જાય છે પણ મહાત્માજી આગળ આ વાત ખોટી પડે છે. પહાડ જેવી
ભારે આફતો હમણાં વીતી ગઈ, બબ્બે વરસ જેલમાં ૧૫૮ [illegible] ને
અત્યારે શરીર આટલું બધું દુબળું છે ત્યાં હજુ પણ મ્હોંપર એજ
મોહક અને વાતચીતમાં એજ જુનું માધુર્ય કાયમ છે.

અમે મહિને "બાલજીવન" મહાત્માજીને દરબાર જેવામાં આવતી
હતી તે અમે જાણતા હતા. બાલજીવન માટે અને સાધારણ રીતે
બાલ સાહિત્ય માટે મહાત્માજીનો શો અભિપ્રાય છે અને હવે આ દિશામાં
આગળ વધવા માટે શું કરવું તે સંબંધી તેમની માર્ગદર્શક સૂચનાઓ
હોય તે જાણવા સારૂ અમે તેમની મુલાકાત લેવા ઇચ્છા કરેલી અને એ
સંબંધમાં મી. દેસાઈને પત્રથી પૂછાવતાં મહાત્માજીએ તા. ૨૩-૪-૨૪ના
રોજ સાંજના મળી જવા રજા આપેલી તે મતલબનો પત્ર મળતાં તેમની

મુલાકાત માટે મારે જવાનું હતું અને તે દિવસે મુંબઇથી સાંજના અંધેરી જવા લોકલ ટ્રેનમાં બેઠો હતો હું મધ્ય. વીલેપારલેથી સ્ટેશનથી પશ્ચિમ દિશા તરફ વાંકા અને મોટા અંદર રેલવાળી સડક (રાજમાર્ગ) ઓળંગી ત્યાંથી પણ જલદીથી પગે ચાલીને જઇ શકાય છે. પારલાના સ્ટેશનથી ગાડી મેળવતાં મુશ્કેલી નડે છે વળી આખો રસ્તો રેતાળ ને આડા અવળો છે એટલે પગે ચાલીને ખૂબ જલદી જઇ શકાય છે અને રસ્તામાં ટાંગાથી જતા છતાં ૧૦થી પણ વધુ મિનીટ લાગેલી હતી.

હું ગયો તે વખતે હમણાં જ ધારાસભામાંથી નોકરશાહીને જબરજસ્ત હાર ખવરાવનાર પ્રખ્યાત પંડિતજી અને ધારા સભામાંના સ્વરાજ પક્ષના સરદાર મોતીલાલ નેહરૂજી સહકુટુંબ ગાંધીજીને મળવા આવેલા હતા. પંડિતજી પણ હાલ આખો મહિનો અગત્યની વાતચીત મહાત્માજી સાથે કરવાની હોવાથી ત્યાંજ એક જુદા બંગલામાં રહેનાર છે એમ સાંભળ્યું હતું. નમ્રતા સાથેની રાષ્ટ્રીય શાળાનાં ૫૦ ઉપરાંત બાળકો ગાંધીજીના દર્શને આવ્યાં હતાં. તેઓને બેઠી વાતાં જોઇ દર્શને જવા દેવામાં આવ્યાં અને પછી મારી વારી આવી, મહાત્માજીએ જણાવ્યું કે પંડિતજી સાથે વાત કરીને હું પછી બોલાવું છું, તમે થોડીવાર બેસો. મેં ખુશીથી હા પાડી અને નીચે જઇને બેઠો.

પંડિતજીની વાતચીત પૂરી થતાં તેઓ વિદાય થયા ત્યારે અંધારું થવા આવ્યું હતું. મેં ઉપર પૂછાવ્યું એટલે મને બોલાવવામાં આવ્યો. પ્રણામ કરી હું તેમની પાસે બેઠો. જવાની સાથેજ તેમણે હસીને મને કહ્યું કે "તમે મને જેલમાં ઠીક મમત કરાવી! બીજાં કોઇ ગુજરાતી છાપાં આવતાં જ નહોતાં." વળી તેમણે જણાવ્યું કે ૧ અંકમાં કાંઇક લખાણ જોયા પછી સત્તાવાળાઓને લાગ્યું હશે એટલે તે અંક તેમને નહોતો આપ્યો અને બેલગામ ત્યાગી અંકમાં તેમની પોતાની છબી છાપેલી હતી એટલે તે ફાડી લઇને અંક આપ્યો હશે તે સિવાય બાળજીવનના તમામ અંકો તેમને નિયમિત મળ્યા હતા.

મારી સાથે મારી પત્ની હતી અને તેને પણ તેમણે માયાથી નજીક બોલાવી પાસે બીજી સ્ત્રીઓ બેઠાં હતાં તેમની સાથે બેસવાનું કહ્યું. બાળજીવન કેમ કેમ ચાલે છે, અને કેટલી નકલો નીકળે છે તે પૂછ્યું મેં. બાળજીવનના ફેલાવા વિષે જણાવ્યું તેથી તેમને સંતોષ થયો હતો. આપણું કહું છું કે બાળક જેમ સ્નેહ ને મમતાથી બધું પૂછે તેમ હું શું કરતો હતો, ત્યાં

રહેતો હતો વિગેરે તેમણે પૂછ્યું ને મેં જવાબ આપ્યા. તેમનો વખત થઇ ગયો હતો અને પંડિતજી સાથેની લાંબી વાતચીતથી તેઓ થાકી ગયેલા દિસતા હતા વળી અંધારું પણ પુષ્કળ થઇ ગયું હતું, આથી જ્યારે મેં આચ્છાદન માટે તેમનો અભિપ્રાય માગ્યો અને આશ્રમજીવન સંબંધી સૂચના કરવા વિનંતિ કરી ત્યારે તેમણે કહ્યું કે તેમ કરવાની તેમની ઇચ્છા છે પરંતુ હાલ પંડિતજી સાથે તેમને દરરોજ સાંજના અગત્યની વાતચીત કરવાની હોવાથી નિરાંતે વાતચીત કરીશું આ મહિનાની આખર તારીખે તેમને આ સંબંધમાં ફરીથી મળવાનું થશે ત્યારે તેઓ શું કહે છે તે વાચકો સમક્ષ બનશે તો આવતા મહિને રજુ કરીશું.

વાતચીત ખતમ થયા બાદ મેં તેમને પ્રણામ કરી રજા માગી ત્યારે મહાત્માજીએ સામા હાથ જોડીને પ્રણામ કર્યા !! આવા દેવ જેવા સંત પુરૂષને સરકારે કેદખાનામાં બે વર્ષ રાખી મૂક્યા એ જોઇ ખરેખર પેલી અમર કવિતાની બે લીટીઓ યાદ આવે છે કે

"Stone walls do not a prison make"
"Nor iron bars a cage"

અર્થાત્ પત્થરની જડ દિવાલો આવા સંત પુરૂષને કેદખાના રૂપ નથી નિવડતી અને લોખંડના સળીયાના પાંજરા આવા મહાત્માને માટે નકામાં છે, કારણ તેમનો આત્મા તો સદાયે મુક્ત જ છે તે કદી કોઇપણ સત્તા બાંધી શકે એમ છેજ નહિ.

દરેક વાચક કંઇ મહાત્માજીને ન મળી શકે કે દર્શન ન કરી શકે. અમે એમના વાચકો માટે સંદેશા મેળવવા પ્રયત્ન કરીશું ને તે જાહેર કરીશું. પરંતુ તે દરમ્યાન આપણને દરેકને તેમનો એક સંદેશો તો યાદ છેજ કે—આપણે દરરોજ સુતર કાંતવું જોઇએ. બની શકે તો વણતાં શીખવું જોઇએ અને કોઇપણ સંજોગોમાં આપણાથી વિલાયતી કાપડ નજ પહેરાય. હાથે કાંતેલી ને હાથે વણેલી ખાદીનાં કપડાં જ આપણે પહેરી શકીએ તોજ આપણા મહાત્માજી રાજી થાય અને તોજ આપણે આપણું ને દેશનું યથાશક્તિ કલ્યાણ કરી શકીએ.

—રમણલાલ નાનાલાલ શાહ





સાહિત્ય સત્કાર

બાળવિહાર—(સચિત્ર) રચનાર. શ્રી ઇશ્વરલાલ વીમાવાળા, ગાંડિવ સાહિત્ય મંદિર—ચોથું પુષ્પ સુરત—કિંમત ૧૨ આના, ડેમી ૧૬ પેજી પાના ૧૪૮—વિજ્ઞાનને લગતી સવિસ્તર અને ઉપયોગી માહિતિ બાળકો સરળતાથી સમજે એવી ભાષામાં આ પુસ્તકમાં વાર્તા રૂપે આપવામાં આવી છે.

આ ઉપયોગી પુસ્તક આપણી ભાષાના અલ્પ બાળસાહિત્યની એક તદ્દન અનુપમ વસ્તુ તરીકે પ્રથમ પંક્તિનું પ્રથમ (pioneer) પુસ્તક ગણી શકાય અને તે માટે સહૃદય વીમાવાળા ભાઇઓને અભિનંદન આપીએ છીએ. ૭ અતિશય સુંદર પ્રાસંગિક ચિત્રો સહિતના આ પુસ્તકનું મૂલ્ય માત્ર ૧૨ આના છે તે તદ્દન વ્યાજબી છે

સ્ત્રી બોધનું ચાર વર્ષનું બાળક—શ્રી. જીવનલાલ અમરશી મહેતા, પીરમશા રોડ, અમદાવાદ, મૂલ્ય રૂ. ૨) ડેમી ૮ પેજી કદ ૨૩૭ ઇંચ. પૃષ્ઠ ૨૮૬.

સુપ્રસિદ્ધ સ્ત્રીઓના માસિક "સ્ત્રી બોધ"ના ઇ. સ. ૧૯૨૩ના વર્ષના ગ્રાહકો સાથે "બાળક" વિભાગ માં જે ૨૪ પાનાં દર માસે આપવામાં આવતાં હતાં તેનો આ વાર્ષિક સંગ્રહ છે. જેમ હાલની કાયદે બાળકો હોય છે તેમ સ્ત્રીઓ આ દેશ ની માતાઓ હોવાનો જ એકાદે આ માસિક સાથે "બાળક" વિભાગ ચલાવવાનું કામ બજાવ્યું હાલ છે અને તેના વિદ્વાન તંત્રીઓને એ માટે ખાસ માનપત્ર ઘટે છે. અમારા વાચકોને આ પુસ્તક માટે અમે મજબૂત ભલામણ કરી શકીએ કારણ તેમણે લવાજમ પણ પણ જ એવું રાખેલું છે

પુષ્પહાર (સચિત્ર વાર્તા માસિક) તંત્રી. શ્રી. મગનલાલ મી. વીમાવાળા, સ્ટેશન રસ્તો, સુરત. વાર્ષિક લવાજમ રૂ. ૩॥ આ સચિત્ર સુંદર માસિકને શરૂથી છપાતું થયેલું જોઇ અમને બહુ આનંદ થાય છે "પુષ્પહાર" માસિકે અમારી સારી પ્રતિષ્ઠા મેળવેલી હતી અને આ વર્ષે

જ અંકમાં જે અનેક વિદ્વાન લેખકોની મદદથી માસિકના કદમાં અને સાહિત્યિક તત્ત્વોએ જમાવી છે તે પરથી અનુમાન થાય છે કે તેની પ્રતિષ્ઠા અવશ્ય વધશે. અમે માસિકને દીર્ઘાયુષ્ય અને યશ ઇચ્છીએ છીએ.

દિગમ્બર જૈન—સંપાદક—શ્રી મૂળચંદ કિસનદાસ કાપડીઆ સુરત. વાર્ષિક લવાજમ રૂ. ૨) આ માસિકનો ૧૭ મા વર્ષનો દળદાર ૧૨૮ પાનાનો ખાસ સચિત્ર અંક મળ્યો છે જૈન કોમને આ માહિતી ઉપયોગી છે જ પરંતુ જૈનેતર કોમને પણ એમાંના વિવિધ વિષયોમાંથી પણ જાણવાનું મળે એમ છે ચિત્રો પણ મોટી સંખ્યામાં આપ્યાં છે. આ અંકમાં જૈન કોમના જે મહાન પુરુષોએ અસહકારની મહાન ચળવળમાં આત્મભોગ આપ્યા છે તેમનો સચિત્ર પરિચય આપવાને આ કોમની ઉચ્ચ સ્વદેશ પ્રીતિનો ખ્યાલ આપે છે. માસિકની અમે ઉજ્જ્વલ ને યશસ્વી કારકીર્દી ઇચ્છીએ છીએ.

ટોલ્સ્ટૉયની ત્રણ વાર્તાઓ (ગાંડીવ બાલોદ્યાન માળા પુષ્પ ૧૪મું ગાંડીવ સાહિત્ય મંદિર—૧૮૦, કેળાપીઠ, સુરત) મૂલ્ય માત્ર આના ૪. સ્વદેશી કાગળ, સુઘડ, સ્વચ્છ અને સુંદર મુદ્રણ એ વિશિષ્ટતા છે. મહર્ષિ ટોલ્સ્ટૉયની ૩ રસીલી વાર્તાઓનો સરલમાં ગુજરાતીમાં અનુવાદ—(૧) ચિત્રાચાર્યની શોધ, (૨) પ્રેમા પટેલનો પ્રેમ અને (૩) ઇવાન ડોબો એ આ ચોપડીમાં આપેલ છે ત્રણે વાર્તાઓ અત્યંત બોધક અને નાનાં મોટાં સર્વેએ વાંચવા લાયક છે આવાં પુસ્તકોનાં પ્રકાશનોથી ગુજરાતી જનસમાજને નવું કાંઈક થાય છે એ હવે સિદ્ધ થઇ ચુક્યું છે ને તેથી અમે આ પુસ્તકને સહર્ષ આવકાર આપીએ એમાં શંકા નથી!

મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ—ક્રાઉન સાઇઝ ૧૬ પત્રી કદના ૬૮ પાનાંના આ પુસ્તકની કિંમત ૮ આના છે પ્રકાશક વર્ધમાન અને સન્સ પાયધુની ક્રોસ જંક્શન, મુંબઇ નં ૩ શ્રી અબ્દુલ સત્તાર ઇબ્રાહીમ નામના ૧૭ વર્ષના એક ઉત્સાહી ભાઇએ 'અસહકાર' કેદીમાં મહાત્માજીના છુટકારાના પ્રથમ નિમિત્તે લખેલું લખાણ આ પુસ્તકમાં છે. તેમાં ભાવના પ્રાધાન્યપણે ભભકે છે. પૂંઠા પર રેંટીયો ફેરવતા ગાંધીજીની છબી આપી છે

જગતનો મહાન પુરુષ—સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદની વિવિધ ગ્રંથમાળાના વર્ષ ૧૨ (સં ૧૯૭૮)નું પુસ્તક ૧૪૨ થી ૧૪૪ ક્રા. સોળ પત્રી પૃષ્ઠ સંખ્યા ૭૦૬, સ્વદેશી કાગળ, સ્વચ્છ છપાઇ, જાડું કાપડી પૂઠું મૂલ્ય રૂ. ૧૧.

ગુજરાતી સાહિત્યમાં નવયુગ દેખાવો સાહિત્યમાં અભણને પણ રસ લેતા કરવા માટે મહાત્મા ગાંધીજી, કલાકાર મુન્શી કામ અને ભિન્નભિન્ન રસ સાહિત્યનો જનસમુહને સ્વાદ ચખાડવા માટે સ્વ. હાજી મહમ્મદ અ. શિવજી, અને સસ્તામાં સસ્તી કિંમતે સેંકડો વિવિધ ઉપયોગી ગ્રંથો ગુજરાતી પ્રજાને ચાખતી કરવા માટે ઉપરની સસ્તુંવાળા સ્વામિ ભિક્ષુ અખંડાનંદજી એમના સ્થાન સર્વ શ્રેષ્ઠ છે એ નિર્વિવાદ વાત છે.

સ્વામીજીએ પોતાના વર્તનથી સિદ્ધ કર્યું છે કે હિંદુસ્થાને સમૃદ્ધિવાન બનાવવાને માટે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધિશાળી બનાવવું એજ એમનો મુદ્રાલેખ છે. આ ગ્રંથમાળામાં આથી વધારે સારું પુસ્તક ભાગ્યેજ પ્રકટ થયું હશે. હિંદની ૩૦ કરોડ પ્રજાના હૃદયનાથ અને જગવ્યાપી ઉદ્ધાર ઇચ્છક સજ્જનોના માનીતા મહાન્ નર મહાત્મા ગાંધીજી વિષેનું આ પુસ્તક છે. જેમાં દુનિયાના જુદા જુદા વિદ્વાનો મહાત્માજીને માટે શું ધારે છે તેનો સંગ્રહ કર્યો છે પ્રત્યેક ગુજરાતીના ઘરમાં આ પુસ્તક હોવું જ જોઇએ.

ટૂંકી વાર્તાઓ ભાગ ૭ મો—છપાવી જ સસ્તાની છપાવી જ ગ્રંથમાળાનું વર્ષ ૧૩ (સં ૧૯૭૯) નું પુસ્તક ૧૪૫ થી ૧૪૭ ના ક્રમાંક વિગેરે 'પર મુજબ પૃષ્ઠ સંખ્યા ૨૦૪+૫૬ પાકું પૂંઠું, કિંમત રૂ. ૧। આ ચોપડીનાં પહેલા ૨૦૮ પાનામાં ૧૨૮ પાના "કંગાળ માતા અને સદ્ગુણી પુત્રી" નામની બે આખી વાર્તાઓ છે ને તે પછી નાના પાનામાં બીજી ટુંકી વાતો છે ને ૨૦૮ પછીનાં પાનામાં સુપ્રસિદ્ધ ફારસી કવિ શેખ સાદીના મશહુર ગુલિસ્તાનનું ભાષાન્તર આપ્યું છે ને આ આખા પુસ્તકની કિંમત આ ભાષાન્તરથી વસુલ થઈ જાય છે.

સ્વામિ વિવેકાનંદ—તેમના સદુપદેશ ભાગ ૧૦ મો રાજયોગ—છપાવી જ ગ્રંથમાળાનું પુસ્તક ૧૪૪ થી ૧૪૬ વર્ષ ૧૧ પછી ક, પૃષ્ઠ ૨૮૦ પાકું બાંધેલી પૂઠું. કિંમત રૂ ૧। આ ૧૦ મા ભાગમાં સ્વામિ વિવેકાનંદે અમેરીકામાં આપેલાં ઉપદેશો વ્યાખ્યાનો, તથા પાતંજલ યોગ સૂત્ર સ્વામીજીની ટિકાસહિતનું આપવામાં આવેલ છે. સ્વામિ વિવેકાનંદ આ જમાનાના એક સમર્થ કર્મયોગી હતા અને તેમના સદુપદેશ મનન કરવા લાયક હોઈ સ. સા. વ. કાર્યાલયને આવા પુસ્તકોના પ્રકાશન માટે જેટલું અભિનંદન આપીએ તેટલું ઓછું જ મનાય.

લા ક ત પ ર આ ક ત

શિયાખંડના ઈસ્લામી રાજકર્તાઓ

અફ્ઘાનીસ્તાનના અમીર અમાનુલ્લાહખાન

ઈરાનના નામદાર શાહ

ચિત્રોની ઓળખાણ

ચાલુ અંકના મુખપર મુંબઇના વાલકેશ્વરપર રહેતી એક નાનકડી વ હુશિયાર ગુજરાતી બાલિકાનું નાનકડું ખાસચિત્ર આપેલું છે. શરૂઆતમાં પોન ૨૦મેની સામે દેશભક્ત મૌલાના હજરત મોહાની તથા "બોમ્બે ક્રોનિકલ" છાપાના સુપ્રસિદ્ધ માજી અધિપતિ બેન્જામીન હોર્નિમાનનું ચિત્ર છે. હિન્દી વડી ધારાસભાએ તેમ જ મુંબઇ ઇલાકાની ધારાસભાએ મૌલાના હજરત મોહાની હાલ કેદમાં છે તેમને છોડી મૂકવાનો ઠરાવ પસાર કરેલો પણ સરકારે એ ઠરાવનો અમલ નથી કર્યો. અલબત્ત મુંબઇના ગવર્નરે થોડીક છુટછાટ મૂકી છે, પણ હજુ મૌલાના કેદમાં જ છે. ધારાસભાના ઠરાવની કેવી કિંમત નોકરશાહી કરે છે તેનો ખ્યાલ આ પરથી આવી શકે છે. શ્રી. હોર્નિમાન જાતે એક અંગ્રેજ છે પણ તેમને હિંદુઓની ગરજ જ લાગે છે. તેમને હિંદુસ્તાનમાંથી મુંબઇ સરકારે આજે પાંચપાંચ વર્ષ થયાં દેશપાર કર્યા છે. પ્રજાના ઘોર વિરોધ છતાં હજુ આ ઠરાવ પાછો ખેંચી લેવાયો નથી. વડી ધારાસભાએ ઠરાવ કરી તેમને છોડી મૂકવા ભલામણ કરેલી પણ મુંબઇ ઇલાકાની ધારા સભાએ પણ અરજ ગરજી નાખી તે કમવખત પાણી ફેરવ્યું અને તેથી આ આદર્શ અને ભોળો અંગ્રેજ અન્યાયને કારણે હજુય અન્યાય જ ભોગવવાનો રહ્યો છે


પાન ૭૭૭ની સામે આ સાથે ખિલાફત પર આફતને લગતાં બે ચિત્રો આપ્યાં છે. ટર્કીના સુલતાન નામદાર અબદુલ મજીદખાનને ટર્કીના ભાગ્ય વિધાતા નામદાર કમાલપાશાએ પદભ્રષ્ટ કર્યા છે અને સુલતાન હાલ સ્વિટ્ઝર્લાન્ડમાં રહે છે તથા તેમના શાહજાદાઓ પણ યુરોપમાં રખડે છે ટર્કીની રાજ્યસભાએ સુલતાનને નજીવું સાલીયાણું આપવાનું ઠરાવેલું તેપણ હવે બંધ કર્યું છે આ સુલતાનના પદભ્રષ્ટ થવા સાથે દુનિયાના એક મહાન્ રાજ્યવંશનો કરૂણાજનક અંત આવે છે હોહેન્ઝોલન વંશનો છેલ્લો જર્મન કૈસર હોલાન્ડમાં દેશવટો ભોગવે છે રોમેનોફ વંશના છેલ્લા ને બેવકૂફ રશિયન ઝાર નિકોલાસ બીજાને તેની પ્રજાએ કુતરાના મોતે મારી નાખ્યો હતો અને ઑસ્ટ્રિયન હેપ્સબર્ગ વંશનો છેલ્લો રાજા કાર્લ ફ્રાન્ઝ જોસફ પણ પૈસાને માટે ટળવળતો મરી ગયો. ગ્રીસના રાજાને પણ લાત મારીને પ્રજાએ કાઢી મૂક્યો છે ટર્કીના ઉસ્માન વંશના ખલીફાઓનો સૈકાઓનો અમલ આજે

પુરો પાય છે. ટર્કીના નામદાર પ્રમુખ સુલતાન અને ટર્કીના પ્રજાસત્તાક રાજ્યના હાલના પ્રમુખ નામદાર કમાલપાશાનાં છાયાચિત્રો અમે આપેલાં છે. તેની પાછળ અફગાનીસ્તાનના અમીર નામદાર અમાનુલ્લાહ ખાનની છબી છે. નામદાર અમીરના અમલ દરમ્યાન અફગાનીસ્તાને બહુજ સરસ પ્રગતિ કરી છે અમીરના રાજ્યમાં હિંદુઓ પ્રત્યે સારૂં વર્તન રખાય છે. પ્રજામાં હિંદુઓ સારી આબાદી ભોગવે છે એટલું જ નહિ પણ કાબુલી સરકારમાં પણ ઉંચે હોદ્દે હિંદુઓ બીરાજે છે. ગૌવધની મનાઈ અફઘાનીસ્તાનમાં સખ્ત મનાઈ છે અને સ્વદેશી ઉદ્યોગને અમીર ખૂબ ઉત્તેજન આપે છે. અમાનુલ્લાહખાનનું જીવન ચરિત્ર હવે પછી અમે આપવાના છીએ.

તે ચિત્રની સાથે ઈરાનના હાલ પદ ભ્રષ્ટ થયેલા ઈરાનના શાહનું ચિત્ર છે શાહને વિલાયત બહુ ગમી ગયું છે વારવાર તેઓ પેરિસ જાય છે. તેથી ઈરાની પ્રજામાં ભારે ખળભળાટ થયો અને શાહનું પાંખડું પકડી તેમને ઉઠાડી મૂક્યા. હાલ તેમના એક નાના બાળક શાહજાદાને ગાદી આપેલી છે.

—પુણ્ય દિન આજ—


(કલ્યાણ)



પુણ્ય દિન આજ ઉગ્યા મંગલ પ્રભાત!
હૃદય ડોલતા રસીલા,
આજ સુખસાજ ભીના,
આજ ઉર રાજે રળિયાત! પુણ્ય દિન.

અવસર આજનો અમોલ,
ઉભરજો હાલો ઝુલો,
વીતી વસમી વેરી રાત! પુણ્ય દિન.

સુભગ સેવવા સમાજ,
પરમ પામવા સ્વરાજ,
જીવો વિદ્યારાજ! અભિમાત! પુણ્ય દિન.



ચંદ્રકાન્ત મંગળજી ઓઝા




નિવેદન

ઇનામમાળા—નવા સવાલો—આગલી તેમજ લીધી ઇનામમાળાની હરિફાઇનું પરિણામ આ અંકમાં આપી શક્યું નથી તે આવતા અંકમાં આવશે. નવા સવાલો નીચે મુજબ છે (૧) એક મેવાવાળાને મેં ૧૨ આના આપ્યા અને સંતરાં વેચાતાં લીધાં. પણ તે બહુ નાનાં હતાં એટલે મે એને કહ્યું કે ૨ વધારે એ જ કિંમત (બાર આના) પેટે આપ તેણે તે આપ્યાં એ સંતરાં બગાડે મને જેટલી રકમે ડઝન (૧૨) લેખે પડતાં હતાં તે કરતાં હવે તે ૧ આના કમતી કિંમતે ડઝન (૧૨) લેખે પડ્યાં ત્યારે કહો કે બાર આનામાં મેં બધાં મળીને કેટલાં સંતરાં ખરીદ્યાં? જવાબો—પોસ્ટકાર્ડપર જ અને તે લખવા ઇનામ રૂા. ૨) અને બીજા હમેશ મુજબ. જવાબો મી. નાગરદાસ ઇ. પટેલ, કિસનરોડ, મલાડ, બી. બી. સી. આઇ., એ ઠેકાણે મોકલવા.

સુધારો—ગયા મહિના (એપ્રિલ ૧૯૨૪) અંકમાં પાન ૨૭૩ થી પાન ૨૮૦ એટલાં પુરાં છાપવાનાં રહી ગયાં છે ને તેને બદલે ભૂલથી જાહેર ખબરનાં ૮ પાનાં આવી ગયાં છે. એક ગંભીર ગફલતનું એ પરિણામ છે ને તેને માટે વાચકોની ક્ષમા માગીએ છીએ. અમે કદી આવી રીતે જાહેરખબરો ચાલુની અંદર લેતા નથી ને તેની પૃષ્ઠ સંખ્યા ગણતા નથી. હવે પછી તેમ ન થાય તેની કાળજી રાખવામાં આવશે.

ખેદ મુજબ—ચાલુ અંકના પાન ૩૧૬ ઉપર જે ડૉક્ટર અને મૈસરાનું ચિત્ર છે તે ભૂલથી ઊંધું છપાયું છે તે ખરી રીતે ઉલટું જોઇએ. આ ભૂલ માટે અમે ખરેખર દિલગીર છીએ. અમારા પ્રુફ વાંચનારના ભૂલથી આ અંકના પાન ૩૩૩ ઉપર ઉપરથી ગણતાં ચોથી લીટીમાં "કપાયા" શબ્દ છપાયો છે ત્યાં "કપાયું" શબ્દ વાંચવો.



વ્હાલાઓ હો! કુદરતા વરલો સદા—સ્વર્ગસ્થ નલિની મેન્દનું એક અપ્રકટ કાવ્ય.

હાથીના ઉખાણા—(સચિત્ર)—શ્રી જયન્ત મોરબી નીતાસી, કેટલાક નવાં ઉખાણા રજુ કરે છે

એક નિશ્ચય—સદ્‌બોધ આપનારી એક ખરુંજ સરસ રસભરી વાર્તા

રાજકુમાર અને વાઘ—છ ચિત્રો સાથેની બાળકો પુર હોંસથી વાંચે એવી સુંદર વાર્તા.

બાલ જીજ્ઞાસા—વરસાદનું પાણી પીવાથી આપણે માંદા કેમ પડીએ છીએ? આકાશમાં તારા કેટલા છે? વીંછી કરડે ત્યારે શું કરવું? વિગેરે રસમય સવાલોના શાસ્ત્રીય સરળ અને રસભર્યા જવાબો

બેઉ.—મો પર શીંગડા વાળા આ વિચિત્ર જનાવર સંબંધી જાણવા જોગ હકીકત. (સચિત્ર)

"એરનકી બાત કે'દું"—પેટ પકડીને હસાવે એવી નવાબ સાહેબ બાજખાંની નવી વાર્તા.

આમાની મુસાફરી—દશ ચીત્રો સાથેની પ્રવાસની જાણવા જેવી હકીકત શ્રી, માધવજી ગોરધનદાસ રજુ કરે છે.

સાગરનો પડછાયો—નાના બાળકો માટે એક સુંદર સચિત્ર વાર્તા.


સિમિરો—રોમના આ જગપ્રસિદ્ધ મહાન નેતાની જાણવા જેવી સચિત્ર વાર્તા શ્રી. જયન્ત વરસનિવાસી રજુ કરે છે

નેપોલીયન બોનાપાર્ટ—નેપોલીયનનું કવિતામાં જીવન રજુ કરતુ એક નાનકડું સચિત્ર કાવ્ય, રચનાર શ્રી. વિ. ચ. આવસથી

સુનકા.—પ્રાચીન યુગોની એક જાણવાજોગ બાલબોધક વાર્તા.

સ્વામી સૌ બાલ ભગવંતા—શ્રી. ચંન્દ્રકાન્ત ઓઝાનું ઉત્તમ ભાવનાઓથી ભરપુર એક બાલોપયોગી સચિત્ર કાવ્ય

એ ઉપરાંત બીજા કાવ્યો અને લેખો સગવડ મુજબ અપાશે.



કાવ્ય.

અહિ શી મળે?	શ્રી મોહિનીચંદ્ર	... ૩૦૫
ભારત વર્ષ	શ્રી માધવરાવ ભા. કર્ણિક	.. ૩૦૬
હોળી (સચિત્ર)	શ્રી કસનજી મ. દેસાઈ	... ૩૦૭
મારા મામા	શ્રી દુર્લભજી મ. જોષી	.. ૩૧૧
બાળપણ	શ્રી જય વિજય	... ૩૧૫
ભોળાં ભુલકાં	શ્રી ચંદ્રકાન્ત મ. ઓઝા	... ૩૧૭
પીરાણના રતનજી	શ્રી ત્રિભુવન ગૌ. વ્યાસ	. ૩૨૭
પુષ્પાંજલિ આજ	શ્રી ચંદ્રકાન્ત મ. ઓઝા	... ૩૩૮

વાર્તા-ઇતિહાસ-વિનોદ

સ્ત્રી હઠ (સચિત્ર)	શ્રી રમુભાઈ ર. શાહ, બી. એ.	૩૦૪
મરઘાનો કીસ્સો (સચિત્ર)		.. ૩૧૩
મહમદ ગીઝની અને ફિરદોસી	શ્રી વિ. વ. આવસત્થી	.. ૩૧૪
સીદી અને ભારે	બ્હેન નોશાબ્રી પીઠી (સચિત્ર)	... ૩૧૬
ફ્રેબેલની કુચીઓ	શ્રી હ. પ્ર. જોષી, બી. એ. એલ એલ. બી. (સચિત્ર)	૩૧૮
બુદ્ધિ બળના પ્રશ્નો (સચિત્ર)		... ૩૧૨

વિજ્ઞાન

માલ ઇજારા	રમણલાલ નાનાલાલ શાહ	... ૩૨૫

ચારિત્ર્ય.

લેનિન	શ્રી અમૃતલાલ સ. દેસાઈ	... ૩૨૮

પ્રાસંગિક

મહાત્માજીની મુલાકાત	રમણલાલ નાનાલાલ શાહ	... ૩૩૦
સાહિત્ય સત્કાર	...	... ૩૩૪
મિત્રોની ઓળખાણ		... ૩૩૫
નિવેદન		... ૩૩૬

બાલજીવન

તંત્રીઓ—રમણલાલ નાનાલાલ શાહ અને ચુનીલાલ કુબેરદાસ શાહ
વ્યવસ્થાપક—નાગરદાસ પ્ર. પટેલ

અગત્યના નિયમો—(૧) બાલજીવનનું લવાજમ વાર્ષિક રૂ. ૩) છે છુટક નકલના ૬ આના, ને પરદેશ માટે વાર્ષિક રૂ ૪) છે (ટ. ખર્ચ સાથે) (૨) બાલજીવન દર માસને ૧૫ મી તારીખ સુધીમાં પ્રગટ થાય છે. (૩) ગ્રાહકોએ પત્રવ્યવહાર વખતે પોતાનો ગ્રાહક અંક (નંબર) જરૂર લખવો જોઇએ. લેખકોએ તેમ ગ્રાહકો સર્વેએ પત્ર વ્યવહાર કરતી વખત જવાબ માટે ટપાલની ટીકીટ કે પત્તુ (કાર્ડ) મોકલવું જ જોઇએ. (૪) બાલજીવન માટે મોકલવામાં આવતા લખો પૈકી જે લેખો નિરૂપયોગી જણાય છે અને જેની સાથે મોકલનારનું શીરનામું તથા લેખ પાછો મોકલવા પુરતી ટપાલની ટીકીટ નથી હોતી તેનો તરત જ નાશ કરવામાં આવે છે

પત્ર વ્યવહારનું શીરનામું—લવાજમ મ. ઓ. થી મોકલવા માટે નવા ગ્રાહક થવા માટે અથવા તો અંક ન મળ્યાની ફરીયાદ વિગેરે કરવા માટે પત્ર વ્યવહાર બાલજીવન કાર્યાલય-મલાડ-શાખા-વ્યવસ્થાપક નાગરદાસ પ્ર. પટેલ, કિસનરોડ મલાડ, બી. બી. સી. આઇ. એ શીરનામે કરવો તે સિવાયનો તમામ પત્રવ્યવહાર વિગેરે—બાલજીવન કાર્યાલય, કાલબાદેવી, ગાયવાડી મુંબઇ નં. ૨ એ શીરનામે કરવો.

ઇનામ માળા—અગત્યના નિયમો—(૧) ઇનામમાળાનો સર્વ પત્ર વ્યવહાર મી નાગરદાસ પ્ર પટેલ, કૃષ્ણ કુટીર, કિસન રસ્તો, મલાડ, બી. બી. સી. આઇ એ શીરનામે જ કરવો (૨) ૧૬ વર્ષની ઉમર સુધીના તમામ બાળકો (છોકરા કે છોકરીઓ) ગ્રાહક હોય યા નહિ, તો પણ ઇનામમાળાની હરીફાઇમાં ભાગ લઇ શકશે અને એક જ પાટીમાં એક ઘરના તમામ બાળકો પોતાના જવાબો મોકલી શકશે. (૩) જ્યાં જ્યાં જવાબો ટપાલના કાર્ડપર લખાય ત્યાં પાટીમાં ન લખવા

બાલજીવનના એજન્ટો—મુંબઇમાં (૧) મી. વર્ધમાન અને સન્સ, નં. ૧, પાયધુની ક્રાસ લેન, (૨) મી. આર. વનમાળીદાસની કં, ગાંધી હિંદી પુસ્તક ભંડાર, નં. ૧૮૩-૮૫, જુની હનુમાન ગલી સામે, કાલબાદેવી રસ્તો, (૩) મી. એન. એમ. ત્રિપાઠી અને સન્સ, પ્રીન્સેસ રસ્તો મુંબઇ નં. ૨, અને કરાંચીમાં—કરાંચી બુક ડેપો નેપીયર રોડ, રતવા નગર, એ. વી ટોળેખી બુકસેલર. અગાઉ તેમજ, વાર્ષિક લવાજમ ભરી ગ્રાહક તરીકે નામ નોંધાવી શકાશે.

જૈન વિજય પ્રિ. પ્રેસ ખપાટીઆ ચકલા, સુરતમાં મુળચંદ કિસનદાસ કાપડીઆએ છાપ્યું. અને ચુનીલાલ કુબેરદાસ શાહે, કાલબાદેવી, ગાયવાડી મુંબઇ નં. ૨ માંથી પ્રગટ કર્યું

હિંદના બે મહાન પુરુષો



સર સી. શંકરન નાયર

વિજ્ઞાનશાસ્ત્ર વિશારદ્ શ્રી જગદીશ વસુ



પ્રભુની મુર્તીઓ

(ગઝલ)

અરે ! વ્હાલાં પિતા માતા, ભગિનિ ને ગુણી ભ્રાતા,
અને મિત્રો હૃદય જ્ઞાતા, પ્રભુની મુર્તિઓ સૌ છો.–૧
હળીમળીને સદા રહીએ, કદી કટુ વેણ ના વદીએ,
સદા કલ્લોલ રે ! કરીએ, પ્રભુની મુર્તિઓ સૌ છો –૨
ખરી વાતો સદા કરીએ, છુપું મનમા ન કંઈ ધરીએ;
હૃદય ખુલ્લું સદા કરીએ, પ્રભુની મુર્તિઓ સૌ છો.–૩
સદા સુખ સંપથી રહીએ, મીઠી વાતો અમે કરીએ,
સદા આનંદ રેલવીએ, પ્રભુની મુર્તિઓ સૌ છો.–૪
પી લો વ્હાલા ! તમે પી લો, અમારા પ્રેમનો પ્યાલો,
પ્રભુના બાળ ગોપાળો, ખરે ! વ્હાલા, તમે સૌ હો –૫

ચંદ્રકાન્ત મી પરીખ, બી.એ.

મેહુલાને

(ભૈરવી)*



આવી જજે હોને ! મેહુલા !
આવી જજે હોને !

નિર્મળ તવ કંચન વૃષ્ટિ
વરસાવી જજે હોને;
અધિકાધિક ચળકન્ત ટીપાં
ટપકાવી જજે હોને.
મેહુલા ! આવી જજે હોને !

ગરમીથી ઉકળાટ વધ્યો,
નવરાવી જજે હોને,
નાનકડા ખોબા અમ કેક
ભરાવી જજે હોને
મેહુલા ! આવી જજે હોને !

નાજુકડા ન્હાશું સૌ સંગ,
ગોભાવી જજે હોને,
અંતર અમ ઉલ્લાસ અધિક
ઉભરાવી જજે હોને.
મેહુલા ! આવી જજે હોને !

વૃક્ષતણાં લીલાછમ પાન
બનાવી જજે હોને,
નાજુકડી વાડી ટહેલે
વિકસાવી જજે હોને
મેહુલા ! આવી જજે હોને !

પ્રજારામ ગોવિંદજી ઠાકર

---

* ભારો ધનાશ્રીમાં અર્ધ મળે

પાલખડી

મારે બારશે સાગને. સેગ્ય સાગરે,
સાગ રે વહેરાવુ રે સોનબાઇ બેનના.
હું તો સાગને વહેરાવુ રે સોનબાઇ બેનના.
ચાર બોલાવું ચાર સુથારીના બેટાને,
પાલખડી ઘડાવું રે સોનબાઇ બેનની;
હું તો પાલખડી ઘડાવું રે સોનબાઇ બેનની.
ચાર બોલાવું ચાર રંગારાના બેટાને,
પાલખડી રંગાવું રે સોનબાઈ બેનની;
હું તો પાલખડી રગાવુ રે સોનબાઈ બેનની.
ચાર બોલવુ ચાર ચીતારાના બેટાને,
પાલખડી ચીતરાવુ રે સોનબાઇ બેનની;
હું તો પાલખડી ચીતરાવુ રે સોનબાઇ બેનની,
ચાર બોલાવું ચાર ભોઇ કેરા બેટાને,
પાલખડી ઉંચકાવું રે સોનબાઈ બેનની;
હું તો પાલખડી ઉંચકાવું રે સોનબાઇ બેનની.
ચાર બોલવું ચાર ગીતારીની બેટીને,
ગીતલડાં ગવડાવું રે સોનબાઇ બેનનાં;
હું તો ગીતલડાં ગવડાવું રે સોનબાઇ બેનનાં.

સંપાદક—સૌ૦ સરલા દેસાઈ

માતા



માતા મ્હારી જન્મદાતા
શું હું વિસરૂ કે !
ભીના કોરાં કરી ઉછેર્યો
શું હું વિસરૂં કે !
આખો દહોતાં સ્હેજ રોતા
શું હું વિસરૂ કે !
હાલરડાં હા' મીઠડાં ગાતાં
શું હું વિસરૂ કે !
બહાર જાઉ તો વાટ જ જોતાં
શું હું વિસરૂ કે !
મોટા થાતાં ચોક જ કરતાં
શું હું વિસરૂ કે !
માની વસ્તુ લાવી દેતાં
શું હું વિસરૂ કે !
શું હું વિસરૂ કે !

મુજ હાથે તે દુઃખી થાતા શું હું વિસરૂ કે !
કડુ વદુ પણ તે દુઃખાતાં શું હું વિસરૂ કે !
મુજ આનંદે આનંદ લેતા શું હું વિસરૂ કે !
ઉત્કર્ષતામાં આનંદ લેતાં શું હું વિસરૂં કે !
શુભો લ્હાશ ન જણાય માતા શું હું વિસરૂં કે !
અશાધ દેવા જાણો તેને શું હું વિસરૂ કે !
નિષ્કામ કર્મ યોગીની તું શું હું વિસરૂ કે !
ખરેખર દેવી તું માતા શું હું વિસરૂ કે !

ભાઈલાલ પરશોત્તમદાસ શાહ



હાથીના પગે દોરા બાંધી આપો—
　　હાથી રૂમઝુમ ચાલે, પાતાળ પાણી કાઢે,
　　પાતાળ પાણી પીળા, હાથીના પગે દોરા

હાથીને ખીચુ જમાડી આપો—
　　હાથી રૂમઝુમ ચાલે, પાતાળ પાણી કાઢે,
　　પાતાળ પાણી સીંચુ, તો હાથી જમે ખીચુ.

હાથીને સાટા જમાડી આપો—
　　હાથી રૂમઝુમ ચાલે, પાતાળ પાણી કાઢે;
　　પાતાળ પાણી ચાંવા, હાથી જમશે સાટા.

હાથીને લાડુ જમાડી આપો—
　　ઘી, મરચાં ખાંડ, ને હાથી જમે લાડુ

જયન્ત

ચંદ્રમાં સસલું કેમ દેખાય છે?

સસલાના સ્વાત્માર્પણની એક વાર્તા

[લખનાર—રમણલાલ નાનાલાલ શાહ]

પ્રાચીન કાળમાં એક સસલું, શિયાળ, વાંદરો અને બગલો એ ચાર પ્રાણીઓ એક જગ્યાએ રહેતાં હતાં. તેઓ બહુ જ સદ્ગુણી અને પવિત્ર જીવન ગુજારતાં હતાં અને તેમની આ ઉંચી જીંદગીની વાત ચોતરફ ફેલાઈ રહેલી હતી. કાશીનગરીમાં પવિત્ર ગંગા નદીને કિનારે એક આશ્રમ બાંધી તેઓ ત્યાં રહેતા હતા, અને ગરીબોને દાન દેતા, સાધુસંતોને સદ્ભાવથી સંતોષતાં તથા પોતે પણ ઉપવાસ વિગેરે ધર્મ ક્રિયા કરી કરી ઉત્તમ જીવન જીવતા હતાં.

એક દિવસે સાંજને સમે એક ગરીબ ભિખારી અતિથિ વરિકે ત્યાં આવી ચડ્યો, અને તેણે શિયાળની પાસે જઈ ભિક્ષાની માગણી કરી. શિયાળે કહ્યું,-પધારો મહારાજ! મને આજે મારો શિકાર મળેલો છે અને આપને હું હમણાંજ આ માંસ રાંધીને આપું છું. અતિથિએ કહ્યું,—હું માંસ ખાતો નથી, અને એમ કહીને એ ત્યાંથી ચાલતો થયો

આગળ જતા બગલો ધ્યાન ધરીને બેઠો હતો ત્યાં અતિથિ ગયો અને ભક્ષની માગણી કરી બગલાએ માછલા આપવા જણાવ્યું પણ અતિથિએ કહ્યું,-મારે માછલા જોઈતાં નથી. એમ કહી તે ત્યાંથી પણ ચાલતો થઈ ગયો.

આગળ જતાં વાંદરાની પાસે અતિથિ ગયો. વાંદરાએ તેને ફળ આપવા માગણી કરી. પણ અતિથિએ કહ્યું—મને ફળ જોઈતાં નથી. એમ કહી તે ત્યાંથી પણ ચાલી ગયો અને જ્યાં

સસલું બેઠું હતું ત્યાં તે આવી પહોંચ્યો અને તેની પાસે ભોજનની માગણી કરી.

સસલાએ કહ્યું—તમે અગ્નિ પ્રકટાવો. હું હમણાં તમને ભોજનની જોગવાઇ કરી દઉં છું

અતિથિએ અગ્નિ પ્રકટાવ્યો. અંદર એક મોટો પત્થર હતો અને દેવતાના તાપથી તે લાલચોળ થઇ ગયો એટલે સસલું ઠેકડો મારીને તે પત્થર પર પડ્યું અને બોલ્યું,—તમે હવે મને ખાઇ જાઓ, હું હમણાં જ શેકાઇ જઇશ અને મારું કૂણું માંસ તમને જરૂર જ સ્વાદિષ્ટ લાગ્યા વગર નહિ રહે

પણ અગ્નિમાં શેકાઇ જવાને બદલે જાણે ગુલાબના અત્તરની ઠંડક અનુભવતું હોય એમ સસલાને મઝાની ટાઢક વળવા લાગી અને નવાઇ પામીને તેણે પૂછ્યું—આમ કેમ થાય છે ? અગ્નિ જોરથી પ્રકટાવો.

થોડીક વારમાં અતિથિની જગ્યાએ એક મહાન્ પવિત્ર તેજસ્વી પુરૂષ દેખાયો અને તે બીજા કોઇ જ નહિ પણ સાક્ષાત્ ઇન્દ્રદેવ હતા તેમણે સસલાને આશીર્વાદ આપી બહાર કાઢ્યું અને કહ્યું,-હે ઉત્તમ પ્રાણી! તારા અનુપમ સ્વાત્માર્પણથી હું બહુ જ રાજી થયો છું. તારો જન્મમરણનો ફેરો આજથી ટળી જશે અને તું સદાકાળને માટે ચંદ્રલોકમાં વાસો કરીશ. એમ કહી ઇંદ્રદેવે સસલાને ચંદ્રલોકમાં વિદાય કર્યું અને આજપણ ચંદ્રમા રાતના તમને જે સસલાનો આકાર દેખાય છે તે આ *સ્વાત્માર્પણ કરનાર સસલાનો જ છે એમ નક્કી માનવું

પોતાની વ્હાલામાં વ્હાલી ચીજને જતી કરનાર વીરલાઓને માટે સદાકાળ સ્વર્ગ સુખ નિર્માણ થઇ ચુકેલું જ છે અને આપણે બધાએ અને એટલો સ્વાર્થ ત્યાગ કરવો એ જ ખરૂ સુખ મેળવવાની ચાવી છે.

---

*સ્વાત્માર્પણ=પોતાની જાતનો ભોગ આપવો તે.

તોફાની બકરો

શકરો ! નામે એક એક બકરો હતો તે બહુ તોફાની હતો. જેને તેને શીંગડાં મારે અને નાનાં છોકરાંને તો વળી બહુ જ પજવે. ગામની બહાર નિશાળ હતી અને તેના વાડામાં એક હીંચકો બાંધેલો હતો. મનુ એક દિવસ હીંચકા ખાતો હતો અને કનુ તેને હીંચકા નાખતો હતો, એટલામાં પેલો શકરો બકરો ત્યાં આવી લાગ્યો. (જુઓ ચિત્ર ૧). મનુ અને કનુ તો બહુ જ ગભરાયા. એટલામાં તો બકરાએ આવીને પોતાના શીંગડા વતી હીંચકાના પાટીયાને એવી ટક્કર મારી કે કનુ અને મનુ બન્ને દૂર જઈને પડયા. (જુઓ ચિત્ર ૨)

પણ હવે એક ગમત થઈ એ હીંચકાના પાટીયામાં વચ્ચે બે ગોળ બાકોરા હતાં અને બકરા ભાઈએ જોરથી જ્યારે પાટીયાને ટક્કર મારી ત્યારે પેલાં બે બાકોરામાં તેમનાં બે શીંગડાં ભરાઈ ગયાં. (જુઓ ચિત્ર ૩) મનુ અને કનુને હવે તો ખુબ ગમત પડી બાજુના ખેતરમાં તેઓ દોડયા ખેતરમાં આ બકરો વારંવાર તેનો પાક ખાઈ જઈ નુકશાન કરતો હતો એટલે ખેતરના માલિક રામા પટેલને મનુ કનુએ બકરાની વાત કરી કે તરતજ મોટું ડંગોરૂ લઈને તે હીંચકા આગળ આવ્યો અને બકરાને મેથીપાક જમાડયો. (જુઓ ચિત્ર ૪) સારી રીતે તેની ત્રી કર્યો પછી ખેડુતે તેને કાઢી મૂકયો અને બકરો પણ ફરીથી તે જગ્યાએ આવવાની ખોડ ભૂલી ગયો

ચૂંદરાની ચૂંવા

કાર્તિકરના સરકસનો એક વાંદરો હતો. તેણે એક વખત સરકસના ખેલમાં બહુ સારૂં કામ કર્યું એટલે તેના રખવાળે ખુશ થઇ તેને માટે સેવો અને ઘીની મોજમાની તૈયાર કરી. પણ ગર્ખવાળ ઉતાવળમાં થાળી અધવચ મૂકીને જતો રહ્યો. એટલે સરકસનો એક કુતરો અને કાકાકૌવો તે થાળી આગળ જમવા બેસી ગયાં! (જુઓ ચિત્ર ૧)

પણ સેવો ગરમ ગરમ હતી એટલે થોડીક વાર રહીને ખાઇશું એમ વિચારી કુતરો અને કાકાકૌવો વાતો કરવા બેઠા. વાંદરાભાઈ તો હનુમાનજીના વચના! તેમની ચાલાકી કાંઇ ઓછી હોય? ધીમે રહીને પોતાની પુંછડી લાંબી કરી તેની આંટી ભેરવી સેવોની થાળી તેણે પોતાના તરફ ખેંચી લીધી, (જુઓ ચિત્ર ૨) અને પછી પેલા કુતરા અને કાકાકૌવા તરફ દાંતીયા કરતા કરતાં તેણે લ્હેરથી ચમચાવતી બધી સેવો ખાઇ નાખી! (જુઓ ચિત્ર ૩.) આમ વાંદરાભાઇ પોતાની ચાલાકીથી સેવો જમી ગયા ને કુતરો ને કાકાકૌવો રહી ગયા!

અને ... નરરત્નોમાં
છે તેઓ ... જગતની મૂલ્યવાન છે એમણે
જ્ઞાનમાં પોતાની અપૂર્વ શોધોથી અને એ શોધ-
ખોળથી બનાવેલાં માર્મિક યંત્રોથી ... વધારો કીધો છે
એથી આખા જગતના શાસ્ત્રજ્ઞ પુરુષો ચકિત થઈ ગયા છે.

...દીશ સાહેબને માન પર માન આપવા આવ્યાં છે. ... એક ટેલિફોનની બીના ... સુધી પહોંચાડવાની માર્કોનીને નોંધ ... તે પહેલાં જગદીશ બાબુએ તે શોધી કહ્યું હતું. એ ઈ. સ. ૧૮૯૫ ... કલકત્તામાં એક જાહેર વ્યાખ્યાન વખતે તેમણે તે શોધનો ઉપયોગ કરી બતાવ્યો હતો. પણ તેઓ દ્રવ્યના લોભી નહોતા તેથી તેમણે પોતાની એ શોધ બાકી પ્રસિદ્ધ ન કીધી. માર્કોનીએ એ શોધનો જગતમાં પ્રચાર કીધો અને તે અમર નામના ભોગવી રહ્યો. જગદીશ બાબુએ એ સિવાય ઘણી નાની મોટી શોધો કીધી છે. એક જ પદાર્થ એક સ્થિતિમાં કાચ જેવો પારદર્શક થાય અને બીજી અમુક સ્થિતિમાં ... પથ્થર જેવો અપારદર્શક થાય છે એ શોધ જ્યારે એમણે જર્મનીના ... આગળ મૂકી ત્યારે તેઓના આશ્ચર્યનો પાર ન રહ્યો ... એમની શોધની માહિતી પ્રો. ... જેવા વિદ્વાન જર્મન શાસ્ત્રજ્ઞોએ ... થોડા વખતમાં એમણે એક મહાન શોધ કીધી અને આખી દુનિયામાં અમર નામ મેળવ્યું. માણસોની જેમ વનસ્પતિને પણ સુખ દુઃખનું જ્ઞાન હોય છે, તે ગરમી, ટાઢ અને વિજાતીય દ્રવ્યોથી માણસના જેવી જેમ વનસ્પતિને પણ અસર થાય છે. માણસને જેમ થાક લાગે છે તેમ પથ્થર, ધાતુના તાર વગેરે જેને આપણે નિર્જીવ માનીએ છીએ તે પણ થાક લાગે છે ... નિર્જીવ ... વસ્તુઓમાં ચેતન છે ... નિર્જીવ નથી. આ પ્રમાણે એમણે ... સાબિત કરી બતાવ્યું ... અને આ નવીન શોધથી એમણે યુરોપને દેખાડી આપ્યું કે હજારો વર્ષ પહેલાં પૂર્વજ ઋષિઓએ જે બધું ... તેને આપણે અજ્ઞાનથી હસતા હતા, હવે એ બધું ... કરે છે. એક ... વનસ્પતિ કેટલી વધે છે એ દેખાડવા એમણે એક સૂક્ષ્મદર્શક યંત્ર તૈયાર કર્યું છે. આ યંત્રથી ખેતીવાડીને ઘણો લાભ થાય એમ છે ... જગતના ... એ ... તરત લક્ષમાં આવી જાય છે.

જગદીશ બાબુએ પોતાનું બધું આયુષ્ય ... શોધખોળ પાછળ ... નિશ્ચય કર્યો છે. એ જ્ઞાનનો પ્રચાર કરશે એ પણ એમનો સંકલ્પ છે.

નવિન શોધ કરી 'આવિષ્કાર' થવાની કલ્પના પણ તેમણે કરી લીધી નથી. ઉલટું સરકારી નોકરી કરી કમાવેલા લાખ દોઢ લાખ રૂપિયા ખર્ચી તેમણે કલકત્તામાં એક વિજ્ઞાનશાળા બંધાવી છે જેમાં તેઓ શાસ્ત્રીય શોધ-ખોળેલું વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે


જગદીશની પ્રૌઢપણાની અને વિદ્વત્તાની વાતો કરતા તેમના બાળપણાની વાતો બાળકોને ગમે તે સ્વાભાવિક છે. એવી એક બે વાતો અત્રે ટાંકવી યોગ્ય છે

જગદીશની અવલોકન શક્તિ બચપણમાં પણ તીવ્ર હતી. કંઈ ચીજ જુએ તો તે કોણે બનાવી—ક્યારે બનાવી—કેમ બનાવી—ક્યાં બનાવી વગેરે પ્રશ્નો પૂછી તે પિતાને મૂંઝવી નાંખતા. આગીઆ કીડાના શરીરમાં રાત્રે પ્રકાશ આપવાની જે શક્તિ પ્રભુએ આપી છે તે વિષે તેમણે પિતાને પુછ્યું ત્યારે તેઓ સંતોષકારક ઉત્તર દઈ ન શક્યા. બાળ જગદીશ બોલ્યા 'આ શક્તિ આ જીવડાને પ્રભુએ કેમ આપી એ જો કે આપણે ન કહી શકીએ તો પણ તેમાં સૌન્દર્ય જોઈ આપણને આનંદ થાય છે એ કંઈ થોડું નથી!" સૃષ્ટિ સૌન્દર્યને બારીકાઈથી જોઈ તેની મોટાઈ સમજવાનો તેમનો સ્વભાવ આ પરથી જણાય છે.

જગદીશ બચપણમાં બહુ સાહસિક હતા. ઘોડા પર બેસવાનું એમને બહુ ગમતું. રિકાબીમાં પગ ગોઠવ્યા વગર તેઓ ઘોડાને ઘણીવાર મારી મેલતા. ઘોડાની શરતોમાં પણ તેમણે ઘણીવાર ઘોડો દોડાવ્યો હતો.

બચપણમાં બાળકો ઘણા અટકચાળા તો હોય જ છે! જગદીશ પણ તેવા જ હતા. એમના ઘરોમાં રોજ પાર્થિવ પૂજા કરતા. આ પૂજામાં માટીના મહાદેવ બનાવી હથેલીમાં રાખવા તથા તેમની પૂજા કરી પછી તે મૂર્તિ નીચે મૂકવી એમ ક્રમ હતો. એક દહાડો પૂજા ચાલુ હતી અને દાદીમા હથેલીમાં મૂર્તિ રાખી આંખો મીંચી ધ્યાન ધરતા હતા. બાળ જગદીશે એ મૂર્તિ ઝડપથી લઈ લીધી અને પલાયન કરી ગયા. આવી ટેઢીક ચેષ્ટાથી ચીડાઈ તેમની મા તેમને વઢી આથી તેમને માઠું લાગ્યું અને તે શેરડીના ખેતરમાં પેઠા. આ ખેતરમાં થોડા દિવસ પર એક વાઘે ત્યાંના રખવાળને મારી નાખ્યો હતો. એ જગદીશ જાણતા હતા તો પણ લગારે ગભરાયા વગર તે ખેતરના મધ્ય ભાગમાં ગયા. પણ ત્યાં વાઘનું ઘુરકવું સાંભળી તે ગભરાયા અને પાછા ફર્યા. તેમની માએ તેમના આવતાં સુધી અનાજ ખાધું નહોતું અને દીકરાને પાસે આવેલ જોઈ માતાનો હરખ માયો નહી, અને જગદીશ તે દિવસથી માતાનો પ્રેમ સમજ્યા.

આવો અનાડી છોકરો આગળ જતાં મહાન્ શાસ્ત્રવેત્તા થશે અને આખા જગમાં પોતાનું તથા પોતાના દેશનું નામ કાઢશે એમ કોણે ધાર્યું હશે? પરંતુ પ્રભુની લીલા અગાધ છે!





હોલ્ડરમાં આપણે નવી ટાંક–નીબ–મોઢામાં ખોસતાં પહેલાં તેને પાણીમાં કેમ બોળીએ છીએ ?—ઘણા લોકો હોલ્ડરમાં નવી ટાંક નાખતાં પહેલાં તેને મોંમાં નાખે છે અથવા પાણીમાં થોડીક વાર બોળી રાખે છે આમ કરવું કેટલીક રીતે જરૂરનું છે. નવી ટાંક તમે હાથમાં લઈને જોશો તો જણાશે કે તે બગડી ન જાય માટે તે પર ચળકતું પોલીશ કરેલું છે. એ પોલીશ ચીકણું તેલીયું હોય છે હવે આપણે જાણીએ છીએ કે તેલ અને પાણીને જાતે મોટું વેર છે. શાહી હમેશાં પાણીમાં નાખીને બનાવેલી હોય છે એટલે ટાંકની ધાતુનું ચીકણું પોલિશ જતું રહે અને શાહી બરાબર ટાંકમાં આવે માટે આપણે ટાંકને પાણીમાં પલાળીએ છીએ અથવા મોંમાં રાખીએ છીએ આપણે ઉપર મુજબ ન કરીએ તો પણ ટાંકથી લખાશે તો ખરૂં જ પણ તે બરાબર નહિ લખાય. શાહીના પાણીથી થોડીક વારમાં પોલીશનો ચીકાશ સાફ થશે ત્યારે જ બરાબર લખાશે.

આકાશના ગ્રહો આપણાથી કેટલા દૂર છે ?—ખુલ્લાં મેદાનમાં કે ઘરની અગાડી અગર અગાસી ઉપર ઉભા રહીને આકાશમાં આપણે નજર કરીશું તો જણાશે કે ગ્રહ, સૂર્ય, તારાઓ વિગેરે આપણને બહુ દૂર નથી જણાતા અને જાણે ભાસ કરતો કે આપણે તેમને પાડી શકીએ એટલા નજીક તે લાગે છે. પરન્તુ ખરી વાત એ છે કે

અનંત આકાશમાં આ મહાન્ ગ્રહો એવા તો મોટા છે કે આપણી આખી પૃથ્વી તો તેની આગળ ખુધરે રમતું બચ્ચું ગણાય. આપણી પૃથ્વીથી આવા મોટા કદના એ ગ્રહો હોવા છતાં આપણને તે નાનકડી ટીપકી કે ગોળી જેવા જ માત્ર લાગે છે તેનું કારણ એ છે કે એ ગ્રહો કલ્પ-નામાં પણ ન આવી શકે એટલા દૂર છે. તમે કદાચ પૂછશો કે તે કેટલા માઇલ દૂર છે? તો તે સંબંધમાં પણ ચોક્કસ જવાબ ન આપી શકાય એટલા બધા તે દૂર છે એટલું જ અમે કહી શકીશું. નીચેના દાખલા પરથી તેઓ કેટલા દૂર છે તે તમે સમજી શકશો.—

અમોએ આગળ ઉપર જણાવ્યું છે કે પૃથ્વીપરથી બીજા ગ્રહપર જવાને માણસ જાત પાસે કાંઇ પણ સાધન નથી. છતાં આપણે ઘડી ભર ધારી લઇએ કે એક એવી મોટર તૈયાર થાય કે જે ૧ મીનીટમાં ૬ માઇલ અર્થાત્ કલાકના ૩૬૦ માઇલની ઝડપથી ચાલી શકે. તેમાં બેસીને આપણે આપણી પૃથ્વીપરથી આકાશના બીજા ગ્રહોમાં જવા નીકળીએ તો ઉપરની પ્રમાણે ઝડપે જતાં છતાં આપણને જુદા જુદા ગ્રહોપર પહોંચતાં નીચે મુજબ વખત લાગે.—

પૃથ્વી પરથી	ચંદ્ર	ઉપર જતાં	૫૬ દિવસ લાગે.
"	મંગળ	" "	૭૬ વર્ષ "
"	બુધ	" "	૧૧૦ " "
"	સૂર્ય	" "	૧૯૭ " "
"	શુક્ર	" "	૫૦ " "
"	બૃહસ્પતિ	" "	૪૭૦ " "
"	શનિ	" "	૭૪૦ " "
"	યુરેનસ	" "	૩૧૬૦ " "
"	નેપ્ચ્યુન	" "	૫૦૫૫ " "

પણ આ તો મુખ્ય ગ્રહોની વાત થઇ, આપણે આકાશમાં જે તારા જોઇએ છીએ તે પૈકી નજીકમાં નજીકનો તારો કેટલે દૂર છે તે તમે જાણો છો? તમે જાણીને નવાઇ પામશો કે આપણી આટલી નજીક દેખાતા તારા પૈકીનો નજીકમાં નજીક તારો ઉપલી ઝડપે જતાં છતાં ૪૦,૦૦૦,૦૦૦ ચાર કરોડ વર્ષ લાગે એટલે બધે દૂર છે



લખનાર—શ્રી અંબાલાલ સવસમભાઈ દેસાઈ

આપણે અનેક તરેહનાં રંગીન કપડાં વાપરીએ છીએ. કોઈ કાપડનો રંગ કાળો, કોઈનો લાલ, કોઈનો લીલો અને કોઈનો પીળો હોય છે. એ રંગ કપાસનું સૂતર બનાવીને તેના ઉપર ચડાવે છે, અથવા સુતરનું સફેદ કાપડ વણીને તેના ઉપર પણ રંગ ચડાવવામાં આવે છે. એ રંગીન કાપડ વાપરવા માંડ્યા પછી કેટલેક દિવસે કેટલાક રંગો જતા રહે છે. જે રંગ કાપડ ઉપરથી જતો રહે છે તેને કાચો રંગ કહે છે, અને જે રંગ ટકે છે તેને પાકો રંગ કહે છે. કેટલીક વેળાએ પાકો રંગ જાણીને કાપડ આપણે વેચાતું લઈએ છીએ, પરંતુ વાપર્યા પછી તેનો રંગ જતો રહે છે અને મનમાં પણ ખરાબ લાગે છે. એવી સ્થિતિમાં કાપડ વેચાતું લેવા પહેલાં જ તેનો રંગ પાકો છે કે કાચો છે તેની આપણે પોતે ખાત્રી કરવી એ જરૂરની વાત છે. એ ઉપરાંત એ રંગની પરીક્ષા કરવાની રીત પણ સહેલી છે.

પાંચ તોલા બેરિયમ સોડા (શુદ્ધ કરેલો પાપડ ખાર) એક લોઢાની કડાઈમાં નાખવો. તેમાં ૧૦–૧૧ ગણું પાણી રેડવું. તેને લોખંડની કડછી વતી હલાવી એક બાજુએ મૂકી દેવું. બીજી એક કડાઈમાં તાજો બારી તોલા કળી ચૂનો વજન કરીને લેવો. તેમાં ૨૫ તોલા પાણી નાખી તેના પર ઢાંકણું ઢાંકવું.

ત્યાર બાદ બેરિયમ સોડાવાળી કડાઈને ચૂલા ઉપર મૂકવી. તેમાં ઉકાળો આવવા માંડે એટલે ચૂનો પાણી સાથે સારી રીતે હલાવીને પેલી કડાઈમાં નાખી દેવો. કડાઈમાં ચૂનો વગેરે રહે તો તેમાં થોડુંક પાણી

નાખી તેને વીંછળી તે સર્વ તેમાં રેડી દેવું અને કડછીથી સારી રીતે હલાવવું ચૂનો અંગ ઉપર ન ઉડે તેની ખાસ કાળજી રાખવી. ૪–૫ મિનિટ, સારી રીતે ઉકળ્યા બાદ કડાઈ નીચે ઉતારી પાડવી અને તેના ઉપર ઢાંકણું ઢાંકી દેવું. પૂર્ણ સ્વચ્છ થાય એટલે તેના ઉપર આવેલું નિર્મળ પાણી એક બાટલીમાં ભરી લઈ તેને બૂચ મારવો. તળે ઠરી બેઠેલો ચૂનો એ દ્રવ સાથે બાટલીમાં આવવા દેવો નહીં બાટલીનું મ્હોં અંદર અને બહાર સારી રીતે લૂછીને બાટલીને બૂચ મારવો. બાટલી પર "રંગની પરીક્ષા કરવાનો દાહક સિંધુનો દ્રવ" એમ તારીખ સહ લખીને ચિઠ્ઠી મારવી. ત્યાર પછી રંગેલાં સુતરની અને કાપડની નીચે પ્રમાણે પરીક્ષા કરવી

લોખંડની કડછી સારી રીતે ઘસીને ધોવી. આ કામને માટે એક જુદીજ કડછી રાખી મૂકવી. કડછી અંદર અને બહાર સારી રીતે ઘસીને ચોકખી બનાવવી.

એક કડછીમાં પરીક્ષા કરવાના કાપડનો ટૂકડો અથવા દોરા પાણીમાં સારી રીતે ભીંજવીને પડોળો કરીને મૂકવો. એ ટુકડો કિંવા સુતર ડૂબી જાય એટલા દાહક સિંધુના દ્રવથી બેવડો દ્રવ તેમાં રેડવો. એથી વધુ પડે તો હરકત નહીં ત્યારબાદ તેને એક મિનિટ સુધી ઉકાળવો ત્યારબાદ કડછીમાંથી નમૂનો પડી ન જાય એવી રીતે સર્વ દ્રવ બહાર ઢોળી દેવો. નમૂના પર પીવાનું મીઠું પાણી રેડી તેને ફરી ઉકાળવો. ઉકળ્યા બાદ તે પાણી ઢોળી દેવું એક બે વાર એમ કર્યાં બાદ હાથમાં લઈ પાણી વડે સ્વચ્છ ધોઈ નાખવો અને તડકામાં સુકાવો મૂકી દેવો. સુકાયા પછી રંગ કાયમ રહે તો તે પાકો સમજવો. નમૂનો તડકામાં ઘણો વખત રહેવા દેવો. રંગ કાચો હશે તો દાહક સિંધુના દ્રવમાં ઉકાળ્યા પછી ઉતરી જશે, અથવા તડકામાં ઉડી જશે રંગ પાકો હશે તો દાહક સિંધુના દ્રવમાં ઉતરશે નહીં. તે દ્રવ સ્વચ્છ પાણી જેવોજ દેખાશે અને નમૂનાનો રંગ તડકામાં ઉડી જશે નહીં.

દાહક સિંધુનો દ્રવ એક વાર તૈયાર કર્યો એટલે રંગની પરીક્ષા કરવી બહુ સહેલી છે. તેજ પ્રમાણે એક વખત દ્રવ તૈયાર કર્યા પછી બાટલીમાં બૂચ બરાબર બેસાડવાની કાળજી રાખી તો પુષ્કળ દિવસ [illegible] ટાણે ત્યારે રંગની પરીક્ષા કરી શકાશે

પ્રતિહાર ! લઇ જાઓ એમને.
(પ્રતિહાર લઇ જાય છે)

હિરણ્યાકશ્યપઃ—(પ્રહ્લાદને) પ્રહ્લાદ ! તુ મારો પુત્ર થઇને મારી આજ્ઞાને ઉથાપે છે અને મારા શત્રુને આદર આપે છે. તારી આવી વર્તણુકથી મારી પ્રભુતા કમી થાય છે અને પ્રજા મારી સામે ઉશ્કેરાય છે કુમાર ! આવી રીતભાતથી શુ તું પણ તારા અન્ય મિત્રો પ્રમાણે શિક્ષાને પાત્ર નથી ?

પ્રહ્લાદ—પિતાજી !

આ સૃષ્ટિના સઘળા જીવો સત્કર્મ કરવા અવતર્યા,
છે ધન્ય તેના જીવનને કિરતારને કાજે મર્યા,
જેના વડે આ વિશ્વનો વ્યવહાર ચાલ્યો જાય છે,
એ દેવને સભારવા તેમાં ગુન્હો શુ થાય છે ?

હિરણ્ય—બળવાન એવો કોણ છે આખા જગતને પાળશે ?
મારા વિના સંસારને નહિ કોઇ પણ સભાળશે.
હુ પૃથ્વીપાલક ભૂપ છુ, તુ કા સ્મરે કિરતારને,
પ્રભુ શબ્દ ખાલી દંભ છે, દુનિયા પુજે છે જો મને
આજ હજી પણ દેવનો પ્રહ્લાદ ભ્યા જપા થાય છે,
સત્તા પ્રભુની ભેદવા ત્યા સૈન્ય મારું જાય છે;
હુ જોઉ છુ સુજને પછી કિરતારથી શુ થાય છે,
બ્રહ્માંડમા મારી હવે વીર હાક જો વરતાય છે

પ્રહ્લાદ—બાપુ ! તમે અભિમાનથી અન્યાય જેજે આદરો,
નિર્દોષના કૈક ઘોર દુષ્કૃત્યની અવધિ કરો,
કઇ પૂર્વના સત્કર્મથી એ પાપ ઢાક્યું જાય છે,
તમ ધર્મનો તપતો રવિ અન્યાયથી ઢળય છે.
સત્કર્મ તમ પુરા થતાં શિક્ષા પ્રભુજી આપશે,
ત્યારે કરેલાં કર્મનો સતાપ દિલમા વ્યાપશે,
કિરતાર સઘળા પાપના રાખે હિસાબો ચોપટ,
દુષ્કર્મો પ્રાણી પૃથ્વીના નિશ્ચે નરકમાં જઇ પડે,
અન્યાય દુનીયામાં બને પ્રભુ તે કદી સાંખે નહિ,
સાચી અદાલત ન્યાયની એ કોઇનું રાખે નહિ.

માટે પિતાજી ! આપ પણ આ ગર્વ છોડો સર્વથા,
પ્રભુતા પ્રભુની લોપવા યત્નો કરો છો તે વૃથા,
માગો ક્ષમા કિરતારની દુષ્કર્મ કરવા પરહરો,
દિન ચારની કાયા પિતાજી ! પાપથી શાને ભરો !

હિરણ્ય —નાદાન પ્રહ્લાદ !

બેડી જડાવીશ, હાથમા નાખીશ હું કારાગૃહે,
ઓ મુર્ખ ! એ દુખ આકરા કાં વેઠવાન તુ ચહે ?
તુ પુત્ર થઇ મારો પછી મમ શત્રુને સ્મરતો ક્રૂર,
હુ જોઉં છુ શી રીતથી તારી પ્રભુ રક્ષા કરે ?

પ્રહ્લાદ —બેડી જડાવો હાથમા ચાંપો ભલે મરતીમહિ
કિરતારવિણ ખાલી જગ્યા સસારમા જડશે નહિ;
આપો હળાહળ તો ભલે પણ ટેક હુ તોડુ નહિ,
મ્હારૂં ભજન કિરતારનું ક્ષણ એક પણ છોડુ નહિ !

હિરણ્ય—ઓ દુષ્ટ પ્રહ્લાદ ! આ તારી હઠનુ અને મારી આજ્ઞાનો દ્રોહ કર્યાનું પરિણામ તારો દેહાંત છે આ ન્યાયમંદિર તને પણ એ જ શિક્ષા આપે છે

પ્રહ્લાદ —ભલે પિતાજી, આપ આજે ક્રોધ અને અભિમાનને વશ થઇ મને દેહાંત દંડ આપો છો, પરંતુ પ્રભુના ન્યાય મંદિરમા મારો તમારો અને જગતનો, ન્યાય થવાનો છે પ્રભુના ભક્તનો સાચો ઈન્સાફ તો ત્યાં જ થાય છે. ધન્ય ભાગ્ય મારાં કે મૃત્યુથી નહિ પણ ધર્મને અર્થે મારા આયુષ્યનો અંત આવશે.

હિરણ્ય —પ્રહ્લાદ ! એજ તારો નિશ્ચય ?

પ્રહ્લાદઃ—હા પિતાજી ! એજ મારો અંતિમ નિશ્ચય છે

હિરણ્ય —અરે દુષ્ટ ! ભોગવ ત્યારે તારાં કર્મનાં ફળ. પ્રતિહાર ! પ્રહ્લાદને પણ અત્યારે કારાગૃહમાં પુરી રાખો અને મહાસાવીને આજ્ઞા કરો કે તે હળાહળ વિષ આપી પ્રહ્લાદનો વિનાશ કરે પ્રતિહાર ! સભા વિસર્જન કરો.

પ્રતિહાર —(મોટેથી) સભા વિસર્જન. (બધા જાય છે.)

(આ નાટકનો બાકીનો ભાગ ઑક્ટોબર અંકમાં આવશે.)

પોરબંદરથી દારેસલામ

દારેસલામ (આફ્રિકામાં) મારે મારા પિતા સાથે આવવાનું થવાથી પોરબંદરથી અહીંઆ સુધી જે મેં જોયું, તેનું વર્ણન હું મારા નાના મિત્રોને આપું છું.

અમો કાઠીઆવાડના રહેવાસી હોવાથી મુંબઇ કરતાં પોરબંદરથી આફ્રિકામાં આવવાનું સહેલ થાય, તે માટે અમો પોરબંદરથી સ્ટીમરમાં ચડ્યા હતા.

પોરબંદર શહેર કાઠિયાવાડ બંદરનું એક પ્રથમ નંબરનું બંદર ગણાય છે. અહિંના રાજાને રાણા કહેવાય છે. પોરબંદર શહેર બંદર અને રેલ્વે સ્ટેશન હોવાથી વેપાર તથા ઉદ્યોગમાં ચડીઆતું છે.

પોરબંદરમાં ટિકીટ લેવાને માટે તથા પાસપોર્ટ માટે ઝાઝી અડચણ પડતી નથી. પરન્તુ સેકન્ડની ટીકીટ મેળવવા ઘણી જ મુસીબત નડે છે અને તે પણ થોડા જ પેસેન્જરોને મળે છે. બાકીનાં માણસોને વહાણમાં બેસવું પડે છે. પોરબંદરનું બારૂં સારૂં ન હોવાથી, એટલે કે તોફાની હોવાથી સ્ટીમર ઘણી છેટે ઉભી રહે છે. વહાણમાં બેઠા, ત્યારે તોફાન ઘણું ન હતું, વહાણમાં આવેલા પેસેન્જરોને ઉલટી ઘણી જ થતી હતી. સ્ટીમર "કરોઆ" હતી, જે ૭૦૦૦ ટનની ગણાય છે. બંદરથી સ્ટીમર બીલકુલ દેખાતી ન હતી, પરન્તુ બારામાંથી નીકળ્યા બાદ સ્ટીમરનો ઝાંખો આકાર દેખાતો હતો. સ્ટીમર આગળ પહોંચ્યા ત્યારે તોફાન ઘણું જ હતું. મોજાંને લીધે સીડી અને મછવા એકેક વાર જેટલા ઉછળતા. આવા વખતની અંદર જો કોઇ પણ માણસ મનન કરે તો ખચીત તેને ધ્રુજવા વગર રહે નહિ.

સ્ટીમર ઉપર ચડ્યા ત્યારે પોરબંદરના બંગલાઓનો ઘણો જ ઝાંખો ભાગ સુંદર દેખાતો હતો.

મુંબઇથી ઘણા પેસેન્જરો આવેલા હોવાથી, પોરબંદરથી આવેલા પેસેન્જરોને ઘણી સંપૂર્ણ રીતે જગા મળી ન હતી. સ્ટીમર મુંબઇથી તા૦ ૧૯-૪-૨૩ ના બપોરના આવી, અને સાંજના ઉપડી, તે વખતે દરીઓ શાંત હતો. આ સ્ટીમર બ્રીટીશ ઇંડીઆ સ્ટીમ નેવીગેશન કંપનીની માલીકીની છે. તેઓની લગભગ ચારથી છ સ્ટીમરો આ તરફ આવજા કરે

છે તેમાં કરાંચી, મકાઉ, કારવાર, ને કરાંચીઆ મુખ્યત્વે ઘણી સારી છે. સ્ટીમરનો ખ્યાલ ઉપર જઈને જોયા સિવાય આવે તેમ નથી. પરન્તુ તેમાં સામાન્ય રીતે રેલ્વે કરતાં ઘણી સારી સગવડ હોય છે. પણ પેસેન્જરો ઘણા જ હોવાથી તે મગજરૂ છતાં અગવડ દેખાય છે. સેકન્ડ અને ફર્સ્ટ ક્લાસને સરસ સગવડ મળે છે, ઇન્ટર ક્લાસ વાળાને પણ સગવડ ઠીક હોય છે. ત્યાંથી થર્ડ (ડેક) વાળાની જેમ હિન્દુસ્તાનમાં રેલ્વેમાં દરમ્યાન નથી, તેમ જ સ્ટીમરમાં પણ ટકી જ શકાય. આવી દરેક સ્ટીમર ૭૦૦ થી ૯૦૦ પેસેન્જરો લઈ જાય છે. ડેક ઉપર હમેશ ઘણી જ ગંદકી થવાથી હમેશાં દરીઆના ખારા પાણીથી ને ભાગો ધોવામાં આવતા હતા, પરન્તુ જો દરરોજ ડેક ઉપરના પાટીઆને ધોવામાં ન આવે તો રસ્તામાં જ કોલેરા, હીગ, કે પ્લેગનો રોગ થઈ જાય. અંદરના ભાગમાં મોટા દિવાનખાના જેવા મોટા હોલ હોય છે. તેમાં માણસો જાણે બીજ ... બેઠા થયા હોય, તેમ બીચોબીચ બેસે છે. નીચેનો ભાગ કે જેને ગાલેરી કહે છે, તેમાં તો પવનની આવજાના પુરતાં સાધનો નહિ હોવાથી ફાંકાથી નીચે ઉતરીએ કે, તરત જ ગરમ હવાનો ભભૂકો આપણા મોઢા ઉપર અથડાય છે. તે ગરમ હવાની અસર બેસનારાને તો નહી જણાતી હોય પણ ઉપરથી તાજી હવામાંથી આવનારને ઘણી જ કંટાળારૂપ લાગે છે. એ બાજુના ડેકના વચ્ચેના ભાગ ઉપર સેકન્ડ અને ફર્સ્ટના કેબીનો આવેલા હોય છે. તેઓને દરીઆની ઉપમ હવાનો પુરો લાભ મળે છે. ત્યાં જ કેપ્ટનની ઓરડી હોય છે, અને વાયરલેસની ઓફીસ પણ ત્યાં જ હોય છે. સ્ટીમરમાં મીઠા પાણીની પુરતી સગવડ હોય છે. તે પાણીની કિફાયતનો ખ્યાલ આપણને ભાગ્યે જ આવે છે, પણ હજાર (૧૦૦૦) માણસોને નવ દિવસ મોમ્બાસા સુધી પહોંચે ત્યાં સુધી કંઈ પણ અડચણ વગર જોઈએ તેટલું મીઠું પાણી વાપરવાની છુટ હોય છે તે સિવાય જાજરૂ વિગેરેને માટે પણ સ્ત્રી, પુરૂષોને માટે જુદી જુદી સગવડ હોય છે

આ સિવાય માંસ ભક્ષણ કરનારા હિંદુ મુસલમાન ફર્સ્ટ અને સેકન્ડના પેસેન્જરો તથા ખલાસીઓને માટે ત્રણ ચાર ડઝન ઘેટાં, બકરાં પણ ડેક ઉપર ચોખો રાખવામાં આવે છે તેઓને પુરતો ખોરાક ભાગ્યે જ આપવામાં આવે છે. તેઓને ખુલ્લી રીતે મારતા હોવાથી ઘણા હિંદુ મુસાફરોનાં મન દુઃખાય છે આ માટે તેઓ કંઈ પણ બીજી સગવડ કરતા હોય તો વધારે સારૂં.

માણસો કહેતા હતા કે, સેકોત્રા (સોકોટ્રા) આવશે ત્યારે તોફાન પણ જ થશે, પરન્તુ મોમ્બાસા સુધી કંઈપણ તોફાન હતું જ નહિ. દરિઆ



વિનોદની વાતો



(૧) ભોળો ભિખારી!

એક માણસ સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર પહોંચ્યો કે ગાડી ઉપડી. તેમાં બેસી જવા માટે તેણે દોટ તો મૂકી પણ પાસે બે મોટાં પોટલાંનો ભાર હોવાથી પાટીઆ ઉપર ચઢી શક્યો નહિ, તેથી ગાડી સામું ઘુરકાતો પાછો વળ્યો. પાસે ઉભેલા સ્ટેશન માસ્તરે કહ્યું, "જરી ભસાણ દેવ! ચડવા જતાં યમધામ જાત!" પેલા માણસે જવાબ દીધો, "અરે નારે સાહેબ, એ તો મારો એક મિત્ર આ પોતાનો સામાન આજ બે વરસ થયાં મારે ઘેર મૂકી ગયો છે, પણ હવે તે તેના દેશ તરફ જાય છે, તેથી મારે તેને આ તેનો સામાન આપી દેવો હતો, સાહેબ."

\+ + + +

(૨) દેડકું

એક શિક્ષકે નાના વિદ્યાર્થીઓને દેડકા વિષે નિબંધ લખી લાવવા કહ્યું. એક છોકરે પોતાનો નિબંધ નીચે પ્રમાણે લખ્યો હતો—

"દેડકો એ કેવું નવાઈ જેવું પક્ષી છે! જ્યારે તે ઉભો હોય ત્યારે બેઠો હોય એવો દેખાય જ્યારે તે કુદે ત્યારે ઉડે એવો દેખાય. લગભગ તેનામાં અક્કલ તો જરાય નહિ. આગ્યેજ કાંઇ નહિ જ્યારે તે બેસે ત્યારે કોણ જાણે કેના જેવું લાગે!

આ નિબંધ વાંચી શિક્ષક પણ મુંઝવાણા કે હવે આ સુધારવો કેમ?

\+ + + +

(૩) ડાહી દિકરી

મા—(પોતાની આઠ વરસની દીકરીને) બ્હેન આ સાડીને તે શું કર્યું છે?

દીકરી—મા, એ તો મેં સ્ટેજ ફાડી નાખ્યું છે.

મા—બ્હેન, બીજી સાડી નાખવી હતી પણ આમ ફાડી નાખી સાડી બગાડવી નહિ.

દીકરી—એ તો હું જાણું છું મા. પણ મારે તો મારા બાપુજીને થોડા રૂપેરા બીબેથી લેવાના હતા. સાડી જાડી હોય તો કામમાં છાની-માની વાત કેમ દેખાય? તેથીજ મેં ફાડી નાખ્યું.

કમલાકાન્ત—ઓડીઆવાળા

ભારતનાં રત્નો

સ્વ૦ મહર્ષિ લોકમાન્ય બાળગંગાધર તિલક

જગપ્રસિદ્ધ તત્ત્વજ્ઞાની પોંડીચેરી નિવાસી અરવિંદ ઘોષ